श्री॰ वीतरागाय नमः

જૈન વિદ્યાર્થિ પ્રશ્નોત્તર માળા.

રચનાર

મંભોત સંપ્રદાયના પુજ્ય શ્રી હરખચંદજી સ્વામિના

શિષ્ય મુની ગીરધરલાલજી મહારાજ

દોહરો.

શું પુષ્પોની માળીકા, ઘાલે શોભા થાય,

આ પ્રશ્નોત્તર માળીકા, ધરો ગુણું ઉર માંય.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

કોઠારી. ડુંગરશી ફતેચંદભાઇ,

દીવાની ન્યાયાધીશ સ્વસ્થાન પાલણપુર

પાલણપુર નિવાસી.

આવૃત્તી ૧ લી. પ્રત. ૫૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫.

કીંમત રૂા. ૦-૩-૦.

શ્રી. વીતરાગાય નમઃ

જૈન વિદ્યાર્થિ પ્રશ્નોત્તર માળા.

રચનાર

ખંભાત સંપ્રદાયના પુજ્ય શ્રી હરખચંદજી સ્વામિના

શિષ્ય મુની ગીરધરલાલજી મહારાજ

દોહરો.

શું પુષ્પોની માળીકા, ધાલે શોભા થાય,
આ પ્રશ્નોત્તર માળીકા, ધરો ગુણી ઉર માંય.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

કોઠારી. ડુંગરશી ફતેચંદભાઇ,

દીવાની ન્યાયાધીશ સ્વસ્થાન પાલણપુર

પાલણપુર નિવાસી.

આવૃત્તી ૧ લી. પ્રત. ૫૦૦.

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫.

કીંમત રૂા. ૦-૩-૦.

શ્રી 'સત્ય વિજય' પ્રી. પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપી,
પાંચકુવા—નવાદરવાજે;—અમદાવાદ.

બાળ લગ્ન નિષેધ વિષે.

દોહરો.

તન મજબુત થયા વિના, પરણાવે બાળ;
તેથી પ્રજા જે નિપજે, હિંણુ ભાગી વિકરાળ. ૧

કન્યા વિક્રય અને વૃદ્ધ લગ્ન નિષેધ વિષે.

દોહરો.

ગીરધર વૃદ્ધ લગ્નો થકી, વધે અતિ વ્યભિચાર;
વિધવા કન્યા વિક્રયો, વધે તે પારાવાર. ૧.

કન્યા વિક્રય જે કરે, વૃદ્ધ લગ્ન કરનાર;
હજાર દયો પિંજારતો, તસ શિરે ગીરધાર, ૨.

પ્રસ્તાવના (દીબાચો)

કઠીણુ પંચમકાળમાં જીનાગમના ફરમાન મુજબ મનુષ્ય માત્ર જૂઠ અને જડ પેદા થશે તે વાત નિર્વિવાદ છે. અને ચાલતા જમાનામાં એજ મુજબ થતું આવે છે. ભવિષ્યમાં પણુ તેમજ થશે. એ વાત સંદેહ વગરની છે. તેમ થવાનું કારણુ માત્ર પવિત્ર એવા જૈન ધર્મના તત્વજ્ઞાનનો અભાવ સિવાય બીજું કંઈ પણુ જોવામાં આવતું નથી.

પુર્વે જૈન ધર્મના: પ્રાચિન વિદ્વાનો એક એકથી અધિકતર જ્ઞાન ધરાવનાર પેદા થયા છે. તેઓએ આપણુા જનસમાજ ઉપર ઉપકાર રૂપે મહાગદી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં અનેક ગ્રંથો રચ્યા છે, જેનુ જ્ઞાન ઉપરોક્ત ભાષાના ઉંચા પ્રકારના જ્ઞાનને અભાવે આપણે લઇ શકતા નથી. આધુનિક સમયમાં આપણાં કુમળી વયનાં બાલકોના મગજ ઉપર આપણુા મહાન એવા: પવિત્ર જૈન ધર્મના રહસ્યનુ ઉછરતાંજ શિંચન કરવામાં આવે તો પરિપકવ દશાએ તેઓ દયામય ધર્મના જાંણુ થઇ આ લોક અને પરલોકનું શ્રેય કરી શકે તેવા હેતુએ આ પુસ્તક બહાર પાડવાની પ્રસિદ્ધ કર્તાની જીજ્ઞાષા છે. જૈન પાઠશાળાઓમાં શિક્ષકે પ્રત્યેક બાળક અને બાળિકાઓને પ્રશ્નોતર રૂપે લખેલ આ પુસ્તકમાંથી શિક્ષણુ આપી વાંચન, મનન અને નિદિધ્યાન કરાવવું કે જેથી નિતિ અને ધર્મનુ ઉભય પ્રકારે ઉંચું જ્ઞાન ધરાવતાં થાય અને પાઠશાળા ખોલવાના જન સમાજના સઘળા હેતુઓ પાર પડે.

આ પવિત્ર પુસ્તક (જૈન વિદ્યાર્થી પ્રશ્નોત્તર માળાની બીજી આવૃતિ) શ્રી ખંભાત સંપ્રદાયના સુપ્રસિદ્ધ પુજ્યજી શ્રી ૧૦૦૮ શ્રી હરખચંદજી સ્વામિના શિષ્ય પુજ્ય શ્રી ગિરધરલાલજી સ્વામી જેઓ

જૈન ધર્મના તત્વજ્ઞાન સંબંધી ઉંચા પ્રકારનું જ્ઞાન ધરાવે છે, તેઓની પવિત્ર કલમથી લખાયું છે, પ્રથમ આવૃત્તિ કરતાં આદ્વિતિયાવૃતિમાં ઘણોજ ફેરફાર કરવામાં આવ્યો છે. પવિત્ર જૈન ધર્મનું પ્રાથમીક શિક્ષણ "સામાયિક અને પ્રતિક્રમણ" ગણવામાં આવે છે તે બંન્નેનું સવિસ્તર જ્ઞાન મેળવવામાં કુમળા વયનાં બાળકોને આ નાનકડું પુસ્તક ઉપયોગી થશે એમ મારૂં માનવું છે. અને જેમ જેમ સમજતા જશે તેમ તેમ " અજ્ઞાન રૂપી અંધકાર " ને નાશ કરવામાં તેમને તે મદદગાર થશે અને તેમના મન ઉપર સારી છાપ પાડશે. આ પુસ્તક નીચે સહી કરનારની **મરહુમ પત્ની બબુબાઈના સ્મરણાર્થે** છપાવવામાં આવ્યું છે આ પુસ્તક જૈન માર્ગ સ્થાનક માર્ગી ફીરકાના દરેક ગૃહસ્થને ઉપયોગી છે. પુસ્તકના પ્રમાણમાં તેની કીંમત માત્ર ૦—૩—૦ રાખવામાં આવેલી છે.

પાલણપુરની સ્થાનકવાસી. જૈન કન્યા તથા મહીલાશાળા વિગેરેમાં બક્ષિસ આપતાં વધે તેની ઉપજ જ્ઞાન ખાતામાં પ્રસિદ્ધ કર્તા અર્પણ કરશે. વળી આ પુસ્તક છપાવવામાં તથા પ્રુફ વિગેરે સુધારવામાં રા. રા. **ડાક્તર જીવરાજભાઈ ઘેલાભાઇ દોશી** એલ. એમ. એન્ડ એસ તથા ઝવેરી કાળીદાસભાઇ જશકરણ બી. એ. એલ. એલ. બી. વકીલ એ જાત મહેનતથી મદદ કરી છે, તેમનો અંતઃકરણથી ઉપકાર માનુછું. ઇતિ શુભ.

તા. ૪ ફેબ્રુવારી ૧૯૧૫. પાલણપુર.

લી. આપનો કૃપાકાંક્ષી,
ડુંગરશી ફતેચંદ કોઠારી.
દીવાની ન્યાયાધીશ—**પાલણપુર.**

જૈનવિદ્યાર્થિ પ્રશ્નોત્તરમાળા.

શિખામણ વિષે ગરબો.

પુનમચાંદની ખીલી પુરી અહીંરે એજ રાગમાં

અલ્પ ઊમરમાં દુષ્કિત કર્મ કરો નહીરે: ધરજો નિત્યે માથે નાથ ત્રિલોકીત્રાસ.
હેતે નમિએ જઇને ઊત્તમતો ગુરૂ દેવનેરે. એ ટેક.
નિત્યે જીનવર વાણી સુણવા જઇએ પ્રેમથીરે,
જેથી ભવ ભવ સંચીત પાતિક દુર પળાય. હેતે નમીએ.

સાખી.

વાલેશ્વર ગુરૂ માહરા, પ્યારા પ્રાણાધાર,
ભવસાગરમાં ડુબતાં, છો ગુરૂ તારણ હાર.
પર ઉપગારિ પૂરણ ભાગ્યે ગુરૂજી આવિયારે,
તેતો ધરમિ કંજવન ઊલ્લસીતના કરનાર. હેતે. ૧

સાખી.

ગુરૂ મુખવાણી સાંભળી, તજોજ પાતિક પંથ;
કરજો જત્નાજીવની, વંદો ગુરૂ નિર્ગ્રંથ.
દુઃખીયા દીણા હીણા દેખી દીલ દયા ધરોરે,
તેને પાળો જેવાં નિજતણાં સંતાન. હેતે. ૨

સાખી.

જુઠ વચન તો બોલતાં, જગમાં ઇજ્જત જાય;
મળે ન લાંબુ આઊખું, કારાગ્રહે પકડાય.
જુઠે બકરા થઇને જસો કશાઇના હાથમાંરે,
વળી ગર્ભતણાં દુઃખ સહેશો અપરંપાર. હેતે. ૩

સાખી.

ચોરિ કુડા લેખતો, લખો ન જુઠા ભાય;
પુરો ન ખોટી સાક્ષીયો, કદુ નવ દર્શાવાય.
ગુણીયલ પરની થાપણ ઓળવશો ન કદી તમેરે,
જાણિ પરભવમાંહી પુત્રતણો વિજોગ. હેતે. ૪

સાખી.

પરનારીની પ્રીતનો, કરતાં જીવ ગમાય;
બુદ્ધિ ધનજશહારિને, ઝાઝા ખત્તા ખાય.
પથરી રોગ થશે ને જાશો, જમના હાથમાં રે;
પાવક પુતળી સંગે થાશે, દુખ અપાર. હેતે. ૫

સાખી.

નિંદયા વેંણ કટુ વદી, કરો ન પરસંતાપ;
જીભે પરમળ પાપને, શું ધોવોછો આપ.
નિજ અવગુણને શોધી કરજો તનથી વેગળારે,
નિંદયા કર્યા ન પામે ભવ ભવ માંહિ જીભ. હેતે. ૬

સાખી.

ફુક્ક અક્કડ શું ફરો, જતાં ન જોબન વાર;
પડશે જ્યારે તાહરે, માથે જમનો માર.
ત્યારે ઊગરવાનો આરો તારે છે નહીરે,
માટે સમજી દુઃખની બીતી રાખો ભાય. હેતે. ૭

સાખી.

મનુષ્ય જન્મને પામીને, કરો ન નિંદીત કામ;
પરભવ નિશ્ચેં ચાલવું, રમોજ ધર્મારામ.

કાયા માયા જાણો બાદળ કેરિ છાંયડીરે,
પાણી પુરને જાતાં કદી ન લાગે વાર. હેતે. ૮

સાખી.

દેવ ગુરૂને ધર્મની, શ્રદ્ધા રાખો શુદ્ધ;
પાખંડી સંગ વારતાં, નિરમળ થાએ બુદ્ધ.
નિરમળ સમકિત રત્ન જત્ને કરિને રાખજોરે,
જેથી ભવસાગરનો વેગે પાર પમાય. હેતે. ૯

સાખી.

ધરમીની સોબત કરી, કરિયે સદ્દગુણ કામ;
સજ્જન સાધુ સંગથી, વધશે મોટી મામ.
એવા ગુણીજન ગુરૂને દેવ નિરંજન સેવતાંરે,
પાપી લોઢું પારસ સંગે થાશે હેમ. હેતે. ૧૦

સાખી.

પૂરણ વેરણ પાપણી, આળસડી દુઃખદાય;
ધરમે ધક્કો લગાડીને, દુરગતીયે લઇ જાય.
તેને કાઢી દાન દયાને પોશા આદરોરે,
જેથી ભવ દુઃખ ભંજન ભેટે શ્રી જગદીશ. હેતે. ૧૧

સાખી.

તપ કરિને તન ગાળજો, પાતિક દુર પળાય;
જ્ઞાન ગ્રહી ગુરૂ સંગથી, કરોજે પાવન કાય.
રૂષી ગીરધારિની સાર શિખામણ સાંભળીરે
ધારિ ઊત્તમ કરજો શિવરમણી શું પ્યાર. હેતે. ૧૨

પરનું ભલું કરવા વિષે.

હરિગીત છંદ.

ગુરૂદેવને ચરણે નમી કહું સિખ આહિત કારિણી,
ઊરમાં ધરો તો વાલહા તુજ શ્રેય છે ભવ પારિણી;
કરવા સુફળ તુજ જીંદગી શું કૃત્ય તેવું આદર્યું,
ધરિ દેહ માનવ વિશ્વમાં પરનું ભલું તે શું કર્યું. એ ટેક. ૧
ધન કારણે પર પ્રાણીનાં રક્તો પીધાં અધિકારમાં,
કરિ જુલમ લિધા ડંડ તે ડરાવિને પળ વારમાં;
વિશ્વાસઘાતી અનિતીથી જગ નામ કોટી ધ્વજ ધર્યું. ધરિ. ૨
અટારિ બારિ ગોખ જાળી મ્હેલ ઊંચા તેં કર્યા,
જળહળ કર્યું બહુ ગોઠવી પુલસેજયમાં જઇ તન ધર્યા;
કરિ વાટીકા લેવા હવા રંગ રાંગમાં ચિતડું ઠર્યું. ધરિ. ૩
રણમાં ધરિ સમશેર કોટી રિપુને વિદારિયા,
નૃપ વાંકડા જે ફાંકડા તુજ ચરણમાં શિર ધારિયા;
વિજય ધ્વજા ફરકાવિને રણધીર બિરદતેં ધર્યું. ધરિ. ૪
પુરાણ વેદ કુરાન વાંચી વિદ્વતા બહુ મેળવી,
નવિન પંથો થાપીયા કરિ ધર્મ ઝંડા ફેરવી;
તપશ્ચાએ દેહતપાવિને નિત્ય પેટ ભીખીને ભર્યું. ધરિ. ૫
બહુ કાયદા સિખી કરિ વકીલ બારિસ્ટર બણી,
ચતું ઊંધું બહુતે કરી જન છેતર્યા ધન હર ભણી;
અધિકારમાં અંધો બની તેં નામ કાનુની ધર્યું. ધરિ. ૬
નૃત્યકાર સંગીતની કળા સિખીને લોક રિઝાવિયાં,

બહુ ઠાઠથી લગ્નો કરિ જમાડીયા મન ભાવિયા;
દિધું ન ભુખ્યા પ્રાણિને થોડું કદી જે ઉગર્યું. ધરિ. ૭
કિર્તિ મિનાર ચણાવિયા નિજ નામ રાખણ કારણે,
ખગોળ વિદ્યા સિખીને બહુ જોશ જોયા ધારણે;
વિનોદી દૈવજ્ઞ બની તેં કષ્ટ પરનું શું હર્યું. ધરિ. ૮
નિજ નાતમાં પરજાતમાં ખટપટ કરિ થઇ શેઠિયો,
નવિન હુનર સોધિને વેપારમાં બની વેઠીયો;
મન ભાવતું ભોજન જમી તેં પેટ કુત્તા સમ ભર્યું. ધરિ. ૯
નરનારીને નહીં જ્ઞાનનું તેં દાન તો કદી આપીયું,
વળી જ્ઞાનની વૃદ્ધી થવા નહી જ્ઞાનખાતું થાપીયું;
ભલી ધર્મ વૃદ્ધી પરોપકારે દ્રવ્ય તારૂં ના વર્યું. ધરિ. ૧૦
જે રંક અંધા પાંગળા શિશુ અનાથી દુઃખીયા,
બધિર મુંગા રોગીયા જન સિઝતા જે ભુખીયા;
અનવસ્ત્ર ઔષધ આશ્રમોમાં વિત્તતેં ના વાવર્યું. ધરિ. ૧૧
નહિ નાત ધર્મ દેશનો ઊદ્ધાર તેં કદીયે કર્યો,
શું ફુલે ફોગટ બાપડા તુજ પીંડતે પાપેં ભર્યો;
ધન મુંકી પરભવ જાવતાં તુજ પાપ તરૂવર ઉછર્યું. ધરિ. ૧૨
પરમાર્થમાં ધન વાવરિ લક્ષ્મિનો લ્હાવો ના લિયો,
જનનીનેં ભારે મારિ અંતે ખાલી હાથે ચાલિયો;
ગીરધારિ નર ભવ પામિને શુભ કૃત્ય તેં શું આચર્યું. ધરિ. ૧૩

ॐ

જયજિનેંદ્રાય નમઃ

મંગળાચરણ વિષે.

દોહરા.

જયજય શ્રી જીનરાજતું, જય જશ કરણ અપાર.
મંગળ કર કલ્યાણ તું, આનંદ દે ગીરધાર, ૧
ભય ભંજન પરમેશ્વરા, શાંતિ શાંતિ વિસ્તાર;
અવિચળ દે સુખ સંપદા. સદાય તે ગીરધાર. ૨
પતિત ઉધ્ધારણ સુખકરણ, નાગરયણ દાતાર,
ગુરૂ ગુણ ધારિ વાલહા, વંદુ વાર હજાર, ૩
જૈન વિદ્યાર્થિ પ્રશ્નને, ઉત્તર માળશ્રાકાર.
રચવા વસજે સરસ્વતી. રસના એ ગીરધાર. ૪

જ્ઞાનોત્તેજન વિષે.

(હરિગીત છંદ)

ગુરૂદેવને જીનરાજને ચરણે નમું આવાર જો.
સહુ જૈન બંધુ વાતમારિ ઊરમાંહી ધારજો,
ભવપાર છે હિતકાર છે ધરતાં ગુરૂ શિરકારજો;
ભણજો ભણાવો જ્ઞાન જૈની ઊર આણી પ્યારજો, એ. ટેક. ૧
આગળ થયા વિદ્વાન જૈની આજ કાળે તે નહી.
ધર્માભિમાન ધર્યા વિનાતો વાતતે વિર્મિસહી,
તસ વૃદ્ધિયોનાં કારણોને જ્ઞાનીયો વિચારજો; ભણ૦ ૨
કરતાં વ્યાપારે માનમાં લાખો ગમે લુંટાઓછો.
પણ જ્ઞાનના ઉત્તેજનોમાં દુરનાસીજાઓ છો.
શુંદ્રષદ[1] જેવું કાળજું બની ગયું આવારજો- ભણ૦ ૩

---

૧ પથ્થર.

શુભ જ્ઞાનથી નિતી તથા પંથે સદા જે ચાલશે.
તસદાનહીસ્સો પામવાથી આપશિવ[૨] માલશે,
ગુણીયલ એમ જાણીને કરો જ્ઞાનનો વિસ્તારજો- ભણુ૦ ૪
રૂડી પ્રશ્નોત્તર માળીકાને બાળકો ભણજો સદા;
જુઠ ચોરિયારિ કુવાસનને તમે દુરટાળો દુઃખદા.
ગુરૂ શિક્ષકોને માય તાયની કાર શિરે ધારજો. ભણુ૦ ૫
નિજ દેવ ગુરૂને ધર્મની શ્રદ્ધા તે સુધી રાખજો.
પાખંડીઓનો સંગવારિ સત્ય વાણી ભાંખજો,
ગીરધારિ રખની સિખ સારી ઉરમાં ઉત્તારજો, ભણુ૦ ૬

---

૨ મુક્તીમાં.

શ્રી. વિત્તરાગાય નમઃ

જૈન વિદ્યાર્થિ પ્રશ્નોત્તરમાળા.

સામાયકનાં પ્રશ્નોત્તર.

પાઠ ૧ લો.

પ્રશ્ન. સામાયકના પેહેલા પાટનું નામ શું ?

ઉત્તર. નવકાર મંત્ર.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. દેવગુરૂનું સ્મરણ કરવા વિષે.

પ્ર. તે નવકાર મંત્ર કેટલા છે ?

ઉ. પાંચ.

પ્ર. તેને શું કહે છે ?

ઉ. પંચ પરમેષ્ટી.

પ્ર. તે નવકાર મંત્ર એટલાબધા સાથી પ્રિય હોય છે ?

ઉ. એથી સર્વ જીવનનું કષ્ટ ટળી, સર્વ પ્રકારે ભલું થાય છે.

પ્ર. એ પાંચનું નામ શું. ?

ઉ. ૧ અરિહંત. ૨. સિદ્ધ. ૩. આચાર્ય ૪ ઉપાધ્યાય. ૫. સાધૂ.

પ્ર. એ પાંચમાં દેવપદેકયા. ?

ઉ. ૧ અરિહંત. ૨ સિદ્ધ.

પ્ર. ગુરૂ પદે કયા. ?

ઉ. ૧ આચાર્ય. ૨ ઉપાધ્યાય. ૩ સાધૂ

પ્ર. અરિહંત દેવ કોને કહિએ ?

ઉ. ૧ કેવળીજ્ઞાન. ૨ કેવળ દર્શન. ૩ ક્ષાયક સંમકિત ૪ અનંત આત્મશક્તિ એ ચારગુણુવાલા હોય તેને.

પ્ર. કેવળ જ્ઞાન એટલે શું. ?

ઉ. જગતની તમામ વસ્તુ જાણુવાનો ગુણુ.

પ્ર. કેવળ દર્શન એટલે શું. ?

ઉ. જગત્તની ત્તમામ વસ્તુ સંપૂર્ણુ દેખવાનો ગુણુ.

પ્ર. ક્ષાયક સમક્તિ એટલે શું. ?

ઉ. સુદ્ધ શ્રદ્ધા અને સર્વ સદ્ગુણુરૂપ.

પ્ર. અનંત આત્મ શક્તિ એટલે શું. ?

ઉ. જેનોપાર પામી શકાય નહિ એવું અનંત આત્મીક બળ.

પ્ર. કેવળ જ્ઞાન શાથી થાય: ?

ઉ. જ્ઞાનાવર્ણિં કર્મનો ક્ષય કરવાથી.

પ્ર. કેવળ દર્શન શાથી થાય ?

ઉ. દર્શના વર્ણિકર્મનો ક્ષય કરવાથી.

પ્ર. ક્ષાયક સમક્તિ શાથી થાય ?

ઉ. મોહની કર્મની પ્રકૃતીનો નાશ કરવાથી.

પ્ર. અનંત આત્મશક્તિ ગુણુ શાથી થાય ?

ઉ. અંતરાયકર્મનો નાશ કરવાથી.

પ્ર. એ ચાર ગુણુ ધારણુ કરનારને શું કહેવાય ?

ઉ. અરિહંત દેવ.

પ્ર. તે અરિહંત દેવ કેવે શ્વરૂપે છે ?

ઉ. મનુષ્ય રૂપે છે.

પ્ર. અરિહંત ક્યાં છે?
ઉ. આ મનુષ્યલોકમાં છે.
પ્ર. મનુષ્ય કેટલામાં રહે છે?
ઉ. અઢી દ્વીપમાં.
પ્ર. અઢી દ્વીપ કયા?
ઉ. ૧ જંબુદ્વીપ. ૨ ધાતકી ખંડ દ્વીપ. ૩ અર્ધપુષ્કર દ્વીપ.
પ્ર. આપણે રહીએ છીએ તે દ્વીપનું નામ શું?
ઉ. જંબુદ્વીપ.
પ્ર. તે કેટલો મોહોટો છે?
ઉ. એક લાખ જોજનનો લાંબો ને પોહો ગોળવાટલાકારે છે.
પ્ર. તેમાં કેટલા ક્ષેત્ર છે?
ઉ. નવ.
પ્ર. નવ કિયા?
ઉ. ૭ જુગળીયાંનાં ક્ષેત્ર અને ત્રણ કર્મભૂમીનાં ક્ષેત્ર. (એ નવ.)
પ્ર. જુગળીઆનાં ક્ષેત્રમાં અરિહંત હોય કે નહીં?
ઉ. નહિં.
પ્ર. ત્યારે ક્યાં હોય?
ઉ. કર્મભૂમીનાં ક્ષેત્રમાં.
પ્ર. કર્મભૂમીનાં ક્ષેત્ર કેટલાં છે?
ઉ. પંદર (બધા દ્વીપમાં મળીને)
પ્ર. તેનાં નામ શું?
ઉ. પાંચ ભરત, પાંચ ઇરવત, પાંચ મહાવિદેહ. (એમ પંદર).
પ્ર. તે પંદર ક્ષેત્ર ક્યાં છે?
ઉ. જંબુદ્વીપમાં એક ભરત, એક ઇરવત, એક મહાવિદેહ એ ત્રણ છે.

ધાતકી ખંડમાં બે ભરત, બે ઇરવત, બે મહાવિદેહ એવં ૬ છે. અર્ધપુષ્કર દ્વીપમાં બે ભરત, બે ઇરવત, બે મહાવિદેહ એમ ૬ છે. કુલ **૧૫** પંદર થયા.

પ્ર. આપણે રહીએ છીએ તે ક્ષેત્રનું નામ શું ?

ઉ. ભરતક્ષેત્ર.

પ્ર. તેમાં અરિહંત છે કે નહીં ?

ઉ. ના.

પ્ર. શાથી નથી ?

ઉ. હાલમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો, પાંચ ભરત, પાંચ ઇરવતમાં વર્તે છે તેથી નથી.

પ્ર. ત્યારે ક્યાં છે ?

ઉ. પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં છે.

પ્ર. મહાવિદેહ ક્ષેત્ર ક્યાં આવ્યું ?

ઉ. આ ભરતખંડથી ઉત્તર દિશા જંબુદ્વીપના મધ્ય ભાગે મેરૂપર્વત છે તેહથી પૂર્વ પશ્ચિમે છે. એજ રીતે ધાતકી ખંડમાં અને અર્ધપુષ્કરમાં બે બે મેરૂપર્વત છે તેહનાથી પૂર્વ પશ્ચિમ છે.

પ્ર. એ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં હાલમાં કેટલા તિર્થંકર છે ?

ઉ. વીસ તિર્થંકર.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. શ્રી મંદીર સ્વામી. (૨) યુગ મંદીર સ્વામી. (૩) બાહુ સ્વામી (૩) સુબાહુ સ્વામી. (૫) સુજાત સ્વામી. (૬) સ્વયંપ્રભ સ્વામી. (૭) રૂષભીનન સ્વામી. (૮) અનંત વિર્ય સ્વામી. (૯) સુરપ્રભ સ્વામી. (૧૦) વિશાળપ્રભ સ્વામી. (૧૧) વજ્રધર સ્વામી. (૧૨ ચંદ્રાનન સ્વામી. (૧૩) ચંદ્રબાહુ સ્વામી. (૧૪)

ભૂજંગદેવ સ્વામી. (૧૫) ઇશ્વર સ્વામી. (૧૬) નેમપ્રભ સ્વામી. (૧૭) વીરસેન સ્વામી. (૧૮) મહાભદ્ર સ્વામી. (૧૯) દેવજસ સ્વામી. (૨૦) અજીતસેન સ્વામી.

પ્ર. એ વીસ તિર્થંકર માંહેલા જંબુદ્રીપના પૂર્વ મહાવીદેહમાં કેટલા ને કયા?

ઉ. બે; પહેલા ને ત્રીજા.

પ્ર. જંબુદ્રીપના પશ્ચિમ મહાવિદેહમાં કેટલા ને કયા?

ઉ. બે; બીજા ને ચોથા.

પ્ર. ધાતકી ખંડના મહાવિદેહમાં કેટલા ને કયા?

ઉ. આઠ. ૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ મા.

પ્ર. પૂષ્કરાર્ધના મહાવિદેહમાં કેટલા ને કયા?

ઉ. આઠ; ૮-૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦ મા.

પ્ર. એ વિસ તિર્થંકર કયા વર્ણે છે?

ઉ. કનક વર્ણે છે.

પ્ર. જંબુદ્રીપમાં એક સાથે ઘણામાં ઘણા કેટલા તિર્થંકર થાય?

ઉ. ચોત્રીસ ૩૪.

પ્ર. તેથી વધારે ન થાય તેનું કારણ શું?

ઉ. ચોત્રીસથી વધારે વિજય નહી હોવાથી.

પ્ર. તે ચોત્રીસ વિજય કઇ?

ઉ. પૂર્વ પશ્ચિમ મહાવિદેહનો સોળ સોળ અને એક ભરત ને એક ઇરવત એમ ૩૪.

પ્ર. વિજય એટલે શું?

ઉ. કર્મભૂમિ મનુષ્યને રહેવાના ખંડ અથવા વિભાગ.

પ્ર. ધાતકીખંડમાં અને પુષ્કરાર્ધમાં ઘણામાં ઘણા એક સાથે કે-

ટલા તિર્થંકર થાય?

ઉ. અડસઠ. અડસઠ.

પ્ર. અડસઠ અડસઠ થાય તેનું કારણ શું?

ઉ. અડસઠ અડસઠ વિજય હોવાથી.

પ્ર. એક સાથે ઘણામાં ઘણા કેટલા તિર્થંકર થાય?

ઉ. એકસોહ સીતેર (૧૭૦).

પ્ર. તેનું કારણ શું?

ઉ. એકસોહ સીતેર ૧૭૦. વિજય હોવાથી.

પ્ર. તે ૧૭૦ વિજય કઇ?

ઉ. ૩૪ જંબુદ્રીપની ૬૮ ધાતકીખંડની ૬૮ પુષ્કરાર્ધની એ ૧૭૦

પ્ર. કેવળી એક સાથે ઘણામાં ઘણા કેટલા હોય?

ઉ. નવ કરોડ.

પ્ર. કમતીમાં કમતી કેવળી કેટલા હોય?

ઉ. બે કરોડ.

પ્ર. આપણે. સામાયક પ્રતિક્રમણ કરતી વખતે કોની આજ્ઞા માગવી?

ઉ. મંદીર સ્વામીની આજ્ઞા માગવી.

પ્ર. તિર્થંકરને અરિહંત કહેવાય કે નહી. ૧.

ઉ. હા. કહેવાય. જેટલાને કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન થયું હોય તે તમામને અરિહંત કહેવાય.

પ્ર. જેને આપણે અરિહંત કહીએ છીએ તેને અન્ય ધર્મી શું કહે છે.?

ઉ. જીવન મુક્ત પરમેશ્વર.

પ્ર. અરિહંત કેવી રીતે થતા હસે?

ઉ. કોઈ માંણુસ સંસાર ત્યાગ કરી દિક્ષા લઇ તપ સંયમે કરી ચાર ઘન ઘાતી કર્મનો નાશ કરવાથી.

પ્ર. ચાર ઘન ઘાતી કર્મનો નાશ કરવાથી શું થાય. ?

ઉ. કેવળજ્ઞાન, કેવળ દર્શન થાય.

પ્ર. કેવળ જ્ઞાન કેટલી ઊમરે થતું હશે. ?

ઉ. નવ નર્વથી ઓછી ઉમરે નહીં. અને ક્રોડ પુર્વથી વધારે ઊમરે નહી.

પ્ર. કેવળી થઆ પછી શું કરતા હશે. ?

ઉ. ઘણા જીવોને ધર્મોપદેશ કરે.

પ્ર. ધર્મોપદેશ કરે તે વચનને શું કહેવાય. ?

ઉ. સૂત્ર. અને સિદ્ધાન્ત.

પ્ર. સુત્ર એટલે શું. ?

ઉ. જેવાકયમાં અક્ષર થોડાને અર્થ ઘણો હોય તે.

પ્ર. સિદ્ધાંન્ત એટલે શું ?

ઉ. જે વાત કહેલી હોય. તે ત્રણે કાળમાં ફરે નહી. કોઇ જુડી કરી શકે નહી.

પ્ર. અરિહંત શિવાય બીજા કોઇ એવું સૂત્ર સિદ્ધાન્ત કહી શકે કે નહીં. ?

ઉ. નહી.

પ્ર. તેનું કારણ?શું અરિહંત શિવાય બીજા અપુર્ણ જ્ઞાની છે, તેથી.

ઉ. તિર્થંકરમાં ને કેવળીમાં શું ફેર. ?

જ્ઞાનમાંને ગુણમાં તો તિર્થંકર અને કેવળી બંને સરખા છે. પણ ચોત્રીસ અતિશય પાંત્રીસ પ્રકારની વાણીના ગુણ અષ્ટપ્રતિહાર્ય સમો સરણાદીકનો રચનાએ તિર્થંકર અધિક છે.

પ્ર. આપણે અરિહંત થઇ શકીએ કે નહી ?
ઉ. હા. થઇ શકીએ.
પ્ર. સાથી થાય ?
ઉ. અરિહંત દેવના ફરમાન મુજબ વર્તવાથી.
પ્ર. આપણા જેવા માંણુસ તિર્થંકર થઇ શકે કે નહી. ?
ઉ. હા. થઇ શકે.
પ્ર. શાથી થાય. ?
ઉ. વિશકામ કરવાથી.
પ્ર. એ વિસકામનું નામ શું. ?
ઉ. અરિહંત દેવના ગુણ ગ્રામ કરવાથી. ૨. સિદ્ધ ભગવંતના ગુણ ગ્રામ કરવાથી. ૩. પાંચ સુમતી અને ત્રણ ગુપ્તી એ આઠ પ્રવચન માંતા ગુણ ગ્રામ કરવાથી. ૪ ગુરૂના ગુણ-ગ્રામ કરવાથી. ૫ સ્થીવરના ગુણગ્રામ કરવાથી. ૬ બહુ સૂ-ત્રના ગુણગ્રામ કરવાથી. ૭ તપશ્વીના ગુણગ્રામ કરવાથી. ૮ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા. એ ચાર તિર્થની વત્સલતા (સેવા ભક્તિ) કરવાથી. ૯ વારંવાર જ્ઞાન ભણવાથી. ૧૦ સમકિત નિર્મળ પાળવાથી. ૧૧ વિનય કરવાથી. ૧૨ બે વ-ખત આવસ્યક (પ્રતિક્રમણ) શુદ્ધરિતે કરવાથી. ૧૩ શિયળ નિર્મળ પાળવાથી. ૧૪ નિર અતીચારપણે વ્રત પચખાંણ પા-ળવાથી. ૧૫ વિવિધ પ્રકારે તપશા કરવાથી. ૧૬ ચાર તિર્થ-માં તથા નાત જાત પ્રમુખમાં જયાં જયાં કલેશ અસમાધી હોય તે મટાડી સમાધી કરવાથી. ૧૭ જેનાથી જૈન ધર્મ ટકી શકે તેવું અપુર્વ જ્ઞાન ગ્રહણ કરવાથી. ૧૮ શાસ્ત્રની બહુ ભક્તિ કરવાથી. ૧૯ આઠ વચન. માતાની પ્રભાવના (ઉદ્દ-યોન) કરવાથી. ૨૦ અભય દાનને સુપાત્ર દાન દેવાથી—એ

વીશ કામ કરવાથી જઘન્યતો કર્મની ક્રોડ ખપાવે અને ઊ-ત્કૃષ્ટો રસ આવે તો તિર્થંકર નામ ગોત્ર બંધાય.

પ્ર. નમો એટલે શુ. ?

ઉ. નમસ્કાર.

પ્ર. અરિહંતાણું. એટલે શું ?

ઉ. અરિહંત દેવને.

પ્ર. એ વાકયમાં અરિહંતને બદલે અરિહંતા કહેવાનુ કારણુ શું ?

ઉ. અરિહંત શબ્દે એક થાય. અને અરિહંતા શબ્દે ઘણા થાય. અરિહંત ઘણા છે તેથી.

પ્ર. નમો શબ્દ અસલ કેવો હસે ?

ઉ. નમસ.

પ્ર. નમસ્નો નમો શિરિતે થયો. ?

ઉ. પદાંતે (સ્)નો વિસર્ગાદીક વ્યાકરણના નિયમ પ્રમાણે નમો થયો.

પ્ર. અરિહંતના કેટલાં નામ છે !

ઉ. ૨૪. ચોવીસ.

પ્ર. તેમનાં નામ શુ. ?

ઉ. ૧. અર્હન. ૨ જીન. પારગત. ૪ ત્રિકાળ વિત. ૫ ક્ષીણાષ્ટકર્મા. ૬ પરમેષ્ટી. ૭ અધિશ્વર. ૮ શંભૂ. ૯ સ્વયંભૂ. ૧૦ ભગવાન. ૧૧ જગતપ્રભૂ. ૧૨ તિર્થંકર. ૧૩ તિર્થંકર ૧૪ જીનેશ્વર ૧૫ સ્યાદવાદી. ૧૬ અભયદ. ૧૭ સવી ૧૮ સર્વજ્ઞ. ૧૯ સર્વદર્શિ ૨૦ દેવા ધિદેવ. ૨૧ બોધિદ ૨૨ પુરૂષોતમ ૨૩ વિત્તરાગ. ૨૪ આપ્ત. બીજા પણ કેવળી જીનેન્દ્રજીનેશ્વર વગેરે ઘણાં નામ છે.

પ્ર. અરિહંત આયુષ પુર્ણું કરી કયાં જાય. ?
ઉ. મુક્તિમાં.
પ્ર. મુક્તિમાં જતી વખતે કેટલા કર્મનો નાશ કરે. અને તેનું નામ શું. ?
ઉ. ચાર અઘાતી કર્મનો નાશ કરે તે. (૧) વેદની કર્મ. (૨) આયુષ કર્મ. (૩) નામ કર્મ. (૪) ગોત્ર કર્મ. એચારનો નાસ કરે.
પ્ર. મુક્તિમાં જાય તેને શું કહેવાય ?
ઉ. સિદ્ધ ભગવંત.
પ્ર. મોક્ષ એટલે શું. ?.
ઉ. જીવને કર્મથી છુટા થઇ જવું.
પ્ર. સિદ્ધ કોને કહીએ અને તે કયાં રહે છે. ?
ઉ. આઠકર્મનો નાશ કરી નિરંજન નિરાકારપણે ઉપર લોકાગ્રે બીરાજે છે તે.
પ્ર. નિરંજન એટલે શું. ?
ઉ. માયા રહીત આપણી ચર્મ ચક્ષુથી દેખવામાં આવે નહીં તે.
પ્ર. નિરાકાર એટલે શું. ?
ઉ. જેનો આકાર બીલકુલ બને નહી તે.
પ્ર. સીદ્ધ ભગવંતનો આકાર બને નહીં કે ?
ઉ. નહી.
પ્ર. શાથી ન બને ?
ઉ. સિદ્ધને નામ કર્મ નથી. અને જેને નામ કર્મ નથી, શરિર પણ નથી અને શરીર વિના આકાર બને નહીં તેથી.
પ્ર ત્યારે એ પરમેશ્વર કેવે સ્વરૂપે છે ?
ઉ. અનંત સૂર્યના પ્રકાશથી પણ અધીક અરૂપી તેજોમય પ્રકાશ-

વંત છે.

પ્ર. એ પ્રકાશ કેટલામાં રહેતો હશે ?

ઉ. પીસ્તાલીશ લાખ જોજન લાંબપણે, પોહોળપણે અને ત્રણસોહ તેત્રીસ ધનુષને બત્રીસ આંગળ ઉંચપણે એટલી હદમાં રહે છે.

પ્ર. સિદ્ધભગવંતને રહેવાની જગ્યા ક્યાં હશે ?

ઉ. ચંદ્ર સૂર્યાદીક જોતિશ ચક્રના ઉપર અસંખ્યાત ક્રોડાકોડી જોજન ઉંચપણે જઇએ ત્યાં બારદેવ લોક નવ ગ્રૈવેયક અને પાંચ અનુતર વિમાન આવે તે પાંચ અનુત્તર વિમાનમાં પાંચમું સ્વાર્થ સિદ્ધનામે વિમાન આવે તેહની ધ્વજાપતાકાથી બાર જોજન ઉંચાઇમાં જઇએ ત્યારે ઇસ્ત પ્રાગભારા નામે મુક્તિ સિલ્લા આવે તે સિલ્લા ઉજલી ફાટીક રત્નની પીસ્તાલીસ જોજનની લાંબી પહોલી છે, મધ્ય ભાગે આઠ જોજનની જાડી છે. ઉતરતાં ઉરતાં છેડે માખીની પાંખથી પણ વધારે પાતળી છે તેની અંદર બીજું કંઇ નથી, તે સિલ્લાથી એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં (એટલે સાસ્વતા એક જોજનના ચાર હજાર ગાઉ થાય. તેમાંથી સિલ્લાની ઉપર ત્રણ હજાર નવસો નવાણું ગાઉ ઉંચે જઈએ ત્યાં ચાર હજાર માં એક ગાઉ રહ્યાં તેના ૭ ભાગ કરવા. ચાર હાથનો એક ધનુષ થાય. એવા બે હજાર ધનુષનો એક ગાઉ થાય. તેના ૭ ભાગ કરતાં એકેકો ભાગ ૩૩૩ ધનુષને ૩૨ આંગળનો પ્રમાણ થાય. એવા પાંચ ભાગ મુકી. ઉપર છેલ્લો છઠ્ઠો ભાગ ૩૩૩ ધનુષને ૩૨ આંગળ પ્રમાણે ઉચાઇમાં છે તેટલામાં અને પીસ્તાલીશ લાખ જોજન લાંબપણે પોહળપણે)

તિહાં સિદ્ધ ભગવંત બીરાજે છે.

પ્ર. તે સિદ્ધભગવંતની ઉપર શું છે?

ઉ. અલોક છે.

પ્ર. બીજી કોઈ વસ્તી છે કે નહીં?

ઉ. નહીં.

પ્ર. સિદ્ધ ભગવંત કયાં રહે છે?

ઉ. લોકના ટોચે (અગ્રે).

પ્ર. સિદ્ધ ભગવંતને ફરી જન્મ મર્ણ કરવાનું છે કે નહીં?

ઉ. નહીં.

પ્ર. શા કારણથી નથી?

ઉ. જેહને આયુ કર્મ હોય તેને જન્મ મર્ણ કરવાનું છે અને સિદ્ધ ભગવંતને તે આયુષકર્મ નથી તેથી.

પ્ર. સિદ્ધ ભગવંત લોકાગ્રે છે એવું આપણે સાથી જાણ્યું.?

ઉ. અરિહંતના કહેવાથી.

પ્ર. ત્યારે અરિહંતે સિદ્ધને જોયા હશે.?

ઉ. હા. જોયા છે.

પ્ર. શાથી જોયા હશે?

ઉ. કેવળ દર્શને કરીને જોયા છે.

પ્ર. નિરંજન નિરાકાર છે. તે જોવામાં શિરિતે આવે?

ઉ. કેવળ દર્શન અરૂપી છે, અને સિદ્ધ ભગવંત પણ અરૂપી છે. તેથી અરૂપી અરૂપીને જોઇશકે

પ્ર. ત્યારે અરૂપી શાથી કહ્યું?

ઉ. ચર્મ ચક્ષુથી જોઇ શકાય નહીં તેથી. ત્યા રૂપી હોય તે અરૂપીને જોઇ શકે નહી. તે આશ્રી.

પ્ર. સિદ્ધ ભગવંતને ખાવા પીવાનું હશે કે નહી. ?

ઉ. ના.

પ્ર. શાકારણથી નથી. ?

ઉ. વેદની કર્મનો નાશ થયો છે તેથી તથા શરિર હોય તેને ખાવા પીવાનું હોય અને જેનાથી શરીર બધાય તે નામ કર્મનો નાસ કર્યો છે તેથી

પ્ર. આઠ કર્મનાં નામ શુ ?

ઉ. ૧ જ્ઞાનવર્ણિ કર્મ. ૨ દર્શિના વર્ણિકર્મ. ૩ વેદનીકર્મ ૪ મોહની કર્મ ૫ આયુષકર્મ. ૬ નામકર્મ. ૭ ગોત્રકર્મ. ૮ અંતરાય કર્મ.

પ્ર. જ્ઞાન આવાર્ણિ એટલે શું ?

ઉ. જ્ઞાન ઢંકાય તેવાં કર્મના પુદ્દગળો (રજકરણો)નો જથો.

પ્ર. એ આઠે કર્મ શું અવગુણ કરતા હશે. ?

ઉ. જ્ઞાનાવર્ણિ કર્મે અનંત જ્ઞાન ગુણ રોકયો છે. ૨. દર્શનાવર્ણિ કર્મે અનંત વસ્તુને દેખવાનો ગુણ રોકયો છે. ૩. વેદની કર્મે અનંત અવ્યાબાધ (સર્વ પ્રકારની પીડા રહીત) ગુણ રોકયો છે. ૪ મોહની કર્મે ક્ષાયક સમકિત ગુણ રોકયો છે. ૫ આયુષ કર્મે અક્ષયસ્થિતી ગુણ રોકયો છે. ૬ નામ કર્મે અમુર્તી ગુણ રોકયો છે. ૭ ગોત્ર કર્મે અગુરૂ લઘુગુણ રોકયો છે ૮ અંતરાય કર્મે અનંત આત્મ શક્તિ ગુણ રોકયો છે.

પ્ર એ આઠે કર્મ કોના જેવાં છે. ?

ઉ જ્ઞાનાવર્ણિ કર્મ આંખના પાટા સમાન છે. દર્શનાવર્ણિ કર્મ રાજાના પોળીઆ સમાન છે. ૩ વેદની કર્મ મધ તથા અફીણે ખરડયા ખડગ સમાન છે. ૪ મોહની કર્મ. મદીરાની કેફ સ-

૫ આયુષ કર્મ રાજાની હેડ સમાન છે. ૬ નામકર્મ ચીતારા સમાન છે. ૭ ગોત્ર કર્મ કુંભારના ચાકડા સમાન છે. ૮ અંતરાય કર્મ રાજાના ભંડારી સમાન છે.

પ્ર. નમો સિદ્ધાણં એટલે શું. ?

ઉ. સિદ્ધ ભગવંતને નમસ્કાર.

પ્ર. ઇહાં સિદ્ધને બદલે સિદ્ધા શા માટે કહ્યું ?

ઉ. સિદ્ધ ઘણા છે તેથી.

પ્ર. એ સિદ્ધને અન્ય ધર્મિ શું કહે છે. ?

ઉ. સર્વ મુક્ત પરમેશ્વર.

પ્ર. સિદ્ધ ભગવંત કેટલા હશે ?

ઉ. અનંત.

પ્ર. અરિહંત સિવાય બીજા સિદ્ધ ભગવંત થઇ શકે કે નહી ?

ઉ. નહી.

પ્ર. શા કારણથી. ?

ઉ. પ્રથમ કેવળ જ્ઞાન-કેવળ દર્શન ઉત્પન થાય ત્યારે અરિહંત થાય. અને કેવળ જ્ઞાન-કેવળ દર્શન થયા વિના મોક્ષમાં જાય નહી અને મોક્ષમાં ગયા તેજ સિદ્ધ ભગવંત કહેવાય તેથી.

પ્ર. કઇ ગતી માંહેથી મોક્ષમાં જવાય. ?

ઉ. મનુષ્યની ગતી માંહેથી.

પ્ર. નારકી તિર્યંચને દેવગતી માંહેથી મોક્ષ કેમ ના થાય ?

ઉ. એ ત્રણ ગતીમાં મનુષ્ય જેવું જ્ઞાન થતું નથી તેથી.

પ્ર. નમો આયરિયાણં એટલે શું. ?

ઉ. આચાર્યને નમસ્કાર.

પ્ર. આયરિયને બદલે આયરિયા કહેવાનું કારણ શું. ?

ઉ. આચાર્ય ઘણા છે તેથી.

પ્ર. આચાર્ય કોને કહીએ. ?

ઉ. સાધુ સાધવી. શ્રાવક શ્રાવિકારૂપ ગચ્છ (મંડળ) ને ચલાવનાર આગેવાન સાધુ હોય તે.

પ્ર. એ આચાર્ય શું કામ કરે. ?

ઉ. પોતે જ્ઞાન ભણે અને બીજાને ભણાવે, પોતે તત્વના સ્વરૂપને જાણી અન્ય ભવ્યજીવોને તત્વનુ સ્વરૂપ જણાવે (૨) પોતે શુદ્ધ શ્રદ્ધારાખે ને બીજાને રખાવે. ૩ પોતે શુદ્ધ ચારિત્ર પાળે ને બીજાને પળાવે ૪ પોતે તપશા કરે ને બીજાને કરાવે ૫ પોતે ધર્મ કાર્યમાં પ્રાક્રમ ફેરવે ને બીજાને ફેરવાવે:

પ્ર. નમો ઉવઝાયાણં એટલે શું ?

ઉ. ઉપાધ્યાયને નમસ્કાર

પ્ર. ઇહાં ઉવઝાયને બદલે ઉવઝાયા શાથી કહ્યું.

ઉ. ઉપાધ્યાય ઘણા છે તેથી.

પ્ર. ઉપાધ્યાય કોને કહીએ, ?

ઉ. શાસ્ત્રના ભણાવનારને.

પ્ર. ભણતર કેટલા પ્રકારે આવડે. ?

ઉ. પંદર પ્રકારે.

પ્ર. તેનું નામ શું. ?

ઉ. ભણાવનાર શિક્ષક હુશીયાર હોય ૨ જે ભણતો હોય તે પુસ્તક તૈયાર હોય, ૩ એકનિવર્તિસ્થળ હોય. ૪ ભણનારને પૈસા પ્રમુખની મદદ કરનાર હોય ૫ મગજ તર રહે તેવું દુધ ઘી વિગેરે ભોજન પાણીનું સુખ હોય ૬ શરિર રોગ રહીત

હોય. ૭ બુદ્ધિ હોય ૮ વિનયવંત હોય. ૯ ભણુવાનો ઉધ્યમ કરે. ૧૦ જે ભણુતો હોય તે કયારે પુર્ણકરૂં એવી મનમાં ખટક હોય ૧૧ કાગડાની પેરે ઝડપથી અક્ષર પકડી લે ૧૨ બગલાની પેરે એક ધ્યાનથી ગોખે ૧૩ ઘણી ઉંઘનહી ૧૪ ભૂખ ઉપરાંત ઘણું ખાવુ નહી ૧૫ બ્રહ્મચર્ય પાળવું; એ પંદર બોલની જોગવાઈ હોય તો જલદી ભણુતર આવડે,

પ્ર. આ પંદરમાં વિધ્યાર્થિને મુખ્ય કિયો ગુણ જોઇએ. ?

પ્ર. વિનયનો ગુણ,

પ્ર. શિક્ષકનો વિનય ન કરેતો શું થાય ?

ઉ. વિદયા ચડે નહી, અને બુદ્ધિજડ થઇ જાય અને વિદ્યા ચડી હોય તે ભૂલી જાય.

પ્ર. તેથી શું કરવું ?

ઉ. શિક્ષકનો બરોબર વિનય કરવો, અને તેની આજ્ઞા પ્રમાણે બરાબર ચાલવું કે જેથી વિદ્યાની વૃદ્ધિ થાય.

પ્ર. નમો–લોએ સવ સાહુણં એટલે શું. ?

ઉ. લોક માંહી સર્વ સાધુને નમસ્કાર.

પ્ર. ઇહાં સર્વ શબ્દ શાથી કહ્યો. ?

ઉ. સાધુ ઘણા છે તેથી.

પ્ર. એક સાથે કમતીમાં કમતી સાધુ કેટલા હોય. ?

ઉ. બે હજાર ક્રોડ.

પ્ર. એક સાથે ઘણામાં ઘણા સાધુ કેટલા હોય ?

ઉ. નવ હજાર ક્રોડ

પ્ર. સાધુ કોને કહીએ ?

ઉ. વિતરાગ દેવના કહ્યા મુજબ ૨૭ ગુણે વર્તે તેને.

પ્ર. તેને ઓળખવાનું બાહીરનું ચિન્હ શું ?
ઉ. મોઢે મુખપતી, રજોહરણ પાત્ર પ્રમુખના ધરનાર હોય તે.
પ્ર. "લો એ" શબ્દ કેટલા પદને લાગુ પડે છે ?
ઉ. પાંચ પદને લાગુ પડે છે.
પ્ર. કેવી રીતે લાગુ પડે છે ?
ઉ. અન્વય કરવાથી.
પ્ર. તે અન્વય કેવી રીતે થાય.
ઉ. નમો અરિહંતાણં. ૨. નમોસિદ્ધાણં. ૩ નમો આયરિયાણં. ૪ નમો ઉવઝાયાણં. ૫ નમો સવ્વસાહુણં લોએ.
પ્ર. અન્વય કરતાં "લો એ" શબ્દ છેલ્લો પડ્યો તેથી શું સમજવું?
ઉ, ઉપર કહેલા પાંચે પરમેષ્ટી લોકમાં છે એમ સમજવું.
પ્ર. દરેક પદે પદે લોએ શબ્દ કેમ ન કહ્યો.
ઉ. પુનર્પિ દોષ લાગુ પડે તેથી.
પ્ર. એ પાંચ નવકાર કેટલા વખતથી હશે. ?
ઉ. અનાદી કાળથી છે.
પ્ર. તેનો અંત આવવાનો કે નહી.
ઉ. નહી.
પ્ર. આ ભરત ખંડમાં છઠો આરો આવશે, ત્યારે શી રીતે થશે. ?
ઉ. ઇહાં તો નવકાર ગણુનાર કોઇ રહેશે નહી. પણ પાંચ મહાવિદેહમાં પાંચે પદ ગણુનાર સાસ્વતા રહેશે.
પ્ર. તે પંચ પરમેષ્ટીના ગુણ કેટલા ?
ઉ. ૧૦૮ એકસોહઆઠ.
પ્ર. કેવા રીતે ?
ઉ. અરિહંતના બાર ગુણ. સિદ્ધના આઠ. આચાર્યના છત્રીસ,

ઉપાધ્યાયના પચીસ, સાધુના સતાવીસ, એ એકસો આઠ.

પ્ર. અરિહંતના બાર ગુણ કયા ?

ઉ. ૧ જયાં જયાં ભગવંત ઉભા રહે બેસે સમોસરે ત્યાં ત્યાં દશ બોલ સહીત તે ભગવંતથી બાર ગણો ઉંચો. તાતકાળ અસોક વૃક્ષ થઇ આવે. (૨) ભગવંત જયાં જયાં સમોસરે ત્યાં ત્યાં પંચવાર્ણિ પુષ્પ વૃષ્ટી થાય, ઢીચણ પ્રમાણે ઢગ બંધાય. (૩) ભગવંતની જોજન પમાણે વાણી વિસ્તરે. સર્વેના મનના સંશય હરે (૪) ભગવંતને ચોવીસ જોડ ચામર વિઝાય (૫) સ્ફાટીક રત્નમય પાદ પીઠ સહીત સિંહાસન સ્વામને આગળ થાય.(૬) ભામંડળ અંબોડાને ઠેકાણે તેજ મંડળ દિશો દિશના અંધકાર ટાળે. (૭) આકાશે. સાડાબાર ક્રાડ ગેબીવાજાં વાગે. (૮) ભગવંતની ઉપરે ત્રણ છત્ર ઉપરા ઉપરી બીરાજે. (૯) અનંતજ્ઞાન અતિશય. (૧૦) અનંત અર્ચા અતિશય તે પર્મ પૂજ્યપણું. (૧૧) અનંત વચન અતિશય. (૧૨) અનંત અપાયા પગમ અતિશય તે સર્વ દોષ રહિત પણું એ બાર ગુણ.

પ્ર. સિદ્ધના આઠ ગુણ તે કિયા. ?

ઉ. અનંત જ્ઞાન. (૨) અનંત દર્શન. (૩) અવ્યા બાધ (૪) ક્ષાયક સમકિત. (૫) અક્ષ સ્થિતિ (૬) અમુર્તિ. (૭) અગુરૂ લધૂ. (૮) અનંત આત્મ શક્તિ. એ આઠ.

પ્ર. આચાર્યના ૩૬ ગુણ તે કિયા ?

ઉ. પાંચ મહા વ્રત પાળનાર. (૫) પાંચ ઇંદ્રીના વસ કરનાર. (૧૦) ચાર કસાયના ટાળનાર. (૧૪) નવ વાડે વિશુદ્ધ

બ્રહ્મચર્ય પાળનાર. (૨૩) પાંચ આચારના પાળનાર. (૨૮) પાંચ સુમતીને ત્રણ ગુપ્ત એ આઠ પ્રવચન માતાના આરાધીક એવં. ૩૬

પ્ર. ઉપાધ્યાયના પચીશ ગુણ તે કિયા ?

ઉ. ૧૧ અંગને ૧૨ ઉપાંગ એ ૨૩. અને ભણે. ૨૪ ભણાવે ૨૫. એ પચીસ.

પ્ર. ૧૧ અંગનાં નામ શું. ?

ઉ. (૧) આચારાંગ સુત્ર. (૨) સુયગડાંગ સુત્ર. (૩) ઠાંણાંગ સુત્ર. (૪) સમવાયાંગ સુત્ર. (૫) વિવાહ પનંતી. (ભગવંતી) સુત્ર (૬) જ્ઞાના ધર્મ કથાંગ સુત્ર. (૭) ઉપાસગ સુત્ર (૮) અંતગડ સુત્ર. (૯) અનુતરોવવાઇ સુત્ર. (૧૦) પ્રશ્નવ્યાકર્ણ સુત્ર. (૧૧) વિપાક સુત્ર.

પ્ર. એ ૧૧ અંગમાં શું શું બીના હસે ?

ઉ. (૧) પહેલામાં સાધુના આચારનો અધિકાર. (૨) બીજામાં મુખ્યત્વે ખટ દર્શનનો અધિકાર. (૩) ત્રીજામાં એક બોલથી દશ બોલ સુધીની બીના (૪) ચોથામાં એક બોલથી સંખ્યાના બોલ સુધીની બીના. (૫) પાંચમામાં વિવિધ પ્રકારની બીના. (૬) છઠ્ઠામાં ધર્મ સબંધી વાર્તા સાથે શીખામણ (૭) સાતમામાં શ્રાવકોનો ઇતીહાસ. (૮) આઠમામાં આયુષ્યના અંત વખતે કેવળજ્ઞાન. કેવળ દર્શન પામી મોક્ષ ગયા તેમનો ઇતીહાસ (૯) નવમામાં પાંચ અનુતર વિમાને ગઆ તેમનો ઇતીહાસ. (૧૦) દશમામાં પાંચ આશ્રવ અને પાંચ સંવરનો તથા બીજા અંગુષ્ટાદીક પ્રશ્નનો અધીકાર. (૧૧) અગીઆરમામાં પાપ તથા પુન્ય કરનારને ખોટો સારો કેવો બદલો મલે છે તેનો ઇતીહાસ.

પ્ર. બાર ઉપાંગનાં નામ શુ ?

ઉ. (૧) ઊવવાઇ સુત્ર. (૨) રાય પ્રસેણી સુત્ર (૩) જીવાભીગમ સુત્ર. (૪) પન્નવણાજી સુત્ર (૫) જંબુદ્રીપ પન્નંતી સુત્ર. (૬) ચંદ્ર પન્નંતી સુત્ર (૭) સૂર્ય પન્નંતી સુત્ર. (૮) નિ-રિયાવળીકા સુત્ર. (૯) કપડવંસીયા સુત્ર. (૧૦) પુફીયા સુત્ર. (૧૧) પુફ ચુલીયા સુત્ર. (૧૨) વન્હી દસા.

પ્ર. એ બાર ઉપાંગમાં શું શું બીના હશે ?

ઉ. પહેલામાં ચંપા નગરીનો કોર્ણીક રાજાનો અને મહાવીર દેવ સ્વામીના શિષ્યોનો અધિકાર; બીજામાં પ્રદેશી રાજાનો અધીકાર; ત્રીજામાં જીવ અજીવનો અધીકાર; ચોથામાં દ્રવ્યાનું યોગનો અધીકાર; પાંચમામાં જંબુદ્રીપનો તથા ભૂગોળનો અધી-કાર; છટ્ઠામાં ચંદ્રમાનો ને ખગોળનો અધીકાર; સાતમામાં સૂર્યનો ને ખગોળનો અધીકાર; આઠમામાં કોર્ણિક રાજાની લડાઇનો અધીકાર; નવમાથી બારમા સુધીમાં ચંદ્રમાના પૂર્વ ભવનો, સૂર્યના પૂર્વ ભવનો, શુક્રના તારાના પૂર્વ ભવનો બહુ પુતીયા દેવીના પૂર્વ ભવનો અધીકાર છે.—

પ્ર. ૧૧ અંગ અને બાર ઊપાંન્ગ વીના બીજાં શાસ્ત્રો હશે અને તે શામાં સમાયાં હશે. ?

ઉ. હા. છે. તે ચાર મુળશાસ્ત્ર ચાર છેદ શાસ્ત્રી વીગેરે છે. તે સર્વે અગીઆર અંગ બાર ઊપાંન્ગમાં સમાયાં છે.

પ્ર. ચાર મુળ શાસ્ત્રનાં નામ શુ. ?

ઉ. (૧) દશ વૈકાલીક (૨) ઊત્તરાધ્યયન (૩) નંદી (૪) અનું-યોગદ્વાર.

પ્ર. ચાર છેદ શાસ્ત્રનાં નામ શું ?

ઉ. (૧) દશાસુતખંધ. (૨) વૃહત્કલ્પ (૩) નીશીથ. (૪) વ્યહવાર.

પ્ર. પ્રતીક્રમણ છે તે કયું શાસ્ત્ર હશે. ?

ઉ. આવશ્યક.

પ્ર. જૈનશાસ્ત્રો મુખ્ય કેટલા ભાગમાં વહેચાએલાં છે. ?

ઉ. ચાર ભાગમાં.

પ્ર. તેહનાં નામ શુ ?

ઉ. (૧) ચરણકરણાનુયોગ. (૨) ધર્મકથાનુયોગ. (૩) દ્રવ્યાનુયોગ. (૪) ગણીતાનુયોગ.

પ્ર. ચરણકરણાનુયોગમાં શું બીના હશે. ?

ઉ. તેમાં સાધૂ શ્રાવકના. આચારનો અધીકાર છે.

પ્ર. અને તેનાં કયાં શાસ્ત્ર હશે ?

ઉ. આચારંગ દશવૈકાલીક ઉપાસના વીગેરે.

પ્ર. ધર્મકથાનુયોગમાં શું બીના હશે ?

ઉ. તેમાં શીખામણની વાર્તાઓ છે.

પ્ર. તેનાં કયાં શાસ્ત્ર હશે. ?

ઉ. જ્ઞાતા વિપાક અંતગડ વીગેરે

પ્ર. દ્રવ્યાનુયોગમાં શું બીના હશે. ?

ઉ. તેમાં જીવ અજીવનું સ્વરૂપ કહ્યું છે.

પ્ર. તેનાં કયાં શાસ્ત્ર હશે ?

ઉ. પન્નવણા જીવાભીગમ વિગેરે.

પ્ર. ગણીતાનુયોગમાં શું બીના હશે. અને તેનાં કિયાં શાસ્ત્રો ?

ઉ. તેહમાં ખગોળ ભૂગોળનો અધીકાર છે. તે જંબુદ્રીપ પન્નંતી વિગેરે; એ સર્વ શાસ્ત્રો ઉપાધ્યાય ભણે ને ભણાવે.

પ્ર. સાધુના ૨૭ ગુણ તે કીયા. ?

ઉ. પાંચ મહાવ્રતના પાળનાર, પાંચ ઈંદ્રીને વશ કરનાર, ચાર કષાયના ટાળનાર, ૧૫ ભાવ સત્ય, ૧૬ કરણ સત્ય. ૧૭ જોગસત્ય, ૧૮ ક્ષેમાવંત, ૧૯ વૈરાગ્યવંત, ૨૨ મન-વચન-ને કાયા સમધારણવંત. ૨૩ જ્ઞાનસંપન્ન. ૨૪ દર્શન સંપન્ન. ૨૫ ચારિત્ર સંપન્ન. (સહીત) ૨૭ વેદની મર્ણ સહન કરનાર.

પ્ર. અરિહંતને મુખ્યત્વે કેટલા નામથી ઓળખાય. અને તે કીયા ?

ઉ. ત્રણ નામથી તે અરિહંત. ૧ અરૂહંત. ૨ અંર્હત્ ૩

પ્ર. અરિહંત નામ શાથી પડયું ?

ઉ. અષ્ટ કર્મરૂપ શત્રુને હણવાથી.

પ્ર. અરૂહંત નામ શાથી પડયું ?

ઉ. અષ્ટપ્રતિહાર્યને બારગુણે કરિ સહિત-ને અઢાર દુષણોએ કરિ રહિત હોવાથી.

પ્ર. અંર્હત્ નામ શાથી પડયું ?

ઉ. ચોસઠ ઇંદ્રના પુજનીક હોવાથી.

પ્ર. ચોસઠ ઇંદ્ર કીયા.

ઉ. ભવ·પતીના વિસ ઇંદ્ર. વાંણ વ્યંતરના બત્રીસ ઇંદ્ર. જોતિષી·ના બે ઇંદ્ર. વૈમાનીકના દસ ઇંદ્ર. એ. ૬૪

પ્ર. અઢાર દુષણ કિયા.

ઉ. (૧) અજ્ઞાન. (૨) ક્રોધ. (૩) મદ. (૪) માન (૫) માયા. (૬) લોભ. (૭) રતી. (૮) અરતી. (૯) નિંદા. (૧૦) શોક. (૧૧) અસત્ય. (૧૨) ચોરી. (૧૩) મત્સર. (૧૪) ભય. (૧૫) પ્રાણીવધ (૧૬) પ્રેમ. (૧૭) ક્રીડા પ્રસંગ. (૧૮) હાસ્ય. એ ૧૮.

પ્ર. આચાર્યનાં બીજાં નામશું ?

ઉ. ગણી-સૂરિ. વગેરે ઘણાં નામ છે.

પ્ર. ઉપાધ્યાયનાં બીજાં નામ શું ?

ઉ. પાઠક, અધ્યક્ષ, શિક્ષક વિગેરે ઘણાં નામ છે.

પ્ર. સાધુનાં બીજાં નામ શું. ?

ઉ. મુનીશ્રમણ ભીક્ષુ અણગાર વિગેરે ઘણાં નામ છે.

પ્ર. એ પાઠમાં અરિહંત સિદ્ધ કરતાં નાના હોવા છતાં પહેલા પ દમાં કેમ ગણ્યા. ?

ઉ. અરિહંતે સિદ્ધને બતાવવાથી.

પ્ર. એ પંચ પરમેષ્ટીના ગુણ શાખપમાં આવે.

ઉ. નવકાર વાળીમાં સ્મરણ કરવા માટે.

પ્ર. નવકાર વાળીના ૧૦૮ મણકા રાખવાનું કારણ શું.

ઉ. પાંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ છે તેથી.

પ્ર. તે ૧૦૮ ગુણ કિયા. ?

ઉ. ૧૨ અરિહંતના. ૮ શિદ્ધના. ૩૬ આચાર્યના. ૨૫ ઉપાધ્યાયના ૨૭ સાધુના એ ૧૦૮ ગુણ.

પ્ર. નવકાર વાળી નામ શાથી પડયું ?

ઉ. નવ એટલે નવ વખત. કર એટલે હાથ. વાળી એટલે વાળવો એટલે આપણા હાથની ચાર આંગળીઓના બાર વેઢાને નવે ગુણવાથી એક સોહને આઠ થાય તેથી,

પ્ર. તે પંચ પરમેષ્ટી આપણા શા ઉપયોગના છે ?

ઉ. સાવધ્ય. (પાપકારી) યોગની બંધી કરતાં શાક્ષી રાખવાના.

પ્ર. સામાયકના પાઠમાં કેટલા મંગળ છે. ?

ઉ. ત્રણ.

પ્ર. તે કિયા. ?

ઉ. આધ્યમંગળ ૨ મધ્ય મંગળ. ૩ અંત્યમંગળ.

પ્ર. આધ્ય મંગળમાં શું ?

ઉ. નવકાર મંત્ર.

પ્ર. મધ્યમંગળમાં શું ?

ઉ. લોગસ્સનો પાઠ.

પ્ર. અંત્ય મંગળમાં શું. ?

ઉ. નમોથુણુંનો પાઠ.

પ્ર. એ મંગળ શામાટે રાખ્યાં હશે. ?

ઉ. આપણે ઊત્તમકાર્ય કરતાં વચ્ચે વિઘ્ન થતું હોય તે નિવારણ થાય તેથી.

પ્ર. મંત્રમાં મોટો મંત્ર કિયો. ?

ઉ. નવકાર મંત્ર.

પ્ર. તેની સંપદા કેટલી ?

ઉ. પાંચ.

પ્ર. સંપદા એટલે શું. ?

ઉ. વાકયની સમાપ્તીએ પુર્ણ વિરામ આવે તે

પ્ર. એ પાઠના અક્ષર કેટલા. ?

ઉ. ૩૫—પાંત્રીસ.

—સામાયકના. બીજા. પાઠના પ્રશ્નોત્તર—

પ્ર. સામાયકના બીજા પાઠનું નામ શું. ?

ઉ. તિખ્ખુત્તો.

પ્ર. એ પાઠ શા ઉપયોગનો છે. ?

ઉ. ગુરૂને વંદન કરવાનો.

પ્ર. વદન કેમ કરવું ?

ઉ. ઉત્તરાસનનો પલ્લો પકડી ત્રણ વાર તિખ્ખુત્તાનો પાઠભણી ત્રણવાર પ્રદક્ષણા કરી પંચ અંગ નમાવી ત્રણવાર ઊઠ બેસ કરી વંદન કરવું.

પ્ર. પંચ અંગ કિયાં. ?

ઉ. બે હાથ. બે પગ ને એક માથું એ પાંચ.

પ્ર. કેટલા દોષ ટાળી વંદન કરવું. ?

ઉ. દર બત્રીસ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. (૧) અનાદત દોષ તે આદર સન્માનવિના વંદન કરવું તે (૨) સ્તબ્ધ દોષ તે મદ અહંકારમાં ધિ્ષ્ટપણે અક્કડ થઈ વંદન કરવું તે. (૩) અપવિદ્ધ દોષ તે જેમ ભાડુત માલ ઊતારી ભાડું લઇ નાસે તેમ. અવિધીયે વંદન કરી નાસવુ તથા વંદન કરતાં આમ તેમ ફર્યા કરવું તે (૪) પરિ પંડિત દોષ તે સર્વ સાધુને એકજવાર આવર્તન અને આલાપ એકઠા ભણીને વંદન કરવું તે (૫) ઢોલ ગતિ દોષ તે ઊછળી ઊછળીને વંદન કરવું તે (૬) અંકુસ દોષ તે. અંકુશની રીતે રજોહરણ અધવચ્ચે ગ્રહીને વંદન કરવું તે (૭) કચ્છ પરીગત દોષ તે કાચબાનીપેરે હાથ પગ હલાવી વંદન કરવું તે (૮) મત્સ્યો ધર્ત દોષ તે મચ્છ જેમ જળમાંથી કુદી જળમાં ડુબકી મારે તેમ એકને વંદન કરી ઉતાવળે ગુપ્ત રીતે બીજાને વાંદવું. ત્થા પીઠ પ્રચ્છન્ન ઉચરવો. ત્થા. રેચકા વર્તે વાંદવું તે. (૭) મન પ્રદુષ્ટ દોષ તે કોઈ સાધુમાં એકાદગુણ ઓછો દેખવાથી

ઇર્ષા રાખી વંદન કરવું તે-(૧૦) વેદીકાબદ્ધ દોષ તે બે ઢીં-ચણ ઉપર અથવા નીચે બે હાથ રાખીને તથા બે હાથ ખોળામાં રાખીને વંદન કરવું અથવા બે હાથવચ્ચે બે અથવા એક ઢીંચણ રાખીને વંદન કરવું તે (૧૧) ભંજન દોષ તે કોઇ વિધ્યા મંત્રાદિક શીખવાની લાલચે અથવા વંદન નહી કરવાથી રોશ કરશે એવી બીક રાખી વંદન કરવું તે. (૧૨) ભય દોષ તે વંદન નહીં કરવાથી ગચ્છ બહાર મુકશે. અથવા સભામાં આક્રોસ વચન કહી માન ભ્રષ્ટ કરશે એવી બીકથી વંદન કરવું તે. (૧૩) ગારવ દોષતે વિધિ સહીત વંદન કરવાથી ડાહ્યપણદાર અને પ્રવિણ ગણવાના ગર્વથી વંદન કરવું તે. (૧૪) મિત્ર દોષ તે. ગ્રહસ્થપણાથીજ મીત્ર હોવાથી વાંદવા જોઇએ એમ ધારી વંદન કરવું તે. (૧૫) કારણ દોષ તે જ્ઞાન દર્શન ચારિત્રની વૃદ્ધિ થવાના કારણ સિવાય બીજી રીતે વસ્ત્રાદીકની આશાકરી વંદન કરવું તે (૧૬) સૌન્ય દોષ તે. પોતામાં ઓછાગુણ હોવાને લીધે કોઈ દેખે તો જાન્યપ ગણાય એમ ધારી છુપીરિતે વંદન કરવું તે (૧૭) પ્રતનિક દોષ તે. મોટાને આહારાદીકના વખતમાં અટકાવી વંદન કરવું તે. (૧૮) રૂષ્ટદોષ તે ક્રોધાકુળ થઈને વંદન કરવું તે. (૧૯) તર્જિજત દોષ તે વિધિ તથા અવિધિએ વંદન કરતાં રોસકરતા નથી. એ ગુરૂ કાષ્ટ પુતળાં જેવા છે એમ કહી આંગળીથી તર્જના કરી વંદન કરવું તે. (૨૦) શઠદોષને માયા કપટથી તથા રો-ગે પીડાયાથી, સુગ આણી વંદન કરવું તે. (૨૧) હીલીત દોષતે આચાર્યનો તથા ગણવચ્છેદકનો જાતી હેલીને વંદન કરવું તે (૨૨) વિપળીત દોષતે. ચિત્ત ને ચારવિકથાઓ કરતાં અભી-

માનથી વંદન કરવું તે (૨૩) દ્રષ્ટાદ-દ્રષ્ટ દોષતે. બીજાએ મને આવતાં દીઠો છે માટે વંદન નહી કરૂં તો ટોકશે એવી શંકાથી વંદન કરવું અથવા કોઇના દેખવામાં નહીં આવવાથી છાના બેસીજવું તે (૨૪) સંગ દોષતે મસ્તકનું એક પાસું ગુરૂને અડાડવું તથા ધર્મનાં ઉપગરણો ઉલટીરીતે રાખી વંદન કરવું. તે. (૨૫) કર દોષ તે વેઠીઓ જેમ વેઠ કરે તેમ. અથવા માથેથી કર ઉતારવા વંદન કરવું તે. (૨૬) તન્મોચન દોષ તે. ગુરૂને વંદન કર્યાવીના છુટકો નથી માટે વંદન કરવું પડે છે. તો આ-વેઠમાંથી કયારે છુટીએ એમ ધારી વંદન કરવું તે (૨૭) આશ્લીષ્ટાના શ્લીષ્ટ દોષ તે (પેલોભાંગો) હાથે રજોહરણો લઇ મસ્તકે સ્પર્શે (બીજો ભાંગો) રજોહરણાને હાથ લગાડે પણ મસ્તકને હાથ ન લગાડે (ત્રીજો ભાંગો) મસ્તકને હાથ લગાડે પણ રજોહરણાને હાથ ન લાગડે (ચોથો ભાંગો) મસ્તક અને રજોહરણા એ બન્નેને હાથ લગાડે; ઉપરના ચાર ભાંગા મધ્યે પહેલા શુદ્ધભાંગે વંદન અને બાકીના ત્રણ અશુદ્ધ ભાંગે વંદન કરવું તે. (૨૮) ઉણદોષ તે પાઠ તથા આલાવા ઓછાભણી વંદન કરવું તે (૨૯) ઊત્તર મુળીકા દોષ તે વિધી સાથે વંદન કરી છેવટ ઘોષ (અવાજ) કરી મથ્થએણ વંદામી બોલવું તે. (૩૦) મૂક્ક દોષ તે આલાપ અને આવર્તનાદીક મુગાની રિતે ભણતાં વંદન કરવું તે (૩૧)ઢઢર દોષ તે આલાવો ભણતાં બુમ નાંખી વંદન કરવું તે (૩૨) ચુડલીક દોષ તે ઘોડાની લગામની રિતે રજોહરણનો છેડો ઝાલી ચારે દિશાએ ફેરવી વંદન કરવું એ. ૩૨.

પ્ર. એ બત્રીસ દોષ સહિત વંદન કરવાથી શું થાય ?

ઉ. કર્મની વૃદ્ધિ થવાથી આત્મા દુર્ગતીએ જાય છે.

પ્ર. વિધિ પૂર્વક વંદન કરવાથી શું થાય. ?

ઉ. ચાર ગતીરૂપ ભ્રમ જાળમાંથી આત્મા મુક્ત થઇ અક્ષય પદ પ્રાપ્ત કરે.

પ્ર. વંદન કરી પછી ગુરૂને શું આપવું ?

ઉ. સત્કાર અને સન્માન.

પ્ર. સત્કાર અને સન્માન એટલે શું. ?

ઉ. વસ્ત્રાદિક આપવું તે સત્કાર અને બેસવા પ્રમુખનું આશન આપવું તે સન્માન.

પ્ર. ગુરૂને કેવા ગણવા ?

ઉ. કલ્યાંણકારી અને મંગળકારિ.

પ્ર. કલ્યાંણકારિ એટલે શુ ?

ઉ. ભલું કરનાર.

પ્ર. મંગળકારિ એટલે શું ?

ઉ. વિઘ્ન ટાળનાર.

પ્ર. વંદન એટલે શુ ?

ઉ. ગુરૂની સ્તુતી કરવી.

પ્ર. નમસ્કાર એટલે શું ?

ઉ. બે હાથ બે પગ અને પાંચમું માથું એ પાંચે અંગ નમાવવાં.

પ્ર. ગુરૂ કેવા દેવ છે ?

ઉ. ધર્મદેવ.

પ્ર. ગુરૂ કેવા છે ?

ઉ. મનને પ્રશ્નકારી હોવાથી પૂજવા લાયક છે.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૪૩ ત્રેતલીસ.

પ્ર. ત્રીજા પાઠનું નામ શું ?

ઉ. ઇરિયા વહીયાનો.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. માર્ગમાં ચાલતાં પાપ થયું હોય તેહનું નિવારણ કરવા વિષે.

પ્ર. તે પાપ શા થકી લાગ્યું હોય ?

ઉ. જીવને કચરવાથી તથા વિરાધવાથી.

પ્ર. કેટલા પ્રકારે જીવ કચરાય છે ?

ઉ. દશ પ્રકારે.

પ્ર. તેહનાં નામ શુ ?

ઉ. (૧) પ્રાણી જીવને. (૨) બીજને. (૩) વનસ્પતીને. (૪) હાર. (૫) કીડી પ્રમુખનાં દર. (૬) લીલ ફુલ. (૭) કાચું પાંણી (૮) માટી. (૯) કરોળીઆનાં પડ (૧૦) કરોળીઆની જાળ. એ દસને કચર્યા હોય તે.

પ્ર. કેટલા પ્રકારે જીવની વિરાધના થાય. ને તે કિયા કિયા ?

ઉ. દશ પ્રકારે તે (૧) સામા આવતાને. (૨) ધુળે કરી ઢાંકીને (૩) જમીનની સાથે ઘસીને. (૪) માંહોમાંહી શરીર મેળવીને. (૫) એક પાસાએ અડીને. (૭) કિલામતા. (તે ગીલાનતા) ઉપજાવીને. (૮) ધ્રાસ્કો પડાવીને (૯) સુખના સ્થાનકથી દુ:ખના સ્થાનકે મુકીને (૧૦) જીવતવ્ય થકી રહિતપણુ કરિને એ દશ પ્રકારે જીવની વિરાધના કીધી હોય તે.

પ્ર. તે કિયા જીવને કચર્યા હોય. તથા વિરાધ્યા હોય ?

ઉ. (૧) એકેંદ્રી (૨) બેઇન્દ્રી ૩) તેઇન્દ્રી. (૪) ચૌઇન્દ્રી.

(૫) પચેન્દ્રી જીવને.

પ્ર. એકેન્દ્રી કોને કહીએ ? અને તે કિયા જીવ ?

ઉ. જેહને એકલી ફક્ત કાયા હોય તે; પૃથ્વીના, પાંણીના, અગ્નીના, વાયુના, વનસ્પતીના જીવો.

પ્ર. બેઇન્દ્રી કોને કહીએ ? અને કિયા જીવ ?

ઉ. જેહને કાયા અને જીભ એ બેઇન્દ્રીઓ હોય તે-ઇએળ, મેળલી, કીડા, કરમીયાં, પોરા, જળો, અળશીયાં, કોડા, કોડી, સંખ, છીપ વિગેરે જીવો.

પ્ર, તેઇન્દ્રી કાને કહીએ ? અને તે કિયા જીવ. ?

ઉ. જેને કાયા, જીભ, નાસીકા એ ત્રણ ઇન્દ્રીઓ હોય તે. કીડી મંકોડી. ચાંચડ, માંકણ, જુ, લીખ, ઉધેહી, ધનેરાં, કાનખજુરા વિગેરે જીવો.

પ્ર. ચોઇન્દ્રી કોને કહીએ ? અને તે કિયા જીવ ?

ઉ. જેને કાયા જીભ નાસીકા અને આંખ એ ચાર ઇન્દ્રીઓ હોય તે ભમરા ભમરી; માખી, મચ્છર, તીડ, પતંગીયા, વીંછી, ડાંસ, મસી, ખુદાં, તમરાં, કંસારી વિગેરે જીવો.

પ્ર. પચેન્દ્રી કાને કહીયે ? અને તે કિયા જીવ ?

ઉ. જેને કાયા જીભ નાસીકા આંખ કાન એ પાંચ ઇન્દ્રીઓ હોય તે નારકી તિર્યંચ પંચેન્દ્રી મનુષ્ય, દેવ નાના જીવો.

પ્ર. તે પાપ નિવારણ કેમ થાય ?

ઉ. મિચ્છામી દુક્કડં દેવાથી.

પ્ર. મિચ્છામી દુક્કડં એટલે શું ?

ઉ. મેં ખોટું પાપ કર્મ કર્યું હોય તે મારૂં દુર થાઓ એમ પશ્ચાતાપ સાથે પ્રભુની સાક્ષીએ કહેવું તે.

પ્ર. તે મિચ્છામી દુક્કડં કેટલાં છે ?

ઉ. ૧૮૨૪૧૨૦ છે.

પ્ર. તે કેમ થાય ?

ઉ. જીવના ૫૬૩ ભેદ છે તેને દશ પ્રકારની વિરાધનાએ ગુણવા પછી, કર્યું હોય, કરાવ્યું હોય, કરતાં પ્રત્યે અનુમોદ્યું (ભલું જાણ્યું) હોય, એ ત્રણ કારણે ગુણવા પછી મન, વચન, ને કાયા, એ ત્રણ જોગે ગુણવા પછી રાગને દ્વેષ, એ બે એ ગુણવા પછી પંચ પરમેષ્ટી, અને છઠા આત્માએ ૭ સાક્ષીએ ગુણવા, એકંદર ૧૮૨૪૧૨૦ થયા.

પ્ર. એ પાઠ બીજા શા ઉપયોગનો છે ?

ઉ. કાયોત્સર્ગમાં ગણવાનો.

પ્ર. એ પાઠની સંપદા કેટલી ?

ઉ. ૮ આઠ છે.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૪૮ એકસોહ અડતાલીસ.

સામાયકના ચોથા પાઠનાં પ્રશ્નોત્તર.

પ્ર. ચોથા પાઠનું નામ શું ?

ઉ. તસ્સ ઊતરી.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. પાપની વિશેષ પ્રકારે વિશુધી કરવા વિષે.

પ્ર. એ પાઠ બીજા શા ઉપયોગનો છે ?.

ઉ. કાયોત્સર્ગ કરવાના ઉપયોગનો છે.

પ્ર. કાયોત્સર્ગ એટલે શું ?.

ઉ. કાયાની મમતા તજીને પલાઠી પ્રમુખ ૮૪ આસને બેસી સ્થીર રહેવું તે.

પ્ર. કાયોત્સર્ગ કરવાને કિયું આસન વધારે અનુકુળ હશે ?.

ઉ. પલાંઠી વાળીને બેસવું તે.

પ્ર. કાયોત્સર્ગ કરતાં બે હાથ શી રીતે રાખવા ?

ઉ. બે સાથળ ઉપર બે હાથ રાખી નાકની ડાંડીની સામે—બે પગની સંધી ઉપર ડાબા હાથની હથેળી ઉપર જમણોહાથ ચત્તો રાખી સ્થીરપણે રહેવું.

પ્ર. એવી રીતે કાયોત્સર્ગ કરવાનું કારણ શું ?.

ઉ. મનોવૃત્તિ દ્રઢ રાખવા માટે દ્રઢ આસનની જરૂર છે તેથી.

પ્ર. કાયોત્સર્ગ કેટલા દોષ ટાળવાને અર્થે કરવો ?.

ઉ. ૨૯ ઓગણત્રીસ.

પ્ર. તેનાં નામ શું ?.

ઉ. ૩ શલ્ય. ૧૮ પાપ. ને ૮ કર્મ. એ ૨૯.

પ્ર. તે કિયા શબ્દમાં છે ?.

ઉ. વિસલ્લી કરણે પાવાણું કમ્માણું.

પ્ર. કેટલાદોષ ટાળી કાયોત્સર્ગ કરવો ?

ઉ. ૧૯ ઓગણીસ.

પ્ર. તે ઓગણીસ દોષનાં નામ. શું. ?.

ઉ. (૧) ઘોટક દોષ તે ઘોડાની પેટે એક પગ ઉંચોને બીજો પગ વક્ર રાખવો તે. (૨) લતાદોષ તે. વાયરા વેલડી હાલે તેમ શરિરને હલાવવું તે (૩) સ્થંભાદી દોષતે ભીંતે અથવા થાંભલે ઓઠીંગણ દઇ બેસવું તે. (૪) માળ દોષ તે મેડી અથવા માળને મસ્તકનો ટેકો આપવો તે (૫) ઉધી દોષ તે ગાડા-

ની ઉધની રિતે (૬) નિગડ દોષ તે વળની વચમાં પગનાંખ-વાનીરીતે પગ પોહોળા રાખવાતે (૭) સબરી દોષ તે નગ્ન-સ્ત્રીની પેરે મર્મસ્થાનકે હાથ ધરી રાખવો તે (૮) ખલીન દોષ તે ઘોડાના ચોકડાની પેરે રજોહરણને પકડી રાખવો તે (૯) વધુ દોષ તે નવી પરણેલી સ્ત્રીની પેરે માથું નિચું રાખવું તે. (૧૦) લંબોત્તર દોષ તે નાભીથી ઉપર અને ઢીંચણથી નિચું જાનું (ઢીચણ) ધોવસ્ત્ર લાંબુ રાખવું તે. (૧૧) સ્તન દોષ તે ડાંસ, મચ્છર વિગેરેના ભયથી અથવા અજ્ઞાનતા કે લાજને લીધે હૃદય ઉપર સ્ત્રીની માફક વસ્ત્ર ઢાંકી રાખવું તે (૧૨) સંજતી દોષ તે શિતાદિકના ભયથી સાધવીની પેરે સર્વ વસ્ત્ર વડે ઢાંકી રાખવું તે (૧૩) જામુઆંગુળી દોષ તે. આલાવાગણુવા અથવા કાયોત્સર્ગની સંખ્યાની નિશાની રાખવા માટે આંગળી અથવા આંખના ચાળા કરવા તે. (૧૪) વાયસ દોષતે કાગડાની પેરે ચારે તર્ફ ડોળા ફેરવવા તે. (૧૬) કપીથ્વ દોષ તે ઓઢવા પહેરવાનાં વસ્ત્રોનો ગોટોવાળી એ ઢીંચણની વચ્ચે દાબી રાખવો તે. (૧૬) શિરકંપ દોષ તે વળગેલા ભૂતની પેરે માથું ધૂણાવવું તે. (૧૭) મુક્ક દોષ તે આલા-વાગણતાં મુંગાની પેરે મું. હું. કરવું તે (૧૮)મદીરા દોષ તે દારૂનો જાંભોટીઓ ભરતાં જેમ બખબખાટ શબ્દ થાય તેમ બડ-બડાટ કરી આલાવાગણુવા તે. (૧૯) પ્રેમ દોષ તે વાંદરાની પેરે આમ તેમ જોઇ હોઠ ફડફડાવવા તે; એમ ૧૯.

પ્ર. એ, ૧૯. દોષમાં ૧૦ મો, ૧૧.મો, ૧૨ મો, દોષ કોને નલાગે ?.

ઉ. સાધ્વીઓને.

પ્ર. શ્રાવિકાએ કેટલા દોષ ટાળી કાયોત્સર્ગ કરવો ને તે કિયા ?

ઉ. ૯ મો, ૧૦ મો, ૧૧ મો, અને ૧૨ મો એ ચાર બાદકરી બાકી ૧૫ દોષ ટાળી કાયોત્સર્ગ કરવો.

પ્ર. કાયોત્સર્ગમાં કેટલા બોલનો આગાર છે. ?.

ઉ. ૧૩ તેર બોલનો.

પ્ર. તેનાં નામ શું ?.

ઉ. (૧) ઊંચો શ્વાસ લેવો. (૨) નીચો શ્વાસ મુકવો. (૩) ખાંસી આવે. (૭) છીંક આવે (૫) બગાસું આવે (૬ ઓડકાર આવે. (૭) અધો વાયુ.સંચરે. (૮) ભમરી થામ કરી આવે (૯) પીત પ્રમુખ નંખાય. (૧૦) મુર્છા આવે. (૧૧) સુક્ષ્મ અંગ હાલે (૧૨) સુક્ષ્મ બળખો હાલે. (૧૩) સુક્ષ્મ દ્રષ્ટી હાલે; એમ ૧૩ તેર.

પ્ર. એ આગાર રાખવાનું કારણ શું ?.

ઉ. કાયોત્સર્ગ ભાંગ્યાનું પાપ ન લાગે તે માટે.

પ્ર. તે કાયોત્સર્ગ ક્યાં સુધી ન પાળવો ?.

ઉ. અરિહંતનું નામ, ભગવંતનું નામ, અને નવકાર મંત્ર ભણું નહીં ત્યાં સુધી.

પ્ર. નવકાર મંત્ર ન ગણાય ત્યાં સુધી શું કરવું ?.

ઉ. કાયાને એક ઠેકાણે નિશ્ચળપણે રાખીને મૌનપણે એક ધ્યાને રહેવું—

પ્ર. તે પાઠની સંપદા કેટલી. ?

ઉ. ૫ પાંચ.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા.

ઉ. ૧૮૯ એક સોહન નવાસી.

સામાયકના. પાંચમા પાઠનાં પ્રશ્નોત્તર.

પ્ર. પાંચમા પાઠનું નામ શું.?.
ઉ. લોગસ્સ.
પ્ર. એ પાઠ શા ઉપયોગનો છે. ?
ઉ. અરિહંત દેવની તથા ચોવીસ તિર્થંકરની સ્તુતિ કરવા વિષે.
પ્ર. તિર્થંકર એટલે શું. ?
ઉ. ૧ સાધુ ૨ સાધવી ૩ શ્રાવક ૪ શ્રાવિકા. એ ચાર તિર્થ સ્થાપન કરનાર.
પ્ર. તે તિર્થંકરનાં નામ કયાં છે. ?.
ઉ. તેહજ પાઠમાં.
પ્ર. તે કયાંથી માંડીને શરૂ થયાને કયાં પૂર્ણ થયાં ?.
ઉ. "ઉસભ મજી યંચવંદેથી માંડી" "તહ વદ્ધમાણુંચ" સુધી.
પ્ર. તે પુરૂષ કયારે થયા છે ?
ઉ. આ અવસર્પિણીના ત્રીજા ચોથા આરામાં દશ ક્રોડા ક્રોડી સાગરોપનો પડતો કાળ.
પ્ર. તે તિર્થંકર કિયા ક્ષેત્રમાં થયા. ?.
ઉ. જંબુ દ્વીપના ભરત ક્ષેત્રમાં.
પ્ર. દ્વીપ એટલે શું ?.
ઉ. ચારે તરફ ફરતો સમુદ્ર હોય અને વચ્ચે જમીનનો ભાગ હોય તે દ્વીપ કહેવાય.
પ્ર. ત્યારે જંબુ દ્વીપના ફરતો સમુદ્ર હશે ?.
ઉ. હા. છે
પ્ર. તેનુ નામ શું ?
ઉ. લવણુ સમુદ્ર.
પ્ર. લવણુ એવું નામ શાથી પડયું. ?

ઉ. તેહનું પાણી લુણ (મીઠું)ના જેવું ખારૂં છે તેથી.
પ્ર. તે દરિયો કેવડો મોટો છે. ?.
ઉ. બે લાખ જોજનનો.
પ્ર. તે દરિયાના કીનારાથી મધ્યભાગ સુધી પાંણીનો કેટલો ઊંચો ચડાવ છે ?
ઉ. સોળ હજાર જોજનનો છે. તે પડયું પાણી છે.
પ્ર. તેના ઉપર પાણી ચડતું હશે. ?
ઉ. હા. ચઢે છે.
પ્ર. કેટલું ચઢે છે. !
ઉ. બે જોજનની શિખા ફુંવારાની પેરે ઊછલે છે.
પ્ર. તેને કોઇ દબાવતું હશે ?
ઉ. હા દબાવે છે.
પ્ર. કોણ દબાવે છે ?
ઉ. લવણ સમુદ્રમાં ચાર કળશ છે તેનો અધીષ્ટાયક દેવતા છે તે.
પ્ર. તે પાણી શાથી દબાવતા હશે. ?
ઉ. હજાર હજાર જોજનના ચાટવાથી.
પ્ર. દબાવતા કંઇ પાણી નીકળી જતું હશે ?
ઉ. હા નીકળી જાય.
પ્ર. તે પાણી કયાં જાય ?
ઉ. તે દરિયા કીનારે થઈ જંબુ દ્વીપના કોટના ધડનાળામાં થઇ આપણા ભરત ક્ષેત્રના આપણે જોઇએ છીએ તે દરિયામાં આવે છે ?
પ્ર. ત્યારે આ દરિઆમાં બે વખત ભરતી શેની આવતી હશે ?
ઉ. તેહજ પાણીની.

પ્ર. જંબુ દ્વીપનો કોટ કેટલો ઉંચો છે ?

ઉ. આઠ જોજનનો.

પ્ર. ત્યારે શોળ હજાર જોજન પાણીનો ઉંચો ચડાવ છે તે જંબુ દ્વીપમાં છાલક મારી દરિઓ આપણને કેમ બોળી નાખતો નથી?

ઉ. (૧) તિર્થંકરના પુન્યથી. (૨) કેવળીના પુન્યથી (૩) સાધુના પુન્યથી. (૪) સાધ્વીના પુન્યથી. (૫) શ્રાવકના પુન્યથી. (૬) શ્રાવીકાના પુન્યથી (૭) શિયળવંતના પુન્યથી. (૮) સત્વાંદીના પુન્યથી (૯) દાતારના પુન્યથી (૧૦) ભક્તિવાનના પુન્યથી (૧૧) ચક્રવૃતિ રાજાના પુન્યથી (૧૨) વાસુદેવના પુન્યથી (૧૩) બળદેવના પુન્યથી (૧૪) જંબુ દ્વીપના દેવી દેવતાના પુન્યથી—દરિયો મર્યાદા મુકતો નથી.

પ્ર. જંબુ દ્વીપ એવું નામ શાથી પડયું ? અને તેનો રક્ષણ કરતા કોણ છે ?

ઉ. આ દ્વીપના મધ્ય ભાગે સર્વથી મોટું એક જંબુ નામનું ઝાડ છે તેના ઉપર આ દ્વીપનો માલીક અનાધણી નામે દેવતાનો વાસ છે તેથી.

પ્ર. આપણે રહિયે છીએ તે જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં કેટલા દેશ હશે ?

ઉ. ૩૨ બત્રીશ હજાર.

પ્ર. તેમાં આર્ય અનાર્ય દેશ કેટલા ?

ઉ. સાડા પચીશ આર્ય અને બીજા અનાર્ય.

પ્ર. ચોવીસતિર્થંકર કયાં થઆ ?

ઉ. આર્ય દેશમાં.

પ્ર. આર્ય દેશ શાથી થતા હશે ?

ઉ. જ્યાં નિર્થંકર વિચરે ત્યાં આર્ય થાય. અને જ્યાં તિર્થંકર ન વિચરે તે અનાર્ય રહે.

પ્ર. આર્ય દેશનો મધ્ય ભાગ કયો ?

ઉ. અયોધ્યા નગરી.

પ્ર. તિર્થંકર કેવા પુરૂષ કહેવાય ?

ઉ. શ્લાખા.

પ્ર. શ્લાખા એટલે શું ?

ઉ. જગતમાં પ્રખ્યાતિને પામેલા તથા જેને મુક્તિ જવાની છાપ લાગી છે તે.

પ્ર. તે ચોવીસ તિર્થંકરના નામ શું ?

ઉ.

૧ ઋષભદેવ સ્વામી.	૨ અજીતનાથ સ્વામી.
૩ સંભવનાથ સ્વામી.	૪ અભીનંદન સ્વામી.
૫ સુમતિનાથ સ્વામી.	૬ પદમ પ્રભૂ સ્વામી.
૭ સુપાર્શ્વનાથ સ્વામી.	૮ ચંદ્ર પ્રભુ સ્વામી.
૯ સુવિધીનાથ સ્વામી.	૧૦ શિતળનાથ સ્વામી.
૧૧ શ્રેયાંશનાથ સ્વામી.	૧૨ વાસુપુજ્ય સ્વામી.
૧૩ વિમળ નાથ સ્વામી.	૧૪ અનંત નાથ સ્વામી.
૧૫ ધર્મનાથ સ્વામી.	૧૬ શાન્તીનાથ સ્વામી.
૧૭ કુંન્થુનાથ સ્વામી.	૧૮ અરનાથ સ્વામી.
૧૯ મલ્લીનાથ સ્વામી.	૨૦ મુની સુવ્રત સ્વામી.
૨૧ નમીનાથ સ્વામી.	૨૨ રિષ્ટનેમીનાથ સ્વામી.
૨૩ પાર્શ્વનાથ સ્વામી	૨૪ મહાવિર સ્વામી.

એ ચોવીશ.

પ્ર. તે તિર્થંકર શાથી ઓળખાય ?

ઉ. ૩૪ અતિશય કરી સહીત, ૩૫ પ્રકારની સત્ય વચન વાણીએ કરી સહીત, એક હજાર આઠ ઉત્તમ લક્ષણે કરી સહીત, બાર ગુણે કરી સહીત, અઢાર દોષ રહીત અષ્ટ પ્રતિહાર્ય કરી સહીત હોવાથી.

પ્ર. તે ચોત્રીસ અતિસયનાં નામ શું?

ઉ. ૧ કેશ, રોમ, નખ, વધે નહી. (૨) રોગ રહીત શરીર હોય (૩) ગાયના દુધ સરિખું રૂધીરને માંસ હોય. (૪) ઉજવળ કમળ સરીખ શ્વાસો શ્વાસ હોય. (૫) આહાર નીહાર ચર્મ ચક્ષુનાં ધણીના દેખે (૬) આકાશ ગત. ત્રણ છત્ર રહે. (૭) આકાસગત ધર્મચક્ર રહે (૮) આકાશ ગત શ્વેત (ધોળા) ચોવીસ જોડ ચમર વિંઝાય. (૯) સ્ફાટીક સિંહાસન આકાશ ગત. (૧૦) આકાશગત ધ્વજ સહસ્ત્ર મંડીત પાદપીઠીકા સહીત. આગળ ચાલે. (૧૧) જીહાં તિર્થંકર વિચરે તીહાં અસોક વૃક્ષ (આસો પાલવનું ઝાડ) છાયાકરે (૧૨) અંબોડાને ઠેકાણે જેમાં બાર સૂર્ય જેટલો પ્રકાશ છે તે ભા મંડળ પ્રકાશ કરે (૧૩) ધણો સમો રમણીક ભૂમી ભાગ હોય. (૧૪) કાંટા ઊંધા થાય. (૧૫) ૭ રૂતુ સરખી વરતે. (૧૬) એક જોજન લગી શિતળવાયુએકરી ભૂમી પ્રમારજે (૧૭) સુગંધ અચેત વરસાદ વરસે (૧૮) ઢીંચણ પ્રમાણે પંચવર્ણાં અચેત પુષ્પની વૃષ્ટી થાય (૧૯) ભૂંડા શબ્દરૂપ, ગંધ, રશ. સ્પર્શ ના હોય (૨૦) સુભીક્ષ હોય. (૨૧) એક જોજન લગી વાણી સંભળાય. (૨૨) અર્ધ માગધી ભાષાએ ભાષવાથી દેવતા મનુષ્ય તિર્યંચ આપ આપણી ભાષામાં સમજે. (૨૩) સર્વના વૈર વિરોધ ઉપશમે (૨૪) અન્ય દર્શનીના ગર્વ ગળે-(૨૫) પર-

મેશ્વર જ્યાં વિચરે ત્યાં ઇતિ (ખેતીવાડી નેનુકશાન ન કરે તેવા ઉંદર, ખપેડી, કાતરા વિગેરે જીવ) ન હોય (૨૬) મનુષ્ય તિર્યંચ, ને દેવજાતિવૈર છોડે. (૨૭) પચીસ જોજન સુધી મરકી ન હોય (૨૮) સ્વચક્ર (જે દેશમાં રહેતા હોય તે પોતાના દેશના રાજાનો ભય) ન હોય (૨૯) પરચક્ર (બીજા દેશના રાજાનો ભય) ન હોય (૩૦) અતિ વૃષ્ટી ન હોય. (૩૧) અના વૃષ્ટી ન હોય. (૩૨) દુર્ભિક્ષ ન હોય. (૩૩) તિડ પ્રમુખ ન હોય. (૩૪) વ્યાધી પીડા આદી દુઃખ ન હોય એ ચોત્રીસ.

પ્ર. ૩૫ પ્રકારની વાણી તે કઇ ?

ઉ. (૧) સંસ્કાર સહિત વચન બોલે. (૨) ઉંચેશ્વરે બોલે. (૩) ગંભીર ઉંડે શ્વરે બોલે. (૪) ગ્રામીણ વચન ન બોલે (૫) બોલના પડછંદા ઉઠે. (૬) સરસ વચન બોલે. (૭) રાગ સહિત ભાષા બોલે. (૮) સૂત્ર થોડું ને અર્થ વિસ્તાર ઘણો ભાખે. (૯) પૂર્વાપર વચનમાં વિરોધ નહીં. (૧૦) જુદા જુદા અર્થ વચનના સંશય ટાળી બોલે. (૧૧) સાંભળનારને સંશય ન ઉપજે. (૧૨) અને શવાદી વચન દુષણ દઈ પરાભવી શકે નહી. (૧૩) શ્રોતાનું મન હરે (૧૪) દેશકાળ ઉચીત વચન બોલે. (૧૫) અતિ વિસ્તાર કરી અણુગમતું ના કહે. (૧૬) જીવાદીક વસ્તુ વિચાર કરતાં મળતું વચન કહે, (૧૭) પદ આગળ પદસાપીક્ષુપણે ઉચરે (૧૮) વાતરૂપ બાળક સમજે તેમ કહે. (૧૯) અતિશય મધુર ભાષા બોલે. (૨૦) કોઇના મર્મ પ્રકાશે નહિં (૨૧) અર્થ ધર્મ સહિત વચન સદહનારને હોય (૨૨) વસ્તુ પ્રકાશ કરે તેહનો અતિ

વિસ્તાર કરે. (૨૩) વચનમાંહી પરનિંદા અને આપની સ્તુતિ નહી. (૨૪) મધ્યસ્થ બોલે શ્રાધ લહે. (૨૫) શબ્દ કારક લીંગે શુદ્ધ સમાસંચરે. (૨૬) શ્રોતા ચિત્તમાંહી ચમત્કાર પામે. (૨૭) વખાણુ અતિ ઉતાવળું તેમજ અતિ ધીમું નહીં (૨૮) શ્રોતાને રોગાદીક દુષણુ નહી. (૨૯) શ્રમ વિના ભાષે. (૩૦) જે પદાર્થ વર્ણવે તેહજ વિષેશથી સંક્રમે (૩૧) વચન કહેતાં વચનાંતરની આપેક્ષાએ વચન. (૩૨) અર્થ પદ જુદા જુદા ભાષે. (૩૩) શબ્દ સાહસ સહિત સદાય વચન કહે. (૩૪) અતિ ઉત્સાહ સહિત ધર્મ કહેતાં શ્રમ ન પામે (૩૫) જીવાદીક વસ્તુ પ્રકાશ કરતાં અવિછિન્ન વચન કહે. એ ૩૫ પ્રકારની વાણી.

પ્ર. ૨૪ તિર્થંકરમાં કનક વર્ણું તિર્થંકર કિયા ?

ઉ. ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૧૦ ૧૧ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૨૧ ૨૪ એ સોળ કનક વર્ણું છે.

પ્ર. રક્તવર્ણું કિયા.

ઉ. બે–તે. ૬ ઠા, તથા–૧૨ મા.

પ્ર. શ્વેત વર્ણું કિયા ?

ઉ. બે–તે. ૮મા તથા ૯ મા.

પ્ર. નિલવર્ણું કિયા ?

ઉ. બે. તે. ૧૯ તથા ૨૩ મા.

પ્ર. શામ વર્ણું કિયા ?

ઉ. બે તે તથા ૨૦–૨૨ મા.

પ્ર. ૧ ઋષભ દેવ નામ શા થકી પડયું !

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા ૫ છે. તે માતા એ પ્રથમ વૃષભ (બળધ) સ્વપ્ન દીઠું તેથી.

પ્ર. ૨ અજીતનાથ નામ શા થકી પડયું !

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા પછી તે માતા જુગટું રમતાં હારતી તે જીત થઈ તેથી.

પ્ર. ૩ સંભવનાથ નામ શા થકી પડયું ?

ઉ. દેશમાં દુર્ભિક્ષ ટળી સુકાળ થયો. ને ધાનના સંભવ (ઢગલા) નિપના તેથી.

પ્ર. ૪ અભીનંદન નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા પ છે તે ઈંદ્રસ્વામીએ તે માતાને અભીનંદનો (સ્તુતિ) જય જયારવ કર્યો તેથી.

પ્ર. ૫ સુમતિનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા પ છે તે. બે સોકયોના પુત્રનો ઝગડો મટાડયો તેથી.

પ્ર. ૬ પદમ પ્રભૂ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે પ છેતે માતાને પદમ સન્યાનો દોહલો ઉપન્યો તથા પદમ કમળ સરખી શરિરની પ્રભા તેથી.

પ્ર. ૭ સુપાર્શ્વનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે પ છે તે સ્વામીની માતાનાં પાસાં ખર ખરાં (ખરડા) હતાં તે સુંવાળાં થયાં તેથી

પ્ર. ૮ ચંદ્ર પ્રભુ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાને ચંદ્રમા થવાનો દોહલો (મનોર્થ) ઉપન્યો તે દેવતાએ પુરો કર્યો તથા ચંદ્ર સરખી શરિરની પ્રભા થઈ તેથી.

પ્ર. ૯ સુવિધીનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા છ તે માતાએ નગરમાંહી અવિધી ટાળી સુવિધી કીધી તેથી.

પ્ર. તથા બીજું નામ. પુષ્પદંત શા થકી પડયું ?
ઉ. સ્વામીના પુષ્પ શરીખા દાંત હોવાથી.
પ્ર. ૧૦ શિતળનાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યા છ તે પીતાને દાધજ્વર ઉપન્યો. તે વારે માતાનો હાથ સ્પર્શ થવાથી શિતળ થયો તેથી.
પ. ૧૧ શ્રેયાંશ નાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે દેવતાધિષ્ટીત સજ્યામાં કોઇ સુવા પામે નહીં. તે સજ્યામાં માતા પોઢી એટલે દેવતા નાસી ગયો તેથી—
પ્ર. ૧૨ વાસુપુજ્ય નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે વાસુકી ઇંદ્ર સદા પુજતો તેથી.
પ્ર. ૧૩ વિમળનાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાની પીઠ વાંકી હતી. તે વિમળ કહેતાં સમી થઇ તેથી.
પ્ર. ૧૪ અનંત નાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે. માતાએ અનંત રત્નની રાશી (ઢગલા) સુપ્રભા દીઠા તેથી.
પ્ર. ૧૫ ધર્મ નાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતા પિતા ધર્મવંત થયાં તેથી
પ્ર. ૧૬ શાન્તીનાથ નામ શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે દેશમાંહી મરકીનો ઉપદ્રવ સમ્યો ને પ્રભાતે શાંન્તી થઇ તેથી.
પ્ર. ૧૭ કુંથુંનાથ નામ. શા થકી પડયું ?
ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાએ રત્નમય થુંભદિઠો તથા

શત્રુઓ કુંથુવા સમાન થયા તેથી.

પ્ર. ૧૮ અરનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાએ સ્વપ્નામાં રત્નમય આરો દીઠો તેથી.

પ્ર. ૧૯ મલ્લિનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાને પુષ્પની સજ્યાનો દોહલો ઉપન્યો તે દેવતાએ પુરો કર્યો તેથી.

પ્ર. ૨૦ મુનિ સુવ્રત નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાએ મુની સરિખાં વ્રત પાળ્યા તેથી.

પ્ર. ૨૧ નમીનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે વૈરીને નમાડયા તેથી.

પ્ર. ૨૨ રિષ્ટ નેમીનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે માતાએ સ્વપ્નામાં રિષ્ટ રત્નમય બીમ ચક્ર ધરા દીઠો તેથી.

પ્ર. ૨૩ પાર્શ્વનાથ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે રાત્રીએ સર્પને સજ્યાની પાસે પ્રદક્ષિણા કરતો દીઠો. અને પીતાનો હાથ સજ્યા ઉપર મુકયો તેથી.

પ્ર. ૨૪ વૃદ્ધમાન નામ શા થકી પડયું. તથા મહાવીર સ્વામિ એ બીજુ નામ શા થકી પડયું ?

ઉ. સ્વામી ગર્ભમાં આવ્યે છતે સિદ્ધાર્થ રાજાનું કુળ સુવર્ણે કરી વૃદ્ધિ પામ્યું તેથી ભગવંતને આઠ વર્ષની ઉમરે સર્પ તથા પીશાચનું રૂપ કરી દેવતા ડરાવવા આવ્યા પણ ડર્યા નહીં તેથી.

પ્ર. ૨૪ તિર્થંકરની સ્તવના કરવાનું કારણ શું.
ઉ. આપણા કલ્યાણીક કાર્યમાં મદદગાર થાય તેથી.
પ્ર. તે સ્તવના કરીને તેની પાસે શું માગવું ?
ઉ. હે પ્રભૂ ઉત્તમ સમાધિ મુજને દિયો.
પ્ર. બીજું શું માગવું ?
ઉ. હે સિદ્ધ ભગવંત મને સિદ્ધ ગતી દયો.
પ્ર. તિર્થંકરે શું ટાળ્યું છે. ?
ઉ. કર્મ રૂપ રજને મેલ.
પ્ર. તિર્થંકરે શું ખપાવ્યું છે ?
ઉ. જન્મ ને મર્ણ.
પ્ર. તે તિર્થંકરને આપણે શું કહીએ છીએ. ?
ઉ. હે તિર્થંકર માહારા ઉપર પ્રસન્ન થાઓ.
પ્ર. ધર્મ રૂપી તિર્થના સ્થાપન કરનાર કોણ ?
ઉ. તિર્થંકર.
પ્ર. તે તિર્થ કેટલા ને તેનાં નામ શું ?
ઉ. ચાર. તે ૧ સાધુ ૨ સાધ્વી. ૩ શ્રાવક ૪ શ્રાવિકા એ ૪
પ્ર. તિર્થંકર ઉપદેશ કયાં કરતા હશે ?
ઉ. સમોસરણમાં.
પ્ર. સમોસરણની રચના કેવી હશે ?
ઉ. પ્રથમ રૂપાનો ગઢ ને સોનાના કાંગરા. બીજો સોનાનો ગઢ ને રત્નના કાંગરા. ત્રીજો રત્નનો ગઢ ને હીરાના કાંગરા. ગઢ ગઢની વચે તેરસે ધનુષ્ય (ચાર હાથનો એક ધનુષ્ય) નો અંતર એક એક ગઢની પાંચસેંહ ધનુષ્યની ભીંત ઊંચી, ચાર દિશામાં ચાર દરવાજા. એક એક દરવાજે

પાંચ સોહ, પાંચ સોહ પગથીઆં. (કેટલાક પાંચ પાંચ હજાર પણ કહે છે.) મધ્ય ભાગે મણી રત્નનો ચોતરો. તેના ઉપર સ્ફાટીક રત્નનું સિંહાસન તેના ઉપર તિર્થંકર દેવ બીરાજી છ રાગને છત્રીસ રાગણીમાં ઉપદેશ કરે, જોડે અશોક વૃક્ષ છાયા કરે. અંબોડાની જગ્યાએ ભામંડળ બીરાજે તેથી ભગવંત ચાર મુખવાળા દેખાય, માથે ત્રણ છત્ર આકાશે રહે, ચોવીસ જોડ ચામર વિંઝાય, આકાશ માર્ગે દેવ દુન્દભી દુગી સાડી બાર ક્રોડ વાજાં વાગે, એક જોજન સુધી રજ ઉડતી રહે તેવા અચેત પાણીનાં છાંટણાં છંટાય. તેહના ઉપર ઢીંચણ ઢીંચણ પ્રમાણે અચેત પુષ્પની વૃષ્ટી થાય. એક જોજન સુધી ભગવંતનો મધુર અવાજ વિસ્તરે, બાર પ્રકારની પ્રખદા સાંભળે. છ રૂતુ સરખી વર્તે, ઇત્યાદીક સમોસરણની રચના જાણવી.

પ્ર. બાર પ્રકારની પ્રખદા કેઈ ?.

ઉ. સાધુ સાધવી. શ્રાવક શ્રાવિકા. ચાર. અને ભવનપતી વાંણ. વ્યંતર, જ્યોતિષા. ને વૈમાનીક. એ ચાર જાતીના દેવતા. અને એ ચાર જાતીની દેવી કુળ. ૧૨.

પ્ર. બાર પ્રકારની પ્રખદાની બેઠક શિરિતે હશે. ?.

ઉ. ઇશાન ખૂણામાં. મનુષ્ય. તિર્યંચ શ્રાવક શ્રાવિકા. અને વૈમાનિક દેવતા એ ત્રણ બેસે. અગ્નિ ખુણામાં. સાધુ સાધ્વિ. અને વૈમાનીકની દેવી એ ત્રણ બેસે—નૈરૂત્ય ખુંણામાં—વાણવ્યંતરની દેવી, જોતિષિનીદેવી, ભવનપતીની દેવી, એ ત્રણ બેસે. વાયખુણામાં ભવનપતી દેવતા, વાંણવ્યંતર દેવતા, જોતિષિ દેવતા એ ત્રણ બેશે. ચાર દિશામાં કોઈ બેશે નહીં.

પ્ર. ૭ રાગ છે. તેમાં મુખ્યત્વે કીયા રાગમાં તિર્થંકર ઉપદેશ કરતા હસે.

ઉ. માલકોસ રાગમાં—

પ્ર. એ રાગનો સો ગુણ હસે. ?.

ઉ. એ રાગ ગાય તે વખતે પાસે પથ્થર પડેલ હોય તો તેનું પાણી થઇ જાય.

પ્ર. તિર્થંકરની સેવામાં કમતીમાં કમતી કેટલા દેવતા હોય. ?.

ઉ. એક ક્રોડ દેવતા.

પ્ર. તિર્થંકર શિવાય બીજા કેવળીને કેટલા અતિષય હોય. ?.

ઉ. ૧૩. તેર.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ કેવળ જ્ઞાન થયા પછી કેશ, રોમ વધે નહી (૨) નિરોગી શરીર લેપ લાગે નહી. (૩) શ્વાસોશ્વાસ. કમળ શરિખા સુગંધી હોય (૪) આકાશે ચક્ર ચાલે. (૫) આકાશે એક છત્ર ચાલે (૬) આકાશે બે દેવતાઓ ચમર રાખે. (૭) આકાશે સ્ફાટિક રત્નમય સિંહાસન થાય. (૮) આકાશે ધ્વજા ચાલે. (૯) અશોક વૃક્ષ છાયા કરે. (૧૦) ભૂમિકા રૂડી રમણિક થાય. (૧૧) કાંટાની અણી ઊંધી થાય. (૧૨) ૭ ઋતુ સરખી વર્તે. (૧૩) અર્ધ માગ્ધી ભાષામાં ધર્મ કથા કહે; એમ ૧૩

પ્ર. તિર્થંકર આપણને શું આપે છે ?

ઉ. આરોગ્યપણું અને બોધબીજ રૂપ લાભ.

પ્ર. તિર્થંકર કેવા નિર્મળ છે ?

ઉ. ચંદ્રમાથી પણ અધીક.

પ્ર. તિર્થંકર કેવા પ્રકાશિત છે ?

ઉ. સૂર્યથી પણ અધિક.

પ્ર. તિર્થંકર કેવા ગંભીર છે ?

ઉ. સાગર જેવા.

પ્ર. લોકને વિષે ઊત્તમ કોણુ છે ?

ઉ. સિદ્ધ.

પ્ર. લોકોને વિષે ઉદ્યોતના કરવાવાળા કોણુ ?

ઉ. તિર્થંકર.

પ્ર. શા કારણુથી ઉદ્યોન થતો હશે ?

ઉ. તિર્થંકરને જન્મ થાય, દિક્ષા લીએ, કેવળજ્ઞાન થાય ત્યારે આખા લોકમાં અજવાળું થાય તે બે ઘડી સુધી રહે.

પ્ર. એ પાઠમાં કિર્તિ સ્તુતિ કેટલાની કરવાની છે ?

ઉ. અરિહંતની ને કેવળીની.

પ્ર. અહિંયાં હાલમાં કોનું સાસન ચાલે છે ?

ઉ. મહાવિર દેવનું.

પ્ર. શાશન એટલે શું ?

ઉ. હુકમને અનુસાર જીવોનો એક સમુદાય.

પ્ર. એ પાઠની સંપદા કેટલી ?

ઉ. ૨૮ અઠાવીસ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૫૬ બસોહછપન.

પ્ર. છઠ્ઠા પાઠનું નામ શું ?

ઉ. કરેમિભંતે.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. સાવદ્ય જોગનીબંધી કરવાની.

પ્ર. સાવદ્યજોગ એટલે શું ?

ઉ. અઢાર પાપસ્થાનક.

પ્ર. તે બંધી કેટલી કોટીએ કરવી ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. કોટી એટલે શું ?

ઉ. અમુક પ્રકારની કબુલત કરવી તે.

પ્ર. તે ૭ કોટીનો પાઠ કેમ બોલાય ?

ઉ. દુવિહં, તિવિહેણં, નકરેમિ, નકારવેમિ, મનસા, વયસાને, કાયસા.

પ્ર. તે ૭ કોટી જુદી ગુણાવો ?

ઉ. નકરેમિ ૧. મણસા ૨. વયસાને ૩. કાયસા; નકારવેમિ ૪. મણસા ૫. વયસા ને ૬ કાયસા, એ ૭.

પ્ર. ૭ કોટી કેવિ રીતે સમજવી ?

ઉ. પાપ કરૂ નહી ૧ મનથી, ૨ વચનથી, ૩ કાયાથી. પાપ કરાવું નહી. ૪ મનથી, ૫ વચનથી, ૬ કાયાથી. એ ૬ કોટીએ સાવદ્ય જોગની બંધી થઇ.

પ્ર. એ ૭ કોટિમાં કરણ કેટલા ને જોગ કેટલા ?

ઉ. બે કરણ ને ત્રણ જોગ.

પ્ર. બે કરણ તે કિયા ?

ઉ. કરૂં નહીં ને કરાવું નહીં તે.

પ્ર. ત્રણ જોગ તે કીયા ?

ઉ. મન, વચન, ને કાયા.

પ્ર. નકરેમિ, નકારવેમિ એટલે શું ?

ઉ. સાવદ્ય પાપ કરૂં નહીં ને કરાવું નહીં.
પ્ર. તે બંધી કરતાં સાક્ષી કોને રાખવા?
ઉ. ભગવંતને.
પ્ર. તે શબ્દ કયાં છે?
ઉ. તેહજ પાઠમાં "ભંતે."
પ્ર. તે શાક્ષી રાખવાનું કારણ શું?
ઉ. હવેથી અમુક વખત સુધી પાપ કરૂં નહિ, ને કરાવું નહિ, જો કરૂં કરાવું તો આ પ્રભુ મારા સાક્ષીનો હું ગુન્હેગાર.
પ્ર. તે સાક્ષીની સમક્ષે તમે શું કહ્યું?
ઉ. મારા પાપકારી આત્માને હવેથી તજું છું.
પ્ર. કેટલી જગ્યાએ સાક્ષી રાખ્યા ને તે કિયા?
ઉ. એક જગ્યાએ તે "તસ્સભંતે."
પ્ર. શરૂઆતમાં "ભંતે" શબ્દ બોલાયો તેનું કારણ શું?
ઉ. પ્રભૂને આમંત્રણરૂપે.
પ્ર. આમંત્રણ એટલે શું?
ઉ. હે પ્રભુ! હું આ પ્રમાણે કરવાને ઉદ્યમવંત થયો છું.
પ્ર. સામાયક કેવી રીતે કરવું?
ઉ. મુખપત્તિ, ગુચ્છો, પથરણું એહનું પલેવણ કરી, ગુચ્છાથી જમીન પુંજી, પથરણા ઉપર બેસી, મોઢે મુખપત્તિ બાંધી, નવકારથી ચોથા પાઠ સુધી ભણી, ઇરિયા–વહિયાનો કાયોત્સર્ગ કરી, લોગસ્સનો પાઠ ભણી, ઉભા થઈ, પથરણું મુકી, પુર્વ તથા ઉત્તર દિશામાં મુખ રાખવું. અને ગુરૂ હોય તો તેમના સામું મુખ રાખી, મંદીરસ્વામીને તથા ગુરૂને નમસ્કાર કરીને, "કરેમિ ભંતે"નો પાઠ ભણી ડાબો ઢીંચણ ઊંચો રાખી બે હાથ જોડી

એ વખત "નમોથુણં"નો પાઠ ભણવો પછી પલાંઠીવાળી બેસી ગમે તો નવકારવાળી ગણો, ધર્મ પૂસ્તક વાંચો, ભણો, વ્યાખ્યાન સાંભળો, ધર્મ સંબંધી વાત કરો.

પ્ર. સામાયકમાં ધર્મ સિવાય બીજી વાત થાય કે નહિ ?

ઉ. નહિ.

પ્ર. સામાયકનો વખત કેટલો ?

ઉ. બે ઘડી, ચાર ઘડી, છ ઘડી વિગેરે બેકી ઘડીનો કાળ છે એથી ઓછા ટાઇમે થાય નહિ.

પ્ર. મુખપત્તી શેની થાય ?

ઉ. વસ્ત્રની.

પ્ર. મુખપત્તિ બાંધવાનું કારણ શું ?

ઉ. આપણા મોંઢાની ઉષ્ણ, ઝેરી હવાથી વાયુકાયના તથા મસી પ્રમુખ ઉડતા ઝીણા જંતુઓનો નાશ થતો અટકાવવા માટે.

પ્ર. મુખપત્તિ કેટલી મોટી હોય ?

ઉ. આપણા મુખ પ્રમાણે.

પ્ર. તેહનાં કેટલાં પડ રાખવાં ?

ઉ. આઠ.

પ્ર. આઠથી વધારે શા માટે ન રાખવાં ?

ઉ. એટલાથી જંતુઓનું સારી રીતે રક્ષણ થઇ શકે તેથી.

પ્ર. મુખપત્તિ નામ શા થકી પડયું ?

ઉ. મોંઢે બાંધવાથી.

પ્ર. પલેવણ એટલે શું ?

ઉ. કોઇ જીવની વિરાધના ન થાય તેવી રીતે જોવું, પુંજવું. (વાળવું) તે.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા,
ઉ. ૭૬ છોતેર.

પ્ર. સાતમા પાઠનું નામ શું ?
ઉ. નમોથુણં.
પ્ર. તે પાઠ શા વિષે છે ?
ઉ. અરિહંતની વિશેષે સ્તુતિ કરવા વિષે.
પ્ર. વિશેષ સ્તુતિ એટલે શું ?
ઉ. પરમેશ્વરને જુદી જુદી ઑપમા દઈ વખાણવા તે.
પ્ર. તિર્થંકર કેવા છે ?
ઉ. ધર્મની આદીના કરનાર છે.
પ્ર. આદિ એટલે શું ?
ઉ. શરૂઆત.
પ્ર. તિર્થંકર શું સ્થાપન કરે છે ?
ઉ. તિર્થ.
પ્ર. તિર્થ એટલે શું ?
ઉ. પવિત્ર.
પ્ર. તિર્થ કેટલાં ?
ઉ. ચાર.
પ્ર. તેનાં નામ શું ?
ઉ. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.
પ્ર. એ ચાર શિવાય બીજાં તિર્થ છે કે નહિ ?
ઉ. નથી.
પ્ર. તિર્થંકર કેવા બુદ્ધ કહેવાય ?
ઉ. સ્વયં બુદ્ધ.

પ્ર. સ્વયંબુદ્ધ એટલે શું ?
ઉ. પોતાની મેળેજ પ્રતિબોધ પામેલા.
પ્ર. વળી તિર્થંકર કેવા છે ?
ઉ. ૧ પુરૂષમાંહી ઉત્તમ છે. ૨ લોકમાંહી ઉત્તમ છે, ૩ લોકના નાથ છે. ૪ લોકના હીત કરનાર છે. ૫ લોક માંહી દીવા સમાન ઉદ્યોત કરનાર છે. ૬ લોકમાંહી વિશેષ ઉદ્યોત કરનાર છે. ૭ ચાર ગતીમાં પડતા જીવોને આધારભૂત છે. ૮ ધર્મના નાયક છે. ૯ સુત્રધર્મ અને ચારીત્ર ધર્મરૂપ ઉપદેશના દેનાર છે. દશ યતિ ધર્મના દેનાર છે. ચાર ગતિરૂપ સંસાર સમુદ્રમાં પડતા જીવને નાવની પેરે આધારરૂપ કરનાર છે. પોતે રાગ દ્વેષ જીત્યા છે અને બીજાને રાગ દ્વેષ જીતાવે છે. પોતે તત્વજ્ઞાન સમજ્યા છે ને પરને તત્વજ્ઞાન સમજાવે છે, પોતે કર્મથી મુક્ત થયા છે અને પરને કર્મથી મુકાવે છે. સર્વ પદાર્થના જાણુનાર છે, સર્વ પદાર્થના દેખનાર છે.
પ્ર. તિર્થંકરને સિંહની ઉપમા આપવાનું કારણ શું ?
ઉ. કેસરી સિંહ જેમ કોઇથી નહી ડરતાં મૃગ પ્રમુખને ત્રાસ પમાડે છે તેમ પ્રભુ કર્મરૂપી મૃગને ત્રાસ પમાડે છે. તેથી સિંહની ઓપમા આપી છે.
પ્ર. તિર્થંકરને પુંડરીક કમળની ઓપમા આપી તેનું કારણ શું ?
ઉ. જેમ પુંડરીક કમળ પાણી અને કાદવથી ઉત્પન્ન થાય પણ પછી તે ફરીથી કાદવ પાણીમાં લેપાય (ખરડાય) નહીં તેમ તિર્થંકર કામ, ભોગરૂપી કાદવ પાણીમાંથી ઉત્પન્ન થાય છે. પણ પછી કામ ભોગમાં ખરડાય નહી તેથી.
પ્ર. તિર્થંકરને ગંધહસ્તીની ઓપમા આપી તેનું કારણ શું ?

ઉ. જેમ મદ તથા પરસેવો સુગંધી હોવાથી બીજા જેટલા હાથીને તે પરસેવાની સુગંધી આવે તે તમામ હાથી મદરહિત થઇને નાસી જાય તેમ બીજા વાદીરૂપ હાથી ગર્વ છાંડે.

પ્ર. તિર્થંકર કિયા જ્ઞાનના દાતાર છે ?

ઉ. અભયદાનના.

પ્ર. કેઇ ચક્ષુ આપનાર છે ?

ઉ. જ્ઞાન રૂપ.

પ્ર. કયો માર્ગ દેખાડનાર છે ?

ઉ. મોક્ષ માર્ગ.

પ્ર. વળી શું દેનાર છે ?

ઉ. શરણુ.

પ્ર. કિયું જીવતર દેનાર છે ?

ઉ. સંજમરૂપ.

પ્ર. કિયું બીજ આપનાર છે ?

ઉ. સમકીતરૂપ બોધબીજ.

પ્ર. વળી ધર્મના કેવા છે ?

ઉ. ૧ નાયક. ૨ ધર્મરૂપ રથના સારથી છે.

પ્ર. તિર્થંકરને સારથીની ઓપમા કેમ આપી ?

ઉ. ઘોડા, રથને અટવીને રસ્તે લઈ જતા હોય તો તેહને સારથી સીધે રસ્તે લઈ જાય, તેવી રીતે કોઇ જીવ સંસારરૂપી અટવીમાં જતો હોય તો તેહને પરમેશ્વર મોક્ષરૂપ સીધે રસ્તે લઇ જાય.

પ્ર. તિર્થંકરને ચક્રવર્તિની ઓપમા આપવાનું કારણુ શું ?

ઉ. જેમ ચક્રવર્તિ રાજા પુર્વ પશ્ચિમ અને દક્ષિણુ એ ત્રણુ દીશાએ

લવણ સમુદ્રના કિનારા સુધી અને ઊત્તર દીશાએ ચુલ હેમ વંત પર્વત સુધી એવી રીતે ચાર દિશાનો અંત કરનાર છે. તેમ તિર્થંકર ચાર ગતિનો અંત કરનાર છે.

પ્ર. સંસારરૂપ સમુદ્રમાં ભય પામેલા પ્રાણીયોને દ્વિપો કિયા ?

ઉ. તિર્થંકર દેવ.

પ્ર. તિર્થંકરનું શું નથી હણાયું ?

ઉ. ઊત્તમ જ્ઞાન ને દર્શન.

પ્ર. તિર્થંકરને શું વિત્યું છે ?

ઉ. છદમસ્થપણું.

પ. છદમસ્થ એટલે શું ?

ઉ. કર્મથી આછાદિત (ઢંકાયલા) પણું.

પ્ર. તિર્થંકરને તરણ તારણ શાથી કહ્યા ?

ઉ. તિર્થંકર પોતે સંસારરૂપ સમુદ્ર તર્યા છે ને બીજાને તારે છે તેથી.

પ્ર. મોક્ષગતિ કેવી છે ?

ઉ. ૧ ઉપદ્રવ રહિત. ૨ અચળ. ૩ રોગ રહિત. ૪ અંત રહિત ૫ ક્ષય રહિત. ૬ બાધા–પીડા રહિત. ૭ જ્યાં ગયા પછી ફ્રરી આ જગતમાં અવતરવું પડે નહી એવું સાસ્વતું સ્થાનક છે.

પ્ર. આપણે શું ધ્યાવા યોગ્ય છે ?

ઉ. સિદ્ધ ગતિનું નામ.

પ્ર. એ પાઠમાં અરિહંત સિવાય બીજા કોઇની સ્તુતિછે કે નહિ ?

ઉ. હા છે.

પ્ર. કોની સ્તુતિ છે.

ઉ. સિદ્ધ ભગવંતની તથા અંશે અંશે ગુરૂની પણ છે.

પ્ર. એ પાઠ ભણુતી વખતે કેવી વીધિ કરવી ?

ઉ. ડાબો ઢીંચણુ ઊંચો રાખી, જમણો ઢીંચણુ નીચો રાખી બે હાથ જોડીને તે પાઠ ભણુવો.

પ્ર. એ પાઠ અરિહંતને કહેવો હોય તો કેમ બોલવું ?

ઉ. "સિદ્ધ ગઇ નામ ધેયં ઠાણું સંપાવિયો કામસ્સ" એમ કહેવું.

પ્ર. તેહનો અર્થ શું ?

ઉ. સિદ્ધ ગાતનું નામ ધ્યાવા યોગ્યછે તે સ્થાનકે જે પ્રાપ્ત થયાછે.

પ્ર. તે પાઠ ગુરૂને કહેવો હોય તો કેમ બોલવું ?

ઉ. ત્રીજું નમોથુણં. મમધમ્મ, ગુરૂધમ્મ, આયરિયસ્સ ને હોજો એમ કહેવું.

પ્ર. એનો અર્થ શું ?

ઉ. ત્રીજું નમોથુણં મારો ધર્મ ગુરૂ ધર્માચાર્યજીને હોજો.

પ્ર. એ પાઠમાં અરિહંત, સિદ્ધ અને ગુરૂ એ ત્રણુને અનુક્રમે કેમ બોલાય ?

ઉ. પ્રથમ અરિહંતને, પછી સિદ્ધને. પછી ગુરૂને કહેવું.

પ્ર. એ પાઠની સંપદા કેટલી ?

ઉ. ૯ નવ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૭૮.

પ્ર. આ પાઠનું નામ શું ?

ઉ. સામાયક પાળવાની વિધીનો.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. પોતાનું સામાયક વ્રત લીધેલું તેને પાર પોહોચાડયું, તેની અં-

૬૨ કોઇપણ પ્રકારે ચુક થવાથી પાપ થયું હોય, તેનું નિવારણ કરવા વિષે.

પ્ર. તે પાપનું નિવારણ કેમ થાય ?

ઉ. પાંચ પ્રકારના અતિચાર ટાળવાથી.

પ્ર. તે પાઠના મુળ દોષ કેટલા ને ઊત્તરદોષ કેટલા ?

ઉ. ૫ મુળદોષને ૩૨ ઊત્તરદોષ.

પ્ર. મુળ દોષ કીયા ?

ઉ. ૧ મન, ૨ વચન, ૩ કાયા દુષ્ટ પ્રવર્તાવી હોય, ૪ સામાયક બરાબર કીધું કે નહી. તેની બરાબર ખબર ન રહી હોય, ૫ સામાયકને પુરૂં થયા વિના પાળ્યું હોય, એ પાંચ, તેને અતિચાર પણ કહેવાય છે.

પ્ર. ૩૨ ઊત્તર દોષ તે કિયા ?

ઉ. ૧૦ મનના, ૧૦ વચનના, ૧૨ કાયાના, એ બત્રીસ.

પ્ર. ૧૦ મનના દોષ તે કિયા ?

ઉ. ૧ ધનનો લોભ કરવો નહી, ૨ પોતાની કિર્તિ સાંભળી રાજી થવું નહીં, ૩ સામાયક ઓછું પાળવું નહી, ૪ કિર્તિ વચનની અભિલાષા કરવી નહી, ૫ અભિમાન આણવો નહી, ૬ બીહવું નહી, ૭ રીસ ચઢાવવી નહી, ૮ નિયાણું (ધર્મ કમાણીનું ફળ માગી લેવું) કરવું નહી, ૯ સામાયકના ફળનો સંશય રાખવો નહી, ૧૦ અવિનય કરવો નહિ, એ દશ દોષ.

પ્ર. ૧૦ વચનના દોષ કિયા ?

ઉ. ૧ કુવચન બોલવું નહિ. ૨ પોતાના ગુણ પ્રકાસવા નહી. ૩ અજાણ્યું બોલવું નહી. ૪ અધિક વચન બોલવું નહિ. ૫ સ્વચ્છંદપણે બોલવું નહિ. ૬ પરાયા વાંક દેખવા નહિ. ૭ ચાર વિકથા કરવી નહી. ૮ બડબડ કરતાં ભણવું નહી. ૯

અવ્રતિને આવો જાવો કહેવું નહી. ૧૦ હસીને છિદ્ર પ્રકાસવું નહી. એ દસ.

પ્ર. ૧૨ કાયાના દોષ કિયા ?

ઉ. ૧ પગ ઉપર પગ ચઢાવવો નહી. ૨ અસ્થીર આસને બેસવું નહી. ૩ દ્રષ્ટિ ચંચળ કરવી નહિ. ૪ ધરનાં કામ સંભારવાં નહી. ૫ ઓઠીંગણુ લેવું નહી. ૬ આળશ કરવી નહી. ૭ અંગ મરોડવું નહી. ૮ પુંજ્યા વિના ખાજ ખણુવી નહી. ૯ ટાચકા વગાડવા નહી. ૧૦ મેલ ઊતારવો નહી. ૧૧ પગચંપી કરાવવી નહી. ૧૨ ઊંધવું નહીં એ બાર–

પ્ર. મુળદોષ કહેવાનું કારણુ શું ?

ઉ. એ પાંચ મુળદોષ જરૂર જાળવવા. અને ૩૨ ઊત્તરદોષ વિશેષ જાળવવાથી વ્રત વિષેશ નિર્મળ થાય.

પ્ર. એ વ્રત મુળમાંથી કિયો દોષ લાગવાથી ભાગે ?

ઉ. અણુાચાર.

પ્ર. અતિક્રર્મ એટલે શું ?

ઉ. કોઇ અયોગ્ય વસ્તુને ગ્રહણુ કરવાની ઇચ્છા.

પ્ર. વ્યતિક્રર્મ એટલે શું ?

ઉ. તે અયોગ્ય ઇચ્છીત વસ્તુને ગ્રહણુ કરવા ચાલ્યો.

પ્ર. અતિચાર એટલે શું ?

ઉ. તે અયોગ્ય ઇચ્છીત વસ્તુને ગ્રહણુ કરી પણુ ભોગવવી નથી.

પ્ર. અણુાચાર એટલે શું ?

ઉ. તે અયોગ્ય ઇચ્છીત વસ્તુને ભોગવી તે.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૩૭૨

ઇતિ શ્રી સામાયકનાં પ્રશ્નોત્તર સમાપ્ત.

પ્રતિક્રમણના પ્રશ્નોતર.

પ્ર. પ્રતિક્રમણ એટલે શું ?

ઉ. પાપકર્મથી નિવર્તવું તે.

પ્ર. પહેલા પાઠનું નામ શું ?

ઉ. ઇચ્છામિભંતે.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. ગુરૂ પાસે પ્રતિક્રમણ પ્રારંભવાની આજ્ઞા માગવા વિષે.

પ્ર. દિવસ સબંધી શું પાપ લાગ્યું હોય ?

ઉ. ૧ જ્ઞાન, ૨ દર્શન. ૩ ચારિત્ર, ૪ તપના અતિચારો

પ્ર. તેને શું કરવું ?

ઉ. તે અતિચાર ચિંતવાને અર્થે કાયોત્સર્ગ કરવો.

પ્ર. તે કાયોત્સર્ગ કોની આજ્ઞાથી કરવો ?

ઉ. ભગવંતની તથા ગુરૂની.

પ્ર. જ્ઞાન એટલે શું ?

ઉ. જાણવું.

પ્ર. દર્શન એટલે શું ?

ઉ. શુદ્ધ શ્રદ્ધા

પ્ર. ચારિત્ર એટલે શું ?

ઉ. નવાં પાપકર્મ આવતાં રોકવાં.

પ્ર. તપ એટલે શું ?

ઉ. જુના કર્મનો નાશ કરવો.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૫૭ સતાવન.

પ્ર. બીજા પાઠનું નામ શું ?

ઉ. ઇચ્છામિઠામિ કાઉસગ્ગ.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. દિવસ સબંધી અતિચાર લાગ્યો હોય તેનું ચિંતવન કરી કાયોત્સર્ગ સ્થાપન કરવા વિષે.

પ્ર. દિવસ સબંધીમાં કેટલા બોલ આચરવા વિષે.

ઉ. ૯ નવ.

પ્ર. તે નવનાં નામ શું ?

ઉ. ૧ ગુરૂ સમીપે બેસવાથી અવિનય થયો હોય; ૨ ગુરૂના સામું બોલાયું હોય. ૩ મને કરી ગુરૂપર દ્વેષ કર્યો હોય. ૪ ઉત્સૂત્ર પરૂપ્યું હોય. ૫ જૈનમાર્ગ તજી બીજો કુમાર્ગ પકડયો હોય. ૬ ન ભોગવવાની વસ્તુ ભોગવી હોય. ૭ ન કરવાનું કામ કર્યું હોય. ૮ માઠું ધ્યાન ધર્યું હોય. ૯ માઠી ચિંતવણી કરી હોય. એ નવ.

પ્ર. એ નવ બોલનું શું કરવું ?

ઉ. આચરવા નહી.

પ્ર. તે કોને આચરવા નહીં ?

ઉ. શ્રાવકને.

પ્ર. શ્રાવકને કેટલાં વૃતરૂપ ધર્મ છે ?

ઉ. બાર વ્રતરૂપ.

પ્ર. તે કિયાં કિયાં ?

ઉ. પાંચ અણુંવૃત, ત્રણ ગુણવ્રત, ને ચાર શિક્ષાવ્રત.

પ્ર. પાંચ અણુવ્રત તે કિયાં ?

ઉ. ૧-૨-૩-૪-૫ એ વ્રત.

પ્ર. ત્રણ ગુણવ્રત તે કિયા ?
ઉ. ૬-૭-૮ એ ૩ વ્રત.
પ્ર. ચાર શિક્ષાવ્રત તે કિયાં ?
ઉ. ૯-૧૦-૧૧-૧૨ એ ચાર વ્રત.
પ્ર. અણુંવ્રત કહેવાનું કારણ શું ?
ઉ. સાધુનાં પાંચ મહાવ્રત છે તેહનાથી અધુરાં વ્રત તેથી.
પ્ર. ગુણવ્રત કહેવાનું કારણ શું ?
ઉ. ઉપયોગ રાખી મર્યાદારૂપ ગુણ ધારણયુક્ત છે તેથી.
પ્ર. શિક્ષાવ્રત કહેવાનું કારણ શું ?
ઉ. ઉપરટોચનાં વ્રત છે તથા શિખામણરૂપ વ્રત છે તેથી.
પ્ર. બારવ્રતમાં એકાંતનિર્વતાક મણીરૂપ વ્રત કેટલાં ?
ઉ. ૯-૧૦-૧૧-૧૨ એ ચાર.
પ્ર. એ બાર વ્રતરૂપ ધર્મને શું કર્યું હોય ?
ઉ. કોઇ પ્રકારની વિરાધના તથા ખંડના કિધી હોય.
પ્ર. તેનું નિવારણ કેમ થાય ?
ઉ. મિચ્છામિદુક્કડં પ્રમુખ આલોવણા લેવાથી.
પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?
ઉ. ૧૫૩ એકસોહ ત્રેપન
પ્ર. ત્રીજા પાઠનુ નામ શું ?
ઉ. ઇચ્છામિ ખમાસમણો.
પ્ર. તે પાઠ શા વિષે છે ?
ઉ. મુની પાસે આવર્તન દેવાની આજ્ઞા માગવા વિષે.
પ્ર. તે શા માટે આવર્તન ન દેવા.

ઉ. આપણાથી કોઈ પ્રકારે અપરાધ થયો હોય. તે માફી કરાવવા માટે–

પ્ર. તે મુની કેવા–છે ?

ઉ. પાંચ ઇંદ્રિઓ જેણે જીતેલી છે અને ક્ષમાદિક ધર્મના ધારક છે.

પ્ર. તે મુનીનો શો અપરાધ કર્યો હોય ?

ઉ. પોતાની કાયાએ કરી મુનીના શરિરને સ્પર્શવાથી કિલમના ઉપજાવી હોય.

પ્ર. તે અપરાધને શું કહેવાય ?

ઉ. આશાતના.

પ્ર. તે આશાતના કેટલા પ્રકારની છે ?

ઉ. ૩૩ તેત્રીસ પ્રકારની

પ્ર. તેમાં મુખ્ય કેટલા પ્રકારની આશાતના કીધી હોય ?

ઉ. ૭ સાત પ્રકારની

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ મુનીના ઉપર મનમાં માઠું પ્રવર્તાવ્યું હોય. ૨ મુનીને કુવચન બોલ્યું હોય. ૩ મુનીના ઉપર કાયા માઠી પ્રવર્તાવી હોય. ૪ મુનીના ઉપર ક્રોધ કર્યો હોય. ૫ મુનીની સાથે માન કિધું હોય, ૬ મુનીની સાથે કપટ કીધું હોય; ૭ મુનીની પાસે લોભ કર્યો હોય એ ૭ સાત,

પ્ર. તે અશાતના કયારે કિધી હોય ?

ઉ. દિવસે તથા રાત્રીએ.

પ્ર. તે કેવી કરણી કરતી વખતે આશાતના કરી હોય ?

ઉ. અવશ્ય ધર્મકરણી કરતાં આશાતનારૂપ અતિચાર લાગ્યો હોય.

પ્ર. તે આશાતનાનો દોષ નિવર્તન કેમ થાય ?

ઉ. ૧૨ આવર્તન દેવાથી

પ્ર. બાર આવર્તન કીયા ?

ઉ. ૧ અહો, ૨ કાયં, ૩ કાય, ૪ જતાભે, ૫ જવણી, ૬ જ-ચંભે, ૬ પેહેલા ખમાસમણાનાં અને એ ૬ ૭ બીજા ખમાસમણનાં બે મળી ૧૨ બાર.

પ્ર. એ બાર આવર્તન કેવી રીતે દેવાં ?

ઉ. પેહેલાં ત્રણ આવર્તનનો શબ્દ આવે તે વખતે સાડાત્રણ હાથની મર્યાદાની અંદર આવવું, અને બીજા ત્રણ આવર્તનનો શબ્દ આવે બાહીય નિકળી સાડાત્રણ હાથની હદ ઉપર આ-વવું, એવી રિતે બન્ને ખમાસમણ દેતી વખતે કરવું–

પ્ર. ગુરૂ કેવા ગુણવાળા છે ?

ઉ. સંયમરૂપ યાત્રાવંત પાંચ ઈંદ્રીઓ અને મન જેણે જીતેલાં છે.

પ્ર. ગુરૂપાસે આપણે અપરાધ કેવી રિતે માફ કરાવવો ?

ઉ. હે ? ક્ષમાવંત પુજ્ય તમારી કાયાને મારી કાયાએ સંમ્યક્ પ્રકારે ફરસતાં (અડતાં) મેં આપને થોડું અથવા ઘણું દુઃખ ઉપજાવ્યું હોય તથા ખોટા ઉપચાર કરવે સુત્ર ધર્મ અને ચારિત્ર ધર્મને ઓળંઘવે કરિ દિવસ સબંધી તથા રાત્રી સબંધી કોઇ પણ અવિનય આશાતના કરિ હોય તે મન, વચન, કાયાના બહુ શુભયોગે કરિ ખમાવું છું. આપ ખ-મવા યોગ્ય છો.

પ્ર. વળી તે આશાતના થઇ હોય તો ગુરૂને શું કહેવું ?

ઉ. હે ! ક્ષમાવંત ગુરૂ તે પુર્વે કરેલો અપરાધ આત્માની શાક્ષીએ નિંદું છું અને ગુરૂની શાક્ષીએ ગ્રહી કરૂંછું અને પાપકારિ

આત્માને તજુંછું.

પ્ર. પછી ગુરૂને શું કહેવું ?

ઉ. હવેથી તે અપરાધ હું નહીં કરૂં.

પ્ર. ખમાવુંછું એટલે શું ?

ઉ. માફી માગુંછું.

પ્ર. ખમાવા યોગ્ય છો એટલે શું ?

ઉ. માફી કરવા યોગ્ય છો.

પ્ર. ખમત એટલે શું ?

ઉ. આપણા અપરાધની માફી માગવી.

પ્ર. ખમણાં એટલે શું ?

ઉ. આપણા અપરાધીને માફી આપવી.

પ્ર. અશાતના કરવાથી શું થાય ?

ઉ. જ્ઞાનનો નાશ થયાથી અજ્ઞાની થઇ મરિ દુર્ગતીમાં જાય છે તથા ભાર ઉપાડનાર ઘોડા, ગધેડા, બળધ, પાડા, ઊંટ વિગેરે દુઃખી પશુનો અવતાર પ્રાપ્ત થાય છે.

પ્ર. તેથી શું કરવું ?

ઉ. મન વચન કાયાએ કરિ ગુરૂનો વિનય કરવો અને કોઇ પણ પ્રકારે તેને દુઃખ ઉપજાવવું નહિં.

પ્ર. ગુરૂશિવાય બીજાનો વિનય કરવો કે કેમ ?

ઉ. હા કરવો.

પ્ર. કોનો વિનય કરવો ?

ઉ. માતા, પીતા, સાસુ સસરા, પતી, વિધ્યાગુરૂ. આપણું ભરણુ પોશણુ કરનાર વૃદ્ધ, રોગી, આપણાથી વડીલ, અને દુઃખી હોય, એ તમામનો વિનય કરવો.

પ્ર. કહેવો વિનય કરવો ?
ઉ. ઉચીત્ત કરવો.
પ્ર. ઉચીત્ત એટલે શું ?
ઉ. લાયક નિતિપણું.
પ્ર. માતા, પીતાદીક કહે તે કામ આપણે કરવું કે નહિ. ?
ઉ. હા. કરવું, પણ ઉચીત્ત કામ કરવું, અને અનુચીત્ત કામ કરવું નહી.
પ્ર. અનુચીત્ત એટલે શું ?
ઉ. નાલાયક અનીતીપણું.
પ્ર. તે કેવિ રિતે સમજવું ?
ઉ. આપણા માતા પીતાદીક ચોરિ યારી વિગેરે અનિતીનાં કામ કરતાં હોય. તે કામ કરવા આપણને ફરમાવે તો કરવું નહી. અને તે ન કરે તો અવિનિત ગણાય નહિ.
પ્ર. માતા પીતા દીકનો કેવિ રિતે વિનય કરવો ?
ઉ. પ્રભાતે ઉઠી નમસ્કાર કરી તેહના હુકમને આધીન રહી તેહની સેવા ભક્તિ કરી તેહને સંપુર્ણ સંતોષ ઉપજે તેમ વર્તવું.
પ્ર. માતા પીતાદીકનો વીનય કરવાથી શું થાય ?
ઉ. કોઈ પણ ધર્મ ન કરે અને ફક્ત વીનય કરે તો પણ ચૌદહજાર વર્ષને આઉખે દેવતા થાય.
પ્ર. ગુરૂ કેવા છે ?
ઉ. આપણને મોક્ષ માર્ગ બતાવવાથી પુરેપુરા ઉપગારિ છે.
પ્ર. ગુરૂનો કેવા પ્રકારનો વિનય કરવો ?
ઉ. ૧ પોતાના આસન ઉપર બેઠાં થકાં ગુરૂને પ્રશ્નાદીક પુછવું નહી, ૨ ગુરૂને હુંકારાથી યા તુચ્છ (હલકા) શબ્દથી બોલાવ-

વા નહી, ૩ ગુરૂથી ઊંચે આસને બેસવું નહી, ૪ ગુરૂ પાસે અડીને બેસવું યા ઊભું રહેવું નહી, ૫ ગુરૂની પાસે પલાંઠી વાળી યા સાંમા લાંબા પગ કરી બેસવું નહી, ૬ અભીમાનથી પ્રશ્નાદીક પુછી ગુરૂને ખીજ઼ કરવા નહી, ૭ ગુરૂના પુંઠ પાછળ અવગુણ બોલવા નહી, ૮ ગુરૂ બહારથી આવે યા ઊભા થાય તો તેજ વખતે ઊભા થઈ પધારો કહી વંદન કરવું, ૯ ગુરૂનો દોષ નહીં દેખતાં તેહના ગુણ ગ્રાહક થવું, ૧૦ ગુરૂના સામું નહીં બોલતાં મધુર વચને બોલી ગુરૂને સંતોષ ઉપજાવવો. અને ગુરૂનું વાકય પ્રમાણ કરવું, ઇત્યાદીક વિનય કરવો.

પ્ર. ઉપર મુજબ માતા પીતાદીકનો વિનય કરવો કે નહી?

ઉ. હા. કરવો.

પ્ર. ગુરૂને પ્રશ્નાદીક કેવી રિતે પુછવું?

ઉ. ત્રણ વાર પંચ અંગ નમાવી વંદન કરી પુછવું.

પ્ર. એવા પ્રકારનો વિનય કરવાથી શું ફળ થાય?

ઉ. આ ભવ તથા પરભવને વિષે સુખની પ્રાપ્તી મેળવી અજ્ઞાન રૂપ તિમીર દુર કરી ઝટ કેવળ કમળા (લક્ષ્મી) વરિને જન્મ મરણનાં બંધનથી મુક્ત થઈ અક્ષય પદ પ્રાપ્ત કરે.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા?

ઉ. ૨૩૦ બસોહત્રીસ.

પ્ર. ચોથા પાઠનું નામ શું?

ઉ. આગમેતિવિહે.

પ્ર. તે પાઠ શા વિષે છે?

ઉ. શાસ્ત્રાધ્યયન કરતાં અતિચાર લાગેલ હોય તેનું નિવારણ

કરવા વિષે.

પ્ર. શાસ્ત્ર કેટલા પ્રકારનાં ને તે કિયાં કિયાં?

ઉ. ૩ પ્રકારનાં તે ૧ સુત્ર, ૨ અર્થ, ૩ સૂત્રાર્થ.

પ્ર. શાસ્ત્રનું બીજું નામ શું?

ઉ. આગમ.

પ્ર. તે શાસ્ત્ર કેવિ રિતે ભણવું?

ઉ. અતિચારાદી દુષણોને ટાળીને.

પ્ર. તે અતિચાર કેટલા છે ને કિયા કિયા?

ઉ. ૧૪ તે, ૧ આઘા પાછા શબ્દ બોલાયા હોય, ૨ ધ્યાન વિના વંચન સ્ખલીત (ટુટક) બોલાયું હોય, ૩ અક્ષર ઓછો બોલાયો હોય, ૪ અક્ષર અધિક બોલાયો હોય, ૫ પદ ઓછું બોલાયું હોય, ૬ વિનય રહિત ભણાયું હોય, ૭ મન, વચન ને કાયાના જોગ ઠેકાણે રાખ્યા વિના બોલાયું હોય, ૮ શુદ્ધ ઉચાર વિના બોલાયું હોય, ૯ અવિનિતને જ્ઞાન દિધું હોય, ૧૦ અવિનિતપણે જ્ઞાન લીધું હોય, ૧૧ અકાળ વખતે શાસ્ત્રાધ્યયન કર્યું હોય, ૧૨ કાળ વખતે શાસ્ત્રાધ્યાયન કર્યું હોય, ૧૩ કોઇ મળમુત્રાદીકથી અપવિત્ર જગ્યા હોય, ત્યાં શાસ્ત્રાધ્યાયન કર્યું હોય, ૧૪ શુદ્ધ પવિત્ર જગ્યાએ શાસ્ત્રાધ્યાયન ન કર્યું હોય એ ૧૪.

પ્ર. તે દોષ ટાળવાનું કારણ શું?

ઉ. શાસ્ત્રની આશાતના ન થાય માટે.

પ્ર. આશાતનાથી શું દોષ?

ઉ. અનંત જન્મ વધારી ચતુર્ગતીમાં ભ્રમણ થાય તે.

પ્ર. જ્ઞાનના આચાર કેટલા?

ઉ. આઠ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. જ્ઞાન ૧, કાળેભણવું ૨, વિનયથી ભણવું ૩, બહુમાનથી ભણવું ૪, ઉપધ્યાન (તપ) થી ભણવું, ૫, અર્થને તથા ગુરૂને ગોપવવા નહી ૬, અક્ષર શુદ્ધ બોલવો, ૭, અર્થ શુદ્ધ બોલવો, ૮ અક્ષરાર્થ શુદ્ધ બોલવો એ આઠ.

પ્ર. જ્ઞાનના કેટલા ભેદ ?

ઉ. ૫૧ એકાવન.

પ્ર. તે સંક્ષેપમાં કહો ?

ઉ. ૨૮ મતિજ્ઞાનના, ૧૪ શ્રુતજ્ઞાનના, ૬ અવધિજ્ઞાનના, ૨ મનપર્યવ જ્ઞાનના, ૧ કેવળજ્ઞાનનો એમ ૫૧ ભેદ.

પ્ર. જ્ઞાન ભણતાં શું સાચવવું ?

ઉ. ૩૨ અસઝાય.

પ્ર. અસઝાય એટલે શું ?

ઉ. શાસ્ત્ર વાંચવા ભણવાનો અયોગ્ય વખત તે.

પ્ર. તે ૩૨ અસઝાયનાં નામ શું ?

ઉ. ૧ તારો ખરે, ૨ દીશા રાતી હોય. ૩ વાદળાંમાં ગાજ હોય. ૪ અકાળે વીજળી હોય. ૫ કાટકો થાય. ૬ શુકલપક્ષની બીજના દીવસે ચાર ઘડી રાત્રી સુધી. ૭ દેવતાનો ઉપદ્રવ હોય. ૮ ધુમ્મર ઘણી વરસતી હોય. ૯ મેઘરવો વરસે તથા હીમ વરસે. ૧૦ પવન ઘણો ચાલે ને રજ ઘણી ઉડે. ૧૧ હાડકું પડયું હોય. ૧૨ માંસ પડયું હોય. ૧૩ રૂધીર પડયું હોય. ૧૪ વિષ્ટાદીક અશુચી પડી હોય. ૧૫ મસાણ બળતું હોય. ૧૬ સૂર્યનું ગ્રહણ હોય. ૧૭ ચંદ્રમાનું ગ્રહણ હોય. ૧૮

મોટો નર પડે. ૧૯ રાજા માંહે માંહે યુદ્ધ કરતા હોય. ૨૦ પચેન્દ્રી જીવનું કલેવર પડયું હોય. ૨૧ અસાડ સુદ ૧૫. ૨૨ અસાડ વદ પડવો. ૨૩ ભાદરવા સુદ ૧૫. ૨૪ ભાદરવા વદ પડવો. ૨૫ કારતક શુદ પુનમ. ૨૬ કારતક વદી પડવો. ૨૭ ચૈત્ર શુદી પુનમ. ૨૮ ચૈત્ર વદી પડવો. ૨૯ સંધ્યા વખતની બે ઘડી. ૩૦ મધ્ય રાત્રીની બે ઘડી. ૩૧ પ્રભાતની બે ઘડી. ૩૨ મધ્યાનની બે ઘડી એ ૩૨.

પ્ર. એ બત્રીસ અસઝાય ટાળવાનું કારણ શું?

ઉ. શાસ્ત્રની આશાતનાનું પ્રાયશ્ચિત આપણને ન લાગે તથા દેવતાનો ઉપસર્ગ ન થાય તેથા.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા?

ઉ. ૧૭૨ એકસોહ બોતેર.

પ્ર. પાંચમા પાઠનું નામ શું?

ઉ. દર્શન સમકિત:

પ્ર. તે પાઠ શા વિષે છે?

ઉ. સમકિત નિર્મળ કરવા વિષે.

પ્ર. સમકિત એટલે શું?

ઉ. સત્યાસત્યનો નિર્ણય કરી સત્ય વસ્તુને ગ્રહણ કરી અસત્ય વસ્તુને તજી દેવી અને શુદ્ધ દેવ શુદ્ધ ગુરૂ, શુદ્ધ ધર્મ તેહની ધારણા કરવી તે—

પ્ર. સત્યાસત્યનો નિર્ણય કોણે કર્યો છે?

ઉ. અરિહંત દેવે તથા તેહના પરૂપેલા માર્ગે પ્રમાણે વર્તવા વાળાઓએ.

પ્ર. શુદ્ધ દેવ તે કોણ?

ઉ. અરિહંત દેવ તથા સિદ્ધ ભગવંત.
પ્ર. શુદ્ધ ગુરૂ તે કોણ ?
ઉ. નિંર્ગ્રંથ કંચન કામનીના ત્યાગી ૨૭ ગુણે કરી યુક્ત.
પ્ર. નિર્ગ્રંથ એટલે શું ?
ઉ. ગાંઠરહિત.
પ્ર. કેટલા પ્રકારની ગાંઠ છે ?
ઉ. ૨૩ ત્રેવીશ પ્રકારની.
પ્ર. તેમાં અભ્યંતરની કેટલી ને બાહીરની કેટલી ?
ઉ. ૧૪ અભ્યંતરની અને ૯ બાહીરની.
પ્ર. ૧૪ અભ્યંતરની તે કેઇ ?
ઉ. ૧ મિથ્યાત્વ ૨ ક્રોધ ૩ માન ૪ માયા ૫ લોભ ૬ હાંસ્ય ૭ રતી ૮ અરતી ૯ ભય ૧૦ શોક ૧૧ જુગુપ્સા (નિંદા) ૧૨ સ્ત્રી વેદનો વિકાર ૧૩ પુરૂષ વેદનો વિકાર, ૧૪ નપુંસક વેદનો વિકાર એ–૧૪.
પ્ર. બાહીરની તે કઇ ?
ઉ. ૧ ક્ષેત્ર, વાડી, પ્રમુખ ઉઘાડી જમીન ૨ બાંધેલી જમીન ઘર પ્રમુખ ૩ રૂપું ૪ સુવર્ણ તે સોનું ઝવેરાત વીગેરે ૫ ધન તે જેહના ઉપર રાજાની મોહોરછાપ પડી હોય તે રોકડનાંણું ૬ ધાન્ય તે ૨૪ પ્રકારનું અનાજ ૭ બે પગવાળાં મનુષ્ય તથા પક્ષિ ૮ ચાર પગવાળાં પશુ ૯ ઘર વખરીએ. ૯
પ્ર. એ ૨૩ પ્રકારની ગાંઠ રહિત તેહને શું કહીએ ?
ઉ. શુદ્ધ ગુરૂ.
પ્ર. શુદ્ધ ધર્મ તે કયો ?
ઉ. જૈન.
પ્ર. એ ધર્મને શુદ્ધ કહેવાનુ કારણ શું ?

ઉ. જેમાં કેવળી મહારાજે દયા, વિનય, નિતિનો ભાગ સંપુર્ણ પરૂપેલો છે તેથી.

પ્ર. એ ત્રણ તત્વને સત્ય કરી માનવાથી શું કહેવાય ?

ઉ. સમકિત.

પ્ર. તે સમકિતનાં લક્ષણ કેટલાં ?

ઉ. પાંચ.

પ્ર. તે પાંચનાં નામ શું ?

ઉ. ૧ સમ ૨ સંવેગ ૩ નિર્વેગ ૪ અનુકંપા ૫ આસ્તાઃ એ ૫

પ્ર. સમ એટલે શું ?

ઉ. સમ્યક્ પ્રકારે નવ તત્વાદીકનુ શ્વરૂપ જાણવું તે (અહીંઆં સમ એટલે સમ ભાવ રાખવો એમ પણ કેટલા કહે છે.)

પ્ર. સંવેગ એટલે શું ?

ઉ. વૈરાગ્ય દશા.

પ્ર. નિર્વેગ એટલે શું ?

ઉ. પાંચ ઇંદ્રીઓના વિષયથી વિરક્ત થવું તે.

પ્ર. અનુકંપા એટલે શું ?

ઉ. સર્વ જીવો ઉપર દયા રાખવી તે.

પ્ર. આસ્તા એટલે શું ?

ઉ. દેવ અરિહંત ગુરૂ નિગ્રંથને કેવળી પ્રણીત જૈન ધર્મની શ્રદ્ધા રાખવી તે.

પ્ર. એ પાંચ લક્ષણ કહેવાનું કારણ શું ?

ઉ. એ પાંચ માંહેનો કોઈ પણ ગુણ પ્રાપ્ત થવાથી જીવને સમકીત પામવાને યોગ્ય થવું તે.

પ્ર. એ પાંચ માંહેતું એક લક્ષણુ આવે તો સમકિતી કહેવાય કે નહી ?

ઉ. એથી સમકિતી કહેવાય નહી.

પ્ર. ત્યારે સમકિતી ક્યારે કહેવાય ?

ઉ. એ પાંચે લક્ષણુ પ્રાપ્ત થવાથી.

પ્ર. સમકિતી શાથી કહેવાય ?

ઉ. આચારથી.

પ્ર. આચાર કેટલા છે ?

ઉ. આઠ.

પ્ર. તેનાં નામશું ?

ઉ. ૧ જીન વચનમાં સંશય નહી, ૨ અન્ય મતની ઇચ્છા નહી ૩ કરણીના ફળનો સંશય નહી ૪ પર પાખંડીના આડંબરે મુઝાય નહી. ૫ સ્વધાર્મિની પ્રશંસા કરે ને સિદાતાને સહાય કરે ૬ કોઈ ધર્મથી પડતો હોય તેને આધાર આપે ૭ સ્વધર્મિની ભક્તિ કરે ૮ જૈન ધર્મને દીપાવે એ. ૮

પ્ર. સમકિતીને દરેક વ્રતમાં કેટલી છીંડીનો આગાર છે ?

ઉ. ૭ છીંડીનો.

પ્ર. છીંડી એટલે શું ?

ઉ. મોટે રસ્તે અડચણુ આવે તો નાંની ગલીના રસ્તે જવું તે.

પ્ર. તે ૭ છીંડીનાં નામ શું?

ઉ. ૧ રાજાને કારણે ૨ માતા પિતાના કારણે ૩ નાતના કારણે ૪ દેવતાના કારણે ૫ બળાત્કારના કારણે ૬ પરવશપણે અટવી વખાને કારણે.

પ્ર. એ ૭ છીંડી રાખવાનું કારણુ શું ?

ઉ. જે કામ કરવાની બધી કરી છે તે કામ ઉપરનાં ૭ કારણે કરવું પડે તો તેનું વ્રત તુટતું નથી.

પ્ર. આપણે ઘણી જરૂર શેની છે ?

ઉ. સમક્તિની.

પ્ર. તે સમક્તિનુ રક્ષણ કેમ થાય ?

ઉ. પાંચ પ્રકારનાં દુષણો ટાળવાથી.

પ્ર. તે પાંચ દુષણનાં નામશું ?

ઉ. ૧ જીન વચનમાં સંશય રાખવો નહી. ૨ અન્ય માર્ગની ઇચ્છા કરવી નહી. ૩ કરણીના ફળનો સંશય રાખવો નહી. ૪ બીજા પાખંડ મતનાં વખાંણ કરવાં નહી. ૫ પર પાખંડીનો ધર્મ નિમિત્તે પરિચય કરવો નહી; એ પાંચ.

પ્ર. એ પાંચ દુષણ ટાળવાથી સમકિત કેવું થાય ?

ઉ. નિર્મળ થાય.

પ્ર. સમક્તિ નિર્મળ વડે જીવ કેટલા ભવે મોક્ષમાં જાય ?

ઉ. કમતીમાં કમતી ત્રીજે ભવે અને ઘણામાં ઘણા પંદર ભવે મોક્ષમાં જાય.

પ્ર. સમક્તિના કેટલા ભેદ છે ?

ઉ. ૬૭—છે.

પ્ર. એમ જાણીશું કરવું ?

ઉ. તે સમક્તિ એટલે શ્રદ્ધાને રૂડી રીતે રાખવી.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૪૨

પ્રતિક્રમણના છઠ્ઠા પાઠના પ્રશ્નોતર.

પ્ર. છઠ્ઠા પાઠનુ નામ શું ?
ઉ. પહેલું અણુંવ્રત-
પ્ર. એ પાઠ શા વિષે છે ?
ઉ. જીવોની દયા પાળવા વિષે.
પ્ર. તે કેવા જીવોને દુઃખ ન દેવું ?
ઉ. મોટા જીવ તે ત્રસ જીવોને.
પ્ર. ત્રસ એવું નામ શાથી પડયું ?
ઉ. દુઃખથી ત્રાસ પામે તેથી.
પ્ર. ત્રસ જીવ શાથી ઓળખાય ?
ઉ. છ કારણથી તે ૧ સામા આવે ૨ વેગળા જાય ૩ અંગ સંકોચે ૪ અંગ પસારે ૫ દુઃખની જગ્યોએથી નાશી જાય ૬ સુખની જગ્યોએ દાખલ થાય એ ૬.
પ્ર. તેત્રસ જીવ કયા ?
ઉ. બેઇંદ્રિ તેઇંદ્રિ ચૌરિંદ્રિ પંચેંદ્રિ જીવ.
પ્ર. તે જીવને કેવી રીતે હણવા નહી ?
ઉ. આત્રસ જીવ છે એમ જાંણીને નજરે દેખીને હંકારીને ઉશ્કેરીને હણવાના ઈરાદા પુર્વક પોતાના સંબંધી આશ્રી વિના અપરાધે હણવા નહી.
પ્ર. તે જીવને કેટલા પ્રકારનું ને કેવું દુઃખ દીધું હોય ?
ઉ. પાંચ પ્રકારનુ મોટકું દુઃખ દીધું હોય.
પ્ર. તેનાં નામ શું ?
ઉ. ૧ ત્રસ જીવને ટુંકે બંધને બાંધવો નહિ એથી ગળે ટુંપો

આવવાથી મર્ણ થાય ૨ તિર્દેશ બુદ્ધીએ માર મારવો નહિ એથી મર્મસ્થાનકે વાગવાથી મૃત્યુ થાય ૩ કાન નાક આદી અવયવો દ્વેષે કરી તથા ખોજે કરી છેદવા નહિ ૪ ઉપાડ-નારની શક્તિ ઉપરાંત ભાર ભરવો નહિ ૫ ખોરાકી પાણીની અંત્રાય પાડવી નહી એ ૫.

પ્ર. એ પાઠમાં અણુંવ્રત કહેવાનુ કારણ શું?

ઉ. સાધુના સંપુર્ણ વ્રત કરતાં આ અધુરૂં વ્રત છે તેથી.

પ્ર. સાધુનું પહેલું વ્રત સંપુર્ણ કેવી રીતે છે?

ઉ. ત્રસ અને સ્થાવર એવા બે પ્રકારના જીવની સર્વથા હિંસા કરવી નહીં કરાવવી નહી, કરતાં ભલી જાણવી નહી.

પ્ર. સ્થાવર જીવ કેટલા પ્રકારના ને કયા?

ઉ. પાંચ પ્રકારના ૧ પૃથ્વીકાયના ૨ અપકાયના ૩ તેઉકાયના ૪ વાયુકાયના ૫ વનસ્પતીકાયના એ પાંચ સ્થિર રહે તે. એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય નહિ.

પ્ર. શ્રાવકને અધુરૂં વ્રત શી રીતે?

ઉ. ફક્ત ત્રસજીવને હણવા નહી તેથી.

પ્ર. સ્થાવર એટલે શું?

ઉ. સ્થિર રહે તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય નહિ.

પ્ર. સંપુર્ણ દયા કેટલા વસવાની?

ઉ. વિસ વસવાની.

પ્ર. તેમાં શ્રાવકને કેટલા વસવાની દયા?

ઉ. સવા વસવાની.

પ્ર. તે સવા વસવાની દયા કેવિ રીતે?

ઉ. ત્રસ સ્થાવર જીવને સર્વથા ન હણવા એ વિસ વસવાની દયા

છે તેમાંથી સ્થાવર જીવની હિંસા કરવાની શ્રાવકને બંધી નથી તેથી સ્થાવરના દસ વસવા ગયા હવે ત્રસના દસ વસવા છે તેમાં સ્વ અપરાધી અને વિના અપરાધી એ બે ભેદ છે તેમાં કોઇ પોતાનો અપરાધ કરે તેને હણવાની બંધી નથી તેથી સ્વ અપરાધીના પાંચ વસવા ગયા હવે વગર અપરાધીના પાંચ વસવા રહ્યા તેમાં એક નજરે જોવામાં ન આવે અને બીજા નજરે જોવામાં આવે એ બે ભેદ તેમાં જે નજરે જોવામાં ન આવે તેને હણવાની બંધી નથી તેથી પાંચમાંથી અઢી વસવા ગયા હવે નજરે જોવામાં આવે તેના અઢીવ સવા રહ્યા તેમાં એક વગર ઇરાદા પુર્વક અને બીજા ઇરાદાપુર્વક એ બે ભેદ છે તેમાં જે વગર ઇરાદા પુર્વક છે તેને હણવાની બંધી નથી તેથી અઢીમાંથી સવા વસવો ગયો અને શેષ સવા વસવો રહ્યો એટલીજ શ્રાવકથી દયા પળે છે–

પ્ર. સવા વસવાની દયા સ્પષ્ટ સમજાવો ?

ઉ. ત્રસ જીવને વગર અપરાધે નજરે જોઈને ઇરાદા પુર્વક હણવા નહી.

પ્ર. જગતમાં કેટલા વસવા ગણાય છે અને તે કયા ?

ઉ. વીસ વસવા તેમાં પાપના અઢાર વસવા તે અઢારે પાપસ્થાનક ધર્મનો દોઢ વસવો તે સાધુનો સંપુર્ણ ધર્મ અને ગ્રહસ્થનો અર્ધ ધર્મ એ બે મળી દોઢ થયો અને સત્યનો અર્ધ વસવો એ સર્વ થઈ ૨૦ વસવા થયા.

પ્ર. એમાં શું સમજવું ?

ઉ. જગતમાં સર્વથી થોડું સત્ય છે તેથી ધર્મ વધારે છે અને તેથી પાપ વધારે છે.

પ્ર. અજાંણુપણાથી કોઈ જીવ મરે તો શું કરવું ?

ઉ. તેનું પ્રાયશ્ચિત લઈ પવિત્ર થવું.

પ્ર. તે વ્રત કેટલી કોટીએ છે ?

ઉ. ૭ કોટીએ.

પ્ર એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૧૩.

પ્રતિક્રમણના સાતમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. સાતમા પાઠનુ નામ શું ?

ઉ. બીજું અણુંવ્રત.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. મોટકું અસત્ય વચન ત્યાગ કરવા વિષે.

પ્ર. તે મોટકું અસત્ય વચન કેટલા પ્રકારનું છે ?

ઉ. પાંચ પ્રકારનુ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ વરકન્યાના કામ આશ્રી ૨ગાય ભેંસ પ્રમુખ પશુ આશ્રી ૩ જમીનની હદ આશ્રી ૪ થાપણ ઓળવવા આશ્રી ૫ મોટકી કુડી સાક્ષી પુરવા આશ્રી, એ પાંચ.

પ્ર. તેથી શ્રાવકે શું કરવું ?

ઉ. એ પાંચે પ્રકારે મોટકું જુઠું બોલવું નહિ.

પ્ર. એ વ્રતને અણુંવ્રત કહેવાનું કારણ શું ?

ઉ. સાધુનું સર્વથા પ્રકારે જુઠું ન બોલાવવાના વ્રતથી અધુરૂં વ્રત છે તે.

પ્ર. એ વ્રતમાં કેટલા પ્રકારનું ને કેવું વાકય ન બોલવું ?

ઉ. પાંચ પ્રકારનું ને પરને પરિતાપ થાય તેવું.

પ્ર. તે પાંચનાં નામ શું ?

ઉ. ૧ કોઇને ધ્રાસકો પડે એવી ભાષા બોલવી નહી. ૨ કોઇના છાંના મર્મ પ્રકાશવા નહિ ૩ સ્ત્રી પુરૂષની એબ પ્રકાશવી નહિ ૪ ખોટો ઉપદેશ દેવો નહિ ૫ ખોટા લેખ પત્ર લખવા નહિ. એ પાંચ.

પ્ર. એ પ્રકારનું જુઠું બોલવાથી શું થાય ?

ઉ. રાજદંડ વિગેરે દુઃખ થાય અને કોઇ વિશ્વાસ કરે નહિ.

પ્ર. આપણે ઘણી જરૂર શેની છે ?

ઉ. સત્ય વચન બોલવાની.

પ્ર. લક્ષ્મીનો વાસો ક્યાં છે ?

ઉ. જ્યાં સત્યતા છે ત્યાં.

પ્ર. અસત્ય વચન બોલનારને શેની ઓપમા છે ?

ઉ. ત્રીજા ઘડાની.

પ્ર. ત્રીજો ઘડો કયો ?

ઉ. એક સંપુર્ણ ઘડો બીજો પેટે કાંણો ને ત્રીજો તળે કાંણો.

પ્ર. એમાં શું સમજવું ?

ઉ. જેમ તળે કાંણો હોય તે ઘડામાં બીલકુલ પાણી રહે નહિ તેવી રીતે અસત્ય વચન બોલનારમાં સદ્ગુણીરૂપી પાણી રહે નહિ.

પ્ર. માટે આપણે શું કરવું ?

ઉ. મર્ણાંતે પણ અસત્ય વચન બોલવું નહી.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ છે ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૭૦

પ્રતિક્રમણના આઠમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. આઠમા પાઠનું નામ શું ?

ઉ. ત્રીજું અણુંવ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. મોટકી ચોરીથી નિવર્તવા વિષે.

પ્ર. ચોરી એટલે શું ?

ઉ. વસ્તુના માલીકની રજા સીવાય લેવું તે.

પ્ર. મોટકી ચોરી કોને કહીએ ?

ઉ. જેથી માણસને શ્રમ ઉપજે રાજમાં દંડાય ને લોકોમાં જોડાય. તેવી વસ્તુ માલીકની રજા વિના લેવી તે.

પ્ર. ચોરીનું બીજું નામ શું ?

ઉ. અદત્તા દાન.

પ્ર. અદત્તા દાન એટલે શું ?

ઉ. અણુદીધેલું લેવું તે—

પ્ર. શ્રાવકને કેવું અદત્ત લેવાથી વ્રત ભંગ ન થાય ?

ઉ. નિભ્રમી વસ્તુ લેવાથી.

પ્ર. નિભ્રમી એટલે શું ?

ઉ. જેમાં માણસને ભ્રમ પડે નહિ તે.

પ્ર. એવી નિભ્રમી વસ્તુ શી ?

ઉ. કલમ, કાગળ, સુંઘવાની તમાકુ, સોપારી, ત્રણ, ઘાસ, પ્રમુખ અલ્પ મુલ્ય વાળીવસ્તુ—

પ્ર. એ વ્રતને અણુંવ્રત કહેવાનું કારણ શું ?

ઉ. સર્વથા પ્રકારે અણુદીધેલું નહી લેવું એવા સાધુના વ્રતથી

અધુરૂં વ્રત તેથી.

પ્ર. મોટકી ચોરી કેટલા પ્રકારની ?

ઉ. પાંચ પ્રકારની.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ચોરીની વસ્તુ લઇએ, ૨ ચોરને મદદ કરે, ૩ જુગાર દાંણુ ચોરી પ્રમુખ, રાજવિરૂદ્ધ કંઇપણ કામ કરે, ૪ ખોટાં તોલ માપ રાખે, ૫ સારી જણશ બતાવીને નબળી જણશ આપે, એ પાંચ.

પ્ર. તેથી શ્રાવકને શું કરવું ?

ઉ. એવી ચોરી કરવી નહી.

પ્ર. વળી કેવી કેવી જાતની ચોરી કહેવાય છે ?

ઉ. ખાતર પાડે, ગાંઠે બાધેલી વસ્તુ છોડી લએ તાળા ઉપર બીજી કુંચી લગાડે, ખીસાં કાતરે, રસ્તામાં પડેલી વસ્તુ ધ-ણીઆતી જાંણી રાખે, ગામ, ઘેરે, ધાડ પાડે, ખોટા લેખ પત્ર લખે, ઓછું આપે, વધારે લે, સારી વસ્તુમાં નબળી વસ્તુ ભેળવે, ઠગાઇ કરી વસ્તુ લે ઇત્યાદીક ઘણી જાતના ચોર છે.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. એવી કોઇ પ્રકારની ચોરી કરવી નહી.

પ્ર. એવી ચોરી કરવાથી શું થાય ?

ઉ, આ ભવે ફજેતી થાય, વધ બંધન પામે ને પરભવે નર્કાદી-કનાં દુ:ખો સહન કરવાં પડે.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ છે ?

ઉ. ૭ કોટીએ છે.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૨૦

પ્રતિક્રમણના નવમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. નવમા પાઠનું નામ શું ?

ઉ. ચોથું અણુંવ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે.

ઉ. મોટકું મૈથુન ત્યાગ કરવા વિષે.

પ્ર. મહોટા મૈથુનનો ત્યાગ કેવી રીતે કરવો ?

ઉ. પુરૂષે પંચની સાક્ષીએ ગ્રહણ કરેલી પોતાની સ્ત્રીથીજ સંતોષ-માંનવો તે સીવાય બીજી તમામ સ્ત્રીનો ત્યાગ કરવો અને સ્ત્રીએ પંચની સાક્ષીએ ગ્રહણ કરેલા પોતાના પુરૂષથીજ સંતોષ માં નવો તે શિવાય બીજા તમામ પુરૂષનો ત્યાગ કરવો

પ્ર. એ વ્રતને અણુંવ્રત કહેવાનું કારણ શું ?

ઉ. સાધુના સર્વથા પ્રકારે મૈથુનથી નિવર્તવાના વ્રતથી અધુરૂં વ્રત છે તેથી.

પ્ર. કેટલી જાતીના જીવો મૈથુન સેવે છે ?

ઉ. ત્રણ જાતીના.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. દેવતા, મનુષ્ય, ને તિર્યંચ સંબંધીએ ૩.

પ્ર. પુરૂષને સર્વથા પ્રકારે મૈથુનનો ત્યાગ કેવી રીતે થાય ?

ઉ. દેવી,મનુષ્યણી ને તિર્યંચણી એ ત્રણ જાતીની સ્ત્રીઓને તજવાથી.

પ્ર. સ્ત્રીને સર્વથા પ્રકારે મૈથુનનો ત્યાગ કેવી રીતે થાય ?

ઉ. દેવતા મનુષ્ય ને તિર્યંચ એ ત્રણ જાતીના પુરૂષોનો ત્યાગ કરવાથી.

પ્ર. એ પાઠમાં સદારા સંતોષી એ શબ્દ છે તે સ્ત્રીઓએ કેવી રીતે બોલાવવો ?

ઉ. સ ભરતાર સંતોષીએ.

પ્ર. મૈથુનનાં બીજાં નામ શું ?

ઉ. અબ્રહ્મચર્ય, કુશીલ, વિષય વિગેરે ઘણાં નામ છે.

પ્ર. દેવતા સંબંધી મૈથુનનો ત્યાગ કેટલી કોટીએ થાય ?

ઉ. છકોટીએ.

પ્ર. મનુષ્ય, તિર્યંચ સંબંધી મથુનનો ત્યાગ કેટલી કોટીએ થાય ?

ઉ. એક કોટીએ.

પ્ર. તે એક કોટી કેવી રીતે બોલાય ?

ઉ. એગવિહં, એગવિહેણં, ન કરેમિ, કાયસા.

પ્ર. તે એક કોટી જુદી ગણાવો ?

ઉ. કાયાએ કરી મૈથુન સેવવું નહી.

પ્ર. તેની અંદર કરણ કેટલા અને જોગ કેટલા. ?

ઉ. એક કરણ ને એક જોગ–

પ્ર. એ વ્રતને વિષે કેવી રીતે વર્તવું ?

ઉ. ૧ નાની ઉમરની સ્ત્રી પરણેલી છે છતાં તેની સાથે ગમન કરવું નહી, કારણ કે શરિરના અવયવોને નુકશાન પહોંચે અને તેથી કોઈ વખતે સ્ત્રીનું મૃત્યુ થાય. એજ રીતે સ્ત્રીએ નાની ઉમરના પરણેલા પુરૂષ સાથે ગમન કરવું નહિ.

૨ સગપણ કરેલી સ્ત્રી સાથે ગમન કરવું નહિ કારણ કે કુંવારીને બીજે સ્થળે પણ પરણાવી શકાય છે તેથી વ્યભિચારનોને ગર્ભપાતનો દોષ લાગે તે જગતવિરૂદ્ધ ને રાજ્યવિરૂદ્ધ ગણાયાથી ગુન્હેગાર થાય, એજ રીતે સ્ત્રીએ સગપણ કરેલા પુરૂષસાથે ગમન કરવું નહિ. ૩ અનેરે અંગે કામ ક્રીડાની ચેષ્ટા

કરવી નહી. ૪ પારકાં વિવાહ નાતરાં કરાવવાં નહિ. ૫ કામ ભોગ ઉપર તિવ્રાભિલાષા રાખવી નહિ.

પ્ર એ વ્રતને શ્રેષ્ટ ગણવાનું કારણ શું ?

ઉ. તેમાં જીવદયા સત્યદત્તવ્રત અપરિગ્રહ એવાં વ્રતોનો સમાવેશ થાય છે તેથી.

પ્ર. ધાવણા બાળકની માતા ઉપવાસાદિક તપશ્ચા કરે તો શું થાય ?

ઉ. તપશ્ચાથી દુધ સુકાઇ જાય તેથી બાળકને ખોરાકી નહી મળવાથી અને માતાસિવાય બીજાનું દુધ અપથ્ય પડવાથી બચ્ચાનું મર્ણ થાય છે, તેમજ ઓછું દુધ મળવાથી ભોજન પાણીની અંત્રાય પાડવાનો પેલા વ્રતનો અતિચાર લાગે છે.

પ્ર. તેથી માતાએ બાળકનું હીત ઇચ્છવા શું કરવું. ?

ઉ. બાળકનુ સારી રીતે રક્ષણ કરવું.

પ્ર. બાળક ગર્ભમાં હોય તે વખતે શિયળ ન પાળે તો શું થાય ?

ઉ. બચ્ચાના અવયવોને નુકશાન પહોંચે છે કોઇ વખત ફુટી જાય છે. બહેરો થાય છે. વળી બાળકજન્મ્યા પછી વ્યભીચારી પણ થાય છે ઇત્યાદીક ઘણું નુકશાન થાય છે.

પ્ર. આપણે વધારે શેનું રક્ષણ કરવું ?

ઉ. બ્રહ્મચર્યનું.

પ્ર. બ્રહ્મચર્ય પાળવાથી ફાયદો શું ?

ઉ. શરિર મજબૂત થાય ને નિરોગી રહે, ગ્નાન તંતુઓ વધારે ખીલતા રહે ને જીંદગી લાંબો વખત સુખે ગુજારે ઇત્યાદીક ઘણા ફાયદા છે.

પ્ર. બ્રહ્મચર્ય નહિ પાળવાથી શું થાય ?

ઉ. શરિર નિર્બળ રોગીષ્ટ રહે, બુદ્ધીનો નાશ થાય અને થોડા

વખતમાં જીંદગી ખતમ થાય ઈત્યાદીક ઘણા ગેરફાયદા છે.

પ્ર. એક દિવસ શિયળ પાળવાથી શું ફળ થાય ?

ઉ. કોઈ માણસ ૭ મહીના સુધી એકાંતર ઉપવાસ કરે તેવું ૭ માસી તપનું ફળ થાય.

પ્ર. વ્યભિચાર એટલે શું ?

ઉ. પુરૂષે પોતાની સ્ત્રી શિવાય બીજી સ્ત્રી સાથે ગમન કરવું અને સ્ત્રીએ પોતાના પતિશિવાય બીજા પુરૂષ સાથે ગમન કરવું તે.—

પ્ર. વ્યભિચારથી શું દોશ ?

ઉ. જુઠ, ચોરી, કપટ, જીવહિંશા વિગેરે ઘણાં પાપ કરે તેમજ ચાંદી, પરમીઆ, દમ, ક્ષય, વિષફોટક વિગેરે ઘણાં દરદો ઉત્પન્ન થાય છે. તેમજ રાજદંડે, જગતમાં અપયશને પાત્ર થાય ઈજતનો, ધનનો નાશ થાય, તેના બાળક વ્યભિચારી, વળી પરભવે આંખે આંધળો થાય ખાંસી કરવાથી નપુષકપણું-પામે, પથરી નો મુત્રકુછ (પેશાબ અટકી જવાનો)નો તથા ગુહ્યસ્થાને દાહનો રોગ થાય, ભરજુવાનીમાં રંડાપો પામે, સાસરાપીઅરીઆનું ઉજડ કરે તેવી વિષકન્યા કે વિષપુરૂષ થાય અને નર્કાદીકનાં દુઃખો ઘણાંજ સહન કરવાં પડે.

પ્ર. બાળકની ચાલ સુધારવા માતાપિતાએ શીરીતે કરવું ?

ઉ. માતાપિતાએ સદાચરણથી ચાલવું.

પ્ર. બ્રહ્મચર્યનું રક્ષણ કેવી રીતે કરવું ?

ઉ. જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધી બ્રહ્મચારી પુરૂષે બેસવું નહિ ,કારણ કે બેસવાથી સ્ત્રીનાં નબળાં રજકણો જમીન ઉપર લાગેલાં હોય તે આપણા શરિરમાં દાખલ થવાથી કામદેવ ઉત્પન્ન થાય અને બુદ્ધી ધીરજ, ને હીંમત એ ત્રણે નિર્બળ

બને છે તેમજ જે જગ્યા એ પુરૂષ બેઠેલ હોય ત્યાં બે ઘડી સુધી બ્રહ્મચારીણી સ્ત્રીએ બેસવું નહિ. વળી સાત વર્ષનો પુત્ર થાય ત્યારપછી સ્ત્રીએ પોતાની સજ્યામાં તે પુત્રને સુવાડવો નહિ, અને સાડા છ વર્ષની પુત્રી થાય ત્યાર પછી પુરૂષે પોતાની સજ્યામાં તે પુત્રીને સુવાડવી નહિ, પરસ્ત્રી સાથે એકાંતમાં વાત કરવી યા બેસવું નહી, નાલાયાક શબ્દો બોલવા નહિ, ઠઠ્ઠા મશ્કરી કરવી નહિ, ખુંખારો કે અવાજ કર્યા શિવાય બીજાના ઘરમાં પેસવું નહિ, જે સ્ત્રીની પ્રતિત ન હોય તેના ઘરમાં જવું નહિ, હરેક રીતે બીજાને શંકા ઉપજે તેવી રીતે વર્તવું નહિ. એજ રીતે સ્ત્રીએ પરપુરૂષના સંબંધમાં વર્તવું અને કાળે અકાળે વાટે ઘાટે એકલાં જવું નહિ, તેમજ નટખટ નઠારા પુરૂષ સાથે જવું નહિ, અગત્યના કામ શિવાય બીજાના ઘેરે જવું નહિ ઈત્યાદીક પ્રકારે બ્રહ્મચર્યનું રક્ષણ કરી પુરૂષે પત્નીવ્રત પાળવું અને સ્ત્રીએ પતિવૃતાધર્મ પાળવો.

પ્ર. જોગ નહિ મળવાથી પરવશપણે બ્રહ્મચર્ય પાળવાથી શું ફળ થાય ?

ઉ. ચોસઠ હજાર વર્ષના આયુષ્યે દેવતા થાય છે.

પ્ર. એ વ્રત નિર્મળ પાળવાથી શું ફળ થાય ?

ઉ. અનંતા કર્મની નિર્જરા થાય અને ઉત્કૃષ્ટો (ઘણામાં ઘણો) રસ આવેતો તિર્થંકર નામ ગૌત્ર બંધાય.

પ્ર. બાળલગ્નથી શું શું નુકશાન થાય છે ?

ઉ. મર્ણનું–રોગીનું–નિર્બળતાનું–નિર્બુદ્ધીપણાનું ને નિર્બળ પ્રજા ઉત્પન્ન થવાનું પ્રમાણ વધે છે તે વિષે દોહરો.

દોહરો—તન મજબુત થયા વિના, જે પરણાવે બાળ,

તેથી પ્રજા જે નિપજે—હિણુ ભાગી વિકરાળ.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. સર્વ પ્રકારે આપણું ભલું ઇચ્છવા માટે બાળલગ્ન કદીપણુ કરવાં નહિ.

પ્ર. વૃદ્ધ લગ્ન કરવાથી શું નુકશાન થાય છે ?

ઉ. વ્યભિચારનો દોષ વધે છે, વિધવાની સંખ્યા વધે છે અને કન્યા વિક્રયનો દોષ પણુ વધે છે.

તે વિષે દોહરો.

ગીરધર વૃદ્ધ લગ્નો થકી, વધે અતિ વ્યભિચાર;
વિધવા કન્યા વિક્રયો, વધે તે પારાવાર. ૧
કન્યા વિક્રય જે કરે, વૃદ્ધ લગ્ન કરનાર;
હજાર દયા પેંજારતો, તસ્‌શિરે ગિરધરલાલ. ૨

પ્ર. કન્યા વિક્રય કરનારને કેવો કહેવાય ?

ઉ. કસાઇથી પણુ ભુંડો.

પ્ર. શા કારણુથી કશાઇથા ભુંડો કહેવાય ?

ઉ. કશાઈ પારકા જીવનો માંસ વેચે છે અને કન્યા વિક્રય કરનાર પૈસાની લાલચે પોતાની પુત્રીનો માંસ વેચે છે તેથી.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. બાળ લગ્ન કે વૃદ્ધલગ્ન કે કન્યાવિક્રય કદી પણુ કરવાં નહિ

પ્ર. એક માસમાં કમતીમાં કમતી કેટલા દીવસ બ્રહ્મચર્ય પાળવું?

ઉ. દશ દિવસ.

પ્ર. તે દશ દિવસ કયા ?

ઉ. બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, પાખી, (પુનમ તથા અમાવાસ્યા) એ પાંચ શુકલ પક્ષના અને એ પાંચ કૃશ્ન પક્ષના

એ દશદિવસ અને પર્યુષણ પર્વ તેમજ બીજા પર્વના દીવસે પણ અવશ્ય શિયળ પાળવું.

પ્ર. એ દિવસોમાં પાળવાનું કારણ શું?

ઉ. એ પવિત્ર દિવસો છે તેથી તેવા દિવસોમાં આપણે બીજી ગતિનો બંધ પડવાનો હોય તો સારો પડે તેથી.

પ્ર. કિયા ટાઇમે અવશ્ય શિયળ પાળવું?

ઉ. પ્રભાતે, દિવસે, સંધ્યાએ અને મધ્યરાત્રીએ એ ચાર ટાઇમે.

પ્ર. તેનું કારણ શું?

ઉ. એ વખતે રહેલો ગર્ભ કુરકર્મિ પાપીષ્ટ નિર્બુદ્ધીને નિતિના ગુણથી રહીત થાય છે તેથી.

પ્ર. વળી પ્રભાતે અને સંધ્યા એ શું ન કરવું?

ઉ. ખાવું નહિ, ઉંઘવું નહિ, ને શાસ્ત્રની સ્વાધ્યાય કરવી નહિ.

પ્ર. તેનું કારણ શું?

ઉ. ખાવાથી રોગ થાય, ઉંઘવાથી ધનનો નાશ થાય, ને શાસ્ત્રની સ્વાધ્યાયથી મર્ણ થાય.

પ્ર. વળી સ્ત્રીએ રજો દર્શન (અટકાવ) થાય ત્યારે કેવી રીતે વર્તવું?

ઉ. પુરેપુરા ત્રણ દીવસ તો અવશ્ય પાળવા અને વિશેષમાં જ્યાં સુધી દેખાય ત્યાં સુધી જરૂર પાળવા, તેવા દિવસોમાં ઘરનું કામ કંઈ પણ કરવું નહિ, કોઇને બીલકુલ અડવું નહિ.

પ્ર. તેવી રીતે ન વર્તતો, શું થાય?

ઉ. એકનિષ્ટ રૂધીરનાં રજકણો જેને લાગે તેની બુદ્ધીનો નાશ થાય છે, ઘરમાંથી ધનનો નાશ થાય છે, બીજાને ગરમી પ્રમુખનાં દર્દ ઉત્પન્ન થાય છે; બોળાવાડો બોલતો નથી પણ બોળી નાંખે છે ઇત્યાદીક ઘણી નુકશાની થાય છે.

પ્ર. તેનો દાખલો કોઈ છે ?

ઉ. હા. જુવો પાપડ કરવા ખારાનું પાણી કર્યું હોય તે વાસણની રજો દર્શનવાળી સ્ત્રીની છાયા પડેતો ખાર જતો રહે છે અને પછી તે પાણી પાપડમાં નાંખવાથી પાપડ રાતા થાય છે ઈત્યાદીક ઘણા દાખલા છે.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૪૫ છે.

પ્રતિક્રમણના દશમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. દશમા પાઠનું નાંમ શું ?

ઉ. પાંચમું અણુંવ્રત.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. પરિગ્રહનું પ્રમાણ (મર્યાદા) કરવા વિષે—

પ્ર. એ પ્રમાણ કરવાનું કારણ શું ?

ઉ. હદપાર જતી ઇચ્છાને અટકાવવા માટે—

પ્ર. હદપાર જતી ઇચ્છાને અટકાવવાનું કારણ શું ?

ઉ. દરેક કાંમની હદ હોય છે. હદપર કાંઈ પણ કામ કરે તો જરૂર નુકશાન થાય છે. લુણ હદથી વધારે નાંખેતો અનાજ ખારૂં થાય છે. બાળક હદથી વધારે ગર્ભમાં રહેતો દુશ્મન ગણાય છે. ઘીને વધારે ધોવાથી ઝેર થાય છે. હદથી વધારે ખાવા પીવાથી પેટમાં પીડા થાય છે. હદપાર કામ કરવાથી માંદો થાય છે ઇત્યાદીક હદપાર કરવાથી ઘણી નુકશાની થાય છે તેથી હદપાર કોઇપણ કામ કરવું નહિ.

પ્ર. પરિગ્રહ એટલે શું ?

ઉ. સ્થાવર જંગમ વસ્તુને ઇચ્છા ધરાવી ગ્રહણ કરવું તે

પ્ર. સ્થાવર એટલે શું ?

ઉ. સ્થિર રહે એક સ્થળેથી બીજે સ્થળે જાય નહિ તે–

પ્ર. જંગમ એટલે શું ?

ઉ. એક સ્થળેથી બીજે સ્થળે જાય તે–

પ્ર. પરિગ્રહ કેટલા પ્રકારનો છે ?

ઉ. નવ પ્રકારનો–

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ઉઘાડી ધરતી- ક્ષેત્રવાડી પ્રમુખ, ૨ ઢાંકેલી ધરતી ઘર હાટ હવેલી પ્રમુખ, ૩ રૂપું, ૪ સુવર્ણ, ૫ જેના ઉપર રાજાની મોહોર છાપ પડી હોય તે રોકડનાણું ૬ અનાજ, ૭ બેપગવાળાં તે દાસદાસી પંખી પ્રમુખ, ૮ ચારપગવાળાં તે ગાય ભેંસ પ્રમુખ પશુ, ૯ ઘરવખરી તે પેટી પટારા પ્રમુખ એ ૯.

પ્ર. સુવર્ણ એટલે શું ?

ઉ. જેનો ભલો રંગ છે તે,

પ્ર. એવી વસ્તુ શું ?

ઉ. સોનુ. હીરા. માણેક. પાનાં પોખરાજ મોતી વીગેરે.

પ્ર. અનાજ કેટલી જાતનું છે ?

ઉ. ૨૪ જાતનું

પ્ર. એ વ્રતને અણુંવ્રત કેવાનું કારણ શું

ઉ. સાધુનું સર્વથા પ્રકારે પ્રરિગ્રહ નહિ રાખવાના વ્રતથી અધુરૂં વ્રત છે તેથી.

પ્ર. એકેવો પરિગ્રહ કહેવાય.

ઉ. બાહ્ય પરિગ્રહ કહેવાય.

પ્ર. અભ્યંતર પરિગ્રહ કેટલા પ્રકારના છે ?

ઉ. ૧૪ પ્રકારના (તે પાંચમા પાઠમાં ચૌદ પ્રકારની અભ્યંતર ગાંઠ તરીકે દાખલ કરેલ છે તેથી અહીંઆં લખેલ નથી)

પ્ર. એ ચૌદ પ્રકારનો અભ્યંતર પ્રરિગ્રહ શ્રાવકથી તજાય કે નહિ ?

ઉ. અંશે અંશે કેટલોક તજી શકાય—

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ૩ કોટીએ,

પ્ર. તેમાં કરણ કેટલાને જોગ કેટલા ?

ઉ. એક કરણ ને ત્રણ જોગ.

પ્ર. તે એક કરણને ત્રણ જોગ તે કયા ?

ઉ. કરૂં નહિ તે કરણ અને મન વચનને કાયા એ ત્રણ જોગ—

પ્ર. મિલ્કતની કેવી રીતે વ્યવસ્થા કરવી ?

ઉ. આપણી પાસે જેટલી મિલ્કત હોય તેહના ચારભાગ કરવા— તેહમાં એક ભાગ વ્યાજે ફેરવવો, એક ભાગનો વ્યાપાર કરવો, એક ભાગ ઘરવખરી રાખવી અને એક ભાગ પુન્યાર્થે ખરચવો

પ્ર. એ પ્રમાણે કરવાથી શું થાય ?

ઉ. આ જીંદગીમાં ઈજ્જતને બટ્ટો લાગે નહિ અને પરજીંદગીમાં સુખી થાય—

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૪૫.

પ્રતિક્રમણના અગ્યારમા પાઠનાં પ્રશ્નોતર.

પ્ર. અગ્યારમા પાઠનું નામ શું ?

ઉ. દિસી વ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. ૭ દીશાનું પ્રમાણુ કરવા વિષે—
પ્ર. તે ૭ દિશાનાં નામ શું ?
ઉ. ૧ પૂર્વ ૨ પશ્ચિમ ૩ ઉત્તર ૪ દક્ષિણુ ૫ ઉંચી ૬ નીંચી એ ૬
પ્ર. ૭ દિશાનું પ્રમાણુ કરવાનું કારણુ શું ?
ઉ. હદપાર નહિ જવા માટે.
પ્ર. તે ૭ દિશાનું પ્રમાણુ કરનારે કેવી રીતે વર્તવું ?
ઉ. ઉંચી, નીંચી, નેત્રીછી દિશાનુ પ્રમાણુ ઓલંઘવું નહિ, ચારે દિશાના ગાઉ એકઠા કરી એક દિશાએ જવું નહિ. સંશય પડયા પછી આગળ જવું નહિ.
પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?
ઉ. ૭ કોટીએ—
પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?
ઉ. ૧૯૪

પ્રતિક્રમણના બારમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. બારમા પાઠનું નામ શું ?
ઉ. ઉવભોગ પરિભોગ વ્રત—
પ્ર. એ પાઠ શા વિષે છે ?
ઉ. ઉવભોગ પરિભોગનું પ્રમાણુ કરવા વિષે—
પ્ર. ઉવભોગ એટલે શું ?
ઉ. જે વસ્તુ એકજવાર ભોગવવામાં આવે તે અન્ન પાણી સુગંધી વિગેરે—
પ્ર. પરિભોગ એટલે શું ?
ઉ. જે વસ્તુ એની એજ વારંવાર ભોગવવામાં આવે તે ઘર વસ્ત્ર આભૂષણુ સ્ત્રી પ્રમુખ—

પ્ર. એ વ્રત કેટલા ભાગમાં વહેચાએલું છે?

ઉ. બે ભાગમાં—

પ્ર. તે બે ભાગ કયા ?

ઉ. એક શરીરના સંબંધમાં ને બીજું વ્યાપારના સંબંધમાં—

પ્ર. શરીરના સંબંધમાં છે તેમાં કેટલા બોલનું પ્રમાણ કરવું?

ઉ. ૨૬ બોલનું.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ સ્નાન કર્યા પછી શરીર લુસવાના વસ્ત્રનું પ્રમાણ ૨ દાતણનું પ્રમાણ ૩ સ્નાન કરવાના ઉપયોગમાં આવે એવાં આંબળાં અરિઠા પ્રમુખ ફળનું પ્રમાણ ૪ શરીરે ચોળવાના તેલનું પ્રમાણ ૫ શરીરે ચોળવાની પીઠી ઈત્યાદીકનું પ્રમાણ ૬ સ્નાનનું ને તેમાં વપરાતા પાણીનું પ્રમાણ ૭ પહેરવાનાં વસ્ત્રનું પ્રમાણ ૮ સુખડ ચંદનાદીક વિલેપનનું પ્રમાણ ૯ પુષ્પનું પ્રમાણ ૧૦ ઘરેણાનું પ્રમાણ ૧૧ ધુપનું પ્રમાણ ૧૨ કાવો અને તેજાના સહિત ઉકાળેલા દુધનું તે રાબડી પ્રમુખનું પ્રમાણ ૧૩ સુખડી (પકવાનની) જાતીનું પ્રમાણ લાસુ (ખાંડેલું) ધાંન તેનું પ્રમાણ ૧૫ કઠોળની જાતીનું પ્રમાણ પાંચ પ્રકારની વિગય દુધ, ઘી, દહીં, તેલ ગોળ પણ તેનું પ્રમાણ ૧૭ લીલોત્રીનું પ્રમાણ ૧૮ મેવાનું પ્રમાણ ૧૯ સર્વે જાતીના ભોજનનું પ્રમાણ ૨૦ પીવાના પાણીનું પ્રમાણ ૨૧ સોપારી, લવીંગ, પ્રમુખ મુખવાસની જાતીનું પ્રમાણ ૨૨ પગરખાનું પ્રમાણ ૨૩ ગાડી વહેલ પ્રમુખ વહાનનું પ્રમાણ ૨૪ સુવા બેસવાના આસનનું પ્રમાણ ૨૫ સચીત (જીવવાળા)

દ્રવ્યનું પ્રમાણ ૨૬ અચીત (જીવ રહિત) દ્રવ્ય (વસ્તુ) નું પ્રમાણ એ ૨૬

પ્ર. એ છવીસ વસ્તુ શા કામમાં આવે છે ?

ઉ. શરિરના ઉપયોગમાં આવે છે.

પ્ર. એ ચવીસ બોલનું પ્રમાણ કરવાનું કારણ શું ?

ઉ. દરેક વસ્તુનો મર્યાદા પુર્વક ઉપયોગ. થવો જોઈએ, હદ ઉપરાંત કરવાથી પૈસાની ખરાબી શરિરની નુકશાનીને કુફાંતી ગણાય છે તેથી હદ ઉપરાંત નહિ કરવું વળી હમેશાં જીવને પાપની રાવઈ ઘણી આવતી હોય તો થોડી થાય તેથી

પ્ર. વ્રતધારી શ્રાવકો એ કેવી ચીજ ખાતાં અટકવું ?

ઉ. જેને સચેતનાં પચખાંણ હોય તેને સચિત ચીજનખાવી ૨ બાંવળ વિગેરે વૃક્ષથી ગુંદર ઉખેડી ખાવો નહિ ૩ તત્કાળ વાટેલી ચીજમાં જીવના પ્રદેશ રહી ગયા તે ચીજ ખાવી નહિ ૪ ભડથાં તથા ઉંધીઆં પ્રભુખ કરેલી ચીજ ખાવી નહિ પજે ચીજ ખાધામાં થોડી આવે અને નાંખી દેવી ઘણી પડે એવી ચીજ ખાવી નહી.

પ્ર. થોડી ખાવી અને ઘણી નાખી દેવી પટે એવી શું બીજ ?

ઉ. સેલડી સીતાફલ બોર પ્રમુખ.

પ્ર. તે ચીજ સર્વથા પ્રકારે ત્યાગ ન થાય તો શું કરવું ?

ઉ. નખવાય તેમ થોડો ત્યાગ કરતા જવું.

પ્ર. કીયા દીવસે અવશ્ય લીલોત્રી નખાવી ?

ઉ. બીજ, પાંચમ, આઠમ, અગ્યારસ, ને પાખી (પુનમ તથા તથા અમાવાસ્યા) શુકળ પક્ષના ને પાંચ કૃશ્ન પક્ષના એ દશ દીવસ તેમજ પર્યુષણના દિવસે નખાવી.

પ્ર. તેનું કારણ શું ?

ઉ. તે જીવની દયા અને રસેંદ્રીનું નિગ્રહ પણું ને માપથી વધારે થએલું પીતનાસ થઈ જાય તેથી.

પ્ર. કેટલા પ્રકારના વ્યાપાર કરવાથી પાપ કર્મ ઘણા બંધાય ?

ઉ. પંનર પ્રકારના.

પ્ર. તેહના નામ શું ?

ઉ. ૧ કોયલા પાડી તથા એકવિસ જાતની ભઠ્ઠી પકવીને વેપાર કરવાથી ૨ લીલાં ઝાડ વઢાવી વેપાર કરવાથી ૩ ગળી પ્રમુખ નોસોડ તથા ગાડાંનાં પૈડાં મેળવી વેપાર કરવાથી ૪ બળદ ઘોડા ગધેડા પાડા ઉંટ વિગેરે ત્રસ જીવને માથે ભાર ભરી ભાડા કસબ કરવાથી ૫ ધરતીનાં પેટ ફોડાવી ખેતીવાડી તથા સલાટ ઓડના વેપાર કરવાથી ૬ હાથી દાંત કપાવવાનો વેપાર કરવાથી ૭ ચમરી ગાય પ્રમુખના કેશ કપાવવાથી ૮ મધ, દારૂ, ચરબી, તાડી વીગેરે નિચ રસનો વેપાર કરવાથી. ૯ લાખનો વેપાર કરવાથી ૧૦ ઝેરનો વેપાર કરવાથી ૧૧ ઘાણી, ચરખા. ચકંદા શેલડીનાવાઢ વિગેરે યંત્રોનો વેપાર કરવાથી ૧૨ મનુષ્ય ત્યા પશુનાં અંગોપાંગ છેદી ખાંસી કરવાનો વેપાર કરવાથી ૧૩ ડુંગર પ્રમુખમાં દવ લગાડી આ જીવીકા કરવાથી ૧૪ સરોવર પ્રમુખ પાંણીનાં ઠાંમ ઉલેચવાં યા ઉલેચાવવાથી ૧૫ હિંશક જનાવર તે કરતાં, બીલાડાં, વાઘ, સીંહવિગેરે પાળીપોષીને વેપાર કરવાથી. એ. ૧૫.

પ્ર. કોઇને કુલાચારથી તે વેપાર હોય તો શું કરવું ?

ઉ. જેથી પંચેદ્રી જીવનો વધ થાય અને જગતમાં નિંદનીક ગણાય તેહવો વેપાર તદન બંધ કરી બાકીના વેપારની મર્યાદા કરવી

પ્ર. જેમાં પંચેદ્રી જીવનો વધ થાય ને નિંદનીક ગણાય એવો વેપાર કરવા વાળો કયાં જાય ?

ઉ. નર્કનિગોદાદીક દુર્ગતિમાં જાય છે.

પ્ર. વ્યાપાર કરતાં કેવી રીતે વર્તવું ?

ઉ. જુઠું બોલવું નહિ, કપટ પ્રપંચ કરી કોઇને છેતરવા નહિ, દેવ, ગુરૂ, સત્ય ધર્મ વિગેરેના કદી પણ કસમ ખાવા નહિ, ખોટાં તોલ માપ રાખવાં નહિ, વસ્તુમાં સેળ ભેળ કરવો નહિ, સારી જણસ બતાવી નબળી જણસ આપવી નહિ, રકમ આઘી પાછી લખવી નહિ, વિશ્વાસ ઘાત કરવો નહિ, ગેરવ્યાજબી વ્યાજ લેવું નહિ, કમાણી ઉપર રૂપીએ એક આનો કે છેવટ એક પૈસો પોતાની શ્રદ્ધા મુજબ પુન્યાર્થનો હીસ્સો અવસ્ય કાઢવો, વ્યાજબી રીતે સત્યતા પ્રમાણે વર્તવું.

પ્ર. શ્રાવકને કેટલી વસ્તુ ખાવા લાયક નથી ?

ઉ. ૨૨.

પ્ર. તેના નામ શું ?

ઉ. ૧ વડના ટેટા, ૨ પીંપળાના ટેટા, ૩ પીપરનાટેટા, ૪ કઠુંબર, ૫ઉંબરના ફળ, ૬ મધ, ૭ માંખણ, ૮મદીરા, ૯ માંસ, ૧૦ ઉંધીઉં, ૧૧વિષ, ૧૨ કરા પડે છે તે, ૧૩ રીંગણાં પ્રમુખનું ભડથ, ૧૪ રાત્રી ભોજન, ૧૫ રીંગણાં, ૧૬ જેમાં ઘણાં બીજ હોય તેવી કુણીકાકડી પ્રમુખ ફળ, ૧૭ કંદ મુળ તેલસણ ડુંગલી સકરીઆં પટાટાં પ્રમુખ, ૧૮ હમેસ મીઠાના પાણીમાં રાખી મુકે તેવું બોળો અથાણું, ૧૯ લીલફુળ વળેલ દહીં, ૨૦ અજાણ્યું ફળ ફુલ, ૨૧ તુચ્છ ફળ તે જેમાં ખાવાનું થોડું ને નાંખી

દેવાનું ઘણું તેવાં બોર સીતાફળ પ્રમુખ ફળ, ૨૨ ચલીતરસ (બગડેલી) વાળી વસ્તુએ ૨૨.

પ્ર. અનંત કાય કેટલી ?

ઉ. ૩૨.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ સુરણકંદ, ૨ વજ્રકંદ, ૩ લીલી હળદર,૪ આદું, ૫ લીલોક ચુરો, ૬ સતાવળવેલ, ૭ વીરાલીવેલડીના ભેદ, ૮ કુંવારનાં પાઠાં, ૯ થોર, ૧૦. ગળો, ૧૧ લસણુ, ૧૨ વંશ કારેલા, ૧૩ ગાજર, ૧૪ લુણી, ૧૫ પદમીની કંદ, ૧૬ ગીર કર્ણિવેલ,૧૭ કુંપળ પત્ર, ૧૮ ખરસુઆ, ૧૯ થેક. ૨૦ લીલીમોથ, ૨૧ લોણુ ભ્રમર વૃક્ષ તેની છાલ (બીજા અંગ નહિ), ૨૨ ખીલો ડા કંદ, ૨૩ અમૃવેલ, ૨૪ મુળાના કંદ, ૨૫ ભુંઇફોડા, ૨૬ ઉગતા અંકુરા,૨૭ ટંકવથુલો (સ્યાકભેગ), ૨૮ મરકર નામેવાલ (અનાજરૂપે વાલ છે તે નહિ,)૨૯ પલ્યંક (શાકભેદ), ૩૦ કુંણી આંબળી, ૩૧ આલુકંદ, ૩૨ પીંડાલુકંદ એ૩૨ અનંત કાય છે તે સિવાય બીલકુલ સેવાળ, સર્વ કંદ મુળાદીક અનંત કાયની ઘણી જાત છે તેના એકેકા શરિરમાં અનંત અનંત જીવવિત્તરાગ દેવે કહ્યા છે.

પ્ર. કંદ મુળની ઓળખાણુ શું ?

ઉ. તેને ભાગતાં ચક્ર પડે અને તેને બેવડી ગાંઠ હોય તેમજ પૃથ્વીની પેરેપડ હોય તથા ધરતી માંહી વનસ્પતિનો જેટલો ભાગ હોય તે.

પ્ર. નિરોગી શરિરવાળા મનુષ્યના એક શ્વાસો શ્વાસમાં કંદ મુળના

જીવ કેટલા ભવ કરે છે ?

ઉ. સાડા સત્તર ભવ.

પ્ર. બે ઘડીમાં કેટલા ભવ કરે છે ?

ઉ. પાંસઠ હજાર પાંચસેને છત્રીસ ભવકરે.

પ્ર. એ ૩૨ અનંતકાયને જાણીને શું કરવું ?

ઉ. એ જીવની દયા પાળવી અને તેનું ભક્ષણ કરવું નહિ.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ત્રણ કોટીએ.

પ્ર. ત્રણ કોટી તે કઇ ?

ઉ. જે કામની બંધી કરી છે તે કામ કરવું નહિ, મનવચા કાયાએ કરી.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૪૫૫

પ્રતિક્રમણના તેરમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. તેરમા પાઠનું નામ શું ?

ઉ. અનર્થા દંડ વ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. અનર્થા દંડથી નિવર્તવા વિષે.

પ્ર. અનર્થા દંડ એટલે શું ?

ઉ. જેમાં આપણી મતલબ ન હોય અને નાહક દંડાવું તે.

પ્ર. તે અનર્થા દંડ કેટલા પ્રકારના છે ?

ઉ. ચાર પ્રકારના.

પ્ર. તેના નામ શું ?

ઉ. ૧ મતલબ વિના આર્ત ધ્યાન ધરે, ૨ ઘી તેલ પાણી વિગેરેનાં વાસણો ઉઘાડાં મુકે, ૩ જે શસ્ત્રવડે હિંશા થઇ શકે તેવાં શસ્ત્રો બીજાને આપે, ૪ કોઇને ખોટી સલાહ બતાવે તથા પાપકર્મનો ઉપદેશ દિએ એ ૪.

પ્ર. આર્ત ધ્યાન એટલે શું ?

ઉ. શોકમાં નિમગ્ન (ડુબી જવું) થવું અને દીલગીર થઈ ઉચાટ કરવો તે.

પ્ર. આર્ત ધ્યાન કેટલે પ્રકારે થાય ?

ઉ. ચાર પ્રકારે.

પ્ર. તેહનાં નામ શું ?

ઉ. ૧ પ્રિય વસ્તુનો વિયોગ થએલ હોય તે ફરી મેળવવાને ચિંતા કરે, અપ્રિય વસ્તુનો સંયોગ (મેળાપ) થએલ હોય તેહને દુર કરવા ચિંતા કરે, ૨ ધન ધાન્યાદીક ભલી વસ્તુ મળી છે તે રખે નાશ પામે તેની ચિંતા કરે, ૩ શરિરમાં રોગ ઉત્પન્ન થએલા હોય તે કયારે દુર થશે તેની ચિંતા કરે, ૪ પૂર્વે જે કામ ભોગ ભોગવેલ હોય તેહને સંભારે એ ૪.

પ્ર. દિલગીરીનાં લક્ષણુ કેટલાં ?

ઉ. ચાર.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ મોટા અવાજે પોકાર કરી રોવે, ૨ કંગાલ પણે શોચ કરે, ૩ આંસુ ગેરવે, ૪ બીજાની પાસે કંગાલ પણે વારંવાર દુઃખ પોકારે એ ૪.

પ્ર. અનર્થા દંડનો કેમ બંધ થાય ?

ઉ. જીભ જાળવવાથી અને આળસ છોડવાથી.

પ્ર. અનર્થા દંડ કેટલા પ્રકારે વર્તતાં ન લાગે ?

ઉ. પાંચ પ્રકારે.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ માણસ કામાતુર થાય તેવી વાત બોલવી નહિ. ૨ મોઢેથી ખોટી ચેષ્ટા કરવી નહિ. ૩ આળ પંપાળનાં વચન તથા જેમ તેમ બોલવું નહિ. ૪ જે શસ્ત્રથી પાપ થાય તેવાં શસ્ત્રો સજ કરાવવાં નહિ. ૫ જે વસ્તુ એકવાર ભોગવવામાં આવે તથા જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તેની અતિશે ચાહિના તજવી એ ૫.

પ્ર. જીવ કયા પાપ કર્મ વડે કરીને ભારે થાય ?

ઉ. અનર્થા દંડથી.

પ્ર. માટે શું કરવું ?

ઉ. વિચારીને પાપ ન લાગે તેમ બોલવું.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૮૫.

પ્રતિક્રમણના ચૌદમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. ચૌદમાં પાઠનું નામશું ?

ઉ. સામાયક વ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. સાવધ્ય યોગની બંધી કરવાનો.

પ્ર. સાવધ્ય યોગ કેહેને કહીએ ?

ઉ. પ્રાણાતિ પાત, મૃષાવાદ, અદત્તાદાન—મૈથુન—પરિગ્રહ વગેરે પાપ કર્મ તે.

પ્ર. તે ઘાત થોડામાં થોડું કેટલા વખત સુધીનું ?

ઉ. એક મુહુર્તનું

પ્ર. મુહુર્ત એટલે શું ?

ઉ. બે ઘડી.

પ્ર. ઘણામાં ઘણું કેટલા વખત સુધીનું ?

ઉ. ક્રોડ પુર્વમાં નવ વર્ષ ઉંણા સુધીનું.

પ્ર. એકેના આશ્રી કહ્યું ?

ઉ. સાધુ આશ્રી.

પ્ર. સાધુ આશ્રી શી રીતે ?

ઉ. ક્રોડ પુર્વના આયુષ્ય વાળો માણુસ નવ વર્ષની ઉમરે દિક્ષા લે તેને જાવજીવ સુધીનું સામાયક વ્રત હોય તે આશ્રી.

પ્ર. નવ વર્ષ શાથી કહ્યાં ?

ઉ. નવ વર્ષની ઉમર થયા પહેળાં દિક્ષા દેવાય નહિ તેથી.

પ્ર. એક પુર્વનાં કેટલાં વર્ષ થાય છે ?

ઉ. સીતર લાખ ક્રોડ અને છપ્પન હજાર ક્રોડ વર્ષ.

પ્ર. એકી નંબરની ઘડીએ સામાયક કરવું હોય તો થાય કે નહિ?

ઉ. નહિ.

પ્ર. એકી નંબર એટલે શું ?

ઉ. એક ઘડી, ત્રણ ઘડી, પાંચ ઘડી, સાત ઘડી વિગેરે.

પ્ર. ત્યારે કેવી ઘડીએ થાય ?

ઉ. બે ઘડી, ચાર ઘડી. ૭ ઘડી વિગેરે બેકી નંબરની ઘડીએ થાય

પ્ર. સામાયકમાં ખવાય પીવાય કે નહિ ?

ઉ. નહિ.

પ્ર. શા કારણથી ?

ઉ. સાવદ્ય યોગની બંધી કરેલ છે તેથી તથા એ વ્રતની એ વીમર્યાદા છે કે ખાવા પીવાની વાત પણ થઇ સકે નહિ તો ખાવા પીવાનું હોય જ કયાંથી.

પ્ર. શ્રાવકને કેટલા વખત સુધીનું એ વ્રત હોય ?

ઉ. બે ઘડી, ચાર ઘડી વિગેરે જેટલા અમુક વખત સુધીનું આપણે પ્રમાણ કરવું હોય તેટલા વખત સુધીનું થાય.

પ્ર. એ વ્રતમાં શું કરવું ?

ઉ. ધર્મ પુસ્તક વાંચવું, ભણવું, ધર્મવાર્તા કરવી, પરમેશ્વરનું સ્મર્ણ કરવું.

પ્ર. બે ઘડીના એક સામાયકમાં તનદુરસ્તીવાળો કેટલા સ્વાસલે ?

ઉ. ૩૭૭૩.

પ્ર. એક રાત દીવસમાં કેટલા લિએ ?

ઉ. ૧૧૩૧૯૦.

પ્ર. એ વ્રતનું રક્ષણ કેવિ રીતે થાય ?

ઉ. પાંચ મુળ દોષ ટાળવાથી.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૯૦.

પ્રતિક્રમણના પંદર પાઠના પ્રશ્નોતર.

પ્ર. પનરમા પાઠનું નામ શું ?

ઉ. દેશાવગાસીક વ્રત.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. સંવર કરવા વિષે.

પ્ર. સંવર એટલે શું ?

ઉ. પાંચ આશ્રવનો ત્યાગ.

પ્ર. પાંચ આશ્રવ કયા ?

ઉ. ૧ જીવહિંશા, ૨ અસત્ય વચન, ૩ ચોરી, ૪ મૈથુન, ૫ પરિગ્રહ એ પાંચ.

પ્ર. દેશાવગાસીક એટલે શું ?

ઉ. પુર્વાદિક છ દિશાનું પ્રમાણ કરી આખો દીવસ ધર્મ સ્થાનકમાં રહેવું તે.

પ્ર. દેશા વગાસીકમાં ખવાય કે નહિ ?

ઉ. ખવાય પીવાય.

પ્ર. કેવું ખવાય પીવાય ?

ઉ. નિર્વધ્ય.

પ્ર. નિર્વધ્ય એટલે શું ?

ઉ. સચિતાદીક દોષ રહિત.

પ્ર. તે ખાન પાન આપણું કે પારકું ?

ઉ. આપણું એ ખરૂં અને પારકું પણ ખરૂં.

પ્ર. તે કેવી રીતે ?

ઉ. પોતાને ઘરેથી લઇને આવે, કોઇ ઉત્સાહી માણુસ જમાડે

અથવા પોતાની જ્ઞાનીમાં નિર્વધ્ય ગોચરી કરે.

પ્ર. એ વ્રતમાં રાત્રીએ ખવાય પીવાય કે નહિ ?

ઉ. નહિ.

પ્ર. રાત્રીએ શાથી ન ખાવું ?

ઉ. પુંદા પતંગીઆં પ્રમુખ રાત્રીએ ફરનારાં ઝીણાં જંતુઓ ખાનપાનમાં પડે તે દેખવામાં આવે નહિ, તે ખાધામાં આવે તો અભક્ષ થાય તથા કોઈ વખતે ઝેરી જંતુઓ પણ ખાધામાં આવવાથી આત્મઘાતને પરઘાત થાય તેથી.

પ્ર. રાત્રીએ ખાધાથી શું નુકશાન થાય ?

ઉ. કીડી ખાધામાં આવે તો બુદ્ધીનો નાશ થાય, જુંથી જળંદરનો રોગ થાય, માખીથી ઉલટી (વમન) થાય, કરોળીઓ અથવા કરોળીઆના પડથી કોઢનો રોગ થાય, વાળથી સ્વરભંગ થાય, લાકડાના કટકાથી કંઠમાળનો રોગ થાય.

પ્ર. તંનદુરસ્તી બગડે ઇંત્યાદીક ઘણા પ્રકારનું નુકસાન થાય તેથી શું કરવું ?

ઉ. રાત્રીએ કદી પણ ખાવું નહિં.

પ્ર. રાત્રી ભોજન કયા વ્રતના રક્ષણ માટે ન કરવું ?

ઉ. પહેલા વ્રતના.

પ્ર. પહેલા વ્રતના રક્ષણ માટે શી રીતે ?

ઉ. રાત્રી ભોજન કરવાથી ત્રસ જીવની હાંણી થાય તેથી પહેલું વ્રત વિરાધાય અને રાત્રી ભોજન નહિ કરવાથી ત્રસજીવનું રક્ષણ થાય તેથી.

પ્ર. એક રાત્રિનો ચૌવિહાર કરે તો શું ફળ થાય ?

ઉ. અડધા ઉપવાસનું પુન્ય થાય.

પ્ર. દેશાવગાસીક વ્રતને વિષે કેવી રીતે વર્તવું ?

ઉ. ૧ બીજો માણુસ પોતાને કામે જતો હોય તેની પાસે પોતે હદમાં રહીને કાંઇ પણ જણસ મંગાવવી નહિ. ૨ ચાકરને મોકલીને કાંઇ જણસ મંગાવવી નહિ. ૩ પોતાની હદમાં રહી બીજા હદ બહારવાળાને સાદ કરી વસ્તુ મંગાવવી નહિ. ૪ રૂપ દેખાડીને મંગાવવી નહિ. ૫ બીજાને કાંકરી પ્રમુખ વસ્તુ નાંખી ઇસારો કરી વસ્તુ મંગાવવી નહિ એવી રીતે વર્તવું.

પ્ર. વળી કેવી રીતે વર્તવું ?

ઉ. પાંચ આશ્રવનો ત્યાગ કરવો, ઉઘાડે મોઢે બોલવું નહિ, મુખ પતી ગુચ્છો વસ્ત્રનું પલેવણ કરવું, આખો દીવસને રાત્રિ થઈ કમતીમાં કમતી અગ્યાર સામાયક કરવાં, પાપનાં તમામ કામ બંધ કરી આખો દીવસ ધર્મ પુસ્તક વાંચવું, ભણવું ને પરમાત્માની ભક્તિ કરવી.

પ્ર. એ પ્રમાણે ન વર્તે તો શું થાય ?

ઉ. એ વ્રત ખંડિત થાયને દોષ લાગે.

પ્ર. દેસાવગાસીક વ્રત કેટલા પ્રકારે થાય ને તેનાં નામ શું ?

ઉ. બે પ્રકારે તે એકમાં ખવાય પીવાય અને બીજામાં ઉપવાસ કરી સંવર પોષો કરવો તે.

પ્ર. ઉપવાસ એટલે શું ?

ઉ. ૧ અન્ન. ૨ પાણી. ૩ લીલો સુકો મેવો. ૪ મુખ વાસ એ ચાર પ્રકારના આહાર છે તેમાં પાણી શિવાય ત્રણ આહારનો અથવા ચાર આહારનો ત્યાગ કરવો તે.

પ્ર. સંવર પોશો એટલે શું?

ઉ. પાણી પીવાની છુટ રાખી બાકી ત્રણ આહાર ત્યાગ રૂપ તે વિહારો ઉપવાસ કરી પાંચ આશ્રવનો ત્યાગ કરી આખો દીવસ રાત્રી ધર્મ સ્થાનકમાં રહેવું તે.

પ્ર એ વ્રત કેટલી કોટી એ ?

ઉ. ૭ કોટીએ ને ત્રણ કોટીએ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૬૪.

પ્રતિક્રમણના સોળમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. સોળમા પાઠનું નામ શું ?

ઉ. પોષધ વ્રત.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. પોષો કરવા વિષે ?

પ્ર. પોષો થોડામાં થોડો કેટલા વખતનો ?

ઉ. એક અહો રાત્રીનો.

પ્ર. અહો રાત્રી એટલે શું ?

ઉ. એક દીવસને એક રાત્રી.

પ્ર. એ વ્રત સંપૂર્ણ કરતું હોય તો પાઠ કેમ બોલાય ?

ઉ. પડી પુન પોષધ વ્રત એમ બોલવું—

પ્ર. સંપૂર્ણ વ્રત કેવી રીતે સમજવું ?

ઉ. જે વખતે પોષાનું નિયમ લીધું હોય તેજ વખતે બીજે દીવસે પોષાથી છુટા થવું.

પ્ર. એ વ્રતમાં શેનાં શેનાં પચખાણ થાય છે ?

ઉ. ૧ ચાર આહારનાં, ૨ કુશીલ સેવવાનાં, ૩ મણી સુવર્ણાં દીક ધાતુ રાખવાનાં, ૪ પુષ્પાદીક માળાના,૫ વિલેપનનાં ૬ હથિઆરનાં, ૭ સાવધ્ય કામનાં ને ૮ વ્યાપારનાં.

પ્ર. જે આભ્રણ નિકળી શકે તેમ ન હોય તો શું કરવું ?

ઉ. પોષાનો પાઠ ઉચરતી વખતે ઉમુકમણી સુવર્ણના પચખાણ એમ શબ્દ બોલવો.

પ્ર. ઉમુકમણી સુવર્ણના પંચખાંણ એટલે શું ?

ઉ. સોનીને ઘરે ગયા વિના નિકળી શકે નહિ તેહવા ઘરેણાં શિવાયના પંચખાણ.

પ્ર. ઉમુક શબ્દ બોલવાનું કારણ શું ?

ઉ. પુરૂષને કાનમાં કડી પ્રમુખ હોય, સ્રીને ચુડા ઉપર સોનાની ચીપ હોય, કાનનું ઘરેણું હોય, નાકમાં નથડી હોય ઇત્યાદિક અવસ્ય પ્રકારનું ઘરેણું હોય ને વ્રત કરેલ હોય તો વ્રતમાં દોષ ન લાગે તેથી.

પ્ર. એ વ્રતમાં કેટલાં વસ્ત્ર રાખવાં ?

ઉ. પાંચ.

પ્ર. પોશામાં કેટલા દોષ ટાળવા ?

ઉ. ૧૮

પ્ર. તે અઢારનાં નામ શું ?

ઉ. ૧ પોશામાં અવ્રતીની લાવેલ વસ્તુ વાપરે તો દોષ, ૨ પોશાને કાજે અતરવારણાને દીવસે (પોશો કરવાને આગલે દિવસે) સરસ અહારનો જોગ મેળવે તો દોષ, ૩ પોષાને કાજે શરિરની વિભુષા કરે તો દોષ, ૪ પોશાને માટે વસ્ત્ર ધોવરાવે તો

દોષ, ૫ પોષામાં બહુ મુલ્યના વસ્ત્ર પહેરેતો દોષ,૬ પોષામાં મેલ ઉતારેતો દોષ, ૭ પોષામાં દિવસે સુવેતો દોષ,૮ પોસામાં કામ (વિષય) પ્રદિપ્ત થાય તેવી કથા કરેતો દોષ, ૯ ભોજનની કથા કરે તથા રાજકથા કરેતો દોષ, ૧૦ પોષામાં દેશ કથા કરેતો દોષ, ૧૧ પરનિંદા કરેતો દોષ, ૧૨ પોષામાં માત પિતા વિગેરે અવર્તીને આત્રો જાવો કહેતો દોષ, ૧૩ પોષામાં ચોરીની કથા કરેતો દોય, ૧૪ પોશામાં સ્ત્રીનાં અંગો પાંગ નિરખેતો દોષ, ૧૫ જીહાં સ્ત્રી બેઠેલી હોય તીહાં બે ઘડી થયા પહેલાં બેસે તો દોષ, ૧૬ પોશામાં સંસારનું કામ ચિંતવેતો દોસ, ૧૭ પોષામાં ઉચ્ચાર (દસ્ત) પાસવણ (પેશાબ)નાં વાસણ ઠેકાણે ન રાખેતો દોશ, ૧૮ સેજ્યાસંથારાદીક પુંજ્યા વિના વાપરેતો દોષ એ ૧૮.

પ્ર. એ અઢાર મુળ દોષ કહેવાય કે ઉત્તર દોષ?

ઉ. ઉત્તર દોષ કહેવાય.

પ્ર. ઉત્તર દોષ કહેવાનું કારણ શું ?

ઉ. એ અઢાર માહલો કોઇપણ દોય લાગવાથી સર્વથા પ્રકારે વ્રત ભંગ ન થાય તેથી.

પ્ર. એ વ્રતમાં કેટલા અતિચારો ટાળવા ?

ઉ. પાંચ.

પ્ર. તેહનાં નામ શું ?

ઉ. ૧ ઉપાશ્રય તથા પથારી ન પ્રતિ લેખે તથા દુષ્ટરિતે પ્રતિલેખે, ૨ ઉપાશ્રય તથા પથારી ન પુંજે તથા દુષ્ટ રીતે પુજે, ૩ લઘુનિતિ (પેશાબ)નું તથા વડાનિતિ [દસ્ત)નું ભાજન (વાસણ)

ન પ્રતિલેખે તથા દુષ્ટ રિતે પ્રતિલેખે, ૪ લઘુનિતીનું ભાજન ન પુંજે તથા દુષ્ટ રિતેપુંજે, ૫ પોશામાં પ્રમાદ સેવે તથા સ્વાધ્યાય ધ્યાન ન કરે ને વિકથા કરે એ ૫.

પ્ર. પ્રતિલેખે એટલે શું ?

ઉ. જોવે.

પ્ર. ન પ્રતિલેખે એટલે શું.

ઉ. ન જોવે.

પ્ર. એ દોષનું નિવારણ કેમ થાય ?

ઉ. એ પાંચે પ્રકારે સમી રીતે વર્તવાથી તથા પુર્ણ પસ્તાવારૂપે મિચ્છામી દુક્કડં દેવાથી.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૮૦

પ્રતિક્રમણના સતરમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. સતરમાપાઠનું શું નામ ?

ઉ. અતિથી સંવિભાગ વ્રત.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. મુનિને દાન દેવા વષે–

પ્ર. અતિથિ સંવિભાગ એટલે શું ?

ઉ. જેઓન અમુક તિથિ નિરમાણુ કરેલી નથી કે ફલાણા વખતે મુની પધારસે અને સંવિભાગ એટલે ગ્રહસ્થની વસ્તુમાં ભાગીદાર.

પ્ર. મુનિને દાનદેવાની ભાવના કઇ વખતે ભાવવી ?

ઉ. વિશેશે કરી જમતી વખતે.

પ્ર. તે ભાવના કેવીરીતે ભાવવી ?

ઉ. જો અત્યારે મુનીરાજ પધારે તો દાન દઇને ભોજન કરૂં તો સફળ થાય—

પ્ર. જમતી વખતે કેટલાક પ્રકારના દાનની ભાવના ભાવવી ?

ઉ. ચાર પ્રકારની.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અન્નની જાતી, ૨ પાણીની જાતી, ૩ મેવાની જાતી, ૪ મુખ વાસની જાતી એ ચાર.

પ્ર એકંદર મુનીને કેટલા પ્રકારનું દાન દેવું ?

ઉ. ચૌદ પ્રકારનું.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અન્ન, ૨ પાણી, ૩ મેવો, ૪ મુખવાસ, ૫ વસ્ત્ર, ૬ પાત્ર, ૭ કાંબળી, ૮ રજોહરણ ગુચ્છો, ૯ પાટ બાજોઠ પ્રમુખ, ૧૦ ઓઢીંગણ દેવાનું પાટીઉં, ૧૧ મકાન, ૧૨ પરાળ પ્રમુખની પથારી, ૧૩ ઔષધ,૧૪ ભેખજતે ચુર્ણ પ્રમુખની ગોળી એ ૧૪.

પ્ર. તેમાં પાઢીહારૂદાન કેટલા પ્રકારનું ?

ઉ. ૭ પ્રકારનું.

પ. પાઢીહારૂં એટલે શું ?

ઉ. મારે જરૂર હશે ત્યાં સુધી આ વસ્તુ રાખી પછી પાછી આપી જઇશ એવી મુની શરત કરી વસ્તુ લઈ જાય, કામ પૂર્ણ થએથી મુની પાછી આપે તો લઈ શકાય તેવું દાન.

પ્ર. તે ૭નાં નામ શું ?

ઉ. ૧ પાટબાજોઠ પ્રમુખ, ૨ ઓઢીંગણુ દેવાનું પાટીઉં, ૩ મકાન, ૪ પરાળ પ્રમુખની પથારી, ૫ ઔષધ, ૬ ભેખજ એ ૬.

પ્ર. પાછું લેવાનો પાઠ કયાં છે તેજ પાઠમાં ?

ઉ. પાઢીઆરૂં,

પ્ર. કેટલા પ્રકારનું દાન સર્વથા પ્રકારે આપી દેવું ?

ઉ. ૮ પ્રકારનું.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ચાર પ્રકારનો આહાર, ૫ વસ્ત્ર, ૬ પાત્ર, ૭ કાંબળી, ૮ રજોહરણ ગુચ્છો એ ૮.

પ્ર. એ ચૌદ શિવાય બીજું દાંન કયું દેવું ?

ઉ. પુસ્તક કાગળ કલમ રૂસનાઇ દોરી વિગેરે—અચિત્ત વસ્તુ જે મુનિને ખપે છે તે તમામનું દાન દેવું.

પ્ર. મુનીને દાન દેતાં સર્વથા અસુઝતુ થાય તો શું કરવું ?

ઉ. તે દીવસે પાંચમાંહીલી એક વિગયતજી દેવી તે પાંચ વિગયનાં નામ શું ?

પ્ર. ૧ દુધ, ૨ દહી, ૩ ઘી, ૪ તેલ, ૫ ગોળપણુ એ ૫. તે દાન દેતાં કેટલા પ્રકારના દોષ ટાળવા ?

ઉ. પાંચ.

પ્ર. તેનાં નામશું ?

ઉ. ૧ જીવ વાળી વસ્તુ અજાણતાં સચેત વસ્તુમાં ભળી હોય તે મુનીને આપે તો દોષ, ૨ સચેત વસ્તુ એ ઢાંકેલી અચેત વસ્તુ આપે તો દોષ, ૩ વસ્તુનો કાલ અતિક્રમી ગએલ હોય, તે વસ્તુ (બગડી ગયેલી ચીજ) આપે તો દોષ, ૪ પોતે

સુઝતો હોય ને બીજાને વોહોરાવાનું કહેતો દોષ, ૫ દાંન દઈને અભિમાંન કરે તો દોષ, એ પાંચ.

પ્ર. એ પાંચ દોષ સહિત વોહોરાવતાં શું થાય ?

ઉ. પાપ કર્મ બંધાય ને ગુરૂની આશાતના થાય.

પ્ર. મુંની આપણે ઘેર પધારે તો પ્રથમ આપણે શું કરવું ?

ઉ. મુનીને દુરથી જોવામાં આવે તો સાત આઠ પગલાં સામા જઈ મુખે જતના રાખી પધારો કહી સ્તુતિ નમસ્કાર કરી ઉપર કહેલાં ચૌદ પ્રકારનાં ને તે શિવાયનાં દાનની આમંત્રણા કરવી.

પ્ર, મુની વોહોરી પાછા વળે ત્યારે આપણે શું કરવું ?

ઉ. મુનીની પાછળ પાછળ સાત આઠ પગલાં સાથે જઈ નમસ્કાર કરી પાછા પધારજો એમ કહી પાછા વળવું.

પ્ર. મુનીનો જોગ ન બને તો શું કરવું ?

ઉ. હમેશાં ભાવના તો ભાવવી જ.

પ્ર. મુની શિવાય બીજાને દાન દેવું કે નહિ ?

ઉ. હા દેવું.

પ્ર. શેનું દાન દેવું ?

ઉ. કોઇને જીવતરનું, જ્ઞાનનું, અન્નનું, પાણીનું, વસ્ત્રનું, મકાનનું, ઔષધનું, આસન વગેરેનું દાન દેવું.

પ્ર. એથી શું થાય ?

ઉ. પુન્ય થાય.

પ્ર. તે કયાં કહ્યું છે ?

ઉ. પુન્ય તત્વમાં.

પ્ર. એ વ્રત કેટલી કોટીએ ?

ઉ. ૭ કોટીએ.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૯૬.

પ્રતિક્રમણના અઢારમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. અઢારમા પાઠનું નામ શું ?

ઉ. સંલેખણાનો પાઠ.

પ્ર. એ પાઠ શા વિશે છે ?

ઉ. સંલેખણા કરવા વિષે.

પ્ર. સંલેખણા એટલે શું ?

ઉ. મર્ણના અંતે શરિરને તજવે કરી પાપ આશ્રવ આહાર અને કષાયને પાતળાં પાડવાં તે.

પ્ર. તે સંલેખણા શા માટે કરવી ?

ઉ. ક્ષમા રાખી જીંદગી પર્યંત કરેલા પાપથી મુક્ત થવા રૂપ આરાધના કરવા માટે.

પ્ર. સંલેખણામાં કેટલી વસ્તુનો ત્યાગ કરવો ?

ઉ. ૭ વસ્તુનો.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ પાંચ આશ્રવનો, ૨ અઢાર પાપનો, ૩ ત્રણ શલ્યનો, ૪ આહારનો, ૫ શરિરનો, ૬ ઉપાધિનો એ ૬.

પ્ર. ઉપાધિમાં શું આવ્યું ?

ઉ. નવ પ્રકારનો પરિગ્રહ કુટુંબ પરિવાર વિગેરે સર્વે વસ્તુ.

પ્ર. તે સંલેખણા કેવી રીતે કરવી ?

ઉ. પ્રથમ પોષધશાળા પુંજીને તથા લઘુ નીતી, વડી નીતીની જ-

આગે ડાભડા પ્રમુખની પથારી કરવી, પછી પૂર્વે તથા ઉત્તર દિશામાં મુખ રાખીને પલાંઠી પ્રમુખ આસને બેશી બે હાથ જોડી પહેલું નમોથ્થુણું અરિહંત દેવને કહેવું, પછી સિદ્ધ ભગવંતને, પછી પોતાના ધર્મગુરૂ ધર્માચાર્યને કહેવું.

પ્ર. પછી શું કરવું ?

ઉ. પરમેશ્વરની પાસે પોતાના પાપની માફી માંગવી.

પ્ર. પોતે શું શું પાપ કર્યા હોય કે તેની માફી માંગવી ?

ઉ. અઢાર પાપસ્થાનક પ્રમુખ સેવ્યાં હોય તેની.

પ્ર માફી માંગ્યા પછી શું કરવું ?

ઉ. ત્રણશલ્ય રહિત થઇ પાંચ આશ્રવ, અઢાર પાપસ્થાનક પચખવાં.

પ્ર. પચખવાથી શું થાય ?

ઉ. નવું પાપ આવતું હોય તે બંધ થાય.

પ્ર. પછી શું ત્યાગવું ?

ઉ. ચાર આહારનાં પચ્ચખાંણ કરવાં.

પ્ર. તે પછી શું ત્યાગવું ?

ઉ. પોતાનું શરિર.

પ્ર. તે પોતાનું શરિર કેવું હતું ?

ઉ. ઇષ્ટકારી, કંતકારી, પ્રિયકારી, ચાહના કરવા યોગ્ય, સુંદર, સદાય વહાલું, ધીરજ દેનાર, વિશ્વાસ રાખવાયોગ્ય, વિશેષે વારંવાર માનવાયોગ્ય.

પ્ર. તેને કેવીરીતે માનતા હતા ?

ઉ. રત્નના કરંડીઆ સમાન ઘરેણાના ડાબડા સમાન.

પ્ર. તે શરિરનું કેવી રીતે રક્ષણ કર્યું હતું.

ઉ. રખે ટાઢલાગો, રખે તાપલાગો, રખે ડાંસ મચ્છરાદીક કરડો, રખે ભુખલાગો, રખે તરસલાગો, રખે ચોરાદીકનો ભય થાઓ, રખે સર્પાદિક કરડો એવી રીતે જાંણીને દુઃખનું નિવારણ કર્યું હતું.

પ્ર. વળી બીજી રીતે કેવું સાચવ્યું હતું ?

ઉ. રખે મને પીતથાય, રખે મને વ્યાધી થાય, રખે સળેકમ થાય, રખે ઉલટી થાય, રખે સનેપાત થાય, રખે વિવિધ પ્રકારના અસાધ્ય રોગ થાય, રખે દેવ મનુષ્ય, તિર્યંચના ઉપશર્ગ થાય.

પ્ર. તેવા શરિરને શું કરવું ?

ઉ. તજી દેવું.

પ્ર, તે કયારે અને કેટલા વખત સુધી તજવું ?

ઉ. મર્ણને અંતે છેલ્લા શ્વાશોશ્વાસ સુધી

પ્ર. એવી સંલેખણા કર્યા પછી શું કરવું ?

ઉ. પાંચ દુષણ લગાડવાં નહિ.

પ્ર. તે પાંચ દુષણનાં નામ શું ?

ઉ. ૧ આ મનુષ્યલોકની સુખની ઇચ્છા કરવી નહિ, ૨ પરલોક તે દેવતાના સુખની ઇચ્છા કરવી નહિ, ૩ સુખ આવે લાંબો વખત જીવું તો ઠીક એમ ઇચ્છવું નહિ, ૪ દુઃખ આવે મર્ણ ઇચ્છવું નહિ, ૫ કામભોગની ઇચ્છા કરવી નહિ, એ ૫.

પ્ર. એ દુષણ ટાળ્યા પછી શું કરવું ?

ઉ. પરમેશ્વરની પાસે પોતાનાં કરેલાં પાપની માફીમાંગી પો-તાના દુષ્ટ કૃત્યોને ધીક્કારતા જવું, અરિહંત સિદ્ધને પોતાના ધર્મ ગુરૂનું સ્મર્ણ છેવટ મર્ણસુધી કર્યા કરવું.

પ્ર. એ સંલેખણા કયારે કરવી ?

ઉ. મર્ણને અંતે.

પ્ર. એ સંલેખણા કેટલી કોટી એ થાય?
ઉ. નવકોટીએ.
પ્ર. તે નવકોટીનો પાઠ શિરિતે બોલાય ?
ઉ. જાવ જીવાએ તિવિહં તિવિહેણં ન કરેમિ નકારવેમિ કરંતં નાંણું જાણુઇ મણુસા વયસા કાયસા એમ બોલવું.
પ્ર. તે નવકોટી જુદી જુદી ગણાવો ?
ઉ. નકરેમિ મણુસા વયસા નેકાયસા, નકારવેમિ મણુસા વયસાનેકાયસા, કરતનાણું જાણુઇ મણુસા વયસાને કાયસા.
પ્ર. તે નવ કોટી સ્પષ્ટ સમજાવો ?
ઉ. જે જે કામની બંધી કરેલ છે તે કામ કરૂં નહી, ૧ મનથી, ૨ વચનથી, ૩ કાયાથી, કરાવું નહી, ૪ મનથી, ૫ વચનથી, ૬ કાયાથી, કરતાને ભલું જાણવું નહી ૭ મનથી, ૮ વચનથી, ૯ કાયાથી એ, ૯.
પ્ર. તેની અંદર કરણ કેટલા ને જોગ કેટલા ?
ઉ. ત્રણ કરણને ત્રણ જોગ.
પ્ર. ત્રણ કરણ કયા ?
ઉ. ૧ કરૂં નહિ, ૨ કરાવું નહિ, ૩ કરતાને ભલું જાણવું નહિ, એ ૩.
પ્ર. ત્રણ જોગ કયા ?
ઉ. ૧ મન, ૨ વચન, ૩ કાયા, એ ૩.
પ્ર. એ સંલેખણા કેટલા વખત સુધાનીં ?
ઉ. જાવજીવ સુધીની.
પ્ર. સંલેખણામાં બીજા પાસે સેવાં ભક્તિ કરાવાય કે નહિ.
ઉ. ભક્ત પચખાણ સંલેખણામાં કરાવાય અને પાદોપગમન સંલેખણામાં ન કરાવાય.

પ્ર. પાદોગમન એટલે શું ?
ઉ. વૃક્ષની ડાળીની માફક પડવું હાથ પગાદીક હલાવવા નહિ તે.
પ્ર. હમેશાં સુતી વખતે શું કરવું ?
ઉ. સંથારા પોરસી.
પ્ર. તે કેવી રીતે કરવી ?
ઉ. પુર્વ ઉત્તરદિશામાં મુખરાખી બે હાથજોડી પંચ પરમેષ્ટી અને પોતાના ગુરૂદેવને નમસ્કાર કરીને નવકારને ભાંગે સંથારા પોરસી કરૂં છું એમ કહી આ પ્રમાણે કહેવું.

દોહરો.

આહાર શહિરને ઉપધિ, પચખું પાંપ અઢાર.
મરણ હુવે તોવોસિરે, જીવું તો આગાર— ૧

એમ કહી દેવ અરિહંત ગુરૂનિગ્રંથ અને કેવળી પુરૂપ્યો ધર્મ સત્ય છે, એ ત્રણ તત્વ મને આ ભવ પરભવ ભવોભવને વિષે હોજો. વળી અરિહંતનું સિદ્ધનું સાધુનું કેવળી પુરૂપ્યા ધર્મનું એ ચારનું શરણું મને આ ભવ પરભવ ભવોભવને વિષે હોજો તેમજ એ ચાર સરણો મને વાણું વાયાસુધી હજો એમ કહીને પછી સુઇ જવું.

પ્ર, જ્યારે જાગ્રત થવાય ત્યારે શું કરવું ?
ઉ. પાંચ નવકાર ત્રણ વખત ગણી સંસ્થારા પોરસીથી છુટા થઇ જવું અને ઉપર ત્રણ તત્વ અને ચાર સરણાં કહેલ છે તે મુજબ કહી, આજના દિવશ રાત્રિ સંબંધી મને હજો એમ કહેવું ત્યાર પછી પથારીમાંહીથી ઉઠવું.
પ્ર. હમેશાં એવી સંથારા પોરસી કરવાનું કારણ શું ?
ઉ. કોઇ વખત અકસ્માતથી આપણું મૃત્યું થાય તો સારી ગતિ થાય.

પ્ર. આ સંસ્થારા પોરસી કેવી કહેવાય ?

ઉ. સાગારી.

પ્ર. સાગારી એટલે શું ?

ઉ. આગાર સહિત.

પ્ર. આગાર સહિત કેવી રીતે ?

ઉ. જો પથારીમાંથી ક્ષેમ કુશળે જીવું જાગું તો કહેલ બંધીનો આગાર છે અને જો મૃત્યુ થાય તો સર્વે વસ્તુવોસિરેછે એવી રીતે.

પ્ર. શ્રાવકે સુતી વખતે બીજું શું કરવું ?

ઉ. ત્રણ મનોર્થ ચિંતવવા.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. હે પ્રભુ, ૧ હું આરંભ પરિગ્રહ કયારે તજીસ, ૨ પાંચ મહાવ્રત કયારે ધારણ કરી સાધુ થઈશ, ૩ અંત સમયે આળોવણ કરી સંલેખણા કયારે કરીશ એમ ચિંતવવું એ ત્રણ મનોર્થનો.

દોહરો.

આરંભ પરિગ્રહ તજી કરી. પંચ મહાવ્રત ધાર,
અંત સમયે આળોવણા, કરૂં સંથારો સાર– ૧
એ મુજબ રોજ સુતી વખતે કહેવું.

પ્ર. આગળ કહ્યા મુજબ સંલેખણા કરવાથી શું થાય ?

ઉ. જીવ અનંત જન્મ મર્ણનાં દુઃખથી મુક્ત થાય,

પ્ર. શ્રાવકના વ્રતના અતિચાર કેટલા અને કયા ?

ઉ. ૯૯ તે, ૧૪ જ્ઞાનના, ૫ સમકિતના, ૭૫ બારવ્રતના ને, ૫ સંલેખણાના, એ ૯૯.

પ્ર. એ, ૯૯ માં જાણુવાજોગ, છોડવા જોગને આદરવાજોગ કેટલા?
ઉ. એ, ૯૯ જાણીને છોડવા પણ આદરવા જોગ એકે નહિ.
પ્ર. એ પાઠના અક્ષર કેટલા?
ઉ. ૮૨૪ છે.

પ્રતિક્રમણના ઓગણીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. ઓગણીસમા પાઠનું નામ શું?
ઉ. ચૌદસમુર્છિમનો.
પ્ર. એ પાઠ શા વિષે છે?
ઉ. સમુર્છિમ જીવની દયા પાળવા વિષે
પ્ર. સમુર્છિમ જીવ કેને કહીએ?
ઉ. માતાપિતા વિના કોઈ વસ્તુના યોગથી પેદા થાય તે.
પ્ર. તે સમુર્છિમ જીવ કયાં કયાં ઉત્પન્ન થાય છે?
ઉ. ઉદારિક શરિર સંબંધી ચૌદ પ્રકારની અપવિત્ર વસ્તુમાં.
પ્ર. તે ચૌદનાં નામ શું?
ઉ. ૧ વિષ્ટામાં, ૨ પેશાબમાં, ૩ બળખામાં, ૪ નાકનાલીંટમાં, ૫ વચનમાં (ઉલટીમાં) ૬ પીત્તમાં, ૭ રૂધિરમાં, ૮ પરૂમાં, ૯ વિર્યમાં, ૧૦ સુકાઇગયેલું વિર્ય ફરી પલળે તેમાં, ૧૧ સ્ત્રી પુરૂષના સંયોગમાં, ૧૨ જીવ વિના કલેવરમાં, ૧૩ નગરના ખાળ (ગટર) માં, ૧૪ સર્વ અસુચીનાં સ્થાનકમાં એ, ૧૪.
પ્ર. તે જીવ કેટલી ઇંદ્રી વાળાં છે?
ઉ. પાંચ ઇંદ્રીવાળાં,
પ્ર. તેને કેટલા પ્રાણુ છે?
ઉ. આઠ.
પ્ર. તેનાં નામ શું?

ઉ. પાંચ ઇંદ્રીનાં પાંચ, ૬ કાયા, ૭ શ્વાસોશ્વાસ, ૮ આઉખું એ ૮

પ્ર. તેનું આઉખું કેટલું ?

ઉ. અંતર મુહૂર્તનું.

પ્ર, અંતર મુહુર્ત એટલે શું ?

ઉ. આંખ મીચીને ઉધાડે તેમાં અસંખ્યાત સમય જાય તેમાં હિલા એક સમયથી માંડીને બે ઘડીમાં એક સમય ઓછો રહે ત્યાં સુધીનો.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૫૪.

પ્રતિક્રમણના વીસમા પાઠના પ્રશ્નોતર.

પ્ર. વિસમા પાઠનું નામ શું !

ઉ. અઢાર પાપસ્થાનકનો.

પ્ર. એ પાઠ શા વિષે છે?

ઉ. અઢાર પાપનું નિવારણ કરવા વિષે.

પ્ર. એ અઢાર પાપનાં નામ શું ?

ઉ. ૧ જીવહિંસા. ૨ અસત્ય વચન, ૩ ચોરી, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ અભિમાન, ૮ કપટ, ૯ લાભ, ૧૦ રાગ, ૧૧ દ્વેશ, ૧૨ કલેશ, ૧૩ કોઇને અછતું આળ ચડાવતું, ૧૪ ચાડી ચુગલી કરે, ૧૫ પારકી નિંદા કરે, ૧૬ પાપના કામમાં ખુશી થાય અને ધર્મ કાર્યમાં દિલગીર થાય, ૧૭ કપટ સહિત અસત્ય વચન બોલે, ૧૮ ખોટા દેવગુરૂ, ધર્મની શ્રદ્ધા એ ૧૮.

પ્ર. એ અઢારથી વધારે પાપ છે કે નહિ ?

ઉ. નથી.

પ્ર. ત્યારે સાત કુવ્યસન શેમાં આવ્યાં ?

ઉ. એ અઢારને જ વિષે.

પ્ર. તે સાત કુવ્યસનનાં નામ શું ?

ઉ. ૧ જુગાર, ૨ માંસ ભક્ષણ, ૩ મદિરા પાન, ૪ વેશ્યાગમન, ૫ શિકાર, ૬ ચોરી, ૭ પર સ્ત્રીગમન, એ ૭.

પ્ર. તે સાત કુવ્યસન કયા કયા પાપમાં સમાયા ?

ઉ. ૧ માંસ, ૨ મદિરા, ૩ શિકાર એ ત્રણ પેલાં પ્રણાતીપાપમાં સમાયાં, વેશ્યાને પરસ્ત્રી એ ચોથા મૈથુન પાપમાં સમાયાં, ચોરી ત્રીજા અદત્તાદાન પાપમાં સમાયું અને જુગાર પાંચમા પરિગ્રહ પાપમાં સમાયું.

પ્ર. એ સાત કુવ્સન છે તેમાં વ્યભિચારમાં કેટલા ને કયા ?

ઉ. બે, તે વેશ્યા ગમને અને પરસ્ત્રી ગમને.

પ્ર. સ્ત્રીને સાતમું કુવ્યસન કયું ?

ઉ. પરપરૂષનો સંગ કરવો તે.

પ્ર. એ સાત કુવ્યસન સેવવાથી શું થાય ?

ઉ. આ ભવમાં અપજશપણું, દારિદ્રપણું, રોગાવસ્થા, મર્ણ પ્રમુખ સંકટ સહન કરી પરભવે નર્કાદિક દુર્ગતિમાં જાય.

પ્ર. એ સાત કુવ્યસનથી કોણ કોણ દુઃખી થયા ?

ઉ. ૧ જુગારથી નળરાજા અને પાંડવોએ રાજપાટહારી બાર વર્ષ સુધી મહા સંકટ વેઠયું, ૨ માંશથી શૌરી માછીને ગળે મચ્છનો કાંટો ભરાવાથી દુઃખી થઇ મર્ણ પામ્યો, ૩ મદિરા પાનથી દ્વારકાનો દાહ થયો, ૪ વેશ્યાના સંગથી સગડકુમાર દુઃખી થઇ મર્ણ પામ્યો, ૫ શિકારથી શ્રેણિકરાજા નર્કે ગયો,

૬ ચોરીથી અભેગસેન ચોર દુઃખી થયો, પરસ્ત્રીથી રાવણનો નાશ થયો.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. એ સાતે કુવ્યસનનો ત્યાગ કરવો.

પ્ર. ત્યાગ કરવાથી શું થાય.

ઉ. આ લોકમાં ને પરલોકમાં સુખી થાય.

પ્ર. સદા ચરણમાં પહેલું આપણે શું કરવું !

ઉ. એ સાતે કુવ્યસનનો ત્યાગ કરવો.

પ્ર. એ અઢાર પાપના ભાંગા કેટલા ?

ઉ. ૧૬૨.

પ્ર. તે કેવી રીતે થાય ?

ઉ. એ ૧૮ પાપને કરવું કરાવવું કરતાને ભલું જાણવું એ ત્રણ કર્ણે ગુણવાથી ૫૪ થાય, પછી મન, વચન ને કાયા એ ત્રણ જોગે ગુણવાથી ૧૬૨ થાય.

પ્ર. ભાંગા એટલે શું ?

ઉ. ભેદ.

પ્ર. ત્રણ કાળના ભાંગા કેટલા ?

ઉ. ૪૮૬.

પ્ર. તે કેવી રીતે થાય.?

ઉ. ત્રણ કાળને નવ કોટીએ ગુણવાથી ૨૭ થાય, પછી ત્રણ કર્ણે ગુણવાથી ૮૧ થાય, પછી ત્રણ જોગે ગુણવાથી ૨૪૩ થાય, પછી રાગને દ્વેષે ગુણવાથી ૪૮૬ ભાંગા ત્રણ કાળના થાય.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૩૦.

પ્રતિક્રમણુના એકવીશમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. એકવિશમા પાઠનું નામ શું ?

ઉ. પચીશ પ્રકારનું મિથ્યાત્વ.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. મિથ્યાત્વનું નિવારણ કરવા વિષે.

પ્ર. તે મિથ્યાત્વનાં નામ શું ?

ઉ. ૧ જીવને અજીવ કહે, ૨ અજીવને જીવ કહે, ૩ ધર્મને અધર્મ કહે, ૪ અધર્મને ધર્મ કહે, ૫ સાધુને કુસાધુ કહે. ૬ કુસાધુને સાધુ કહે, ૭ જૈન માર્ગને અન્યમાર્ગ કહે, ૮ અન્યમાર્ગને જૈન માર્ગ કહે, ૯ આઠ કર્મ ખપાવી મોક્ષ ગયા છે તેને નથી ગયા કહે, ૧૦ મોક્ષ નથી ગયા તેને ગયા કહે, ૧૧ અભિગ્રહીક, ૧૨ અનાભીગ્રહિક, ૧૨ શંશઇક, ૧૪ અભિનીવેસિક, ૧૫ અણાભોગીક, ૧૬ લોકિક, ૧૭ લોકોત્તર, ૧૮ કુપ્રાવચન, ૧૯ જૈનમાર્ગથી ઓછું પ્રરૂપે, ૨૦ જૈન માર્ગથી અધીકું પ્રરૂપે, ૨૧ જૈન માર્ગથી વિપ્રીત પરૂપે, ૨૨ અજ્ઞાન, ૨૩ અવિનય, ૨૪ આશાતના, ૨૫ અક્રિયાકરણી, એ ૨૫ પ્રકારનું મિથ્યાત્વ.

પ્ર. મુખ્ય કેટલાં મિથ્યાત્વ ?

ઉ. પાંચ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અભિગ્રહીક, ૨ અનાભીગ્રહીક, ૩ સંસઇક, ૪ અભિનીવેસીક, ૫ અણાભોગીક.

પ્ર. અભીગ્રહીક મિથ્યાત્વ એટલે શું ?

ઉ. હઠવાદી ખોટાને પકડી રાખે ને મુકે નહી તે.

પ્ર. અનાભીગ્રહીક મિથ્યાત્વ એટલે શું?
ઉ. બધા દેવ, બધા ગુરૂ ને બધા ધર્મને માને તે.
પ્ર. શંસઈક મિથ્યાત્વ એટલે શું?
ઉ. કયો મત ખરો ને કયો મત ખોટો તે નક્કી ન કરે ને શં-સય વેદે તે.
પ્ર. અભિનિવેશીક મિથ્યાત્વ એટલે શું?
ઉ. તિર્થંકરનો માર્ગ જાણે ને ઉપદેશ અન્યધર્મનો આપે તે.
પ્ર. અણાભોગીક મિથ્યાત્વ એટલે શું?
ઉ. જેમાં બીલકુલ જાણપણું ન હોય તે.
પ્ર. લોકિક મિથ્યાત્વ એટલે શું?
ઉ. લોકને વિષે જે કલ્પિત કરી બેસાર્યા છે તેને દેવ કરી માને આરંભ પરિગ્રહ સહિત ઢોંગીઓને ગુરૂ કરી માને ને હિંસા મુળ ધર્મ સમાચરે તે.
પ્ર. લોકોતર મિથ્યાત્વ અટલે શું?
ઉ. તિર્થંકર દેવની, ગુરૂની તથા ધર્મની માનતા કરે કે મારૂં અ-મુક કામ થશે તો આમ કરીશ તથા ફળની લાલચે વ્રત કરવું તે.
પ્ર. કુપ્રાવચન મિથ્યાત્વ એટલે શું?
ઉ. ૩૬૩ પાંખડી નામ તેને ભલા કરી માને તે.
પ્ર. ઇત્યાદિક પચવિશ પ્રકારના મિથ્યાત્વને શું કરવું?
ઉ. તજી દેવાં.
પ્ર. તે ત્યાગ ન કરે તો શું થાય?
ઉ. ચાર ગતિ ચૌવિશ દંડકમાં પરિભ્રમણ કરે.
પ્ર. તે ચાર ગતિનાં નામ શું?

ઉ. ૧ ચંડા. ૨ ચૈયા. ૩ ગંગા. ૪ જૈયા. એ ૪.

પ્ર. તેનાં ગોત્ર કયાં ?

ઉ. ૧ નારકી. ૨ તિર્યંચ. ૩ મનુષ્ય. ૪ દેવતા. એ ૪.

પ્ર. મિથ્યાત્વના ભાંગા કેટલા ?

ઉ. ૨૨૫,

પ્ર. તે તેવી રીતે થાય ?

ઉ. પચીસ પ્રકારના મિથ્યાત્વને ત્રણ કરણે ગુણવાથી ૭૫ થાય, પછી ત્રણ જોગે ગુણવાથી ૨૨૫ થાય.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૩૧૦.

પ્રતિક્રમણના બાવીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. બાવીસમાપાઠનુ નામ શું ?

ઉ. ચતારિ મંગળં-

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. મંગળિક વિષે.

પ્ર. મંગલીક કેટલાં ?

ઉ. ચાર.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અરિહંતનું નામ, ૨સિદ્ધનુસમર્ણ, ૩ સાધુનાં દર્શન, ૪ કેવળી પરૂપેલ ધર્મ એ, ૪.

પ્ર. તે મંગલીકથી શું થાય ?

ઉ. આપણાં સર્વ કાય સિદ્ધ થાય.

પ્ર. લોકમાં ઉત્તમ કેટલાં છે ?

ઉ. ચાર.
પ્ર. તેનાં નામ શું. ?
ઉ. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ સાધુ, ૪ કેવળી, પ્રરૂપેલ ધર્મ એ ૪.
પ્ર. એ ચારથી બીજાં કોઈ વધારે ઉત્તમ છે કે નહિ ?
ઉ. નથી.
પ્ર. સરણાં કેટલાં ને ક્યાં ?
ઉ. ચાર તે, ૧ અરિહંતનું, ૨ સિધનું, ૩ સાધુનું, ૪ કેવળી પરૂપેલ ધર્મનું એ ૪.
પ્ર. જીવને અંત વખતે તથા કષ્ટ વખતે કોનું સરણું લેવું ?
ઉ. એ ચારનુંજ.
પ્ર. સરણાં એટલે શું ?
ઉ. રક્ષણ કરનાર, કષ્ટથી ઉગારી સુખ આપનાર.
પ્ર. એ ચાર સરણાં લેવાથી શું થાય ?
ઉ. તે આપણને આધાર ભૂત થવાથી દુ:ખરૂપ કારાગ્રહથી બચી શકીએ-
પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?
ઉ. ૨૨૯

પ્રતિક્રમણના તેવીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. તેવીસમા પાઠનું નામ શું ?
ઉ. પડીકમામી પગામસિઝાએ.
પ્ર. તે પાઠ શા વિષે છે ?
ઉ. નિંદ્રાના અતિચાર ટાળવા વિષે.
પ્ર. નિંદ્રાના આતચાર કેટલાક ?
ઉ. ૧૯.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ઘણું સુવાથી, ૨ ઘણાં ઓઢવાનાં પાથરણે કરી, ૩ એક વાર પુંજ્યા વિના પાસુ ફેરવ્યું હોય, ૪ વારંવાર પુજ્યા વિના પાસું ફેરવ્યું હોય, ૫ પુંજ્યા વિના હાથ પગ સંકોચ્યા હોય ૬ પુંજ્યાવિના હાથપગલાંબા કર્યા હોય, ૭ જુંને ચાંપી હોય, ૮ ઉઘાડે મુખે બોલાયું હોય, ૯ કુકુઆટ શબ્દ કર્યા હોય, ૧૦ ઉઘાડે મુખેછીંક ખાધી હોય, ૧૧ ઉઘાડે મુઢે બગાસું ખાધું હોય, ૧૨ પુંજ્યાવિના ખાજ ખણી હોય, ૧૩ સચેતજથી ખરડેલ વસ્ત્રા દીકનો સ્પર્શ કર્યો હોય, ૧૪ આકુળવ્યાકુળ થવાયું હોય, ૧૫ સ્વપ્નામાં અનેક પ્રકારનાં રૂપ દીઠાં હોય, ૧૬ સ્વપ્નામાં સ્ત્રી સંઘાતે ભોગ કીધો હોય, ૧૭ દ્રષ્ટીએ કરી સ્ત્રી સંઘાતે ક્રિડા કીધી હોય, ૧૮ સ્વપ્નામાં મને કરી સ્ત્રીસંઘાતે ભોગ કીધો હોય, ૧૯ સ્વપ્નામાં ભોજનપાણી કરેલાં હોય એ ૧૯.

પ્ર. એ અતિચારો જાણતાં લાગ્યા હોય કે અજાણતાં ?

ઉ. અજાણતાં.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૪૮

પ્રતિક્રમણના ચોવીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. ચોવીસમા પાઠનુ નામ શું.

ઉ. ગોયરગ્ગ ચરિઆનો.

પ્ર. એ પાઠ શા વિષે છે ?

ઉ. ગોચરીના દોષ ટાળવા વિષે.

પ્ર. ગોચરી એટલે શું ?

ઉ. ગાય જેમ ઘાસનું મુળ ઉપાડે નહિ અને થોડું થોડું લઇ પોતાની ઉદર પુરણા કરે તેમ કોઇને દુઃખ ન થાય તેવી રીતે ભિક્ષાવૃત્તી કરવી તે.

પ્ર. ગૌચરી કરવા જતાં કેટલાને ઓલંઘી ન જવું ?

ઉ. ત્રણને.

પ્ર. તેના નામ શું ?

ઉ. ૧ કુતરા, ૨ વાછડા, ૩ બાળક.

પ્ર. તેને નહિ ઓળંઘવાનુ કારણ શું ?

ઉ. આપણને તથા તેહને દુઃખ થાય તેથી.

પ્ર. કેટલાદોશ ટાળી ગૌચરી કરવી.

ઉ. ૪૨ તથા, ૪૭ તથા, ૯૬ દોષ.

પ્ર. ગ્રહસ્થના ઘરે કેટલાદોષ ટાળવા ?

ઉ. ૨૩.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ સર્વથા કમાડ ઉઘાડવાથી લીધું હોય, ૨ અર્ધકમાડ ઉઘાડવાથી લીધું હોય, ૩ કુતરા વાછડા અને બાળકને તે ઓલંઘી જઇને લીધું હોય, ૪ કોઇના નિમિત્તે રાંધી મુકેલું તે લીધું હોય, ૫ બાકળા ઉછાળવાને કિધા તે લીધા હોય, ૬ શંકા પડયા છતાં લીધું હોય, ૭ બળાત્કારે લીધું હોય, ૮ અભણુ પણે અસુઝતું લીધું હોય, ૯ જાંણીને અકલ્પનીક લીધું હોય, ૧૦ સંજોગ મેળવી સ્વાદ ઉપજાવ્યો હોય, ૧૧ બીજ સહિત ભોજન લીધું હોય, ૧૨ લીલોત્રી સહિત ભોજન લીધું હોય, ૧૩ ગૌચરી કર્યા પહેલાં દોષ લગાડયો હોય, ૧૫ અન્દષ્ટથી લાવી આપેલું હોય, ૧૬ નાખતો વોહરાવે તે લીધું હોય, ૧૭

સચેત પાણીનો સંગટો થયેલ લીધું હોય, ૧૮ સચેત રજનો સંઘટો થયેલ લીધું હોય, ૧૯ ઘણો આહાર લઇ નાખી દીધું હોય, ૨૦ આધાકર્મિ લીધું હોય, ૨૧ ઘીઈ, દઇ પ્રમુખ શોળ દોષ લગાડી લીધું હોય, ૨૨ ખાવું થોડુંને નાંખી દેવું ઘણું એવું લીધું હોય, ૨૩ વારંવાર વસ્તુ માંગી લીધી હોય એ, ૨૩ દોષ ટાળવા.

પ્ર, ગ્રહસ્થ થકી કેટલા દોષ લાગે ?

ઉ. ૧૬.

પ્ર. સાધુથી કેટલા દોષ લાગે ?

ઉ. ૧૬.

પ્ર. ગ્રહસ્થ અને સાધુ એ બે થકી કેટલા દોષ લાગે ?

ઉ. ૧૦.

પ્ર. એ કેટલા દોષ થયા ?

ઉ. ૪૨.

પ્ર. જમતાં કેટલા દોષ લાગે ?

ઉ. ૫.

પ્ર. એ કુલ મળી કેટલા દોષ થયા ?

ઉ. ૪૭.

પ્ર. એવા દોષવાળા આહારને શું કહીએ ?

ઉ. અકલ્પનીક હોવાથી અશુદ્ધ કહીએ.

પ્ર. એહવો સદોષ આહાર કરવાથી શું થાય ?

ઉ. પાપ કર્મ બંધાયને બુદ્ધી મલીન થાય.

પ્ર. તેથી શું કરવું ?

ઉ. ઉપર કહેલા સર્વે દોષ ટાળી આહાર લેવો.

પ્ર. એ પાઠ શ્રાવકને બોલવો કે નહિ ?

ઉ. બોલવો.

પ્ર. શ્રાવક ગૌચરિ કરવા જાય છે કે નહિ ?

ઉ. જાય છે.

પ્ર. કિયાં જાય છે ?

ઉ. પડીમા ધારી, દેશાવગાસીક વાળા બારવ્રત ધારી શ્રાવક ગૌચરી કરવા જાય છે તેથી પાઠ બોલવો ને ગૌચરી કરે ત્યારે ઉપર કહેલા દોષ ટાળવા.

પ્ર. એ, પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૯૫ છે.

પ્રતિક્રમણના પચીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. પચીસમા પાઠનું નામ શું ?

ઉ. ચઉકાળે સઝાયસ્સ અકરણુયાએ.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. ચાર કાળ સંબંધી જે અંતિચાર લાગ્યો હોય તેનું નિવારણ કરવા વિષે.

પ્ર. તે ચાર કિયા ?

ઉ. ૧ દિવસનો પહેલો પોહોર, ૨ દિવશનો પાછલો (ચોથો) પોહોર, ૩ રાત્રીનો પહેલો પોહોર, ૪ રાત્રીનો પાછલો પોહોર, એ, ૪.

પ્ર. એ ચાર કાળે શું ન કર્યું હોય.

ઉ. શાસ્ત્રની સ્વાધ્યાય કીધી ન હોય.

પ્ર. બીજું શું ન કીધું હોય ?

ઉ. ભંડોપગરણ ઉપયોગ સહિત પુંજ્યાં ન હોય તથા દુષ્ટ રીતે પુંજ્યાં હોય, વળી ઉપયોગ સહિત જીવાદીકને પુંજ્યા ન હોય તથા દુષ્ટ રીતે પુંજ્યા હોય.

પ્ર. તેથી કેટલા પ્રકારનો દોષ લાગે ?

ઉ. ચાર પ્રકારનો.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અતિકર્મ, ૨ વ્યતીક્રમ, ૩ અતિચાર, ૪ અણાચાર,

પ્ર. તે પાપનું નિવારણ કેમ થાય ?

ઉ. મિથ્યા દુષ્કૃત્ય પ્રમુખ પ્રાયશ્ચિત લેવાથી.

પ્ર. મિથ્યા દુષ્કૃત્ય દેવાથી કેટલા દોષનું નિવારણ થાય ને કીયા ?

ઉ. ત્રણ તે, ૧ અતિકર્મ. ૨ વ્યતિકર્મ, ૩ અતિચાર.

પ્ર. અણાચાર શાથી નિવારણ થાય ?

ઉ. પ્રાયશ્ચિત લેવાથી.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૧૯૫.

પ્રતીક્રમણના છવીસમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. છવીસમા પાઠનું નામ શું ?

ઉ. એગવિહે અસંજમનો.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. એક બોલથી માંડી તે ત્રીસ બોલસુધીમાં જાણવા જોગ, છોડવા જોગ, આદરવા જોગ વસ્તુ છે તે નિર્ણય કરવા વિષે.

પ્ર. અસંયમ કેટલા પ્રકારનો ?

ઉ. એક પ્રકારનો.
પ્ર. બંધન કેટલાં ને કયાં ?
ઉ. બે, તે રાગ ને દ્વેષ.
પ્ર. એ પાઠમાં ત્રણ ત્રણના બોલ કેટલા ને કયા ?
ઉ. પાંચ તે, ૧ ત્રણ દંડ, ૨ ત્રણ ગુપ્તી, ૩ ત્રણ શલ્ય, ૪ ત્રણ ગર્વ, ૫ ત્રણ વિરાધના.
પ્ર. ત્રણ દંડ તે કયા ?
ઉ. મન દંડ, વચન દંડ, કાયાદંડ.
પ્ર. ત્રણ ગુપ્તી કઇ.
ઉ. મન ગુપ્તી, વચન ગુપ્તી, કાય ગુપ્તી.
પ્ર. ત્રણ શલ્ય કયા ?
ઉ. ૧ કપટનો, ૨ નીયાણા (કરણીનું ફળ માંગી લેવું તેનો, ૩ મિથ્યાત્વ દર્શનનો.
પ્ર. ત્રણગર્વ કયા ?
ઉ. ૧ રૂદ્ધી, ૨ રસ (સારા ખાનપાન)નો, ૩ શાતાનો.
પ્ર. ત્રણ વિરાધના કઇ ?
ઉ. ૧ જ્ઞાનની, ૨ સમક્તિની, ૩ ચારિત્રની.
પ્ર. ચાર ચારના બોલ કેટલા ને કયા ?
ઉ. ચાર તે, ૧ ચાર કષાય, ૨ ચાર સંજ્ઞાં, ૩ ચાર વિકથા, ૪ ચાર ધ્યાન.
પ્ર. ચાર કષાય કઈ ?
ઉ. ૧ ક્રોધ, ૨ માંન, ૩ કપટ, ૪ લોભ.
પ્ર. કષાય એટલે શું ?
ઉ. કષ (સંસાર) આય (લાભ) જેહનાથી સંસારમાં પરિભ્રમણ

કરવાનો લાભ થાય તે,

પ્ર. ચાર સંજ્ઞા તે કઇ ?

ઉ. ૧ આહાર સંજ્ઞા, ૨ ભયસંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા, ૪ પરિગ્રહ સંજ્ઞા.

પ્ર, ચાર વિકથા કઈ ?

ઉ. સ્ત્રી સંબંધી વાર્તા, ૨ ભોજન પાણીની વાર્તા, ૩ દેશપરદેશની વાર્તા, ૪ રાજ્યસંબંધી વાર્તા,

પ્ર. ચાર ધ્યાંન કયાં ?

ઉ. ૧ આર્ત ધ્યાન, ૨ રૌદ્રધ્યાન, ૩ ધર્મધ્યાન, ૪ શુકલ ધ્યાન.

પ્ર. આર્તધ્યાન એટલે શું ?

ઉ. દીલગીર સંબંધીનો વિચાર.

પ્ર. રૌદ્ર ધ્યાન એટલે શું ?

ઉ. હિંશા ચૌર્યાદિકનો વિચાર.

પ્ર. ધર્મધ્યાન એટલે શું ?

ઉ. પરમેશ્વરની આજ્ઞાદીકનો વિચાર.

પ્ર. શુકલ ધ્યાન એટલે શું ?

ઉ. કર્મક્ષય કરવાનો વિચાર.

પ્ર. પાંચ પાંચના બોલ કેટલાને કયા ?

ઉ. પાંચ તે, ૧ પાંચક્રિયા, ૨ પાંચ કામ ગુણ, ૩ પાંચ મહાવ્રત, ૪ પાંચ અણુંવ્રત, ૫ પાંચ સુમતિ.

પ્ર. પાંચ ક્રિયા કઇ ?

ઉ. ૧ કાયાની, ૨ અધિકરણ (શસ્ત્ર)ની, ૩ દ્વેષની, ૪ પરને પરિતાપ ઉપજાવવાની, ૫ પ્રાણુાતીપાત (જીવહિંશા)ની.

પ્ર. પ્રાણુાતિપાત એટલે શું ?

ઉ. પ્રાણુનો અતીપાત એટલે વિનાશ.
પ્ર, પાંચ કામગુણુ કયા ?
ઉ. ૧ શબ્દ, ૨ રૂપ, ૩ ગંધ, ૪ રસ, ૫ સ્પર્શ.
પ્ર. કામ ગુણુ એટલે શું ?
ઉ. પાંચ ઇન્દ્રીઓના વિષય,
પ્ર. તે વિષય કેટલા ?
ઉ. ૨૩
પ્ર. તેમાં શ્રોતેન્દ્રી (કાન) ના કેટલા વિષય ને કયા ?
ઉ. ત્રણુ તે, ૧ જીવ શબ્દ, ૨ અજીવ શબ્દ, ૩ મિશ્ર શબ્દ.
પ્ર. ચક્ષુ (આંખ) ઇન્દ્રીના કેટલા વિષય અને કયા ?
ઉ. પાંચ તે, ૧ કાળો, ૨ પીળો, ૩ ધોળો, ૪ રાતો, ૫ નિલો એ, પાંચ વર્ણુ (રંગ)
પ્ર. ઘ્રાણેન્દ્રી (નાક)ના કેટલા વિષય ને કયા ?
ઉ. ૨, તે સુગંધીને દુર્ગંધી.
પ્ર. રસેંદ્રી (જીભ)ના કેટલા વિષય ને કયા ?
ઉ. પાંચ તે, ૧ ખાટો ૨ મીઠો, ૩ તીખો, ૪ કડવો, ૫ કશાયલો (હરમ્યો) એ પાંચ.
પ્ર. સ્પર્શેંદ્રી (કાયા)ના કેટલા વિષય ને કયા ?
ઉ. આઠ તે, ૧ હલકો, ૨ ભારે, ૩ ટાઢો, ૪ ઉનો, ૫ ખરખરો, ૬ સુંવાળો, ૭ લુંખો, ૮ ચોપડો, એ ૮.
પ્ર. આપણા શરિરમાં સર્વથી હળવું શું ?
ઉ. માથાના કેશ
પ્ર. ભારે શું ?
ઉ. હાડકાં.
પ્ર. ટાઢું શું ?

ઉ. કાનની લોળ.

પ્ર. ઉંનું શું ?.

ઉ. છાતી.

પ્ર. ખરખરૂં શું ?

ઉ. પગનાં તળીઆં.

પ્ર. શુવાળું શું ?

ઉ. તાળવું ?

પ્ર. લુખુ શું ?

ઉ. જીભ.

પ્ર. ચોપડયું શું ?

ઉ. નાકની દાંડી ત્થા આંખ.

પ્ર. પાંચ ઈંદ્રીના વિકાર કેટલા ?

ઉ. ૨૪૦

પ્ર તેમાં શ્રોતેન્દ્રીના વિકાર કેટલાને કયા ?

ઉ. ત્રણુતે, ૧ જીવ શબ્દ, ૨ અજીવ શબ્દ, ૩ મિશ્ર શબ્દ, એ ત્રણ શુભને ત્રણ અશુભ એ ૬ ના ઉપર રાગ ને એ ૬ ના ઉપર દ્વેષ એ ૧૨. (કોઈ એહના (૨૪) કહે છે, ત્રણ શબ્દ શુભને ત્રણ અશુભ એ ૭ મનોજ્ઞ (મનગમતા) ને ૭ અમનોજ્ઞ (અણગમતા) એ બારના ઉપર રાગને બારના ઉપર દ્વેષ એ ૨૪.

પ્ર. ચક્ષુ ઈન્દ્રીના વિકાર કેટલા ને કયા ?

ઉ. ૬૦, તે પાંચ વર્ણું સચેત, પાંચ અચેત, ને પાંચ મીશ્ર, એ ૧૫ શુભ, ને ૧૫ અશુભ, એ ૩૦ ના ઉપર રાગ ને ૩૦ ના ઉપર દ્વેષ, એ ૬૦.

પ્ર. ઘ્રાંણેંન્દ્રિના વિકાર કેટલા ને કયા ?

ઉ. ૧૨, તે બે ગંધ સચેત, બે અચેત, ને બે મિશ્ર, એ ૬ ના ઉપર રાગ, ને એ ૬ ના ઉપર દ્વેષ, એ ૧૨.

પ્ર. રસેન્દ્રીના વિકાર કેટલા ને કયા ?

ઉ. ૬૦, તે પાંચ રસ સચેત, પાંચ અચેત, ને પાંચ મિશ્ર, એ ૧૫ શુભ ને ૧૫ અશુભ, એ ૩૦ ના ઉપર રાગ ને ત્રીસના ઉપર દ્વેષ, એ ૬૦.

પ્ર. સ્પર્શેન્દ્રીના વિકાર કેટલા ને કયા ?

ઉ. ૯૬, તે આઠ સ્પર્શ સચેત, આઠ અચેત, ને આઠ મિશ્ર, એ ૨૪ શુભ ને ૨૪ અશુભ, એ ૪૮ ના ઉપર રાગ ને ૪૮ ઉપર દ્વેષ, એ ૯૬ એ પાંચ ઇંદ્રીઓના સર્વે થઇ ૨૪૦ વિકાર થયા અને શ્રોતેન્દ્રીના ૧૨ જે બદલે ૨૪ ગણાયા, તો (૨૫૨) વિકાર થયા.

પ્ર. પાંચ ઇન્દ્રીનાં નામ શું ?

ઉ. ૧ અગોચરી, ૨ ગોચરી, ૩ દુમહી, ૪ ચરપરી, ૫ અરપરી.

પ્ર. પાંચ ઇન્દ્રીમાં કામી કેટલી ને ભોગી કેટલી ?

ઉ. બે કામી, ને ત્રણ ભોગી.

પ્ર. બે કામી તે કઇ ?

ઉ. શ્રોતેન્દ્રીને ને ચક્ષુઇન્દ્રી.

પ્ર. ત્રણ ભોગી તે કઇ

ઉ. ઘ્રાણેન્દ્રી, રસેન્દ્રી, સ્પર્શેન્દ્રી.

પ્ર. કામ ભોગ શાથી કેવાય છે ?

ઉ. બે કામીઇન્દ્રીઓ ઉપરથી કામ, અને બે ભોગીઇન્દ્રીઓ ઉપરથી ભોગ કહેવાય છે.

પ્ર. પાંચ મહાવ્રત કયાં ?

ઉ. સર્વથા ૧ પ્રાણાતીપાતથી, ૨ મૃષાવાદથી, ૩ અદત્તાદાનથી, ૪ મૈથુનથી, ૫ પ્રરિગ્રહથી નીવર્તવું.

પ્ર. મહાવ્રત એટલે શું ?

ઉ. મહોટાં વ્રત.

પ્ર. કોની અપેક્ષા એ મહોટાં વ્રત ?

ઉ. શ્રાવકના પાંચ અણુવ્રતની અપેક્ષાએ.

પ્ર. પાંચ મહાવ્રતનાં નાંમ શું ?

ઉ. ૧ યત. ૨ સત, ૩ દત્ત, ૪ બંભ, ૫ અકિંચન

પ્ર. યત એટલે શું ?

ઉ. સર્વ જીવની યત્ના એટલે રક્ષણ કરવું.

પ્ર. સત એટલે શું ?

ઉ. સર્વથા સત્ય વચન બોલવું.

પ્ર. દત્ત એટલે શું ?

ઉ. સર્વથા દીધેલી વસ્તુ લેવી.

પ્ર. બંભ એટલે શું ?

ઉ. સર્વથા બ્રહ્મચર્ય પાળવું.

પ્ર. અકિંચન એટલે શું ?

ઉ. સર્વથા પરિગ્રહ રહિતપણે રહેવું.

પ્ર. શ્રાવકનાં પાંચ અણુંવ્રત કયાં ?

ઉ. ૧ મોટકા જીવ તે ત્રસજીવને હણવા નહિ, ૨ મોટકું જુંઠું બોલવું નહિ, ૩ મોટકી ચોરી કરવી નહિ, ૩ પરસ્ત્રી કે પર પુરૂષનો સગ કરવો નહિ, ૫ પરિગ્રહની મર્યાદા કરવી.

પ્ર. શ્રાવકના વ્રતના મુળ ભાંગા કેટલા ?

ઉ. ૪૯

પ્ર. તેમાં ૧૧ આંકેકરણ કેટલા ને જોગ કેટલા ?
ઉ. એક કરણ, ને એક જોગ.
પ્ર. તેના ભાંગા કેટલા ?
ઉ. ૯
પ્ર. તેનાં નામ શું ?
ઉ. ૧ મનથી કરૂં નહિ, ૨ વચનથી કરૂં નહિ, ૩ કાયાથી કરૂં નહિ, ૪ મનથી કરાવું નહિ, ૫ વચનથી કરાવું નહિ, ૬ કાયાથી કરાવું નહિ, ૭ મનથી કરતા પ્રત્યે ભલુ જાંણું નહિ, ૮ વચનથી ભલું જાંણું નહિ, ૯ કાયાથી ભલું જાણું નહી. એ ૯.
પ્ર. તેમાં અગ્યારમાં આંક કહેવાનું કારણ શું ?
ઉ. એક કરણનો એકડો, અને એક જોગનો એકડો, એ બે એકડા ભેગા કરવાથી ૧૧ ની સંખ્યા થાય છે તેથી.
પ્ર. બારમે આંકે કરણ કેટલા ને જોગ કેટલા ?
ઉ. એક કરણને બે જોગ.
પ્ર. તેના ભાંગા કેટલા ?
ઉ. ૯
પ્ર. તેનાં નામ શું ?
ઉ. ૧ કરૂં નહિ કરાવવું નહિ મનથી, ૨ કરૂં નહિ કરાવવું નહિ વચનથી, ૩ કરૂં નહિ કરાવવું નહિ કાયાથી, ૪ કરૂં નહિ કરતા ને ભલું જાંણું નહિ મનથી, ૫ કરૂં નહિ કરતાને ભલું જાંણું નહિ વચનથી, ૬ કરૂં નહિ કરતા ને ભલું જાણું નહિ કાયાથી, ૭ કરાવવું નહિ કરતાને ભલું જાંણવું નહિ મનથી, ૮ તે ભલું જાણવું નહિ વચનથી, ૯ કરાવવું નહિ કરતાં તે ભલું જાંણવું નહિ કાયાથી એ ૯.

પ્ર. એમાં ૨૧ મો આંક કહેવાનું કારણ શું ?

ઉ. બે કરણનો બગડો ને એક જોગનો એકડો, એ બગડો ને એકડો જોડાજોડ લખવાથી ૨૧ ની સંખ્યા થાય તેથી.

પ્ર. બાવીસમા આંકે કરણ કેટલાને જોગ કેટલા ?

ઉ. બે કરણ ને બે જોગ.

પ્ર. તેના ભાંગા કેટલા ?

ઉ. ૯

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ કરૂં નહિ કરાવવું નહિ મનથી વચનથી, ૨ કરૂં નહિ કરાવવું નહિ મનથી કાયાથી, ૩ કરૂં નહિ કરાવવું નહિ વચનથી કાયાથી, ૪ કરૂં નહિ કરતાંને ભલું જાંણું નહિ મનથી વચનથી, ૫ કરૂં નહિ કરતાં ને ભલું જાણું નહિ મનથી કાયાથી, ૬ કરૂં નહિ કરતાં ને ભલું જાણું નહિ વચનથી કાયાથી, ૭ કરાવવું નહિ કરતાં ને ભલું જાણવું નહિ મનથી વચનથી ૮ કરાવવું નહિ કરતાં ને ભલું જાંણવું નહિ મનથી કાયાથી, ૯ કરાવવું નહિ કરતાને ભલું જાણવું નહિ વચનથી કાયાથી એ ૯.

પ્ર. એમાં બાવીસમા આંક કહેવાનુ કારણ શું ?

ઉ. બે કરણનો બગડો, અને બે જોગનો બગડો, એ બે બગડા જોડે જોડે લખવાથી ૨૨ ની સંખ્યા થાય છે તેથી.

પ્ર. તેવિસમે આંકે કરણ કેટલા ને જોગ કેટલા ?

ઉ. બે કરણ, ને ત્રણ જોગ.

પ્ર. તેના ભાંગા કેટલા ?

ઉ. ૩

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ કરૂં નહિ કરાવવું નહિ મનથી વચનથી કાયાથી, ૨ કરૂં નહિ કરતા ને ભલું જાંણવું નહિ મનથી વચનથી કાયાથી, ૩ કરાવવું નહિ કરતા ને ભલું જાંણવું નહિ મનથી વચનથી કાયાથી એ ૩.

પ્ર. એમાં તેવીસમો આંક કહેવાનું કારણ શું ?

ઉ. બે કરણનો બગડો, અને ત્રણ જોગનો તગડો, એ બગડો ને ત્રગડો એ બે જોડે જોડે લખવાથી ૨૩ ની સંખ્યા થાય છે તેથી,

પ્ર. એકત્રીસમા આંકે કરણ કેટલા ને જોગ કેટલા ?

ઉ. ત્રણ કરણ, ને એક જોગ.

પ્ર. તેના ભાંગા કેટલા ?

ઉ. ૩

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ કરૂં નહિ, કરાવવું નહિ, કરતાને ભલું જાંણવું નહિ મનથી, ૨ કરૂં નહિ, કરાવવું નહિ, કરતાને ભલું જાંણવું નહિ વચનથી, ૩ કરૂં નહિ, કરાવવું નહિ, કરતાને ભલું જાંણવું નહિ કાયાથી એ ૩.

પ્ર. એમાં એકત્રીસમા આંક કહેવાનુ કારણ શું ?

ઉ. ત્રણ કરણનો તગડો, ને એક જોગનો એકડો, એ ત્રગડો ને એકડો એ બે જોડે જોડે લખવાથી એકત્રીસની શંખ્યા થઈ તેથી

પ્ર. બત્રીસમે આંકે કરણ કેટલા ને જોગ કેટલા ?

ઉ. ત્રણ કરણ ને બે જોગ.

પ્ર. તેના ભાંગા કેટલા ?

ઉ. ૩-

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ કરૂં નહિ કરાવવું નહિ કરતાને ભલું જાંણવું નહિ મનથી વચનથી, ૨ કરૂં નહિ કરાવવું નહિ કરતાને ભલું જાંણવું નહિ મનથી કાયાથી, ૩ કરૂં નહિ કરાવવું નહિ. કરતાને ભલું જાણવું નહિ વચનથી, કાયાથી એ ૩.

પ્ર. એમાં બત્રીનો આંક કહેવાનું કારણ શું ?

ઉ. ત્રણ કરણનો તગડો અને બે જોગ ને:બગડો એ ત્રગડોને બગડો જોડે જોડે લખવાથી ૩૨ ની સંખ્યા થાય છે તેથી

પ્ર. તેત્રીસમા આંકે કરણ કેટલા ને જોગ કેટલા ?

ઉ. ત્રણ કરણને ત્રણ જોગ.

પ્ર. તેના ભાંગા કેટલા ?

ઉ. એક.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. કરૂં નહિ કરાવવું નહિ કરતાને ભલું જાણવું નહિ મનથી વચનથી કાયાથી.

પ્ર એમાં તેત્રીસનો આંક કહેવાનું કારણ શું ?

ઉ. ત્રણ પ્રકરણનો ત્રગડો અને ત્રણ જોગનો ત્રગડો એ બે ત્રગડા જોડે જોડે લખવાથી ૩૩ સંખ્યા થાય તેથી.

પ્ર. એ સર્વે થઇ કેટલા ભાંગા થયા ?

ઉ. ૪૯.

પ્ર. શ્રાવકને દરેક પચખાણ કેટલે ભાંગે થાય ?

ઉ. એ, ૪૯ ભાંગા મોહીલા ભાંગેથાય.

પ્ર. એ. ૪૯ ભાંગા શિવાય કોઇવ્રત થાય કે નહિ ?

ઉ. નહિ થાય.

પ્ર. શ્રાવકનાં પાંચ અણુંવ્રતના ઉત્તર ભાંગા કેટલા ?

ઉ. ૭૩૫.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. પૂર્વે ૪૯ ભાંગા કહ્યા છે તે પહેલા વ્રતના ૪૯, બીજાના ૪૯, ત્રીજાના ૪૯, ચોથાના ૪૯, પાંચમા વ્રતના ૪૯, એ સર્વે થઇ ૨૪૫ ભાંગા થયા તે, ૨૪૫ ગયા કાળના, ૨૪૫ વર્તમાન કાળના ૨૪૫ ભવિષ્યકાળના એ સર્વે થઈ ૭૩૫ ભાંગા પાંચ અણુંવ્રતના.

પ્ર પાંચ સુમતિ કઈ ?

ઉ. ૧ ઈર્યા સુમતિ તે જોઇને યત્નપુર્વક ચાલવું, ૨ ભાષા જાંણવા સુમતિ તેવીચારીને નિર્દોષ વચન બોલવું, ૩ એષણા સુમતિ તે નિર્દોષ અન્ન પાણી પ્રમુખ ભોગવવું, ૪ આદાન નિખેવણા સુમતિ તેજત્ના પુર્વક દરેક વસ્તુ લેવી મુકવી, ૫ પરિઠાવણીઆ સુમતિ તે પરઠવવા (નાંખીદેવા) યોગ્ય વસ્તુને યત્નાપુર્વક પરઠવવી

પ્ર. એ પાઠના છ છના બોલ કેટલાને કયા ?

ઉ. બે, તે છકાયને છ લેશા.

પ્ર છકાયનાં નામ શું ?

ઉ. ૧ ઈંદી થાવર કાય, ૨ બંભી થાવર કાય, ૩ સાથી થાવર કાય, ૪ સુમતિ થાવર કાય, ૫ પયાવચ્ચ થાવર કાય, ૬ જંગમ કાય.

પ્ર. છ કાયનાં ગૌત્ર કયાં ?

ઉ. ૧ પૃથ્વી કાય, ૨ અપ (પાણી) કાય, ૩ તેઉ (અગ્નિ) કાય,

૪ વાયુ કાય, ૫વનસ્પતિકાય, ૬ ત્રસકાય.

પ્ર. ઇંદી એટલે શું ?

ઉ. જેના ઉપર ઇંદ્રનું માલીકીપણું છે તે પૃથ્વી.

પ્ર. થાવર એટલે શું ?

ઉ. સ્થિર રહેવું તે.

પ્ર. કાય એટલે શું ?

ઉ. સમુહ (જથ્થો)

પ્ર. બંભી એટલે શું ?

ઉ. જેમાં પ્રતિબીબ પડે તે પાણી અને થાવર કાયનો અર્થ સર્વમાં ઉપર મુજબ જાંણવો.

પ્ર. સપ્પી એટલે શુ ?

ઉ. ઘી પ્રમુખ વસ્તુને પીગળાવે (ઓગળાવે) તે અગ્નિ.

પ્ર. સુમતિ એટલે શું ?

ઉ. જેહનાથી શાંતિ ઉપજે શિતળતા કરે તેવો વાયુ.

પ્ર. પયાગ્ચ્ચ એટલે શું ?

ઉ. જેહનાથી દુધાદીકની ઉત્પતી થાય તે વનસ્પતિ.

પ્ર. જંગમ એટલે શું ?

ઉ. એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તે ત્રસ હાલતા ચાલતા જીવ.

પ્ર. પૃથ્વી અને પૃથ્વીકાયમાં શું ફેર ?

ઉ. એક માટીનો કટકો હોય તેને પૃથ્વી કહેવાય અને જગતમાં તમામ પૃથ્વીનો એક જથ્થો હોય તેને પૃથ્વીકાય કહેવાય, એજ પ્રમાણે એક પાણીનું બીંદુ હોય તેને અપ કહેવાય

અને જગતમાં જેટલું પાણી છે તે તમામનો એક જથ્થો હોય તેને અપકાય કહેવાય એવી રીતે છએકાયમાં સમજવું.

પ્ર. છલેશાના નામ શું ?

ઉ. ૧ કૃશ્નલેશા, ૨ નિલ લેશા, ૩ કાપુત લેશા, ૪ તેજુલેશા, ૫ પદમલેશા, ૬ શુકલલેશા,

પ્ર. લેશા એટલે શું ?

ઉ. મનના સારા ખોટા વિચાર કરી કર્મના પુદગળોથી ખરડાવું તે.

પ્ર, કૃશ્નલેશાનાં લક્ષણ શું ?

ઉ. પાંચ આશ્રવનો સેવનાર મન વચન કાયાને પાપમાં જતાં અટકાવે નહિ, છકાય જીવનો ઘાત કરવામાં તિવ્ર પ્રણામી, પાપ કરવામાં સાહસીક, સર્વ જીવને અપ્રિય કારી, જીવહણતાં બીલકુલ સુગંધ આવે નહિ, પાંચ ઈન્દ્રીઓના વિષયમાં તિવ્ર લુબ્ધ, દયા રહિત, અતિક્રોધી, અતિ અભિમાની, ઘણા જીવનીસાથે વેર બાંધનાર, ધર્મ રહિત, રાત્રીદીવસ પાપરૂપ વ્યાપારે કરી ને યુકત, એહવાં લક્ષણે કરી સહિત હોય તે.

પ્ર. નિલલેશાનાં લક્ષણ શું ?

ઉ. ઇર્ષાવંત, અમર્ષવંત, ઘણો કદાગ્રહિ, ભલી વિધ્યા રહિત, પરજીવને છેતરવાની બુદ્ધી, વિષયનો અત્યંત લુબ્ધ, દ્વેષી, ધુર્ત, પ્રમાદી, ખાધાપીધાનો અત્યંત લોલપીં,શાતાનો ઇચ્છીત, છકાયના જીવના આરંભ થકી નિવર્ત્યો નથી, હલકા સ્વભાવવાળો, અણુવિચાર્યો કાર્યનો કરનાર એહવાં લક્ષણે કરી સહિત હોય તે.

પ્ર, કાપુત લેશાનાં લક્ષણ શું ?

ઉ. વાંકું બોલનાર, વાંકાં વાંકાં કામ કરનાર, અત્યંત કપટી, શરલપણા રહિત–પોતાના દોષ ઢાંકનાર, મિથ્યાત્વ દ્રષ્ટી અનાર્ય,

બીજાને ઝાટકો લાગે તેવાં કડવાં વચન બોલનાર, ચોરી કરનાર, બીજાની રૂધ્ધી સુખ દેખી ન શકે એહવાં લક્ષણે કરી સહિત હોય તે.

પ્ર. તેજુલેશ્યાનાં લક્ષણ શું ?

ઉ. માન રહિત, ચપળ પણા રહિત, ઇંદ્રીઓને ધર્મ કાર્યમાં દમનાર, શાસ્ત્ર ભણવાં વાંચવાનાં વ્યાપારે કરી સહિત, ધર્મને વિષે નિશ્ચળ પાપથકી ડરે, મોક્ષનો ઇચ્છનાર, ધર્મનાં વ્યાપારે કરી યુક્ત એહવાં લક્ષણે કરી સહિત હોય તે.

પ્ર. પદમલેશ્યાનાં લક્ષણ શું ?

ઉ. જેને ક્રોધ માન માયાને લોભ પાતળા છે, (થોડા) રાગદ્વેષ ઉપશાંત (ઢાંકેલાં) છે, ધર્મ કાર્યનાં આત્માને દમનાર, મનવચન કાયાના યોગ વસ છે, સિદ્ધાંત ભણતાં જે તપ કરવાને કહેલ છે તે તપાશાએ કરી સહિત છે, થોડું બોલનાર જેની પ્રકૃતી ઉપશાંત છે, જીતેંદ્રીય છે, એહવાં લક્ષણે કરી સહિત હોય તે.

પ્ર. શુકલલેશ્યાનાં લક્ષણ શું ?

ઉ. આર્તધ્યાન ને રૌદ્ર ધ્યાને કરી સહિત, ધર્મધ્યાનને શુકલધ્યાને કરી સહિત, રાગદ્વેષ ઉપશાંત છે અથવા ક્ષય થયા છે, પાંચ ઈન્દ્રીઓને દમનાર જીતેંન્દ્રી, પાંચ સુમતીને ત્રણ ગુપ્તીએ કરી સહિત છે. સરાગી અથવા વિતરાગી છે, નિંદયા ને શોકે કરી રહિત છે, શિતળી ભુત શાંત સ્વભાવી એહવા લક્ષણે કરી સહિત હોય છે.

પ્ર. એ છલેશ્યામાં ખરાબ લેશ્યા કેટલી ?
ને તેનાં નામ શું

ઉ. ત્રણ તે, ૧ કૃષ્ન, ૨ નિલ ને ૩ કાપુત,

પ્ર. સારી લેશ્યા કેટલી ને તેનાં નામ શું ?

ઉ. ત્રણ તે, ૧ તેજુ, ૨ પદમ ને ૩ શુકલ.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. ત્રણ ખોટીલેશ્યાનાં લક્ષણથી દુર્ગતીએ જવાય તેથી તે છોડી ત્રણ સારીલેશ્યાનાં લક્ષણ ગ્રહણ કરવાં કે જેથી સ્વર્ગને મોક્ષનાં સુખની પ્રાપ્તી થાય.

પ્ર. ભયનાં સ્થાનક કેટલાં ?

ઉ. ૭.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ઇહલોકભય, ૨ પરલોકભય, ૩ આદાનભય, ૪ અકસ્માત્‌ભય, ૫ આજીવિકાભય, ૬ મરણનોભય, ૭ પુંજાશ્લાઘાભય—એ, ૭.

પ્ર. ઇહલોકભય કેહેને કહીએ ?

ઉ. સ્વજાતી થકી ભય ઉપજે જેમ મનુષ્યને બીજા મનુષ્યનો ભય-લાગે, પશુને બીજાં પશુનો ભય લાગે, દેવતાને બીજા દેવતાનો ભય લાગે ઇત્યાદીક.

પ્ર. પરલોક ભય કેને કહીએ ?

ઉ. પરજાતી થકી ભય લાગે જેમ મનુષ્યને પશુ પ્રમુખનો ભય લાગે, પશુને મનુષ્યાદીકનો ભય લાગે ઇત્યાદીક.

પ્ર. આદાનભય કહેને કહીએ ?

ઉ. ધનાદીક આશ્રીને અમારૂં ધનાદીક રખે બીજું કોઇ લઇજાય ઇત્યાદિક.

પ્ર. અકસ્માતભય કેને કહીએ ?

ઉ. ઓચીંતો ભય લાગે જેમ રાત્રીયાદીકમાં દોરડા પ્રમુખને દેખી

સર્પાદીકની ધાસ્તી લાગે તે.

પ્ર. આજીવીકા ભય કેને કહીએ ?

ઉ. ખાન પાનાદીકથી તે મારૂં ભરણ પોષણ શીરીતે થશે, કોણ કરશે ઇત્યાદીક ભય લાગે તે.

પ્ર. એ સાતભયનું શું કરવું ?

ઉ. તજીદેવાં,

પ્ર. મદ કેટલા ?

ઉ. ૮.

પ્ર મદ એટલે શું ?

ઉ. અતિશે ગર્વિષ્ટ પણું.

પ્ર. તે આઠનાં નામ શું ?

ઉ. જાતિનો મદ, ૨ કુળનો મદ, ૩ બળનો મદ, ૪ રૂપનો મદ ૫ તપશાનો મદ, ૬ ભણુતરનો મદ, ૭ લાભનો મદ, ૮ ઠકુરાઇનો મદ એ, ૮.

પ્ર. જાતિનો મદ કહેને કહીએ ?

ઉ. પોતાની માતાનો પક્ષ નિર્મળ હોય, કોઇ જાતનું કલંક લાગેલ ન હોય તેહનો મદ તે.

પ્ર. કુળનો મદ કેને કહીએ ?

ઉ. પોતાનો બાપનો પક્ષ નિર્મળ હોય તેહનો મદ તે.

પ્ર. ઠકુરાઇનો મદ કેહેને કહીએ ?

ઉ. અધિકારપણાનો મદ તે.

પ્ર. શિયળરૂપી વૃક્ષના રક્ષણ માટે વાડ કેટલી ?

ઉ. ૯.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ પુરૂષે સ્ત્રી રહિત અને સ્ત્રીએ પુરૂષ રહિત તેમજ પશુ નપુંશક રહિત મકાન હોય તેહમાં રહેવું, ૨ સ્ત્રીપુરૂષે કામ ક્રીડાની વાર્તા કરવી નહિ, ૩ સ્ત્રી પુરૂષે એક આસન ઉપર બેસવું નહિ, ૪ સ્ત્રીએ પુરૂષનાં અને પુરૂષે સ્ત્રીનાં અંગોપાંગ ધારીધારીને નિરખવાં નહિ, ૫ સ્ત્રી પુરૂષે ભીંત ટટી પ્રમુખને આંતરે બીજા સ્ત્રી પુરૂષના કામ ક્રીડાના શબ્દો સાંભળવા નહિ, ૬ બ્રહ્મચર્ય આદર્યા પહેલાં જે કામ ક્રીડા કરી હોય તે ફરી સંભારવી નહિ, ૭ રોજ રોજ સરસ ભોજન કરવું નહિ, ૮ રોજ રોજ દાબી ચાંપીને ખાવું નહિ, ૯ રોજ રોજ નાર્ઈઘોર્ઈ તેલ ફુલેલ અંતરાદીક લગાડી શરિરની છટા પટાદીક વિભૂષા કરવી નહિ.

પ્ર. આ નવ વાડો કોણે પાળવી ?

ઉ. સર્વથા બ્રહ્મચર્ય આદર્યું હોય તેવાં સ્ત્રી પુરૂષે સર્વના સંબંધમાં ત્થા પતિવ્રતા સ્ત્રીએ પર પુરૂષના સંબંધમાં અને પોતાની પત્નિવ્રત ધારણ કરનાર પુરૂષે પરસ્ત્રીના સંબંધમાં ઉપર મુજબ નવવાડ પાળવી.

પ્ર. એ નવવાડને બીજી રીતે સમજાવી શકશો ?

ઉ. હા.

પ્ર. શીરીતે સમજાવસો ?

ઉ. દ્રષ્ટાંતથી.

પ્ર. પહેલી વાડનું દૃષ્ટાંત શું ?

ઉ. બીલાડીની સાથે ઉંદરને રહેતાં ક્ષેમ કુશળ નહિ તેમજ સ્ત્રી પુરૂષે ભેગાં રહેતાં બ્રહ્મચર્ય સચવાય નહિ.

પ્ર. બીજીવાડનું દૃષ્ટાંત શું ?

ઉ. આંબલી, લીંબુને સંભારવાથી ડાઢમાંથી પાણી છુટે તેવી રીતે કામ ક્રિડાની વાત કરવાથી બ્રહ્મચર્યની હાની થાય,

પ્ર. ત્રીજીવાડનું દ્રષ્ટાંત શું ?

ઉ. ઘઉની કણક બાંધેલી હોય તેની જોડે કોળું કાપીને મુકે તો કણકનો વાક (ચીકાસ) જાય તેમ સ્ત્રી પુરૂષે એક આસને બેસવાથી વિષય ઉત્પન્ન થવાથી બ્રહ્મચર્યનું તત્વ જાય,

પ્ર. ચોથી વાડનું દ્રષ્ટાંત શું ?

ઉ, સૂર્યના સાંમુ જોવાથી આંખનું તેજ ઘટે તેમ સ્ત્રી પુરૂષનાં પરસપર અંગોપાંગ નિરખવાથી કામદેવ ઉત્પન્ન થાય અને બ્રહ્મચર્યનું તેજ ઘટે.

પ્ર. પાંચમી વાડનું દ્રષ્ટાંત શું ?

ઉ, અગ્નિઉપર ઘીનો ઘડો મુકવાથી ઘી પીંગળે અથવા કોઇ હડકાયું કરડેલું હોય તેને વરસાદનો ગર્જારવ સાંભળવાથી પાછો હડકવા ઉછળે તેમ ભીંત પ્રમુખને આંતરે સ્ત્રી પુરૂષના કામ ક્રિડાના શબ્દો સાંભળવાથી પાછો કામદેવ જાગ્રત થાય.

પ્ર. છઠ્ઠી વાડનું દ્રષ્ટાંત શું ?

ઉ. સર્પ અને કઠીઆરાનું દ્રષ્ટાંત તે એવી રીતે કે બે કઠીઆરા પ્રદેશ જતાં એક ગામમાં એક ડોસીને ત્યાં રાતવાસો રહ્યા, પાછલી રાતે ડોસીએ ગોળી જોયા વિના ગોરસી નાંખી છાસ વલોવી કઠીઆરાને આપી તે ખાઈ પ્રદેશ ગયા, પ્રભાતે ડોસીએ જોયું તો ગોળીમાં સર્પ વલોવાઇ ગએલો જાણી દીલગીર થઈ, કેટલેક કાળે કઠીઆરા પાછા આવ્યા ત્યારે ડોસીએ સર્પની વાત કરી તે સાંભળતાંજ કઠીઆરાને ઝેર ચઢયું ને તુરત મર્ણ પામ્યા એવી રીતે બ્રહ્મચર્ય આદર્યા પહેલાં સ્ત્રી પુરૂષે જે

કામ ક્રિડા કરી હોય તે સંભારવાથી ફરી કામદેવ પ્રદીપ્ત થાય.

પ્ર. સાતમી વાડનું દૃષ્ટાંત શું ?

ઉ. સનેપાંતના રોગવાળાને દુધ સાકર પાવાથી વધારે સનેપાત થાય તેમ હમેશાં સરસ ભોજન કરવાથી વધારે કામદેવ પ્રદીપ્ત થાય.

પ્ર. આઠમી વાડનું દૃષ્ટાંત શું ?

ઉ. શેરની હાંડી હોય તેમાં સવાસેર રાંધવાથી હાંડી ફુટે ને અનાજ જતું રહે તેમ હમેશાં દાબી ચાંપીને ખાવાથી સ્વપ્નામાં વિર્યની સ્ખલના (જતું રહે) થાય.

પ્ર. નવમી વાડનું દૃષ્ટાંત શું ?

ઉ. રાંકને હાથ રત્નનું દૃષ્ટાંત તે એવી રીતે કે જંગલમાં ઉનાળાના દિવસમાં એક કઠીઆરાને દુઃખી જાંણી એકવિદ્યાધરે એક ચિંતામણીરત્ન કઠીઆરાના ખોલામાં નાખ્યું, કઠીઆરાએ હોકાનો કાંકરો કરવા તરીકે લુગડાના છેડે બાંધ્યું, પછી ખાવા પીવાની મકાનની, બગીચાની ને નાટકની ચિંતવણી કરવાથી સર્વ ઇચ્છા ફળીભૂત થઇ. એક દેવતા તે જંગલમાં થઇને જતા દેવતાઇ નાટક જોઇ આશ્ચર્ય પામી અવધી જ્ઞાને જોઈ કાગડાનું રૂપ કરી કઠોર શબ્દ બોલી નાટકના રંગમાં ભંગ કરવા લાગ્યો. કાગડાને ઉડાડવા ચિંતામણી રત્ન ફેંકયું તે દેવતા લઇ ચાલ્યો ગયો. પાછળ જોયું તો લાકડાની ભારીને પોતે જેવો હતો તેવો રહ્યો. જેમ એ રાંકને હાથ રત્ન રહ્યું નહિ તેવી રીતે રોજ નાઇ ધોઇ તેલ ફુલેલ અત્તરાદીક લગાડી શરીરની છટા પટાદીક વિભુષા કરે તો બ્રહ્મચર્યનો નાશ થતાં વાર લાગે નહિ.

પ્ર. આ દૃષ્ટાંતો સાંભળી શું કરવું ?

ઉ. શિયળવંતાં સ્ત્રી પુરૂષે ઉપર કહેલી નવવાડ બરાબર પાળવી કે જેથી બ્રહ્મચર્ય રૂપી વૃક્ષ સારી રીતે સાચવવાથી મોક્ષરૂપી મધુરાં ફળ પ્રાપ્ત થાય.

પ્ર. સાધુના ધર્મ કેટલા ?

ઉ. દશ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ક્ષમા કરવી, ૨ નિર્લોભતા ધારણ કરવી, ૩ કપટ રહિતશરળતા રાખવી, ૪ આઠ મદન કરવો, ૫ દ્રવ્યથી ઉપધી અને ભાવે કષાયથી હલવા પણે રહેવું, ૬ સત્યવચન બોલવું, ૭ સતર પ્રકારે સંયમ પાળવો, ૮ શક્તિ મુજબ તપશ્ચર્યા કરવી, ૯ જ્ઞાન પ્રાપ્ત કરવું, ૧૦ બ્રહ્મચર્ય પાળવું એ દશ.

પ્ર. શ્રાવકની અભીગ્રહરૂપ પ્રતિમા કેટલી ?

ઉ. ૧૧.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ પેલી, દર્શન પ્રતિમા તે એક માસલગી સમકિત નિર્મળ પાળે ને કોઇને મજરો (સલામ) કરે નહિ.

૨ બીજી પડીમાં બે માશની તે બેમાસલગી વ્રત પચખાણ અતિચાર રહિત પાળે ને દોષ લગાડે નહિ.

૩ પડીમા એ ત્રણ માસની તે ત્રણ માસલગી સામાયક દેશાવગાસીક વ્રત વેળાએ વેળાએ શુદ્ધ કરે.

૪ ચોથી પડીમાં ચાર માસની તે ચાર માસલગી ચૌદસ અમાવાસ્યાનો છઠ્ઠ (બે ઉપવાસ સાથે કરવા તે) પોશો કરે અને ચૌદશ ને પુનમનો છઠ્ઠ પોસો કરે અને સુદવદની એકેકી આઠમનો એકેકો પોશો કરે એમ એક માસમાં છ પોશા

અવશ્ય મેળ કરે.

૫ પડીમાં પાંચમાસની તે પાંચ માસલગી પાંચ બોલ પાળે ૧ પોશાને દિવસે ચાર પહોર રાત્રીનો કાઉસગ કરે, ૨ સ્નાન કરે, ૩ રાત્રી ભોજન ન કરે ૪ કાછડી ન વાળે, ૫ દિવસનું બ્રહ્મચર્ય પાળે અને રાત્રીનું પ્રમાણ કરે.

૬ છઠ્ઠી પડીમાં છ માસની તે છ માસ લગી સર્વ પ્રકારે શિયળ પાળે.

૭ સાતમી પડીમાં સાત માસની તે સાત માસ લગી સચેત વસ્તુનો આહાર ન કરે.

૮ આઠમી પડીમાં આઠ માસની તે આઠ માસ લગી પોતાને હાથે આરંભ ન કરે

૯ પડીમાં નવ માંસની તે નવ માસ લગી પોતે અનેરા પાસે આરંભ કરાવે નહિ.

૧૦ દશમી પડીમાં દશ માસની તે દશ માસ લગી પોતાને અર્થે આરંભ કરીને આપે તે અન્ન પાણી લે નહિ.

૧૧ અગ્યારમી પડીમાં અગ્યાર માસની તે અગ્યાર માસ લગી માથે ચોટલી રાખી બીજો મસ્તક દાઢી મુછનો સર્વ લોચ કરે, પોતાની જ્ઞાતીમાંહી સાધુની પેરે ગોચરી કરે, સર્વ સાધુનો વેશ રાખે, ઉઘાડી ડાંડીનો રજોહરણ રાખે, તેને કોઈ પુછે તમે સાધુ છો ? તો કહે ના હું તો પડીમાં ધારી શ્રાવક છું. પહેલી પડીમાંથી માંડી સર્વ આચાર અગ્યાર પડીમાં સુધી લેવો.

પ્ર. શ્રાવક એ અગ્યાર પડીમાં વહી રહ્યા પછી શું કરે ?

ઉ. ૧ કોઇ સંથારો કરે, ૨ કોઈ ઘરમાં જાય, ૩ અને કોઇ દિક્ષા લીએ.

પ્ર. એ અગ્યાર પ્રતિમાને શું કરવી ?

ઉ. તેને શ્રદ્ધવી, પરૂપવી, પ્રતીત આણવી અને એ પાળતા હોય તેવા પુરૂષોને ધન્યવાદ આપવો અને વખત આવે તે પ્રમાણે કરવાની આપણે અભિલાષા રાખવી અને તેમાં કોઈ ખામી લાગી હોય તો તે અપરાધની આપણે માફી માંગવી.

પ્ર. સાધુની પ્રતિમાં કેટલી ?

ઉ. ૧૨.

પ્ર. ક્રિયાનાં સ્થાનક કેટલાં ?

ઉ. ૧૩.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અર્થ દંડને શરિરાદીકને કારણે છ કાયના જીવને હણે.

૨ અર્થ ડંડ તે નિર્થક જીવને હણે.

૩ હિંશા ડંડ તે એ મુજને હણતો હતો, હણે છે ને હણશે તે માટે તેહને મારૂં એવું ચિંતવે.

૪ અકસ્માત ડંડ તે એક ને હણતાં બીજો હણાઇ જાય.

૫ દૃષ્ટિ વિપ્રિત દંડ તે મનને ભ્રમિત કરીને મિત્રને હણે.

૬ મોસવતી ક્રિયા તે જુઠાથી લાગે.

૭ અદત્તાદાનવતી ક્રિયા તે ચોરીથી લાગે.

૮ અઝથવતીયા ક્રિયા તે મોટા ઉચાટ કરવાથી લાગે.

૯ મિત્ર દોશવતીયા ક્રિયા માતા પિતાદીકને થોડે અપરાધે ઘણો દંડ દીએ.

૧૦ માનવતીયા ક્રિયા તે અહંકારથી લાગે.

૧૧ માયાવતીયા ક્રિયા તે કપટથી લાગે.

૧૨ લોભવતીયા ક્રિયા તે વિષયાદીકને વિષે લુબ્ધ થવાથી

બીજાને વધ બંધનાદીક કરે.
૧૩ ઇર્યાવહીઆ ક્રિયા તે ઉત્કૃષ્ટા સાધુને હોય.

પ્ર. એ તેર ક્રિયાના સ્થાનકને શું કરવું ?

ઉ. એ તેરમાં અશુભ હોય તેને તજવું અને શુભને ગ્રહણ કરવું.

પ્ર. ભૂત (જીવ)નાં ગામ કેટલાં ?

ઉ. ૧૪.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. સુક્ષ્મ એકેન્દ્રી જીવ, ૨ બાદર એકેન્દ્રી જીવ, ૩ બે ઇન્દ્રી જીવ, ૪ તે ઇન્દ્રી જીવ, ૫ ચૌ ઇન્દ્રી જીવ, ૬ અસંજ્ઞી (મનવિનાના) પચેંદ્રી જીવ, ૭ સંજ્ઞી (મનવાળા) પચેંદ્રી જીવ એ સાત પ્રકારના જીવના અપ્રજાપ્તા અને એ ૭ ના પ્રજાપતા એ, ૧૪ ગામમાં તમામ સંસારી જીવ રહે છે.

પ્ર. એ ચૌદમાં આપણું ગામ કયું ?

ઉ. સંજ્ઞી પંચેદ્રી પ્રજાપ્તાનાનું ચૌદમું.

પ્ર. પરમાધામી કેટલી જાતના ?

ઉ. ૧૫ જાતના.

પ્ર. પરમાધામિ એટલે શું ?

ઉ. પરમ (ઘણામાં ઘણા) અધર્મિ, નિર્દયને પાપ કરી નર્કમાં ગએલા જીવોને દુઃખ આપનારા દેવતાઓ.

પ્ર. તે પનરનાં નામ તથા તેના કૃત્ય શું ?

ઉ. ૧ અંબ નામે પરમાધામિ તે નારકીને દોડાવે, વિંધી મારે તેમજ આકાશમાં ઉછાળે, ૨ અંબરસ નામે પરમાધામિ તે નારકીને કાતરણીએ કરી કરવતે કરી કાપે તે કટકે કટકા કરે, ૩ શામ નામે પરમાધામિ તે રંગમાં કાળો છે અને નારકીને તોડી નાખે

પાડી નાંખે વીધી નાંખે દોરડાદીક પ્રહારાદીએ, ૪ સબળ નામે પરમાધામિ તે રંગમાં કાબર ચીતરા અને નારકીનાં અંગો પાંગ હૃદય હાથ માથું છેદે હૈયાદીકનાં કાળજાં કાઢે, ૫ રૌન્દ્ર નામે પરમાધામિ તે નિર્દયથી વધારે નિર્દય ભયંકર અને નારકીનાં પુર્વોકત અંગો પાંગને કાપે કટકા કરે ખડગ શક્તિનો મારમારે ભાલા ત્રીશુળ શુળી પ્રમુખે પરોવે, ૬ વિરૌન્દ્ર નામે પરમાધામિ તે અત્યંત ભયંકરને નિર્દય અને નારકીનાં પુર્વોક્ત અંગો પાંગના અતિશેનાના કટકા કરે કાપે વાઢે ભાંગેને શુળીયાદીકે પરોવે, ૭ કાળ નામે પરમાધામિ તે રંગમાં કાળો છે અને નારકીને કુંભી પાક માંહી લોઢાની કોઠીને અગ્નિમાં અત્યંત તપાવીને તે કોઠીમાં નારકીને પતંગીઆની પેરેહોમે, ૮ મહાકાળનામે પરમાધામિ તે રંગમાં અતિશેકાળા છે અને શીંહાદીકનાં રૂપ કરી નારકી ફાડે છે ને માંસાદીક ખાય, ૯ અસીપત્ર નામે પરમાધામિ તે તરવારથી નારકીના હાથ હોઠ નાક કાન પ્રમુખના અતિષે નાના કટકે કટકા કરે, ૧૦ ધનુષ નામે પરમાધામિ તે ભાડભુંજાની પેરે નારકીને લોહાની કોઠીમાંહી સેકે, ૧૧ કુંભી નામે પરમાધામિ તે અગ્નિના જેવા લાલચોળ પથર બનાવી તે ઉપર નારકીને પછાડે, ૧૨ વાલુ નામે પરમાધામિ તે કેલંબવાલુકા નદીમાંહી નારકીને ચણાની ભઠ્ઠીની પેરે રગદોળે, ૧૩ વેતરણી નામે પરમાધામિ તે નારકીને કળકળતું તરૂઉ લોહી પરૂનસાદીકે કરી ઉનું ઉનું અને સડેલું દુર્ગંધીવાળું પાય, ૧૪ ખરસ્વર નામે પરમાધામિ તે સમળી બાજ પ્રમુખનું રૂપ કરી નારકીને ઝડપે તથા લોઢાના હજારો મણના ભાર માથે મુકે કે કોવાડા પ્રમુખે કાપે ફાડે,

૧૫ મહા ઘોષ નામે પરમાધામિ તે નારકીનાસીજતાં હોય તેહને પશુની પેરેવાડાના વિષે રૂંધીને ગળે ફાંસીયાદી કે કરી ઘણી વીટંબણાદીએ.

પ્ર. એ પંદર જાતીના પરમાધામિ કંઇ જાતિમાં ભળે ?

ઉ. ભવનપતિની જાતીમાં.

પ્ર. એ પરમાધામિનું શું કરવું ?

ઉ. તેહની શ્રદ્ધા નહિ આણવા રૂપ અપરાધ થએલ હોય તો પ્રભુ પાસે માફી માગવી.

પ્ર. સુયગડાંગ સુત્રના પહેલા સુતખધનાં અધ્યયન કેટલાં ?

ઉ. ૧૬.

પ્ર. અસંયમ કેટલા પ્રકારે ?

ઉ. ૧૭ પ્રકારે

પ્ર. અબ્રહ્મચર્ય કેટલા પ્રકારનું ?

ઉ. ૧૮ પ્રકારનું.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ઉદારિક શરિર સંબંધી મૈથુન નવે કોટીએ સેવે અને વૈક્રિય શરિર સંબંધી મૈથુન નવે કોટીએ સેવે એ ૧૮.

પ્ર. એ ૧૮ પ્રકારના અબ્રહ્મચર્યનું શું કરવું ?

ઉ. એ ૧૮ પ્રકારનું અબ્રહ્મચર્યસેવ્યું હોય અને એથી સુલટું ૧૮ પ્રકારનું બ્રહ્મચર્યન સેવ્યું હોય તે રૂપ અપરાધ થએલ હોય તો પ્રભુની પાસે માફી માંગવી.

પ્ર. જ્ઞાતા સુત્રના અધ્યયન કેટલાં ?

ઉ. ૧૯.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ પેલું મેઘ કુમારનું, ૨ બીજું ધનાવા શેઠનું, ૩ ત્રીજું મોરના ઇંડાનું, ૪ ચોથું કાચબાનું, ૫ પાંચમું થાવચા પુત્રનું, ૬ છઠું તુંબડીનું, ૭ સાતમું રોહીણીનું, ૮ આઠમું મલ્લી નાથ ભગવાનનું, ૯ નવમું જીનરખને જીન પાલનું, ૧૦ દશમું ચંદ્રમાનું, ૧૧ દવદવા વૃક્ષનું, ૧૨ બારમું સુબુદ્ધી પ્રધાનનું, ૧૩ તેરમું નંદમણીઆરનું, ૧૪ ચૌદમું પોટીલા સોનારણનું, ૧૫ પનરમું નંદી ફળનું, ૧૬ સોળમું દ્રૌપદીનું, ૧૭ આકીર્ણ જાતિના ઘોડાનુ, ૧૮ અઢારમું સુસમાબાળીકાનું, ૧૯ ઓગણીસમું કુંડરીક પુંડરીક બે ભાઇનું.

પ્ર. એ. ૧૯ નું શું કરવું ?

ઉ. તેની*શ્રદ્ધા પ્રતિત નહિ આણ્યા રૂપ અપરાધ થએલ હોય તો પ્રભુ પાસે માફી માંગવી.

પ્ર. અસમાધીનાં સ્થાનક કેટલાં ?

ઉ. ૨૦.

પ્ર. અસમાધી એટલે શું ?

ઉ. દુઃખ અશાંતી.

પ્ર. તે ૨૦ નાં નામ શું ?

ઉ. ૧ ઉતાવળ ઉતાવળા ચાલવાથી પડેને દુઃખ થાય. ૨ વગર પુંજે (વાળ્યા વિના) ચાલવાથી દુઃખ થાય, ૩ કયાં પુંજે ને કયાં પગ માંડે તેથી પણ દુઃખ થાય, અધીકા આસન ઉપર બેસે સુવે, ૫ વડેરાના સામું બોલે, ૬ સ્થીવરની ઘાત ચીંતવે, ૭ સર્વ પ્રાણી ભુત જીવ સત્વની ઘાત ચીંતવે, ૮ ક્ષણ ક્ષણ

પ્રત્યે ક્રોધ કરે, ૯ પુંઠ પાછળ પારકા અવર્ણવાદ બોલે, ૧૦ વારંવાર નિશ્ચયકારી ભાષા બોલે, ૧૧ નવો કલેશ ઉત્પન્ન કરે, ૧૨ જુનો કલેશ ખમાવીને ઢાંકી દીધેલ હોય તેને ફરી ઉભો કરે. ૧૩ અકાળે સ્વાધ્યાય કરે, ૧૪ સચેત રજથી હાથ પગાદીક ખરડેલ હોય તેને પુંજ્યા વિના સુવે બેસે, ૧૫ પોહોરરાત્રી ગયા પછી મોટે મોટે અવાજે બોલે, ૧૬ મહોટો કલેશ કરે, ૧૭ ઝુઝ વચનથી કલેશ કરે, ૧૮ પોતાને અને પરને અશાંતી ઉપજાવે, ૧૯ સવારથી સાંઝસુધી વારંવાર ખાખા કરે તો એથી અજીર્ણ થાય ને માંદો પડેને દુઃખી થાય, ૨૦ અણે-ષણીક (જોયા વિના દોષ વાળો) આહાર ભોગવે એ ૨૦.

પ્ર. એ વીશકામ કરવાથી શું થાય ?

ઉ. પોતે દુઃખી થાય અશાતા પામે.

પ્ર. એ વીશબોલ કયાં કહ્યા છે ?

ઉ. દશાસુત ખંધ સુત્રના પહેલા અધ્યયનમાં.

પ્ર. એ વીશનું શું કરવું ?

ઉ. એ વીશ કામ માંહેલુ કોઇ કામ કરેલ હોય તો તેની પ્રભુપાસે માફી માગવી.

પ્ર. સબળા દોષ કેટલા ?

ઉ. ૨૧.

પ્ર. પરિસહ કેટલા ?

ઉ. ૨૨.

પ્ર. પરિસહ એટલે શું ?

ઉ. પરિશ્રમ, કષ્ટ, દુઃખ

પ્ર. તે બાવીસ પરિસહનાં નામ શું ?

ઉ. ૧ ક્ષુધા (ભુખ)નો, ૨ તૃષાનો, ૩ ટાઢનો, ૪ તાપનો, ૫ ડાંસ મચ્છરનો, ૬ અચેલ, (જીર્ણુવસ્ત્રી)નો, ૭ અરતી (દીલગીર)નો, ૮ સ્ત્રીનો,.૯ ચાલવાનો, ૧૦ બેસવાનો, ૧૧ સ્થાનક (મકાનનો, ૧૨ આક્રોસ વચનનો, ૧૩ વધનો, ૧૪ યાચનાનો, ૧૫ અલાભનો, ૧૬ રોગનો, ૧૭ ત્રણુ (ઘાસ) સ્પર્શનો, ૧૮ સત્કાર સન માનનો, ૧૯ જળ (પરસેવો) મેલનો, ૨૦ પ્રજ્ઞા (બુદ્ધી) નો, ૨૧ અજ્ઞાનનો ૨૮ દર્શન (સમકીત) નો એ ૨૨.

પ્ર. એ બાવિસ પરિસહમુખ્યત્વે કોને સહન કરવાના છે?

ઉ. મુની મહારાજને.

પ્ર. એ બાવિસ પરિસહ કયાં રહ્યા છે?

ઉ. ઉત્તરાધ્યયન સુત્રના બીજા અધ્યયનમાં.

પ્ર એ બાવિશ પરિસહનું શું કરવું?

ઉ. એ. ૨૨ પરિશ્રમને મહાપુરૂષો સહન કરે છે તેમને ધન્યાદ છે તેમની આશાતના થઈ હોય તો માફી માંગવી.

પ્ર. સુયગડાંગ સૂત્રના બન્ને શ્રુત સંબંધનાં અધ્યયન કેટલાં?

ઉ. ૨૩

પ્ર. દેવતા કેટલી જાતીના?

ઉ. ૨૪ જાતીનાં.

પ્ર. તેનાં નામ શું?

ઉ. ૧૦ ભવન પતી, ૮ વાણુવ્યંતર, ૫ જ્યોતિષી, ૧ વૈમાનીક એ ૨૪.

પ્ર. તે દેવતા કેવા છે?

ઉ. વૈક્રિય લબ્ધી સહિત અનેક બળ પ્રાક્રમના ધણી છે.

પ્ર. વળી બીજા દેવ છે?

ઉ. હા છે.

પ્ર. ક્યાં છે.

ઉ. ઋષભાદીક ચોવિસ તિર્થંકર.

પ્ર. તેનું શું કર્યું હોય ?

ઉ. એ દેવની શ્રદ્ધા પ્રતીત નહિ આણુવારૂપ થયેલ હોય તો તેની માફી માગવી.

પ્ર. સાધુનાં પાંચ મહા વૃતની ભાવના કેટલી ?

ઉ. ૨૫.

પ્ર. દશાસુત ખંધ, વૃહત્ કલ્પ અને વ્યવહાર સુત્રનાં અધ્યયન ઉદેશા કેટલા ?

ઉ. ૨૬.

પ્ર. મહામોહની બાંધવાનાં સ્થાન કેટલા ?

ઉ. ૩૦.

પ્ર. મહામોહની એટલે શું ?

ઉ. સીત્તેર કોડા કોડી સાગરોપમ સુધી રઝળવું પડે તેવાં કૃત્યો.

પ્ર. તે, ૩૦ કૃત્યોનાં નામ શું ?

ઉ. ૧ ત્રસજીવને પાણીમાં બોળીને મારે, ૨ ત્રસજીવને શ્વાસ રૂંધીને મારે, ૩ ત્રસજીવને ધુમાડો કરી અકળાવીને મારે, ૪ ત્રસજીવને મસ્તકને વિષે તરવાર પ્રમુખનો ઘા કરીને મારે, ૫ ત્રસજીવને માથે, મોંઢે દોરી પ્રમુખ વીંટીને મારે, ૬ ગાંડા, ગુંગાને લાકડીએ કરી, પાટીએ કરી, ચાબુક પ્રમુખે કરી મારતો જાય ને હસતો જાય, ૭ અણાચાર, સેવિને ઢાંકે, ૮ પોતે, અણાચાર સેવીને પારકાને માથે નાંખે, ૯ સભા મધ્યે બેસીને જાણીને મિશ્રભાષા બોલે, ૧૦ ભોગીના ભોગ રૂંધે, ૧૧ બાળ બ્રહ્મચારી નથી ને બાળ બ્રહ્મચારી

નામ ધરાવે, ૧૨ બ્રહ્મચારી નથી ને બ્રહ્મચારી નામ ધરાવે, ૧૩ શેઠનું, અધિકારીનું, વડીલનું ધન ચોરે, ૧૪ પંચ મળીને વડેરો સ્થાપ્યો છે. અને તેહજ પંચને દુઃખ દીએ, ૧૫ સાપણ ઇંડા જણતી જાય ને ખાતી જાય તેમ વિશ્વાસઘાત કરીને, સ્ત્રીપુરૂષનેમારે, અને પુરૂષ સ્ત્રીને મારે,૧૬ એક દેશના રાજાને મારે, ૧૭ ઘણા દેશનો રાજા હોય તેને મારે,૧૮ સાધુને સંયમથી ભ્રષ્ટ કરે, ૧૯ તિર્થંકરના અવગુણ બોલે,૨૦તિર્થંકરના માર્ગના અવર્ણવાદ બોલે, ૨૧ આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલે, ૨૨ આચાર્ય ઉપાધ્યાયની વૈયાવચ્ચ (ચાકરી) ન કરે, ૨૩ બહુ સુત્રી (ઘણા શાસ્ત્રનો પારગામી) નથી, ને બહુ સુત્રી નામ ધરાવે, ૨૪ તપસ્વી નથી ને તપસ્વી નામ ધરાવે, ૨૫ ગરઢા, રોગી, તપસ્વીની વૈયાવચ્ચ ન કરે, ૨૬ ચાર તિર્થ માંહી ભેદ પાડે, ૨૭ જોતિષ નિમિત્ત વશીકરણાદીક ભાંખે, ૨૮ દેવતા, મનુષ્યને, તિર્યંચના અત્રમા કામ ભોગવાંછે, ૨૯ તપ, સંયમ, પાળીને મોટા મહર્ધિક દેવતા થયા છે, તેહના અવર્ણવાદ બોલે ૩૦ ચાર જાતીના દેવતા પોતાની પાસે આવતા નથી ને આવતા કહે એ ૩૦.

પ્ર. આ, ૩૦ કૃત્ય કરવાથી શું થાય ?

ઉ. જીવ ઘણાજ કર્મે કરી ભારે થાય, અને ચાર ગતિમાં ઘણો જ કાળ રખડવું પડે, અને આ જગતમાં પણ દુઃખી થાય.

પ્ર. તેથી શું કરવું ?

ઉ. તેવાં ૩૦ કૃત્યો કદી પણ કરવાં નહી.

પ્ર. સિદ્ધ ભગવંતનાં ઉત્તર ગુણ કેટલા ?

ઉ. ૩૧.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. પાંચ પ્રકારે જ્ઞાનાવર્ણિ કર્મ ક્ષય કર્યાં, નવ પ્રકારે દર્શનાવર્ણિ કર્મ ક્ષય કર્યાં, બે પ્રકારે વેદની કર્મ ક્ષય કર્યાં, બે પ્રકારે મોહની કર્મ ક્ષય કર્યાં, ચાર પ્રકારે આયુષ કર્મ ક્ષય કર્યાં, બે પ્રકારે નામ કર્મ ક્ષય કર્યાં, બે પ્રકારે ગોત્ર કર્મ ક્ષય કર્યાં, પાંચ પ્રકારે અંતરાય કર્મ ક્ષય કર્યાં એ ૩૧.

પ્ર. વળી બીજી રીતે સિદ્ધ ભગવંતના અતિશય કેટલા ?

ઉ. ૩૧.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. પાંચ સંસ્થાન, (આકૃતી), પાંચ રંગ, બે .ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, ત્રણ વેદ, તે સ્ત્રી પુરૂષને નપુશક એ ૨૮, અને ૨૯ કાયા નહિ, ૩૦ કર્મ નહિ, ૩૧ જન્મ નહિ, સિદ્ધ ભગવંતને કાયા નહિ હોવાથી આવર્ણાદીક તમામ બોલ નહિ.

પ્ર. એ, ૩૧ ગુણનું શું કરવું ?

ઉ. એ, ૩૧ ગુણની શ્રદ્ધા પ્રતીત નહિ આણવારૂપ આશાતના થઇ હોય, તો તેની માફી માંગવી.

પ્ર. જોગ સંગ્રહ કેટલા ?

ઉ. ૩૨.

પ્ર. એ, ૩૨ જોગ સંગ્રહ ક્યાં કહ્યા છે ?

ઉ. સમવાયંગ સૂત્રના બત્રીસમા સમવાયંગમાં કહ્યા છે.

પ્ર. યોગ સંગ્રહ એટલે શું ?

ઉ. શિખામણના બોલનો સંગ્રહ કરેલો તે.

પ્ર. તે, ૩૨ તેનાં નામ શું ?

ઉ. ૧ કરેલ વ્રત પચખાણમાં જે કાંઇ પાપ લાગેલ હોય તે, ગુરૂવાદીકની પાસે આલોવણા (કહી દેવું) કરવી, ૨ ગુરૂવા-

દીક પાસે જે આલોવણા કરેલ હોય તે બીજાને કહેવી નહીં, ૩ આપદા, કષ્ટ ગમે તેવું આવે તો પણ ધર્મને વિષે દ્દઢ રહેવું, ૪ ઈહલોક પરલોકની વાંછના રહિત તપ, ધર્મ કરવો, ૫ આસેવણા શિક્ષા (મુળ ગુણ) અને ગ્રહણા શિક્ષા (ઉત્તર ગુણ) સહિત પ્રવર્તવું, ૬ શરિરની અતિશે વિભૂષા કરવી નહિ, ૭ અજ્ઞાત કુળની ગૌચરી કરવી (આ બોલ સાધુ માટે છે), ૮ છાનો તપ કરવો પણ કોઇને કહેવું નહિ, તેમજ તપ કરતાં ખાધા પીધાની લાલચ રાખવી નહિ, ૯ ગમે તેવું કષ્ટ આવે તો પણ શુભ પ્રણામે સહન કરવું, ૧૦ સરળ ભાવ સહિત પ્રવર્તવું, ૧૧ સંયમ સહિત પ્રવર્તવું, ૧૨ સમકિત સહિત પ્રવર્તવું, ૧૩ ચિત્તની સમાધિ સહિત પ્રવર્તવું, ૧૪ પાંચ પ્રકારના આચાર સહિત પ્રવર્તવું, ૧૫ વિનય સહિત પ્રવર્તવું, ૧૬ તપ વિર્ય સહિત પ્રવર્તવું, ૧૭ વૈરાગ્ય સહિત પ્રવર્તવું, ૧૮ આત્માને નિધ્યાયની પેરે રાખવો, ૧૯ પાસથ્થા (ઢીલાપણા) ના ભાવ રહિત પ્રવર્તવું, ૨૦ સંવરની પુષ્ટી કરવી, ૨૧ પોતાના આત્માના અવગુણ ટાળવા. ૨૨ સર્વ કામ ભોગથી નિવર્તવું, ૨૩ દિન દિન પ્રત્યે વ્રત પચખાણનો વધારો કરવો, ૨૪ ઉપધી અહંકારને છાંડવો ને કાઉસગ્ગ કરવો, ૨૫ પાંચ પ્રમાદને છોડવો, ૨૬ થોડું બોલવું, ને કાળે કાળે ક્રિયા કરવી, ૨૭ ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન સહિત પ્રવર્તવું, ૨૮ સુતા જોગ સહિત પ્રવર્તવું, ૨૯ મર્ણાંત વેદના (દુઃખ) આવે તોપણ મન ઠેકાણે રાખવું, ૩૦ સર્વ કર્મનો સંગ છોડવો, ૩૧ પોતાનાં કરેલાં પાપની આલોવણા કરી નીંદી

શલ્ય રહિત થવું, ૩૨ મર્ણાંતે સંલખેણા કરી સંથારો કરવો એ ૩૨.

પ્ર. એ, ૩૨ જોગ સંગ્રહનું શું કરવું ?

ઉ. તે ૩૨ શીખામણ પ્રમાણે ન ચલાયું હોય તથા તે શીખામણની પ્રતિત નહિ આણવા રૂપ અપરાધ થએલ હોય તો માફી માંગવી.

પ્ર. ગુરૂની આશાતના કેટલા પ્રકારે થાય છે ?

ઉ. ૩૩ પ્રકારે.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ગુરૂની આગળ ચાલે, ૨ ગુરૂના બે પડખે અડીને ચાલે, ૩ ગુરૂની પાછળ અડીને ચાલે, ૪ ગુરૂની આગળ અડીને ઉભો રહે, ૫ ગુરૂના બે પડખે બરાબર અડીને ઉભો રહે, ૬ ગુરૂની પાછળ અડીને ઉભો રહે, ૭ ગુરૂની આગળ અડીને બેસે, ૮ ગુરૂની બે પડખે અડીને બેસે, ૯ ગુરૂની પાછળ અડીને બેસે, ૧૦ ગુરૂને દસ્ત માત્રાની પીડા હોય તે વખતે અટકાવે, ૧૧ ગુરૂની પાસે કોઇ બીજો પુરૂષ આવેલ છે તે ખાસ ગુરૂનેજ બોલાવવા યોગ્ય છે અને આપણે બોલાવીએ, ૧૨ રાત્રીએ તથા પરોઢીએ ગુરૂ પુછે કે કોણ સુતા છે ને કોણ જાગતા છે, તે વારે આપણે જાગતા છતાં ન બોલીએ, ૧૩ ગુરૂ બોલાવે અને આપણે સાંભળ્યું કરીને બોલીએ નહી, ૧૪ ગુરૂએ બોલાવ્યા થકે પોતાના આસન ઉપર બેઠાં થકાંજ ઉત્તર આપીએ, ૧૫ ગુરૂ બોલાવે તે વખતે પોતાના આસન ઉપર બેઠાં થકાંજ શું કહો છો શું કહો છો એમ કહીએ, ૧૬ ગુરૂને તું તું કરે, ટુંકારેથી બોલાવે, ૧૭ ગુરૂએ શિખામણ દેતા સામું બોલે, ૧૮ ગુરૂ કહે કે ગરઢા, રોગી વિગેરેની

વૈયાવચ્ચ કરે તો ઘણોજ નફો થશે, તે વારે કહે કે તમેજ કરો, તમારે શું નફો નહિ થાય એમ કહેવાથી, ૧૯ ગુરૂ ધર્મ કથા કહે તો કોઇ ગાથા પદાદીક ભુલે તે વારે ગુરૂને ખીજૂ કરવા કહે એમ નથી પણ આમ છે એમ કહેવાથી, ૨૦ ગુરૂ ધર્મ કથા કહેતાં કોઇ બોલ આશ્રી વિચારીને કહીશું, તે વારે કહે કે તમને શું તે અર્થ સાંભરતો નથી એમ કહેવાથી, ૨૧ ગુરૂ ધર્મ કથા કહેતા હોય તે વખતે અરતી (દીલગીરી)વેદે, આ ધર્મ કથા કયારે કહી રહેશે એવું ચીંતવે, ૨૨ ગુરૂ ધર્મ કથા કહેતાં પ્રખદા (સભા) માંહી ભેદ પાડે, ૨૩ ગુરૂ ધર્મ કથા કહેતાં ધર્મ કથાનો રસ છેદે કે કયાં સુધી વ્યાખ્યયાન કરશો ઇત્યાદીક બોલે, ૨૪ ગુરૂ ધર્મ કથા કહી રહ્યા પછી એ પ્રખદા માંહીથી કોઇ ઉઠેલું નહોય તે વખતે ગુરૂએ જે બાબતનું વ્યાખ્યાન કર્યું હોય તેજ બાબત વિશેષે વખાણી વખાણીને કહે, ૨૫ ગુરૂના સુવા બેસવાના આસનને સંઘટો કરી હાથથી સાફ કર્યા વિના ગુરૂને ખમાવ્યા વિના જાય, ૨૬ ગુરૂના બેસવા સુવાના આસન ઉપર ઉભો રહે, બેસે, સુવે, ૨૭ ગુરૂથી ઉંચે તથા બરાબરીના આસને બેસે સુવે ઉભો રહે ઇત્યાદીક ૩૩.

પ્ર. એ, આશાતનાનું શું કરવું ?

ઉ. એવી રીતે ગુરૂની આશાતના બીલકુલ કરવી નહી.

પ્ર. આ ઉપર કહેલી આશાતના એકલા ગુરૂનેજ માટે સમજવી કે બીજાને માટે પણ છે ?

ઉ. બીજાને માટે પણ છે.

પ્ર. બીજા કયા ?

ઉ. માતાપિતા, વડીલ ભાઇ, કાકા, કાકી, પતિ, સાસુ, સસરો,

શેઠ, અધિકારી, વિદ્યાગુરૂ વિગેરે જેટલા આપણાથી વડીલ હોય એ તમામ માટે સમજવી અને સર્વની ઉપર મુજબ આશાતના બીલકુલ કરવી નહિ.

પ્ર. આશાતના કરવાથી શું થાય ?

ઉ. પોઠીઆ, ઉંટ, બળદ, ગધેડા, પ્રમુખ. ભાર ઉપાડનાર, દુઃખી પશુનો અવતાર આવે, તેમજ રસ્તામાં કચરાતી વનસ્પતિમાં ઉત્પન્ન થવું પડે, બુદ્ધીનો, ધનનો ને યશનો નાશ થાય અને મિથ્યાત્વ પણ લાગે.

પ્ર. એ, આશાતના આપણાથી થઇ હોય તો શું કરવું ?

ઉ. તે અપરાધની ગુરૂ પાસે આપણે માફી માંગવી.

પ્ર. એ પાઠમાં, ૧ થી ૩૩ બોલ સુધી છે તેને શું કરવું ?

ઉ. એ, ૧ થી ૩૩ બોલ સુધીમાં કેટલા જાણવા જોગ જાણવા, છોડવા જોગ છોડવા, અને આદરવા જોગ આદરવા.

પ્ર. વળી કેટલા જણાની અશાતના કરી હોય ?

ઉ. ૨૦ જણાની.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ અરિહંતની, ૨ સિદ્ધની, ૩ આચાર્યની, ૪ ઉપાધ્યાયની, ૫ સાધુની, ૬ સાધ્વીની, ૭ શ્રાવકની, ૮ શ્રાવીકાની, ૯ દેવની, ૧૦ દેવિની, ૧૧ મનુષ્ય તિર્યંચના ભવની નાસ્તી રૂપ, ૧૨ નારકી દેવતાના ભવની નાસ્તિ રૂપ, ૧૪ કેવળીની, ૧૪ કેવળી પરૂપ્યા ધર્મની, ૧૫ દેવ (ઉર્ધ્વ લોકમાં) મનુષ્ય (ત્રીછા લોકમાં) અસુર (અધો લોકમાં) સહિત ત્રણુ લોકની શ્રદ્ધા નહિ આણવા રૂપ, ૧૬ સર્વ પ્રાણી ભૂત જીવસત્વની, ૧૭ ત્રણુ કાળની નાસ્તીરૂપ, ૧૮ શાસ્ત્રની, ૧૯ શાસ્ત્રના

દેવ તિર્થંકરની, ૨૦ શાસ્ત્રની વાંચણી આપનારની એ વિશ જણની આશાતના કીધી હોય.

પ્ર. એ ૨૦ જણાની આશાતના થઈ હોય તો શું કરવું ?

ઉ. પુર્ણ પશ્ચાત્તાપ કરી મિથ્યાદુષ્કૃત્ય દેવું.

પ્ર. એ પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૨૨૫૨.

પ્રતિક્રમણના સતાવીશમા પાઠના પ્રશ્નોત્તર.

પ્ર. સતાવીશમા પાઠનું નામ શું ?

ઉ. નમો ચોવીશીનો.

પ્ર. તે પાઠ શા વિષે છે ?

ઉ. ચોવીશ તિર્થંકરને નમસ્કાર કરવા વિષે તથા તેના માર્ગની તથા તેના મુનીની પ્રસંશા કરવા વિષે.

પ્ર. તિર્થંકર કેટલા છે ?

ઉ. ચોવિશ.

પ્ર. તે કયા ?

ઉ. રૂષભાદિક મહાવીર પર્યંત.

પ્ર. તે તિર્થંકરનો માર્ગ કેવો છે ?

ઉ. ૧ અનેરા શાસ્ત્રથી અનુંપમ, ૨ પ્રતિતકાર સકળ ગુણ સહિત, ૩ કર્મ કલેશ ટાળવાને ન્યાયકારક, ૪ યથાતથ્ય શંસય રહિત, ૫ મિથ્યાત્વાદિક શલ્યનો કાપનાર, ૬ મોક્ષ પહોંચાડનારો, ૭ અષ્ટકર્મથી મુક્ત થવાનો, ૮ સકળ કર્મનો છેડો પમાડનારો, ૯ કર્મરૂપ તાપ નિવારી શિતળીભુત થવાનો, ૧૦ જન્મ, જરા, મરણથી મુક્ત થવાનો એ માર્ગ છે.

પ્ર. એ માર્ગ કોણે પરૂપ્યો છે?

ઉ. કેવળજ્ઞાનીએ.

પ્ર. એ માર્ગે રહેવાથી કેટલા બોલ પામે?

ઉ. પાંચ.

પ્ર. તેનાં નામ શું?

ઉ. ૧ સિદ્ધિ થાય, ૨ સકળ પદારથને સમજે, ૩ અષ્ટકર્મથી મુક્ત થાય, ૪ કર્મરૂપી દાવાનળ ઓલવી શીતળી ભૂત થાય, ૫ સર્વે સારિરિક માનસીક દુ:ખનો અંત કરે.

પ્ર. તિર્થંકર પ્રણીત ધર્મને શું કરવું?

ઉ. ૧ તેની શ્રદ્ધા રાખવી, ૨ પ્રતીત આણવી, ૩ રૂચવવો ૪ કાયાએ કરી ફરસવો, ને૫ પાળવો.

પ્ર. એ પ્રમાણે પોતે કરી પછી શું કરવું?

ઉ. અનેરાની પાસે પણ ઉપર કહેલા બોલ કરાવવા.

પ્ર. તે બોલને વિષે શું કરવું?

ઉ. ઉદ્યમવંત થઇ આરાધવાને પાળવા.

પ્ર. કેટલા બોલ આરાધવાને કેટલા બોલ છોડવા?

ઉ. આઠ આરાધવા ને આઠ છોડવા.

પ્ર. આઠ છોડવા તે કીયા?

ઉ. ૧ અઢાર પાપરૂપ અસંજમ, ૨ અબ્રહ્મચર્ય, ૩ અકલ્પનીક આહારાદીક, ૪ અજ્ઞાનપણું, ૫ મિથ્યાત્વની કરણી, ૬ મિથ્યાત્વ તે ખોટી શ્રદ્ધા, ૭ દુર્લભ બોધીપણું, ૮ જૈનમાર્ગથી વિરૂદ્ધ તે અન્ય માર્ગ એ ૮.

પ્ર. આઠ આરાધવા જોગ તે કયા?

ઉ. ૧ સતરે ભેદે સંજમ, ૨ બ્રહ્મચર્ય, ૩ નિર્દોષ આહારાદીક,

૪ જ્ઞાન. ૫ સમકિતની કરણી, ૬ અરિહંત દેવ પ્રણીત ધર્મની શ્રદ્ધા, ૭ સુલભ બોધિપણું, ૮ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષ માર્ગ એ ૮.

પ્ર. જે બોલ સાંભળે તે આલોવવા કે ન સાંભળે તે પણ આલોવવા?

ઉ. સાંભળે તે પણ આલોવવા ને ન સાંભળે તે પણ આલોવવા.

પ્ર. તે પાપ આલોવ્યા પછી કોને વાંદો?

ઉ. સાધુને.

પ્ર. તે સાધુ કયાં છે?

ઉ. અઢીદ્વીપમાં કર્મ ભૂમિનાં પનર ક્ષેત્રમાં.

પ્ર. સાધુ કહેને કહીએ?

ઉ. મુહપત્તિ, રજોહરણ, ગુચ્છો, પાત્રાં તથા પાંચ મહાવ્રતના ધારકને અઢાર હજાર શિયળના રથે કરી સહિત તેને.

પ્ર. તે સાધુને કેવી રીતે વાંદો છો?

ઉ. મન, વચન, કાયાએ કરી મસ્તક નમાડીને.

પ્ર. તે કેવા પ્રણામથી વાંદો છો?

ઉ. શુદ્ધ નિર્મળવૃત્તી એ ત્રણ શલ્ય રહિત થઇને

પ્ર. પછી કોને અને કેવી રીતે ખમાવો છો?

ઉ. અરિહંતને, સિદ્ધને. પોતાના ધર્મ ગુરૂ, ધર્માચાર્યને નમસ્કાર કરી ખમાવું છું.

પ્ર. તે ખમાવાનું કારણ શું?

ઉ. દીવસ સંબંધી અવનિતપણાએ અભક્તિવડે મન, વચન ને કાયાએ કરી આશાતના કરી હોય તેથી.

પ્ર. પછી કોને ખમાવવા?

ઉ. ચોરાશી લાખ જીવાયોનીના જીવોને.

પ્ર. જીવાયોની એટલે શું ?

ઉ. જીવોને ઉત્પન્ન થવાનું સ્થાનક.

પ્ર. તેમાં પૃથ્વીકાયના જીવોની યોની કેટલી ?

ઉ. સાતલાખ.

પ્ર. અપકાયના જીવોની યોની કેટલી ?

ઉ. સાત લાખ.

પ્ર. તેઉકાયના જીવોની યોની કેટલી ?

ઉ. સાત લાખ.

પ્ર. વાયુકાયના જીવોની યોની કેટલી ?

ઉ. સાત લાખ.

પ્ર. પ્રત્યેક વનસ્પતિના જીવોની યોની કેટલી ?

ઉ. ૧૦ લાખ.

પ્ર. સાધારણ વનસ્પતિના જીવોની યોની કેટલી ?

ઉ. ૧૪ લાખ.

પ્ર. બેઇન્દ્રી જીવોની યોની કેટલી ?

ઉ. બે લાખ.

પ્ર. તેઇન્દ્રી જીવોની યોની કેટલી ?

ઉ. બે લાખ.

પ્ર. ચોઇંન્દ્રી જીવોની યોની કેટલી ?

ઉ. બે લાખ.

પ્ર. પચેન્દ્રી તિર્યંચની યોની કેટલી ?

ઉ. ચાર લાખ.

પ્ર. દેવતાની યોની કેટલી ?

ઉ. ચાર લાખ.

પ્ર. નારકીની યોની કેટલી ?

ઉ. ચાર લાખ.

પ્ર. મનુષ્યની યોની કેટલી ?

ઉ. ચૌદ લાખ.

પ્ર. એ સર્વે થઇ જીવાયોની કેટલી ?

ઉ. ૮૪ લાખ.

પ્ર. એક જીવાયોની કેને કહીએ ?

ઉ. પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ સંસ્થાન (આકાર) એ પચીશ બોલ છે, હવે જેમ વસ્તુની અંદર એક વર્ણ, એક ગંધ, એક રસ, એક સ્પર્શ, એક સંસ્થાન હોય તેહમાં જેટલા જીવો ઉત્પન્ન થાય એ તમામ જીવોની એક યોની સમજવી. એક જીવાયોનીમાં જે વર્ણાદીક બોલ છે, તેહમાંથી ફક્ત એક જ બોલ ફરે અને બીજા એના એજ બોલ હોય તેહમાં જેટલા જીવો ઉત્પન્ન થાય એ તમામ જીવોની બીજી યોની સમજવી એવી રીતે તમામ જીવાયોની સમજવી.

પ્ર. એ જીવાયોની ઉદાહરણથી સમજાવો.

ઉ. જેમ એક છાંણનો પોડલો હોય તે વર્ણમાં લીલો, ગંધ દુર્ગંધી, રસ કશાયલો, સ્પર્શ ખરેખરો, સંસ્થાન પરિમંડળ (ચુડી જેવું ગોળ) હોય તેહમાં જેટલા કીડા ઉપજે તે તમામ જીવોની એક જીવાયોની સમજવી. વળી એજ છાણના પોડલામાં ફક્ત એક વર્ણ ફરી જાય એટલે લીલા રંગને બદલે કદી કાળા વર્ણવાળો થઇ જાય ત્યાર પછી જેટલા કીડા ઉપજે એ તમામ જીવોની બીજી જીવાયોની સમજવી. એવી

રીતે પચીસ બોલ અવારનવાર ફરે તેમ તેની જીવાયોની જુદી જુદી સમજવી.

પ્ર. દરેકની મુળ જીવાયોની કેટલી ?

ઉ. જે જીવની જેટલા લાખ જીવાયોની હોય તેહના અર્ધ સેંકડા તેની મુળ જીવાયોની સમજવી.

પ્ર. પૃથ્વીકાયના જીવોની સાતલાખ યોની શી રીતે થાય ?

ઉ. જેમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, એક સ્પર્શ, ને એક સંસ્થાન લાભે એવી પૃથ્વીકાયની મુળ જીવાયોની સાડાત્રણસેં છે, તેને બે ગંધે ગુણવાથી ૭૦૦ થાય, તેને પાંચ વર્ણે ગુણવાથી ૩૫૦૦ સાડાત્રણહજાર થાય, તેને પાંચ રસે ગુણવાથી સાડાસતરહજાર થાય, તેને પાંચે સંસ્થાને ગુણવાથી સાડીસત્યાસીહજાર થાય, તેને આઠ સ્પર્શે ગુણવાથી સાત લાખ પુરા થાય. એ પૃથ્વીકાયની, અપકાયની, તેઉકાયની, વાયુકાયની સાત સાત લાખ જીવાયોની સમજવી.

પ્ર. પ્રત્યેક વનસ્પતીની દશલાખ જીવાયોની શી રીતે થાય ?

ઉ. પ્રત્યેક વનસ્વતિની મુળ જીવાયોની પાંચસેં છે તેને પૃથ્વીકાયની પેરે વર્ણાદીક પચીસ બોલે ગુણવાથી દશલાખ થાય.

પ્ર. સાધારણ વનસ્પતિની ચૌદલાખ જીવાયોની શી રીતે થાય ?

ઉ. સાધારણ વનસ્પતિની મુળ જીવાયોની સાતસેં છે તેને પૃથ્વીકાયની પેરે વર્ણાદીક પચીસ બોલે ગુણવાથી ચૌદ લાખ થાય ?

પ્ર. બેઇન્દ્રી જીવની બે લાખ જીવાયોની શી રીતે થાય ?

ઉ. બેઇન્દ્રી જીવની મુળ જીવાયોની એકસો છે તેને પૃથ્વીકાયની પેરે વર્ણાદીક પચીસ બોલે ગુણવાથી બે લાખ થાય. એજ

રીતે તેઈન્દ્રી, ચૌઇન્દ્રી જીવની બે બે લાખ જીવાયોની સમજવી.

પ્ર. પંચેન્દ્રી તિર્યંચની ચાર લાખ જીવાયોની શી રીતે થાય ?

ઉ. પંચેન્દ્રી તિર્યંચની મુળ જીવાયોની બસેં છે તેને પૃથ્વીકાયની પેરે વર્ણાદીક પચીસ બોલે ગુણવાથી ચાર લાખ જીવાયોની થાય. એવી રીતે નારકી દેવતાની ચાર ચાર લાખ જીવાયોની સમજવી.

પ્ર. મનુષ્યની ચૌદલાખ જીવાયોની શી રીતે થાય ?

ઉ. મનુષ્યની મુળ જીવાયોની સાતસો છે. તેહને પૃથ્વીકાયની પેરે વર્ણાદીક પચીશ બોલે ગુણવાથી ચૌદ લાખ જીવાયોની થાય.

પ્ર. એ ૮૪ લાખ જીવાયોનીનાં કુળ કેટલાં ?

ઉ. એક ક્રાડને સાડીસત્તાણું લાખ.

પ્ર. એ સર્વે જીવોની પાસે કેવી રીતે માફી માંગવી ?

ઉ. મારાથી કોઇ પણ પ્રકારે તમારો અપરાધ થયો હોય તો ક્ષમા કરો.

પ્ર. એમ માફી માંગવાથી શું થાય ?

ઉ. સર્વે જીવોની સાથે વૈરભાવ બાંધેલ હોય તો છુટી જાય.

પ્ર. તે જીવને ખમાવે નહિ તો શું થાય ?

ઉ. વૈરને લીધે તે જીવ ભવોભવે દુઃખદાયક થાય.

પ્ર. માટે શું કરવું ?

ઉ. ઉપર કહ્યા મુજબ પોતાના અપરાધની માફી માગવી.

પ્ર. ચોરાશી લાખ જીવાયોનીના જીવાને ખમાવ્યા પછી શું કરવું ?

ઉ. પાંચ પરમેષ્ટી અને પોતાના ધર્મગુરૂ, ધર્માચાર્યજીના ગુણ ગ્રામ કરી તેમનો અવિનય, અભક્તિરૂપ અપરાધ થએલ

હોય તેની માફી માંગવી પછી સ્વધર્મી ભાઇઓ, બાઇઓનો અપરાધ થએલ હોય તેની પાસે પણ માફી માંગવી.

પ્ર. તે પાઠના અક્ષર કેટલા ?

ઉ. ૬૧૫.

પ્ર. આવશ્યક કેટલાં ને તેનાં નામ શું ?

ઉ. ૭ તે ૧ સામાયક, ૨ ચોવીસત્થો, ૩ વંદણા, ૪ પ્રતિક્રમણ, ૫ કાયોત્સર્ગ, ૬ પચ્ચખાણ એ ૬.

પ્ર. પહેલા આવશ્યકના કેટલા પાઠ ?

ઉ. ૪.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ઇચ્છામિણં ભંતેનો, ૨ ઇચ્છામિઠામી કાઉસગ્ગનો, ૩ તસ્સઉત્તરીનો, ૪ ઇરિયાવહીઆનો એ ૪.

પ્ર. બીજા આવશ્યકના કેટલા પાઠ ને તેનાં નામ શું ?

ઉ. એક, તે લોગસ્સનો પાઠ.

પ્ર. ત્રીજા આવશ્યકના કેટલા પાઠને તેનાં નામ શું ?

ઉ. એક તે ઇચ્છામિ ખમાસમણાનો.

પ્ર. ચોથા આવશ્યકના કેટલા પાઠને તેનાં નામ શું ?

ઉ. ૨૮ તે-૧ આગમે તિવિહેનો-૨ દર્શન સમકિતનો ૧૪, બાર વર્તનના બાર, ૧૫ સંલેખણાનો, ૧૬ ચૌદ સમુર્છિમનો, ૧૭ અઢાર પાપ સ્થાનકનો, ૧૮ પચીસ પ્રકારનાં મિથ્યાત્વનો, ૧૯ નવકારનો, ૨૦ કરેમિભંતેનો, ૨૧ ચતારી મંગળ (ચાર મંગળ)નો, ૨૨ ઇચ્છા મિઠામી કાઉસગ્ગનો, ૨૩ ઇરિયા વહિયાનો, ૨૪ પગામસિઝાએ (નિંદ્રા અતિચાર) નો, ૨૫ ગોયરગ્ગ ચરિયા

(ગોચરીના અતિચાર) નો, ૨૬ ચઉકાળે સઝાયસ્સ અકરણી-આએ (ચારકાળે ક્રિયા કરવાનો અતિચાર) નો, ૨૭ એક બોલથી માંડીને તેત્રીસ બોલ સુધીનો, ૨૮ નમો ચોવિસીનો—એ-૨૮.

પ્ર. પાંચમાં આવશ્યકના કેટલા પાઠ ને તેનાં નામ શું ?

ઉ. ૬ તે, ૧ ઇચ્છા મિણુંભંતેનો, ૨ ઇચ્છામિઠામી કાઉસગ્ગનો,૩ તસ્સઉત્તરીનો, ૪ ઇરિયાવહીઆનો, ૫ લોગ્ગસ્સનો ૬ ઇચ્છામિ ખમાસણુાનો એ ૬.

પ્ર. છઠ્ઠા આવશ્યકમાં શું કરવું ?

ઉ. પચખાણુ કરવાં.

પ્ર. પ્રતિક્રમણુ કેટલા પ્રકારનાં ?

ઉ. પાંચ પ્રકારનાં.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ મિથ્યાત્વનું, ૨ અવ્રતનું, ૩ કષાયનું, ૪ પ્રમાદનું, ૫ અ-શુભ યોગનું.

પ્ર. કેટલા બોલનું પ્રતિક્રમણુ ?

ઉ. ૮૨ બોલનું.

પ્ર. તે ૮૨ બોલનાં નામ શું ?

ઉ. ૧ મિથ્યાત્વનું પ્રતિક્રમણુ, તેના પચીસ બોલ તે પચીસ પ્રકારનું મિથ્યાત્વ, ૨ અવ્રતનું પ્રતિક્રમણુ તેના બાર બોલ તે પાંચ ઇન્દ્રીઓને મન એ ૬ નું અનિગ્રહપણું અને ૭ કાય જીવની વિરાધના એ ૧૨, ૩ કષાયનું પ્રતિક્રમણુ તેના પચીસ બોલ તે અનંતાનુંબંધી (સમ કીતની ઘાત કરે તેવો) ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, અપચખાણુાવર્ણું (શ્રાવકપણુાની

ઘાત કરે તેવા) ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, પચ્ચખાણાવર્ણી (સર્વ વર્તિપણું, તે સાધુપણાની ઘાત કરે તેવો) ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, સંજળનો (કેવળ જ્ઞાનીની ઘાત કરે તેવો), ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, એ ચારે થઈને સોળબોલ અને સત્તરહાસ્ય, ૧૮ રતી, ૧૯ અરતી, ૨૦ ભય, ૨૧ શોક, ૨૨ દુગુંચ્છા, ૨૩ સ્ત્રી વેદ, ૨૪ પુરૂષવેદ, ૨૫ નપુંશકવેદ, એ-૨૫ બોલ થયા. ૪ પ્રમાદનું પ્રતિક્રમણ, તેના પાંચ બોલતે, ૧ આઠ પ્રકારના મદ, ૨ પાંચઇન્દ્રીઓના વિષય, ૩ કષાય, ૪ નિંદા ૫ વિકથાએ, પાંચ. ૫ અશુભયોગનું પ્રતિક્રમણ તેના પનરબોલ છે તેમાં ચાર મનના તે, ૧ સત્યમન, ૨ અસત્યમન, ૩ મિશ્રમન, ૪ વ્યવહાર મન, ચારવચનના તે, ૧ સત્યવચન, ૨ અસત્યવચન, ૩ મિશ્રવચન, ૪ વ્યવહારવચન, સાત કાયાના તે ૧ ઉદારિક, ૨ ઉદારીકનોમિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિયનોમિશ્ર, ૫ આહારીક, ૬ આહારીકનો મિશ્ર, ૭ કાર્મણ કાયયોગ એ, ૧૫. એકંદર પ્રતિક્રમણના ૮૨ બોલ થયા.

પ્ર. એ ૮૨ બોલ સંક્ષેપમાં કહો ?

ઉ. ૧ મિથ્યાત્વનું પ્રતિક્રમણના પચીસ બોલ, ૨ અવ્રતનું પ્રતિક્રમણ તેના બાર બોલ, ૩ કષાણનું પ્રતિક્રમણ તેના પચીસ બોલ, ૪ પ્રમાદનું પ્રતિક્રમણ તેના પાંચ બોલ, ૫ અશુભયોગનું પ્રતિક્રમણ તેના પંનર બોલ એ પાંચેના મળીને, ૮૨ બોલ ઉપર લખ્યા મુજબ જાંણવા.

પ્ર. કેટલાં દુષણ ટાળવા માટે પ્રતિક્રમણ કરવું ?

ઉ. ૧૨૪

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ જ્ઞાનના આઠ આચાર, (ચોથા પાઠમાં લખેલ છે તે), ૨ સમકિતના આઠ આચાર, (પાંચમા પાઠમાં લખેલ છે તે), ૩ ચારિત્રના આઠ આચાર તે પાંચસુમતિ, (છવીસમા પાઠમાં લખેલ છે) ત્રણ ગુપ્તી, ૪ તપના બાર ભેદ, ૫ વિર્યના ત્રણ ભેદ એ. ૩૯ અને સમકિતના પાંચ અતિચાર, બારવ્રતના ૭૫ અતિચાર, સંલેખણાના પાંચ અતિચાર એ, ૮૫ અતિચાર સર્વે થઇને ૧૨૪ દુષણ જાણવાં.

પ્ર. ત્રણ ગુપ્તીનાં નામશું ?

ઉ. ૧ મનગુપ્તી, ૨ વચનગુપ્તી, ૩ કાયગુપ્તી.

પ્ર. મનગુપ્તી, એટલ શું ?

ઉ. મનને પાપમાં જતાં અટકાવી રાખવું.

પ્ર. વચનગુપ્તી, એટલે શું ?

ઉ. પાપ કારી વચન બોલતાં અટકવું.

પ્ર. કાયગુપ્તી એટલે શું ?

ઉ. કાયાને પાપમાં જતાં અટકાવી રાખવી.

પ્ર. તપના બાર ભેદ કયા ?

ઉ. ૧ અણસણ, ૨ ઉણોદરી, ૩ ભિક્ષાચરી, ૪ રસપરિત્યાગ, ૫ કાયકલેશ, ૬ વૃત્તીસંક્ષેપ, ૭ પ્રાયશ્ચિત સંક્ષેપ, ૮ વિનય, ૯ વૈયાવચ્ચ, ૧૦ સ્વાધ્યાય, ૧૧ ધ્યાન, ૧૨ કાયોત્સર્ગ એ-૧૨.

પ્ર. વિર્યના ત્રણ ભેદ કયા ?

ઉ. ૧ પોતાનું બળ વિર્ય, ધર્મ કાર્યમાં ગોપવે નહિ, ૨ પુર્વોકત જ્ઞાન દર્શન ચારિત્રના ૩૬ ભેદમાં ઉદ્યમ કરે, ૩ શક્તિને અનુસારે મન વચન કાયાનો વ્યાપાર એકાગ્રચિત્તે પ્રયુંજે એ-૩

પ્ર. ખેત્ર વિશુદ્ધમાં કેટલા પાઠ બોલાય ને તેનાં નામ શું ?

ઉ. ૭, તે સામાયકના આઠ પાઠમાંહી કરેમિભંતેનો પાઠ વર્જી બીજા સાત.

પ્ર. વળી પ્રતિક્રમણ કેટલાં ?

ઉ. પાંચ.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ દેવસી, ૨ રાઇસી, ૩ પખી, ૪ ચૌમાસી, ૫ સંવત્સરી એ ૫.

પ્ર. પ્રતિક્રમણ કયા કાળનું ?

ઉ. ભૂતકાળનું.

પ્ર. સામાયક કયા કાળનું ?

ઉ. વર્તમાન કાળનું.

પ્ર. પચખાંણ કયા કાળનું ?

ઉ. ભવિષ્ય કાળનું.

પ્ર. એવી રીતે શુદ્ધ ૭ આવશ્યક આરાધતાં શું ફળ થાય ?

ઉ. અનંત, જન્મ, મર્ણનાં દુઃખથી મુક્ત થાય ને ઉત્કૃષ્ટો રસ આવે તો તિર્થંકર નામ ગૌત્ર બંધાય.

પ્ર. તેથી આપણે શું કરવું ?

ઉ. એ ૭ આવશ્યકને શુદ્ધ રીતે આરાધવા.

ઇતિ પ્રતિક્રમણના પ્રશ્નોતર સમાપ્તમ્.

હવે પ્રસ્તાવિક પ્રશ્નોત્તર કહે છે.

પ્ર. આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં કેટલા ચક્રવર્તિ રાજા થયા ?

ઉ. ૧૨.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ભરત. ૨ સગર, ૩ મઘવ, ૪ સનંત કુમાર, ૬ શાંતિનાથ, ૬ કુંથુનાથ, ૭ અરનાથ, ૮ શંભૂ, ૯ મહાપદ્મ, ૧૦ હરિખેણુ, ૧૧ જય, ૧૨ બ્રહ્મદત્ત એ, ૧૨.

પ્ર. એ બાર ચક્રવર્તિ રાજા કયા કયા તિર્થંકરના વારે થયા ?

ઉ. ભરત રૂષભદેવજીની વારે થયા, સગરચક્રી અજીતનાથની વારે થયા, મઘવ અને સનંતકુમાર, ધર્મનાથને શાંતિનાથ એ બે તિર્થંકરની વચ્ચે આંતરામાં થયા, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એ ત્રણ એજ ચક્રવર્તિ અને એજ તિર્થંકર થયા, શંભૂ ચક્રિતે અરનાથ અને મલ્લીનાથની વચ્ચે આંતરામાં થયા, મહાપદમ અને હરિખેણુ એ બે ચક્રી મુની સુવ્રત અને નમીનાથ એ બે તિર્થંકરની વચ્ચે આંતરામાં થયા. જયનામે ચક્રી નમીનાથ અને નેમીનાથ એ બે તિર્થંકરની વચ્ચે આંતરામાં થયા, બ્રહ્મદત્ત ચક્રી નેમીનાથ અને પારસનાથ એ બે તિર્થંકરની વચ્ચે આંતરામાં થયા.

પ્ર. બળદેવ કેટલા થયા ને તેનું નામ શું ?

ઉ. ૯ તે, ૧ અચળ, ૨ વિજય, ૩ ભદ્ર, ૪ સુપ્રભ, ૫ સુદર્શન, ૬ આનંદ, ૭ નંદન, ૮ પદમ (રામચંદ્ર), ૯ બળભદ્ર એ, ૯.

પ્ર. વાસુદેવ કેટલા થયા ને તેનાં નામ શું ?

ઉ. ૯ તે, ૧ ત્રીપૃષ્ટ, ૨ દ્વીપૃષ્ટ, ૩ સ્વયંભૂ, ૩ પુરૂષોત્તમ, ૫ પુરૂષસિંહ, ૬ પુરૂષ પુંડરીક, ૭ દત્ત, ૮ નારાયણુ (લક્ષમણુ), ૯ કૃષ્ણુ, એ. ૯.

પ્ર. પ્રતિવાસુદેવ કેટલા થયા ને તેનાં નામ શું ?

ઉ. ૯ તે, ૧ અશ્વગ્રીવ, ૨ તારક, ૪ મેરક, ૪ નસુંભી, ૫ મધુક્રિર્તિ, ૬ પ્રહલાદ, ૭ બળ, ૮ રાવણુ, ૯ જરાસંધ, એ ૯.

પ્ર. આવસર્પિણીમાં શ્લાખા પુરૂષ કેટલા થયા ?

ઉ. ૬૩ (કેટલાક નવપ્રતિ વાસુદેવ બાદ કરતાં, ૫૪ શ્લાખા પુરૂષ પણ કહે છે)

પ્ર. તે, ૬૩ કયા કયા ?

ઉ. ૨૪ તિર્થંકર, ૧૨ ચક્રવર્તિ, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિ વાસુદેવ, એ ૬૩

પ્ર. એ, ૬૩ ના પિતા કેટલા ?

ઉ. ૫૧.

પ્ર. ૫૧ પિતાનું કારણે શું ?

ઉ. નવ બળદેવ, નવ વાસુદેવ ભાઈઓ હોવાથી નવ પિતા ઘટયા ને શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એના એજ તિર્થંકરને ચક્રવર્તિ હોવાથી ત્રણ પિતા તેના ઘટયા, કુલ ૧૨ ઘટયા, ૬૩ માંથી ૧૨ ગયા બાકી ૫૧ રહ્યા.

પ્ર. એ, ૬૩ ની માતા કેટલી ?

ઉ. ૬૦.

પ્ર. તેનું કારણ શું ?

ઉ. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, એ તિર્થંકરને ચક્રવર્તિ હોવાથી ત્રણ જીવની ત્રણ માતા ઘટી બાકી, ૬૦ રહી.

પ્ર. એ, ૬૩ ના જીવ કેટલા ?

ઉ. ૫૯

પ્ર. ૫૯ નું કારણ શું ?

ઉ. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એજ તિર્થંકર અને એજ ચક્રવર્તિ હોવાથી ત્રણ જીવ એ ઘટયા અને ત્રીજી વાસુદેવ અને મહાવીર એ એકજ જીવ હોવાથી એક એ જીવ ઘટયો, બાકી ૫૯ રહ્યા.

પ્ર. તેનું કારણ શું ?

ઉ. બળદેવ અવસ્ય સાધુ થાય તેથી બળદેવ પદ મટી સાધુપદ કહેવાય ને તેમાં કાળ કરે તેથી.

પ્ર. આ અવસર્પિણી કાળમાં મહાદેવ કેટલા થયા ?

ઉ. ૧૧.

પ્ર. તેનાં નામ શું ને તે કયા તિર્થંકરને વારે થયા ?

ઉ. ૧ ભીમાવળી મહાદેવ ઋષભદેવ સ્વામીને વારે થયા, ૨ જીતશત્રુ મહાદેવ અજીતનાથને વારે થયા, ૩ રૂદ્રમહાદેવ સુવિધિનાથને વારે થયા, ૪ વિશ્વાનિલ મહાદેવ શિતળ નાથને વારે થયા, ૫ સંપૃષ્ટી મહાદેવ શ્રેયાંશ નાથને વારે થયા, ૬ અચળ રૂદ્રમહાદેવ વાસુ પુજ્ય ને વારે થયા, ૭ પુંડરીક મહાદેવ વિમળનાથને વારે થયા, ૮ અજીતધર મહાદેવ અનંત નાથને વારે થયા, ૯ અજીતનાભ મહાદેવ ધર્મનાથને વારે થયા. ૧૦ પેઢાળધર મહાદેવ શાંતિનાથને વારે થયા, ૧૧ સત્યકી મહાદેવ મહાવીરને વારે થયા, એ ૧૧.

પ્ર. વર્ષ સારૂ આવે ત્યારે માણુસ કહે છે કે સાતે સરા પાકી છે તે સાત સરા કઈ ?

ઉ. ૧ કાકડો, ૨ લાકડો, ૩ સેલડો, ૪ વેલડો, ૫ તેલડો, ૬ કણ. ૭ તૃણ એ, ૭.

પ્ર. કાકડો એટલે શું ?

ઉ. કપાસ, સણ, વિગેરે જેમાંથી વસ્ત્રાદિક થાય તેવી વસ્તુ પાકે

પ્ર. લાકડો એટલે શું ?

ઉ. લાકડાં ત્યા ઔષધીની વનસ્પતિ ત્યા લીલા સુકા મેવાની વનસ્પતિ થાય.

પ્ર. સેલડા એટલે શું ?
ઉ. જેમાંથી ગોળ સાકર થાય તેવી સેલડી પ્રમુખ પાકે.
પ્ર. વેલડા એટલે શું ?
ઉ. જેના વેલા ચાલે શાક ભાજી પાલો વિગેરે વસ્તુ પાકે.
પ્ર. તેલડા એટલે શું ?
ઉ. જેમાંથી તેલ નીકળે તે તલ સરસવ એરંડા વિગેરે વસ્તુ પાકે.
પ્ર. કણુ એટલે શું ?
ઉ. ચોવીસ જાતનું અનાજ પાકે.
પ્ર. તૃણુ એટલે શું ?
ઉ. ઘાસ થાય.
પ્ર. સિદ્ધી કેટલી ?
ઉ. આઠ.
પ્ર. સિદ્ધી એટલે શું ?
ઉ. તપશ્ચાના પ્રભાવથી આત્મશક્તિ પ્રકટ થાય તે.
પ્ર. તેનાં નામ શું ?
ઉ. ૧ અણિમા, ૨ મહિમા, ૩ લઘીમા, ૪ ગરિમા, ૫ કામ વશાઈ ત્વ, ૬ પ્રાકામ્ય, ૭ ઇશિત્વ, ૮ વશિત્વ, એ. ૮.
પ્ર. અણિમા એટલે શું ?
ઉ. ૧ ઝીણા છીદ્રમાંહી પેસે અથવા કમળના નાલમાંહી પેસીને ચક્રવર્તિની રૂદ્ધી વિસ્તારે તેવી શક્તિ.
પ્ર. મહિમા એટલે શું ?
ઉ. મેરૂ થકી પણ મોટું શરિર કરવાની શક્તિ,
પ્ર. લઘીમા એટલે શું ?
ઉ. વાયુ થકી પણ અત્યંત હળવું શરિર કરવાની શકિત.

પ્ર. ગરિમા એટલે શું ?

ઉ. વજ્રદેવથી પણ ભારે શરિર કરવે કરીને ઇંદ્રાદીકનો પણ પરાજ્ય કરે તેવી શક્તિ.

પ્ર. કામ વશાર્દ્દત્વ એટલે શું ?

ઉ. ભૂમી ઉપર બેઠાં થકાં સૂર્યમંડલાદીકને સ્પર્શ કરવાની શક્તિ.

પ્ર. પ્રાકામ્ય એટલે શું ?

ઉ. પાણી ઉપર ભૂમીકાની પેરે ચાલે અને ભૂમીમાંહી પાણીની પેરે ડુબકી ખાય તેવી શક્તિ.

પ્ર. ઇશિત્વ એટલે શું ?

ઉ. ત્રણ લોકનું ઠકુરાઇપણું ભોગવે અથવા તિર્થંકરની કે ઇન્દ્રની રૂદ્ધી વિસ્તારે તેવી શક્તિ.

પ્ર. વશિત્વ એટલે શું ?

ઉ. સર્વ જીવોને વશ કરવાની શક્તિ.

પ્ર. અઢીદ્વીપમાં એક સાથે ઘણામાં ઘણા ગર્ભજ મનુષ્ય કેટલા થાય?

ઉ. ૨૯ આંક પ્રમાણે.

પ્ર. ઓગણત્રીસ આંક શિરિતે થાય ?

ઉ. બેથી ઠામ બમણા છન્નુ વખત કરતાં છન્નુ મી વખતે જોડ જોડે ૨૯ આંક આવે.

પ્ર. તે ઓગણત્રીસ આંક કયા ?

ઉ. ૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬ એ, ૨૯આંક.

પ્ર. કમતીમાં કમતી એક સાથે કેટલાં મનુષ્ય હોય ?

ઉ. ૨૪ આંક પ્રમાણે (કોઇ ૨૯ એકડા પ્રમાણે પણ કહે છે.)

પ્ર. વનસ્પતિની કેટલી જાત છે ?

ઉ. અઢાર ભાર.

પ્ર. એકભાર વનસ્પતિ કેને કહીએ ?

ઉ. એકેકી વનસ્પતિનીજાતનું એકેકું પાન તોડતાં આડત્રીસ ક્રોડ, ઇગ્યાર લાખ, બાર હજાર, નવસો સીતેર મણ વજન થાય ત્યારે એક ભાર કહેવાય એવી અઢારભાર વનસ્પતિ છે.

પ્ર. તેમાં ફુળ વગર કેટલા ભાર ?

ઉ. ચાર ભાર.

પ્ર. જેને ફુલ અને ફળ બે લાગે તેવી કેટલા ભાર ?

ઉ. ૮ ભાર.

પ્ર. વેલની જાત કેટલા ભાર ?

ઉ. ૬ ભાર એ સર્વે થઇ અઢાર ભાર થઇ.

પ્ર. તેમાંકડુ, કાળા જીરી જેવી કડવી કેટલા ભાર ?

ઉ. ૪ ભાર.

પ્ર. મરી મરચાં જેવી તીખી કેટલા ભાર ?

ઉ, ૨ ભાર.

પ્ર. સેલડાજેવી મધુરી કેટલા ભાર ?

ઉ. ૩ ભાર.

પ્ર. લીંબુ આંબલી જેવી ખાટી કેટલા ભાર ?

ઉ. ૩ ભાર.

પ્ર. ખારી કેટલા ભાર ?

ઉ. ૧ ભાર.

પ્ર. હરડાં બેડાં હળદર જેવી કસાયલી (હરમી) કેટલા ભાર ?

ઉ. ૨ ભાર.

પ્ર. અફીણ જેવી વીષ વાળી કેટલા ભાર ?

ઉ. ૧ ભાર.

પ્ર. નિર્વિષ વાળી કેટલા ભાર ?
ઉ. ૨ ભાર એ સર્વે થઇ ૧૮ ભાર થઇ.
પ્ર. જેને કાંટા લાગે તે બાવળ બોરડી જેવી કેટલા ભાર ?
ઉ. ૬ ભાર.
પ્ર. સુગંધી ચંપા કેતકી ગુલાબ જેવી કેટલા ભાર ?
ઉ. ૬ ભાર.
પ્ર. નિર્ગંધવાળી કેટલા ભાર ?
ઉ. ૬ ભાર એ સર્વે થઇ ૧૮ ભાર જાણવી.
પ્ર. જે વનસ્પતિની મર્યાદા ન કરે તેને શું થાય ?
ઉ. એ અઢારે ભાર વનસ્પતિની અવ્રતપણાની ક્રિયા આવે.
પ્ર. ચાર ગતિમાંહી જનારનાં કંઈ લક્ષણ હશે ?
ઉ. હા છે.
પ્ર. કેટલાં કેટલાં લક્ષણ છે ?
ઉ. ચાર ચાર છે.
પ્ર. નર્કમાં જનારનાં ચાર લક્ષણ કયાં ?
ઉ. ૧ ઘણીજ જીવહિંશા થાય તેવું કૃત્ય કરે, ૨ અતિશે પરિગ્રહ એકઠો કરે, ૩ દારૂ માંસનું ભક્ષણ કરે. સાત કુવ્યસન સેવે, ૪ પાંચ ઈંદ્રીવાળા જીવને હણે. એ. ૪.
પ્ર. તિર્યંચમાં જનારનાં ચાર લક્ષણ કયાં ?
ઉ. ૧ સામાન્ય રીતે કપટ કરે, ૨ કોઇ પણ જાણી શકે નહિ તેવું ગાઢું કપટ કરે, ૩ જુઠું બોલે, ૪ ખોટા તોલમાપરાખે, ખોટા લેખ પત્ર લખે. એ. ૪.
પ્ર. મનુષ્યની ગતિમાં જનારાનાં ચાર લક્ષણ કયાં ?
ઉ. ૧ પ્રકૃતીનો ભદ્રીક હોય, ૨ પ્રકૃતીનો વિનયવંત હોય, ૩

ઘણોજ દયાળુ સ્વભાવનો, ૪ મત્સર (અભિમાન) રહિત હોય, એ. ૪.

પ્ર. દેવતાની ગતિમાં જનારનાં ચાર લક્ષણ કયાં ?

ઉ. ૧ સાધુનાં વ્રત પાળનાર હોય, ૨ ગૃહસ્થનાં બાર વ્રત પાળનાર, ૩ અજ્ઞાનતા ન કરવાથી, ૪ અકામ નિર્જરાએ કરીને પરવસપણે કષ્ટ, સહન કરવાથી. એ. ૪.

પ્ર. એ ચાર ગતિમાં જનારને મરણાંતે કોઇ ચિન્હ થતાં હશે ?

ઉ. હા થાય છે.

પ્ર. દેવગતિમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. દેવ સજ્યા દેખે, દેવાંગના દેખે, હું સુખમાં છું, વિમાન દેખું છું, ઇત્યાદીક કહે.

પ્ર. મનુષ્યગતિમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. જો સુખમાં જાય સુખની વાત કરે અને દુ:ખમાં જાય તો દુ:ખની વાત કરે. આ અમુક માણસો ઉભાં છે. સગાને કહે કે રોશોમાં, દુ:ખધરશોમાં, ઇત્યાદીક કહે.

પ્ર. તિર્યંચની ગતિમાં જુદા જુદા ભેદ કહે છે, પૃથ્વીમાં જનારનાં શું ચિન્હ થાય ?

ઉ. હું બીડાઉં છું, મને કોઇએ દબાવેલ છે તેથી મને ઘણી મુઝવણ થાય છે ઇત્યાદીક કહે.

પ્ર. પાંણીમાં જનારનાં શું ચિન્હ થાય ?

ઉ. મને ટાઢમાં સુવાડયો છે, બરફમાં ભાર્યો છે, મને ટાઢ ઘણીજ વાય છે ઇત્યાદીક કહે.

પ્ર. અગ્નિમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. હું બળું છું, મને અગ્નિમાં નાંખ્યો છે. તાપ ઘણો લાગે છે,

આ સગડી વીગેરેમાં અગ્નિ છે તે દુર કરો ઇત્યાદીક કહે.

પ્ર. વાયુકાયમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. હું દશે દિશામાં ફરૂં છું, મને ચક્કડોલ ચડાવેલ છે, ભમી જોઉં છું, વંટોલીઆ માંહી ઉડી જોઉં છું, ઈત્યાદી કહે.

પ્ર. વનસ્પતિમાં જનારનાં શું ચિન્હ થાય ?

ઉ. મને ઘણા જીવ કરડે છે ચટકા મારે છે, ઈત્યાદી કહે.

પ્ર. બે ઈન્દ્રી, તે ઈન્દ્રી, ચૌઇંદ્રીમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. આ પાણીમાં પોરા છે, આ કીડા, માંખી, પ્રમુખ જીવની હાર ચાલે છે તે મને ચટકાદીએ છે, ડાંસ મચ્છર વિંછી પ્રમુખમને કરડે છે ઈત્યાદી કહે.

પ્ર. તિર્યંચ પંચેદ્રીમાં જનારને શું ચિન્હ થાય ?

ઉ. જે જાતિમાં જવાનું હોય તે જાતિનું નામ દીએ જેમ આ હાથી, ઘોડા, ઉંટ, બળદ, ગાય, ભેંસ, સર્પ, માંછલાં, પંખી, ઉંદર, કુતરા, બીલાડા, પ્રમુખ ઉભા છે તેને દુર કરો ઇત્યાદી કહે.

પ્ર. નર્કમાં જનારનાં શું ચિન્હ થાય?

ઉ. આ જમ ઉભા છે, મને મારે છે, પકડીને લઇ જાય છે, મને કોઈ છોડાવો ઈત્યાદી કહે.

પ્ર. એ ચારગતિમાં જનારનો જીવ કયાંથી જાય ?

ઉ. શરિરના કોઇ પણ ભાગમાંથી જાય.

પ્ર. નર્કમાં જનારનો જીવ શરિરના કયા ભાગમાંથી જાય ?

ઉ. પગના અંગુઠાથી તે ઢીંચણ સુધી માંહીથી જાય.

પ્ર. તિર્યંચમાં જનારનો જીવ કયાંથી જાય ?

ઉ. ઢીંચણથી તે જાંઘના મુળ સુધીમાંથી જાય.

પ્ર. મનુષ્યમાં જનારનો જીવ કયાંથી જાય ?

ઉ. જાંઘના મુળથી તે ગળાની હાંસડી માંહીથી જાય.

પ્ર. દેવગતિમાં જનારનો જીવ કયાંથી જાય ?

ઉ. ગળાની હાંસડીથી ઉપર મસ્તક સુધીમાંહીથી જાય.

પ્ર. મોક્ષમાં જનારનો જીવ કયાંથી જાય ?

ઉ. સર્વાંગેથી જાય.

પ્ર. શરિરના અમુક ભાગમાંહીથી જીવ ગયો તેનું શું ચિન્હ ?

ઉ. મર્ણ વખતે છેલું ડચકું આવે તેહજ વખતે તેહના તમામ શરિર ઉપર બીજા માણસે હાથ ફેરવવો, જે જગ્યાએ વધારે ઉશ્ણ લાગે તે જગ્યાએથી જીવ ગએલો સમજવો, પછી તે ઉપરથી ગતિનું અનુમાન સમજવું.

પ્ર. ચાર ગતિમાંહીથી આવનારનાં સામાન્ય રીતે કાંઇ લક્ષણ હશે ?

ઉ. હા છે.

પ્ર. કેટલાં કેટલાં લક્ષણ છે ?

ઉ. સાત સાત છે.

પ્ર. દેવગતિમાંહીથી આવેલાંનાં સાત લક્ષણ કયાં ?

ઉ. ૧ કવીશ્વરને ઘણો કળાવંત હોય, ૨ રોગ રહિત શરિર હોય, ૩ અતિ બુદ્ધીવંત હોય, ૪ અતિવલ્લભ હોય, ૫ ધન પ્રાપ્તીવંત હોય, ૬ ધનનો અતિરાગી હોય, ૭ સ્વજનનો ભક્તિવંત હોય.

પ્ર. મનુષ્ય ગતિમાંહીથી આવેલાનાં સાત લક્ષણ કયાં ?

ઉ. ૧ મેળાપુ હોય, ૨ વિનયવંત હોય, ૩ સુકુમાળ (સુહાળો) હોય, ૪ મશ્કરોને વ્યાભિચારી હોય, ૫ દયાવંત હોય, ૬ દાનેશ્વરી હોય, ૭ ભક્તિવંત હોય.

પ્ર. તિર્યંચની ગતિમાંહીથી આવેલાના સાત લક્ષણ કયાં ?

ઉ. ૧ બહુ બોલો હોય, ૨ અસંતોષી હોય, ૩ અતિકપટી હોય, ૪ અતી લોભી હોય, ૫ અતિ દુઃખી હોય, ૬ વગર વિચાર્યું બોલે, ૭ અતિ આળસુ હોય.

પ્ર. નર્કગતિમાંહીથી આવેલાનાં સાત લક્ષણ કયાં ?

ઉ. ૧ હમેશાં શરિર રોગીષ્ટ હોય, ૨ કલેશકારી હોય, ૩ વરીન્દ હોય ૪ કુરૂપવાન હોય, ૫ અતિક્રોધી હોય, ૬ કડવા બોલો હોય, ૭ સાત કુવ્યસની હોય.

પ્ર. મૂર્ખ કેટલા ?

ઉ. ૧૦૮.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ બાળકની સાથે મિત્રાઇ કરે, ૨ દરેક કામમાં મહોટાની બરોબરી ચાલે, ૩ કામ વિના પારકા ઘરે જાય, ૪ પોતાને નીચની ઓપમા આપે, ૫ કામ વિના લડે, ૬ કોઇને દાન દેતાં અંત્રાય પાડે, ૭ ગીત કથા કહેતાંને નિષેધે, ૮ ધર્મ કથામાં ભેદ પાડે, ૯ નીચની સંગત કરે, ૧૦ સ્ત્રીની ગુહ્યવાત કરે, ૧૧ કોઇ રાજાનો માનીતો હોય તેની સાથે વાંકો ચાલે ૧૨ જાજરૂ જાતાં પેશાબ કરતાં વાતો કરે, ૧૩ પર સ્ત્રીનો સંગ કરે, ૧૪ ગુરૂના સામું બોલે, ૧૫ કામ વિના પાપ કરે, ૧૬ અપ્રતિત કારણી સ્ત્રી સાથે વાત કરે, ૧૭ સોનીની સાથે પ્રીતી જાણીને કામ ધીરે, ૧૮ કામ વિના વઢવાડ કરાવે, ૧૯ પંડીત સાથે વિરોધ કરે, ૨૦ ધન જોબન અધિકારને વિદ્યાનો મદ કરે, ૨૧ જાણીને કુકર્મ કરે, ૨૨ પોતાના ગુણ પોતાના મોઢે પ્રકાશ કરે, ૨૩ પોતાની ગુપ્તવાત બીજાની પાસે

વખાણે, ૨૪ દાન દઇને ફુલાય, ૨૫ પોતાની ચાલ લક્ષણ, વખાણે, ૨૬ સ્નેહીની સાથે વિરોધ કરે, ૨૭ કુટુંબનો મદ કરે, ૨૮ બળનો મદ કરે, ૨૯ રૂપનો મદ કરે, ૩૦ એકલી સ્ત્રી સાથે એકાંતમાં વાત કરે, ૩૧ ટુંકારા વિના વાત કરે નહિ, ૩૨ રાજાની સાથે પ્રિતિ જાણીને પ્રપંચ કરે, ૩૩ બીકની વાટે એકલો જાય. ૩૪ લડાઇના કામમાં એકલો પડે, ૩૫ અણ ઓળખીતા સાથે પરદેશ જાય, ૩૬ બાજરૂ જાય ત્યાં ઘણીવાર બેસી રહે, ૩૭ પ્રતિત વિના કામ ભળાવે, ૩૮ મળ મુત્ર એકઠું કરે, ૩૯ મહોટી લડાઇમાં પડે, ૪૦ ડાઢીએ કેશ ઉગ્યા ન હોય અને ડાઢીએ હાથ ફેરવ ફેરવ કરે, ૪૧ માઠા સુકને જાય, ૪૨ કામવિના ગાળ દીએ, ૪૩ અગત્યના કારણ વિના જુનું રહેઠાણ છોડે, ૪૪ અણભાવતું જમે, ૪૫ વિના અપરાધે પશુ જીવને મારે, ૪૬ મારકણા પશુની પાસે જાય, ૪૭ સર્પને છેડે, ૪૮ વાઘ સિંહાદીક જુલ્મી જનાવરને છેડે, ૪૯ મારકણાં બળદ વિગેરે પશુને એકલો લઇ જાય, ૫૦ અણસ્વાર ઘોડે ચડે, ૫૧ નમતાની સાથે નમે નહિ, ૫૨ માતાપિતા તથા વડિલ વિગેરેનું અપમાન કરે, ટુકારા કરેને દુઃખ દે, ૫૩ રમતાં રિસ કરે, ૫૪ રૂઠેલા મિત્રને મનાવે નહિ, ૫૫ ભલા મિત્રની સાથે લડે, ૫૬ પોતે નિર્બળ છતાં મોટું કામમાંડે, ૫૭ ધર્મ કરનાં અંત્રાય પાડે, ૫૮ ભણતાં આળસ કરે, ૫૯ કેફ કરીને ભટકે, ૬૦ લાકડાં ચીરતા હોય ત્યાં જોવા માટે ઉભો રહે, ૬૧ નગ્ન સુવે, ૬૨ અણગમતું બોલે, ૬૩ કુવાને કાંઠે હાંસી મસ્કરી કરે, ૬૪ વડેરાની તથા પંચની શિખામણ ન માને, ૬૫ ઘર ૨ ધણીને ચેતવણી આપવા

તરીકે બાહીરથી અવાજ કર્યા વિના કોઇના ઘરમાં પેસે, ૬૬ સ્ત્રી મળમાત્ર કરતી હોય ત્યાં જોવે, ૬૭ સ્ત્રી સ્નાન કરતી હોય ત્યાં અને બે અદબી રીતે બેઠી હોય ત્યાં જુવે ૬૮ સ્ત્રી વેણી ઓળતી હોય ત્યાં જુવે, ૬૯ પ્રદેશમાં પારકા હસ્તક દુકાનનું નામ પોતાનું આપે, ૭૦ ગુરૂનું અપમાન કરે, તુંકારો કરે ને દુઃખદીએ, ૭૧ ગામ વચ્ચે ઘોડાને દોડાવે, ૭૨ ભોજન વખતે જાજરૂ જાય, ૭૩ સ્ત્રીની પાસે તમામ વાત સાચી કરે, ૭૪ ચાલતાં ચાલતાં ભોજન કરે, ૭૫ હસતાં હસતાં પાણીપીએ, ૭૬ બે જણાં છાંની વાત કરતાં હોય ત્યાં સાંભળે, ૭૭ બે જણ વાત કરતાં હોય ત્યાં વચમાં વચમાં બોલે, ૭૮ કોઇના છાના મર્મ પ્રકાશે, ૭૯ સંઘાત વિના પરદેશ જાય, ૮૦ પંચની શિખામણ ન માને, ૮૧ સ્ત્રીની પાસે છાની વાત કરે, ૮૨ બળીઆ સાથે બાથ ભીડે, ૮૩ ચાલવાની જગ્યાએ રસ્તામાં ચિત્રામણ કાઢે, ૮૪ બહુ પરિવાર વાળાની સાથે વાદકરે, ૮૫ ગાળ દીધા વિના લાકડી મારે, ૮૬ ધર્મની નિંદા કરે. ૮૭ પોતાની સ્ત્રીના ગુણગાય. ૮૮ માત પિતાના અવગુણ બોલે, ૮૯ અજાણ્યા માણસનો વિશ્વાસ કરે, ૯૦ હિંશક પશુનો વિસ્વાસ કરે, ૯૧ પ્રતિકુળ લખતે હઠ છોડે નહિ, ૯૨ ઉભો રહે તે વખતે કેડે હાથ દીએ, ૯૩ બે હાથે માથું ખંજાળે, ૯૪ બીજાની વાત નહિ સાંભળતાં પોતેજ બોલ બોલ કરે, ૯૫ દુસ્મનનો વિસ્વાસ કરે, ૯૬ જેની સાથે એકવાર પ્રિતિ તુટી હોય તેહનો ફરીથી વિસ્વાસ કરે, ૯૭ મોજડી અને પાઘડી દાબીને પહેરે, ૯૮ ઉપકારને બદલે અ-

પકાર કરે, ૯૯ સારી સલાહ માંગતાં ખોટી શિખામણ આપે, ૧૦૦ જેના મુખમાંથી વારંવાર નકારો નિકળતો હોય છતાં તેની પાસે યાચના કરે, ૧૦૧ કઠારે લાવીને ઉધારે આપે ૧૦૨ ઘર વેચીને ને વરો કરે. ૧૦૩ કર્મનો ભરૂસો કરી ઉદ્યમ ન કરે, ૧૦૪ આખા લાભના આધારે અડધો લાભ છોડે, ૧૦૫ દરેક માણુસ પશુને તેના ગજા ઉપરાંત કામ ભળાવે, ૧૦૬ દીઠી, સાંભળેલી વાતનો નિશ્ચય કર્યાં વિના નિશ્ચયરૂપ વાત કરે, ૧૦૭ નકામો બેઠો લાકડાં ભાંગ્યા કરે, ૧૦૮ જગતનો ડાહ્યો થઇ પોતાનું બગાડે એ ૧૦૮.

પ્ર. હમેશાં આપણે કેવી રીતે વર્તવું ?

ઉ. ૧ ચાર ઘડી રાત્રી રહે તે વખતે ઉઠી પવિત્ર પણે વિત્તરાગદેવનું સમરણ કરવું. ૨ મારા દેવગુરૂ ધર્મ કોણ છે અને તેની શું આજ્ઞા છે તે વીચારવું, ૩ મહારા કુળનો શુદ્ધ વહેવાર શું છે અને મારે શું કરવાનું છે તે વિચારવું, ૪ મારા સગામાં, મારા કુટુંબમાં, મારી જ્ઞાતીમાં, મારા સ્વધર્મ બંધુમાં, મારા ગામમાં, મારા દેશમાં કોણ દુઃખી છે ને કોણ સુખી છે, તે વિચારી પોતાની યથાશક્તિ મુજબ દુઃખીનું કષ્ટ કાપવું, ૫ જીવદયા જેવો બીજો ધર્મ નથી એમ ધારી તે કરવો. ૬ નિતિથી ઉચીત વેપાર કરવો, ૭ પક્ષપાત રહિત સત્ય વચન બોલવું, ૮ ભણુવાનો, ભણાવવાનો ઉદ્યમ કરવો, ૯ જે વ્રત લીધું હોય તે કદી તોડવું નહિ, ૧૦ શત્રુની સાથે જોઈ, વિચારીને કામ પાડવું ને તેનો કદી પણ વિશ્વાસ કરવો નહિ, ૧૧ લટપટ કરતો આવે તેની સાથે એકદમ મળી જવું

નહિ, ૧૨ પારકી સ્ત્રી સાથે એકાંતમાં બેસી વાત કરવી નહિ, ૧૩ જેના બોલ્યામાં બંધ ન હોય, તેની સાથે પ્રીતિ કરવી નહિ, ૧૪ કોઇ સત્ય શિયળથી ડગાવે તો ડગવું નહિ, ૧૫ વડેરાની પતિત વધારવી, પણ ઘટાડવી નહિ, ૧૬ કુપાત્રની સંગત કરવી નહિ, ૧૭ મૂર્ખની સાથે હળીમળી ચાલવું. ૧૮ ૧૮ નિર્ગુણી હલકા નિર્લજ મનુષ્યને છેડવો નહિ, ૧૯ વડેરાએ આપણને વડાઇ સોંપી હોય, તોપણ વડેરાનો વિનય મુકવો નહિ, ૨૦ ગમે તેવું સુખ દુઃખ આવે તોપણ ઘરની વાત બાહાર કરવી નહિ, ૨૧ મુર્ખને વારંવાર શિખામણ દેવી નહિ, ૨૨ આપણા ગુણ આપણા મોઢે પ્રકાશવા નહિ, ૨૩ વડેરાનું વચન પ્રમાણ કરવું, ૨૪ પુંઠ પાછળ પારકી નિંદા કે ચાડી કરવી નહિ, ૨૫ બેજણ છાંની વાત કરતા હોય ત્યાં આપણે કાન માંડવા નહિ, ૨૬ ગમે તેવું કષ્ટ પડે તો પણ આપણા કુળની રૂડી મર્યાદા ને ધીરજ મુકવી નહિ, ૨૭ વડેરાની સાથે વાદ વીવાદ કરવો નહિ, ૨૮ ચોક્કસ વાત સાંભળી હોય તો પણ વહેવાર રાખીને વાત કરવી. ૨૯ ક્રોધને વશે જેમ તેમ બોલવું નહિ, બોલે તો પાછળથી પસ્તાવું પડે, ૩૦ ગમે તેવું કામ હોય તોપણ બે ઘડી ધર્મની ક્રિયા મુકવી નહિ, ૩૧ ગુરૂદેવ અને ધર્માચાર્યનું વચન લોપવું નહિ, ૩૨ અયુક્ત શણગાર સજવો નહિ, ૩૩ જે કામ કરવું હોય તેનું છેવટનું ફળ પ્રથમ વિચારીને પછી કરવું, ૩૪ તનથી, મનથી કે ધનથી પરોપકાર કરવો, ૩૫ કોઇનાં છાંનાં મર્મ પ્રકાસવાં નહિ, ૩૬ કોઇ સુપાત્ર આપણી પાસે કાંઈ માગે તો ના કહેવી

નહિ, ૩૭ હસવાની ઘણી ટેવ રાખવી નહિ, ૪૮ સગા સ્નેહી સાથે દ્રોહ ભાવ કરવો નહિ, ૩૯ પારકી સુખ સંપત્તી જોઇ ઇર્ષા કરવી નહિ, ૪૦ ગુણવંત મનુષ્યના દાસ થઇ રહેવું, ૪૧ જગ નિંદનીક ત્થા રાજ્ય વિરૂદ્ધ કોઇ પણ કામ કરવું નહિ, ૪૨ કોઇ આપણને શિખામણની વાત કહે તો તેના ઉપર ગુસ્સો કરવો નહિ, ૪૩ નીચ માણસ શિખામણ દીએ તો પણ કબુલ કરવું, ૪૪ કલેશ વધારવો નહિ, ૪૫ ધન, જોબન, અધિકારાદિકનો ગર્વ કરવો નહિ, ૪૬ જે કાર્ય કરવું તે બુદ્ધિવંત વડીલને પુછીને કરવું, ૪૭ સત્તર જણની સાથે વાદ કરવો નહિ.

પ્ર. તે સતરનાં નામ શું ?

ઉ. ૧ રાજા, ૨ ધનવંત, ૩ બહુ પરીવાર વાળો, ૪ બળવંત, ૫ નીચ, ૬ ક્રોધી, ૭ વૃદ્ધ, ૮ પંડીત, ૯ તપશી, ૧૦ ગુરૂ ૧૧ રોગી, ૧૨ અધિકારી, ૧૩ વડીલ, ૧૪ બહુ અભિમાની, ૧૫ મૂર્ખ, ૧૬ બાળક, ૧૭ સ્ત્રી, એ ૧૭ જણની સાથે વાદ કરવો નહિ, ૪૮ પારકાને ઘરે જવું ત્યારે પ્રથમ બાહાર રહી અવાજ કરી જરા સ્થંભી પછી ઘરમાં પેસવું, ૪૯ અપ્રતીતકારી ઘરે જવું નહિ, ૫૦ અજાણી વાતમાં ખોટી સાક્ષી પુરવી નહિ, ૫૧ હઠીલો ને કદાગ્રહી સ્વભાવ રાખવો નહિ, ૫૨ આપણા ગજા ઉપરાંત કોઇ પણ કામ ઉપાડવું નહિ, ૫૩ પોતાના સ્વજન વર્ગને ચુકવો નહિ, ૫૪ પારકો આડંબર જોઇ મુઝાવું નહિ, ૫૫ કલેશ કંકાસ થતો હોય ત્યાં ઉભા રહેવું નહિ, ૫૬ ગુરૂને, વડીલને, અધિકારીને, માતાપિતા, સાસુ-

સસરા, પતિ અને અતિથિ (મેમાન)ને ઘણું માન સન્માન આપવું, ૫૭ આપણા ગુણ સાંભળીને તથા પરોપકાર કરીને ફુલાવું નહિ, ધર્મ સિવાય બીજું કામ અતિ કરવું નહિ, ૫૮ મધુર ને સત્ય વાક્ય બોલવાની ટેવ પાડવી, ૫૯ અજાણ્યું ફળ ખાવું નહિ, અને અજાણ્યા સાથે પરગામ જવું નહિ, ૬૦ મર્યાદા ઉપરાંત વધારે ખાવું નહિ, ૬૧ હલકા પેટના માણસને ગુપ્ત વાત કરવી નહિ, ૬૨ આપણો દોષ પારકાને માથે ના-ખવો નહિ, ૬૩ જેની સાથે મન ફાટયું હોય તેની સાથે ફરી સ્નેહ બાંધવો નહિ, અને કદી બાંધવો પડે તો બહુ ચેતીને વર્તવું, ૬૪ પોતાની તમામ માલ મીલકત, પુત્રાદીકને સોંપી દેવી નહિ, સોંપી દેવાથી પસ્તાવું પડે, ૬૫ પ્રદેશમાં પારકાને હસ્તક દુકાનનું નામ પોતે આપવું નહિ, ૬૬ લડાઇના કામમાં એકલા પડવું નહિ, ૬૭ આળસુ કે વાતુડીયો સ્વભાવ રાખવો નહિ ૬૮ દરેક કામ નિર્મળ ટાઇમે ને ઝડપથી ને ચોખ્ખું કરવું, ૬૯ જેને જેવો અધિકાર હોય તેની સાથે તેવી રીતે વર્તવું, ૭૦ સ્રીનાંને પુત્રનાં તેને મોઢે વખાણ કરવાં નહિ, ૭૧ બાળલગ્ન કે વૃદ્ધલગન કરવાં નહિ, ૭૨ દુઃખી નીરાધાર પ્રાણીઓને આપણાથી બને તેટલી મદદ ક-રવી ને કરાવવી, ૭૩ સભામાં આપણા જેવો અધિકાર હોય તેવી રીતે બેસવું, ૭૪ કોઇ પણ જાતનો કેફ કરવો નહિ, ૭૫ કુવાને કાંઠે રહી હાંસી, મશ્કરી કરવી નહિ, ૭૬ પોતા-નાં સગાં સ્નેહીયાદીકની સાથે પુર્ણ પ્યારથી વર્તવું અને તેના દુઃખે દુઃખી ને સુખે સુખી થવું, ૭૭ વડીલના ને અધિકારીના શત્રુ સાથે આપણે પ્રિતી કરવી નાહ, ૭૮ બાળ લગ્ન અથવા વૃદ્ધ લગ્ન કદી પણ કરવાં નહિ, ૭૯ કન્યા વિક્રય કરવો

નહિ, ૮૦ આપણા અધિકાર વખતે આપણે એવી રીતે વર્તવું કે આપણો અધિકાર ગયા પછી પણ પાછળથી લોકો તારીફ કરે, ૮૧ આપણે એવા સદાચરણથી વર્તવું કે જેથી આપણાં બચ્ચાં પણ તે પ્રમાણે વર્તે આ જીંદગીમાં ને પર જીંદગીમાં સુખી થાય એ ૮૧.

પ્ર. શ્રાવકના ગુણ કેટલા ?

ઉ. ૨૧.

પ્ર. તેનાં નામ શું ?

ઉ. ૧ ઉછાછળો ને ઉદ્ધત ન હોય, ૨ ઇંદ્રીયોજીત્તી હોય, ૩ શાંત સ્વભાવી હોય, ૪ બીજાને પ્રિય લાગે તેવું મધુર વચન બોલનાર હોય, ૫ કલેશ કંકાસને કરે નહિ, ૬ અપયશથી વેગળો રહે અને અપયશ થાય તેવા કામ કરે નહિ, ૭ પરને છેતરે નહિ, ૮ દાક્ષીણવંત હોય, ૯ લજ્યાવંત હોય, ૧૦ દયાળુ સ્વભાવ વાળો હોય, ૧૧ મધ્યસ્થ વર્તિ વાળો હોય, ૧૨ ગુણનો રાગી હોય, ૧૩ ધર્મ કથાનો રસિક હોય, ૧૪ શુભ પરિવાર સહિત હોય, ૧૫ કામ વિચારીને કરે, ૧૬ પારકાના દોષ સાંભળે દેખે પણ બીજાની પાસે પ્રગટ કરે નહિ અને ગુણ ગ્રાહક હોય, ૧૭ સદાચરણી અને જ્ઞાનાદીકે કરી તે સહિત હોય, ૧૮ ગુણવંતનો વિનય કરનાર હોય, ૧૯ કોઇનો કરેલો ઉપકાર વિસારે નહિ, ૨૦ ગીતાર્થ હોય ને ધર્મ અર્થ ધારે (પરમાર્થી હોય), ૨૧ ધર્મ કાર્ય કરવામાં દાક્ષીણુતાવાળો હોય એ ૨૧.

ઇતિ શ્રી જૈન વિદ્યાર્થિ પ્રશ્નોત્તરમાળા

સમાપ્તમ્.

શુદ્ધિ અશુદ્ધિ પત્રક.

અશુદ્ધ	શુદ્ધ	પાનું
ઇહાં	અહીંઆ	૧૭
આકાશે.	આકાશે	૨૦
ગુપ્ત	ગુપ્તિ	૨૧
વિપક	વિપાક	,,
(૯) ગઆ	ગયા	,,
શ્રાવકના.	શ્રાવકના	૨૩
અર્હત	અર્હત	૨૪
ત્થા.	તથા	૨૭
તે ઇંદ્રી કોને કહીએ	કોને	૩૨
કેવળા થઆ	થયા	૯